# શ્રી સીમન્ધર શોભા તરંગ.

પ. પૂ. વિદ્વદ્વર્ય ગણિવર શ્રી અભયસાગરજી મ. શ્રીના
સૌજન્યથી.

પ્રકાશક :

શ્રી સીમન્ધર સ્વામિજિન મન્દિર ખાતુ;
મહેસાણા.

પ્રથમ મુદ્રણ : વિ. સં. ૨૦૨૯
પ્રત ૨૦૦૦ વીર સં. ૨૪૯૯

* મુદ્રક :- લક્ષ્મી પ્રી. પ્રેસ, મહેસાણા. *

# શ્રી સીમન્ધર [illegible]રંગ.

પ. પૂ. વિદ્વદ્વર્ય ગણિવર શ્રી અભયસાગરજી મ. શ્રીના
સૌજન્યથી.

પ્રકાશક :—

શ્રી સીમન્ધર સ્વામિજિન મન્દિર ખાતુ,
મહેસાણા.

મુદ્રક :

લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ,

મહેસાણા.

વિ. સં. ૨૦૨૯

કાર્તિક.

વીર સં. ૨૪૯૯

પ્રથમ મુદ્રણ :

પ્રતિ – ૨૦૦૦

# * શુદ્ધિપત્રક *

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૫ | શ્રુતાધિષ્ઢાત્રી | શ્રુતાધિષ્ઠાત્રી |
| ૧ | ૧૮ | દેદીપ્યમાન | દેદીપ્યમાન |
| ૪ | ૨૧ | અચરાવતીનું | અમરાવતીનું |
| ૫ | ૧૮ | પર્ણ | પૂર્ણ |
| ૬ | ૧૬ | લાણ્ય | લાવણ્ય |
| ૭ | ૭ | ઉપચા | ઉપચાર |
| ૯ | ૧૩ | ગુણુધારક | ગુણધારક |
| ૧૧ | ૧૭ | ત્રિવેપનાદિ | વિલેપનાદિ |
| ૧૩ | ૪ | ગુણેનું | ગુણોનું |
| ,, | ૧૩ | ભસે છે | ભાસે છે. |
| ૧૪ | ૨ | ભોગવિલસી | ભોગવિલાસી |
| ,, | ૨૬ | મનું છું | માનું છું |
| ૧૫ | ૪ | ઉછળો | ઉછાળો |
| ૧૭ | ૧૧ | નવનામૃતદરા | નયનામૃતદ્વારા |
| ૨૪ | ૭ | ભાગયશળી | ભાગ્યશાળી |
| ૨૫ | ૨૪ | પ્રાચીચન | પ્રાચીન |
| ૨૬ | ૨ | ચદી | ચાંદી |
| ,, | ૧૮ | આત્રસ્યનિકર્યુક્તિ | આવશ્યકનિર્યુક્તિ |
| ૨૯ | ૧૮ | લાવપાની | લાવવાની |
| ૩૦ | ૭ | સૂચવ્ત્ર | સૂચવવા |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૬ | ૯ | કામગજેન્દ્રકુમાર કુમાર | કામગજેન્દ્રકુમાર |
| ૪૦ | ૧૮ | સદાકાવ | સદાકાળ |
| ,, | ૨૨ | આ ખરેખર કરે છે. | આ લાઇન કાઢી નાખો |
| ૪૧ | ૨૪ | સુધુર | સુમધુર |
| ૪૨ | ૧૨ | શકશે | શકાશે |
| ૪૭ | ૩ | ભગ | ભંગ |
| ૫૦ | ૨૨ | સ્વારિતિરચિ | સ્વાતિરચિત |
| ૫૧ | ૨૬ | ધનકલા | ધનકલા |
| ૫૭ | ૧૮ | પવત | પર્વત |
| ૬૫ | ૧૨ | અગ્નિપ્રવેનો | અગ્નિપ્રવેશનો |
| ૬૯ | ૫ | કામગજેન્દ્રને | કામગજેન્દ્રનો |
| ,, | ૧૨ | પ્રણુતિવત્સલ | પ્રણાતિવત્સલ |
| ૭૧ | ૧૧ | સભળ | સાંભળ |
| ૭૫ | ૬ | બદદાનતના | બદદાનતના |
| ૮૩ | ૧ | ઇરદે | ઈરાદે |
| ,, | ૭ | ગહત | ગહનતા |
| ૯૩ | ૨૨ | ભાષાંતરમાં | ભવાન્તરમાં |
| ૧૦૦ | ૨૬ | વિવક્ષધીન | વિવક્ષાધીન |
| ૧૦૭ | ૧૦ | પપમય | પાપમય |

શિવ (મુંબઈ) નિવાસી મહેતા રમણલાલ ડાહ્યાભાઈ ના
સ્વ. સુપત્ની અ. સૌ **કાન્તાબહેન** ના સ્મરણાર્થે ભેટ.



જન્મ : વિ. સં. ૧૯૭૬ના શ્રાવણ વદિ ૧૧
અવસાન: વિ. સં. ૨૦૨૮ના વૈશાખ વદિ ૧૧

## * અપભ્રંશ ભાષામાં શ્રી સીમંધરસ્વામિ સ્તોત્ર. *

નમિ નમિ સુર અસુર નરવંદી પયં
રૂપણિકર કરનિકર કિત્તિભર પૂરિયં
પંચ સઇ ધણુહ પરિમાણ પરિમંડિયં
શુણહ ભત્તીઈ સીમંધર સામીયં. ૧

મેરુ ગિરિ સિહર થય બંધણું જો કુણઇ
ગયણિ તારા ગણઇ વેલુઆ કણ મુણઇ
ચરમ સાયર જળે લહરિ માળા મુણઇ
સો વિ તુહ શામિ ન હુ સંબ્રહા ગુણ થુણઈ ૨

તહવિ જિણનાહ નિય જન્મ સફલો કએ
વિમલ સુહ ઝાણ સિદ્ધાણ સંસિદ્ધ એ
અસુહ દલ કમ્મ મલ પડલ નિણ્ણાસણું
તાત કરિ વાણિ તુહ સંથવં બહુગુણું. ૩

મોહ ભર બહુલ જલ પુરિ સંપૂરિયે
વિષય ઘણ કમ્મ વણ રાજ સંરાજિયે
ભવ જલહિ મઝ નિવંડતુ જંતૂક એ
સામિ સીમંધરો પાય જિમ સોહએ ૪

તેય ભર ભરિય દિસિ વિદિસ ગયણંગણો
પબલ મિચ્છત્ત તમ તિમર વિદ્વંસણો
ભવિય જણ કમલ વણ સંડ બોહંકરો
સામી સીમંધરો દિપ્પએ દિણયરો. ૫

સુજણ મણ નયણ આણંદ સંપૂરિકં
દુરિત હરતા રતા રૂકમણી નાયકં
સયલ જગ જંતુ ભવ પાપ તાપાપહં
તમઉં સીમંધરં ચંદ શોભાવહં ૬

સુર ભુવણિ ગયણિ પાયાલિ ભૂમંડળે
નયરિ પુરિ નીરિ નિહિ મેરુ પુવ્વય કુલે
દેવ દેવી ગણા નારિ નર કિંનરા
તુમ્હ જસ નાહ ગાયંતિ આદર પુરા ૭

નાણ ગુણ જઝાણ ગુણ ચરણ ગુણ મોહિયા,
સાર વિવયાર સંભાર......... .....સોહિયા
રયણિ દિણહરિ સિ વસિ સુત્ત જાગર મણા
તાન તુહ નામ ઝાયંતિ તિહુયણ જણા ૮

સિદ્ધિ કરિ બુદ્ધિ કરિ રિદ્ધિ કર શંકરા
વિષમવિષ અમીય ભરિ શામિ સીમંધરા
પુવ્વ ભવ વિહિય વર પુણ્ણ ચય પામિયા
રખિ હિવ ભૂરિ ભવ ભ્રમણ મૂસામીયા ૯

કમ્મ ભર ભાર સંસાર આઈ ભગ્ગઉ
ધણઉં ફિરિઉણ જિણ પાય તુહ લગ્ગઉ
મજઝ હીણસ્સ દીણસ્સ સિવ ઉમીયા
કરવિ કરુણાર સંસારૂ કરિ સામીયા. ૧૦

કઠિન હઠ ધાય તિરિય તણે તાજીઓ
નરય ગઇ કરૂણ વિલવંત નહુ લાજીયઓ
મયણ ગય હીણ પરિ કમ્મવાસિ પડિયઓ
લાગિ તુહ ચરણ આણંદ હિવ ચડિયઓ. ૧૧

કેવિ તુહ દંસણે દેવિ સિવ સાહિગા
કેવિ વાણી સુણી ચરણ ભવ મોહિગા
ભરહખિતંમિ હઉં જઝાણિ છવ્વીં લગ્ગઓ
દેહ આલંબણં નાહ જઇ જગ્ગઓ. ૧૨

ધન્ન તે નયર જિહિં સામિ સીમંધરો,
વિહરએ ભવિય નણ સવ્વ સંસયહરો
કામ ઘટ દેવ મણિ દેવતરુ ફલીયએ
તીહ ધરિ જીહરઇ સામિ તુહ મિલીયએ. ૧૩

કરજુયલ જોડિ કરિ વયણ તું નિસુણિસો
બાલ જિમ હેલ દે પાય તુમ્હ પણમિસો
મહુર સિરિ તુમ્હ ગુણ ગાહણ હઉં ગાઇસો
નિય નિયણ રૂવ રોમંચિયં જોઇસો. ૧૪

તુમ્હ પાસે ઠિઓ ચરણ પરિપાલિસો
હણીય કમ્મણા કેવલ સિરિ પામિસો
તુમ્હ જિણ નિયઈ કરૂ સિરસિ સંઠવિસઉ
સો વિ કઇયા વિ મૂ હોઇ સઇ દિવસઉ ૧૫

ભરહ ખિતં સિરિ કુંથુ અરૂ અંતરે
જન્મ પુંડરગિણી વિજય પુખલ વરે
મુણિસુવ્વઈ તિતિથ નમિ અંતરે અહિજુયા
રજ્જસિરિ પરહ રવિ ગહિય સંજમતયા. ૧૬

હણિય કમ્માણિ લહુ લદ્ધ કેવલ સિરી
દેહિમે દંસણં નાહ ! કરૂણા કરી
ભાવિએ ઉદય જિણ સત્તમે સિવ ગએ
બહુય કાલેણ સિદ્ધિ ગએ સામીએ. ૧૭

મોહભર માનભર લોભભર ભરિયઉ
દંભભર રાગભરં કામભર પૂરિઉ
એહ પરિ ભરહખિત્તં મિમૂં સામીયા
સાર કરિ સાર કરિ તારિ મો સામીયા ૧૮

ભોગપદ રાજપદ નાણપદ સંપદં
ચક્કપદ ઇંદપદ જાવ પરમં પદં
તુજ્ઝ ભત્તીય સવ્વપિં સંપજ્જએ
એહ માહપ્પુ તુહ સયલ જગિ ગજ્જએ ૧૯

મુહિ જ ગતિ તુહિજ મતિ તુહિજ મમ જીવનં
તાત તૂં પરમ ગુરુ કમ્મ મલ પાવતૂં
કમ્મ કરિ વિણય વર જોડિ કરિ વિનવું
દેહિમે દંસણં અલજ્જયા અભિનવું. ૨૦

ઇમ ભુવણ ભૂષણ દલિય દૂષણ સવ લક્ખણ મંડણો
મદ માનગંજણ મોહભંજણ વામકામ વિહંડણો
સુર રાયરંજણ નાણ દંસણ ચરણગુણ જયનાયગો
જિણ નાહ ભવિ ભવિ તાત ભવમં બોધિબીજ હદાયગો ૨૧

# 卐 વિષયાનુક્રમણિકા 卐

વિષય — પેજ


| વિષય | પેજ |
|---|---|
| મંગલ અભિધેય નિરૂપણ. | ૧ |
| આઠ સંપદાઓનું ટૂંક સ્વરૂપ | ૨ |
| કથા પ્રારંભ-શ્રી પુષ્કલાવતી વિજયનું વર્ણન. | ૩ |
| શ્રી પુંડરિકિણી નગરીનું વર્ણન. | ૪ |
| શ્રી શ્રેયાંસ મહારાજાનું વર્ણન. | ૫ |
| શ્રી સત્યકી મહારાણીનું વર્ણન. | ૬ |
| શ્રી સીમંધર સ્વામિજીનું જન્મ-હુલામણું. | ૭ |
| ચૌદસ્વપ્નોનો રહસ્યસ્ફોટ. | ૭ |
| શ્રી છપ્પનદિક્કુમારિકાઓએ કરેલ જન્મ મહોત્સવ. | ૧૦ |
| ચોસઠ ઇન્દ્રોએ ઉજવેલ જન્મ મહોત્સવ. | ૧૧ |
| માતાએ પ્રભુના શરીરાદિનું કરેલું અદ્ભુત વર્ણન. | ૧૩ |
| બાલ પ્રભુશ્રી સીમંધરસ્વામિના ગુણોનું માતા તથા સખીના સંવાદરૂપે વર્ણન. | ૧૫ |
| શ્રી સીમંધર પ્રભુને વિવાહસંબંધી માતાની પ્રાર્થના. | ૧૮ |
| શ્રી સીમંધરપ્રભુનો વિવાહ-દીક્ષા અને કેવલ. | ૧૯ |
| શ્રી સીમંધરપ્રભુનો કેવલજ્ઞાન મહોત્સવ. | ૨૧ |
| સમવસરણ અને તેની મહત્તા. | ૨૬ |
| શ્રી તીર્થંકરપ્રભુના અદ્ભુતરૂપનું વર્ણન. | ૨૭ |
| વધામણી પ્રસંગે વૃત્તિદાન, પ્રીતિદાનની વ્યવસ્થા. | ૨૯ |
| ધર્મદેશના. | ૩૦ |
| પ્રભુવાણીની મહત્તા. | ૩૦ |
| બલિ ઉત્ક્ષેપ વિધિવર્ણન. | ૩૧ |
| શ્રી સીમંધર પ્રભુના ગુણાનુવાદ અને શ્રી કામગજેન્દ્રની કથાનો સંબંધ. | ૩૨ |
| મધ્ય ઉલ્લાસનો ઉપક્રમ. | ૩૭ |
| શ્રી વીરપ્રભુની શ્રાવસ્તીમાં પધરામણી અને કથા પ્રારંભની પૂર્વભૂમિકા. | ૩૭ |

| વિષય | પેજ |
|---|---|
| શ્રી કામગજેન્દ્રની કથાનો પ્રારંભ. | ૩૯ |
| શ્રી કામગજેન્દ્રનું નવપરિણીત સ્ત્રીને વચન આપવું. | ૪૦ |
| શ્રી કામગજેન્દ્રનો ઉજ્જયિની રાજકુમારી પર અનુરાગ. | ૪૧ |
| શ્રી અવંતિપતિના આમંત્રણથી કામગજેન્દ્રનું રાજપુત્રી પરણવા માટે પ્રયાસ | ૪૨ |
| સૂર્યાસ્તવર્ણન અને કામગજેન્દ્રનો જંગલમાં પડાવ. | ૪૩ |
| પ્રાર્થનાની સફળતાના હેતુથી વિદ્યાધરીએ કામગજેન્દ્રના કરેલા વખાણ | ૪૬ |
| ઉપકારની મહત્તા. | ૪૭ |
| શ્રેષ્ઠ ઉપકારની વ્યાખ્યા. | ૪૮ |
| યાચનાની નિકૃષ્ટતાનું વર્ણન. | ૪૯ |
| વિદ્યાધરીઓએ રાજપુત્રી શ્રી બિંદુમતીનો આપેલ પરિચય. | ૫૦ |
| શ્રી બિંદુમતીનો કામગજેન્દ્ર ઉપર થયેલો અનુરાગ અને વિહ્વળતા. | ૫૧ |
| શ્રી કામગજેન્દ્રની સ્ત્રીની સલાહની વાત ઉપર વિદ્યાધરીઓએ આપેલ ઉપાલંભ. | ૫૨ |
| શ્રી કામગજેન્દ્રનું પ્રિયંગુમતીને પૂછવું. | ૫૪ |
| વિદ્યાધરી સાથે શ્રી કામગજેન્દ્રનું જઈને પાછા આવવું. | ૫૫ |
| શ્રી કામગજેન્દ્રને વિતક-વાત કહેવા સ્ત્રીએ કરેલી પ્રાર્થના. | ૫૬ |
| ઉપકારીની મહત્તા. | ૫૭ |
| વિદ્યાધરી સાથે ગયા પછીની બીનાનો પ્રારંભ. | ૫૭ |
| વિદ્યાધરીઓએ શ્રી બિંદુમતીને કરેલું પ્રબોધન. | ૫૮ |
| શ્રી કામગજેન્દ્રનું સાંત્વન. | ૫૯ |
| શ્રી કામગજેન્દ્રના વૈરાગ્યગર્ભિત દુઃખોદ્‌ગારવચનો. | ૬૦ |
| મોહઘેલા શ્રી કામગજેન્દ્રના મોહોદ્‌ગારો. | ૬૧ |
| ભવનિર્વેદ પામેલા શ્રી કામગજેન્દ્રના પુનઃ માર્મિક વૈરાગ્યોદ્‌ગારો. | ૬૨ |
| મોહના આવેશમાં શ્રી કામગજેન્દ્રનો અગ્નિપ્રવેશનો સંકલ્પ | ૬૫ |
| શ્રી કામગજેન્દ્રનું જલાંજલિ આપવા વાડીમાં જવું અને દેવમાયાથી મહાવિદેહક્ષેત્રમાં પહોંચવું. | ૬૬ |
| શ્રી કામગજેન્દ્રને સીમંધર પ્રભુના દર્શનથી થયેલો હર્ષ અને તેણે કરેલાં ગુણગાન. | ૬૭ |

| વિષય | પેજ |
|---|---|
| શ્રી સીમંધર સ્વામિજીએ જિજ્ઞાસુરાજાને શ્રીકામગજેન્દ્રનો આપેલ પરિચય. | ૬૯ |
| શ્રી કામગજેન્દ્રના પૂર્વભવ વર્ણનના ઉપક્રમમાં શ્રી પ્રભુએ વર્ણવેલી કર્મની ગહનતા. | ૭૧ |
| શ્રી કામગજેન્દ્રના પૂર્વભવનું વર્ણન. | ૭૨ |
| કથાગત પાત્રોનો પરિચય. | ૭૨ |
| વનદત્તા ઉપર મોહદત્તાનો અનુરાગ. | ૭૩ |
| વનદત્તા ઉપર આશક બનેલ મોહદત્તે પોતાના પ્રણય માર્ગમાં કંટકસમ તોસલકુમારની કરેલી હત્યા. | ૭૪ |
| પ્રતિસ્પર્ધિનું ખૂન કરી શ્રી વનદત્તા પ્રતિ શ્રી મોહદત્તની પ્રવૃત્તિ અને અચાનક વિરામ. | ૭૫ |
| વિરામમાં કારણભૂત દિવ્યવાણી. | ૭૬ |
| શ્રી મોહદત્તે કરેલી મુનિવરની સ્તવના. | ૭૭ |
| શ્રી મોહદત્તે મુનિવરને શંકાનાનિરસન માટે કરેલી પ્રાર્થના. | ૭૯ |
| ચરમ ઉલ્લાસનો ઉપક્રમ. | ૮૧ |
| શ્રી મોહદત્તે સાંભળેલી દિવ્ય વાણીનો મુનિવરે કરેલો પ્રારંભ. | ૮૧ |
| વ્યભિચારી તોસલકુમારનું ગુપ્ત રીતે દેશાંતરગમન. | ૮૨ |
| શ્રી તોસલકુમાર સાથે કરેલ અનાચારથી શ્રેષ્ઠીપુત્રીની થયેલી દુર્દશા. | ૮૨ |
| સુવર્ણદેવાના નવજાત શિશુયુગલની કર્મસંજોગે થયેલી પરિસ્થિતિ. | ૮૪ |
| સુવર્ણદેવાનું પોતાની જ પુત્રીની ધાઇ તરીકે પાટલિપુત્રમાં રાજદૂતને ત્યાં રહેવું. | ૮૫ |
| શ્રી વનદત્તાનો મોહદત્ત પર અનુરાગ. | ૮૬ |
| દિવ્યવાણીના ઉકેલનો ઉપસંહાર. | ૮૭ |
| ભવનિર્વિણ્ણ બનેલ શ્રી મોહદત્તની પ્રાર્થના. | ૮૮ |
| શ્રી મોહદત્તની દીક્ષા અને દેવલોકમાં ઉત્પત્તિ. | ૯૧ |
| શ્રી ધર્મનાથપ્રભુના સમવસરણમાં મૂષકરાજનો પ્રસંગ. | ૯૧ |
| મૂષકરાજનો પ્રસંગ સાંભળી ભવાંતરમાં ધર્મપ્રાપ્તિ કરવાનો પાંચે દેવોએ કરેલ સંકેત. | ૯૩ |
| શ્રી કામગજેન્દ્રના પૂર્વભવનો ઉપસંહાર. | ૯૪ |

| વિષય | પેજ |
| --- | --- |
| શ્રી કામગજેન્દ્રનું સંશય દૂર કરવા પ્રભુ મહાવીરસ્વામી પાસે જવું. | ૯૪ |
| શ્રી વીરપ્રભુની ગૌતમસ્વામીએ કરેલી સ્તવના. | ૯૬ |
| શ્રી કામગજેન્દ્રમુનિએ અનશન માટે અન્ય મુનિઓને આપેલું પ્રોત્સાહન. | ૯૮ |
| શ્રી કામગજેન્દ્રાદિ મુનિએ નો અનશન સ્વીકાર. | ૯૯ |
| રાસકારે પાંચે મુનિઓના કરેલ ગુણગાન. | ૯૯ |
| શ્રી કામગજેન્દ્રાદિમુનિઓની શુભભાવના. | ૧૦૦ |
| શ્રી કામગજેન્દ્રમુનિએ કરેલી દુષ્કૃત્યગર્હા. | ૧૦૧ |
| શ્રી કામગજેન્દ્રમુનિએ સાંસારિક સગપણોની ભાવેલ અસારતા. | ૧૦૨ |
| શ્રી કામગજેન્દ્રમુનિએ પ્રભુ મહાવીર સ્વામીના કરેલ ગુણગાન. | ૧૦૩ |
| શ્રી કામગજેન્દ્રાદિ પાંચે મહામુનિઓને પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાન અને મોક્ષ | ૧૦૬ |
| કથાનો ઉપસંહાર. | ૧૦૬ |
| શ્રી સીમંધરપ્રભુની અંત્ય મંગલસ્તુતિ. | ૧૦૭ |
| શ્રી સીમંધરપ્રભુના જીવનની માહિત માટે ૪૩ દ્વારો. | ૧૦૮ |
| શ્રી સીમંધર પ્રભુના ગુણાનુવાદ અને શુભાશંસા. | ૧૨૩ |
| રાસકારની શ્રી સીમંધરપ્રભુ પાસે અંતિમ પ્રાર્થના. | ૧૧૪ |
| ખાસ અગત્યનો સુધારો. | ૧૧૬ |
| શ્રી કૃષ્ણવાસુદેવ અને રૂક્મિણી રાણી. | ૧૧૭ |
| શ્રી કાલિકાચાર્ય | ૧૧૮ |
| વૃષલોચન ( ઉંદર ) નો અધિકાર. | ૧૨૦ |
| શ્રી ચૂલણીરાણી. | ૧૨૧ |
| શ્રી કનકકેતુ રાજા. | ૧૨૨ |
| શ્રી કોણિક. | ૧૨૩ |
| શ્રી ભરત બાહુબલી. | ૧૨૩ |
| શ્રી સૂરીકંતા રાણી. | ૧૨૪ |
| પતિમારી સ્ત્રી. | ૧૨૪ |
| શ્રી સુભૂમચક્રવર્તી શ્રી પરશુરામ. | ૧૨૭ |

# પ્રસ્તાવના....

॥ ૐ અર્હં નમઃ ॥

આ એક રસપૂર્ણ રાસ છે

આ રાસમાં એવા એક શ્રી તીર્થંકર પરમાત્માનું જીવન-ચરિત્ર છે કે, જેઓ વર્તમાનકાળે "શ્રી મહાવિદેહ" ક્ષેત્રમાં વિચરી રહ્યા છે.

આ રાસમાં જે કથા-વાર્તા કહેવામાં આવી છે તે કથા-વાર્તા આપણા ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીએ કહેલી છે. ને તેઓશ્રીના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીએ સાંભળેલી છે.

હા, માત્ર આ શ્રી સીમન્ધરસ્વામિજી ભગવાનની વાર્તા જ નથી........ સાથે સાથે "શ્રી કામગજેન્દ્ર" ની કહાણી પણ છે.

આ પદ્ય-કૃતિ છે, રાસ પદ્ધતિની પદ્ય-કૃતિ છે........એની રચના કરનાર કવિએ પોતાના નામનો કયાંય ઉલ્લેખ કર્યો નથી. વિદ્વાનોએ ઉહાપોહ કરીને પોતાની કલ્પના સિદ્ધ કરવા પ્રયત્ન જરૂર કર્યો છે. આ રાસના કર્ત્તા અંચળગચ્છીય શ્રી ગુણનિધાન-સૂરિજીના શિષ્ય "સેવા" ઉપનામધારી હોવા જોઇએ એમ કેટલાક વિદ્વાનોની માન્યતા છે. કેટલાક કહે છે કે કડવાગચ્છના શાહ તેજપાળ આ રાસની રચના કરનાર છે.

આ તો આ રાસ અંગેની સામાન્ય માહિતી આપી.

આ રાસમાં જે "શ્રી કામગજેન્દ્ર" ની વાર્તા ગુંથવામાં આવી છે, તે વાર્તા-વસ્તુ "શ્રી કુવલયમાલા" નામના પ્રાચીન

ગ્રન્થમાંથી લેવાયેલી છે એ તો નક્કી જ છે પરન્તુ અક્ષરશઃ સમાન નથી જુદી શૈલી અને જુદી જુદી ઢબે અહીં તે વાર્તા વર્ણવાયેલી છે.

શ્રી કુવલયમાલાનો 'મોહદત્ત" તે જ શ્રી સીમન્ધર-શોભા-તરંગનો 'શ્રી કામગજેન્દ્ર" શ્રી કામગજેન્દ્રના પાંચ ભવોનો રોમાંચક ઇતિહાસ રાસકારે એવી શૈલીમાં વર્ણવ્યો છે કે. જો કોઇ ગાયકના કંઠે ગવાય, અને સુયોગ્ય શ્રોતાઓથી ઝીલાય તો સહુના હૃદય કેવી હૃદયદ્રાવક સંવેદના અનુભવે.... તે તો અનુભવનાર જ જાણે!

સાચી વાત તો એ છે કે રાસ વાંચવા માટે નથી, ગાવા માટે અને ગવરાવવા માટે છે. રાસનો સ્વાદ ગાવાથી ને ગવ-રાવવાથી જ અનુભવી શકાય.

શ્રી મહાવિદેહક્ષેત્રમાં વિચરતા તીર્થંકર પરમાત્મા શ્રી સીમન્ધરસ્વામિજીનો રોચક પરિચય આપનારો પ્રાયઃ આ એક જ રાસ છે. પૂર્વે આ રાસનું પ્રકાશન થયેલું છે. આ રાસનો ગદ્ય વિવેચન વિભાગ પુનર્મુદ્રિત થાય છે, અને પૂજ્ય વિદ્વાન્ મુનિરાજ શ્રી કલ્યાણસાગરજી મહારાજ એનાં સંપાદક છે.... કે જેઓ શ્રી સીમન્ધરસ્વામિજી-પરમાત્માના ખાસ આરાધક છે. અપૂર્વ શ્રદ્ધા અને વિશ્વાસ ધારણ કરનારા છે. આવા શ્રી સીમન્ધર-ભક્ત મુનિરાજશ્રીના પાવન હસ્તે આ રાસનું સંપાદન થયું છે. એ યોગ્ય જ થયું છે.

એ જ પૂજ્ય મુનિરાજશ્રીની અન્તરની તીવ્ર ભક્તિએ શ્રી મહેસાણામાં વિરાટકાય શ્રી જિનમન્દિરનું સ્વરૂપ લીધું! સમગ્ર એશિયા ખંડમાં પદ્માસનસ્થ આવી મોટી કોઈ શ્રી જિન પ્રતિમાજી નથી....શ્રી સીમન્ધર સ્વામિજી–ભગવન્તનું આ શ્રેષ્ઠ તીર્થ બની ગયું છે

આ નવનિર્મિત શ્રી સીમન્ધર સ્વામિ–જિન–મંદિરજીની પ્રાણપ્રતિષ્ઠાના પુણ્ય પ્રસંગે આ રાસનું સંપાદન થઈ પ્રકાશન થઈ રહ્યું છે. તે સર્વથા ઉચિત કાર્ય છે.

આમ જનતામાં આવા રાસોનું વિશેષ પ્રચલન થાય તો, અવશ્ય જનતામાં ભક્તિયોગની આરાધના વધે, અને મનુષ્ય સાચી ચિત્ત–પ્રસન્નતા અનુભવે, પરંતુ એ માટે પરમ પૂજ્ય આચાર્ય ભગવન્તાદિ મુનિરાજોના સદુપદેશની પરમ આવશ્યકતા છે બાકી સામાન્ય લોકવર્ગ તો મોટા ભાગે સુસ્ત અને ઉંઘેલો જ છે....એને જગાડવો જરૂરી છે. એની સુસ્તી દૂર કરવી આવશ્યક છે

પરમ પૂજ્ય તારક ગુરુ ભગવન્તો દ્વારા મહામહિમા–નિધાન પરમ તારક દેવાધિદેવ શ્રી સીમન્ધર સ્વામિજી તીર્થંકર પરમાત્માના અચિન્ત્ય પ્રભાવ અને અનંત મહિમાને સુલાક્ષણિક શૈલિએ સચોટ રીતે વર્ણવાય તો? પરમ તારક શ્રી સીમન્ધર સ્વામીજી–પરમાત્મા પ્રત્યે અખંડ પ્રીતિ–ભક્તિ જાગે, અને

મહા મહિમા નિધાન પરમ તારક દેવાધિદેવ શ્રી સીમન્ધર સ્વામિજી–તીર્થંકર પરમાત્માના અચિન્ત્ય પ્રભાવ, અને અનન્ત

ગુણ મિધાનના મહામહિમાને સુલાક્ષણિક શૈલિએ સચોટ રીતે પ. પૂ. તારક ગુરુ ભગવન્તોના સદુપદેશ દ્વારા વર્ણવાય તો, પરમ તારક દેવાધિદેવ શ્રી સીમન્ધર સ્વામિજી પરમાત્મા પ્રત્યે અખંડ પ્રીતિ–ભકિત જાગે, અને "શ્રી કામગજેન્દ્ર" ના પતન ઉત્થાનની કહાણી સાંભળી તીવ્ર વૈરાગ્ય પ્રગટે.

પ્રાન્તે આ પુસ્તકનો વ્યાપક પ્રચાર થાય, અને એનાથી ભકત જનોને નવું ભકિત ભોજન પ્રાપ્ત થશે.

卐

વીર સં. ૨૪૯૮.
વિક્રમ સં. ૨૦૨૮ ના
વૈશાખ શુદિ ૬ ગુરુવાર
શ્રી સીમન્ધર સ્વામિજીનો
પ્રતિષ્ઠા દિન
મહેસાણા.

લેખક.
મુનિ ભદ્રગુપ્તવિજય.

# શ્રી વિહરમાણ જિન નામ સ્તવઃ

સીમન્ધરેશં યુગમન્ધરં ચ,
બાહું સુબાહું ગુણમન્દિરં ચ ।
સુજાતનાથં સુરનાથસેવ્યં,
સ્વયંપ્રભં સ્તૌમિ સુરપ્રભં ચ ॥ (૧)

ચંદ્રાનના ઋષભાનનં ચ,
શ્રી ચન્દ્રબાહું ચ ભુજઙ્ગમીશમ્ ।
અનન્તવીર્યાજિતવીર્ય નાથૌ,
નમામિ નેમિપ્રભમીશ્વરં ચ ॥ (૨)

વિશાલદેવં વીરસેનનાથ—
મહર્નિશં દેવયશોજિનેશમ્ ।
શ્રી મન્મહાભદ્રમનની ગુણં
વન્દે સદા વજ્રધરં જિનેન્દ્રમ્ ॥ (૩)

વિહરન્તો જિના એતે, મહાવિદેહમંડના : ।
ભવેયુર્ભવ્યજીવાનાં, કોટીકલ્યાણદાયકા : ॥ (૪)

પઽ્ચશતધનુર્માના શ્ચમ્પકદ્યુતિદેહિન : ।
જિનાઃ સ્યુઃ સર્વસત્વાનાં, કોટીકલ્યાણદાયકાઃ ॥ (૫)

પરમતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માઆદિ વહરમાણ જિનેશ્વરદેવોના

# ✻ મહામંગળમય નામાભિધાનાદિ દર્શકં મંગલપત્રકમ્ ✻

## શ્રી વિશ વિહરમાન જિન મંગલ યંત્ર.

| નામ | દ્વીપનું નામ | ક્ષેત્રનું નામ | વિજયનું નામ | નગરીનું નામ |
|---|---|---|---|---|
| ૧ શ્રી સીમંધરસ્વામીજી | શ્રી જમ્બૂદ્વીપ | પૂર્વમહાવિદેહ | પુષ્કલાવતી વિજય | પુંડરિકિણીનગરી |
| ૨ ,, યુગમન્ધર સ્વામીજી | ,, જમ્બૂદ્વીપ | પશ્ચિમ મહાવિદેહ | વપ્રાવિજય | વિજયાનગરી |
| ૩ ,, બાહુસ્વામીજી | ,, જમ્બૂદ્વીપ | પૂર્વમહાવિદેહ | વત્સા વિજય | સુસીમાનગરી |
| ૪ ,, સુબાહુસ્વામીજી | ,, જમ્બૂદ્વીપ | પશ્ચિમમહાવિદેહ | નલીનાવતીવિજય | વીતશોકાનગરી |
| ૫ ,, સુજાતસ્વામીજી | ,, ધાતકીખંડ | પૂર્વમહાવિદેહ | પુષ્કલાવતીવિજય | પુંડરિકિણીનગરી |
| ૬ ,, સ્વયંપ્રભસ્વામીજી | ,, ધાતકીખંડ | પશ્ચિમમહાવિદેહ | વપ્રાવિજય | વિજયાનગરી |
| ૭ ,, ઋષભાનન સ્વામીજી | ,, ધાતકીખંડ | પૂર્વમહાવિદેહ | વત્સાવિજય | સુસીમાનગરી |
| ૮ ,, અનન્તવીર્ય સ્વામીજી | ,, ધાતકીખંડ | પશ્ચિમમહાવિદેહ | નલીનાવતીવિજય | વીતશોકાનગરી |
| ૯ ,, સુરપ્રભસ્વામીજી | ,, ધાતકીખંડ | પૂર્વમહાવિદેહ | પુષ્કલાવતીવિજય | પુંડરિકિણીનગરી |
| ૧૦ ,, વિશાલપ્રભ સ્વામીજી | ,, ધાતકીખંડ | પશ્ચિમમહાવિદેહ | વપ્રાવિજય | વિજયાનગરી |
| ૧૧ ,, વજ્રધર સ્વામીજી | ,, ધાતકીખંડ | પૂર્વમહાવિદેહ | વત્સાવિજય | સુસીમાનગરી |
| ૧૨ ,, ચન્દ્રાનન સ્વામીજી | ,, ધાતકીખંડ | પશ્ચિમમહાવિદેહ | નલીનાવતીવિજય | વીતશોકાનગરી |
| ૧૩ ,, ચન્દ્રબાહુ સ્વામીજી | ,, પુષ્કરાર્ધદ્વીપ | પૂર્વમહાવિદેહ | પુષ્કલાવતીવિજય | પુંડરિકિણીનગરી |

| નામ | દ્વીપનું નામ | ક્ષેત્રનું નામ | વિજયનું નામ | નગરીનું નામ |
|---|---|---|---|---|
| ૧૪ શ્રી ભુજંગદેવસ્વામીજી | શ્રી પુષ્કરાર્ધદ્વીપ | પશ્ચિમમહાવિદેહ | વપ્રાવિજય | વિજયાનગરી |
| ૧૫ ,, ઇશ્વરસ્વામીજી | ,, પુષ્કરાર્ધદ્વીપ | પૂર્વમહાવિદેહ | વત્સાવિજય | સુસીમાનગરી |
| ૧૬ ,, નેમિપ્રભસ્વામીજી | ,, પુષ્કરાર્ધદ્વીપ | પશ્ચિમમહાવિદેહ | નલીનાવતીવિજય | વીતશોકાનગરી |
| ૧૭ ,, વીરસેનસ્વામીજી (શ્રી ભાનુસેનસ્વામીજી) | ,, પુષ્કરાર્ધદ્વીપ | પૂર્વમહાવિદેહ | પુષ્કલાવતીવિજય | પુંડરિકિણીનગરી |
| ૧૮ શ્રી મહાભદ્રસ્વામીજી | ,, પુષ્કરાર્ધદ્વીપ | પશ્ચિમમહાવિદેહ | વપ્રાવિજય | વિજયાનગરી |
| ૧૯ ,, દેવયશ:સ્વામીજી (શ્રી ચન્દ્રયશ:સ્વામીજી) | ,, પુષ્કરાર્ધદ્વીપ | પૂર્વમહાવિદેહ | વત્સાવિજય | સુસીમાનગરી |
| ૨૦ શ્રી અજિતવીર્ય સ્વામીજી (શ્રી અજિતસેન સ્વામીજી) | ,, પુષ્કરાર્ધદ્વીપ | પશ્ચિમમહાવિદેહ | નલીનાવતીવિજય | વીતશોકાનગરી |

ટીપ :– 'વીતશોકાનગરી'નું બીજું નામ 'અયોધ્યાપુરી' જાણવું.

| નામ | લંછન | પિતાનું નામ | માતાનું નામ | મહારાણીનું નામ |
|---|---|---|---|---|
| ૧ શ્રી સીમન્ધરસ્વામીજી | વૃષભ | શ્રી શ્રેયાંસમહારાજા | શ્રી સત્યકીદેવી | શ્રી રૂક્ષ્મણીમહારાણી |
| ૨ ,, યુગમન્ધરસ્વામીજી | ગજ | ,, સુદઢમહારાજા | ,, સુતારાદેવી | ,, પ્રિયમંગલા મહારાણી |
| ૩ ,, બાહુસ્વામીજી | મૃગ (હરણ) | ,, સુગ્રીવમહારાજા | ,, વિજ્યાદેવી | શ્રી મોહનામહારાણી |
| ૪ ,, સુબાહુસ્વામીજી | મર્કટ (કપિ) | ,, નિષધમહારાજા | ,, સુનન્દાદેવી (શ્રી ભૂનન્દાદેવી) | ,, કિંપુરુષામહારાણી |
| ૫ ,, સુજાતસ્વામીજી | સૂર્ય | ,, દેવસેનમહારાજા | શ્રી દેવસેનાદેવી | ,, જયસેનામહારાણી |
| ૬ ,, સ્વયંપ્રભસ્વામીજી | ચન્દ્ર | ,, મિત્રમહારાજા (ચિત્રભૂતિમહારાજા) | ,, સુમંગલાદેવી | ,, વીરસેનામહારાણી |
| ૭ ,, ઋષભાનનસ્વામીજી | સિંહ | શ્રી કીર્તિમહારાજા | ,, વીરસેનાદેવી | શ્રી પ્રિયસેનામહારાણી (શ્રીજ્યાવતીમહારાણી) |
| ૮ ,, અનન્તવીર્યસ્વામીજી | ગજ | ,, મેઘમહારાજા | ,, મંગલાવતીદેવી | શ્રી વિજ્યાવતી મહારાણી |
| ૯ ,, સુરપ્રભસ્વામીજી | ચન્દ્ર | ,, વિજયમહારાજા | ,, વિજ્યાદેવી | શ્રી નન્દસેના મહારાણી |
| ૧૦ વિશાલપ્રભસ્વામીજી | સૂર્ય | ,, નભરાજમહારાજા (નાગરાજમહારાજા) | ,, ભદ્રાદેવી | શ્રી વિમળા મહારાણી |

| નામ | લંછન | પિતાનું નામ | માતાનું નામ | મહારાણીનું નામ |
|---|---|---|---|---|
| ૧૧ શ્રી વજ્રધરસ્વામીજી | શંખ | શ્રી પદ્મરથમહારાજા | શ્રી સરસ્વતીદેવી | શ્રી વિજયાવતી મહારાણી |
| ૧૨ ,, ચન્દ્રાનનસ્વામીજી | વૃષભ | ,, વાલ્મિકમહારાજા | ,, પ્રભાવતીદેવી (શ્રી પદ્માવતીદેવી) | શ્રી લીલાવતી મહારાણી |
| ૧૩ ,, ચન્દ્રબાહુસ્વામીજી | પદ્મ (કમળ) | ,, દેવાનન્દમહારાજા | શ્રી રેણુકાદેવી (શ્રી વિજયાદેવી) | શ્રી સુગન્ધા મહારાણી |
| ૧૪ ,, ભુજંગદેવસ્વામીજી | પદ્મ (કમળ) | ,, મહાબલમહારાજા | શ્રી સુરીયાદેવી (શ્રી મહીમાદેવી) | શ્રી ગન્ધસેના મહારાણી |
| ૧૫ ,, ઈશ્વરસ્વામીજી | ચન્દ્ર | ,, રાજસેનમહારાજા (શ્રી વજ્રસેનમહારાજા) | શ્રી યશોજ્વલાદેવી (શ્રી યશોદાદેવી) | શ્રી ભદ્રાવતી મહારાણી |
| ૧૬ ,, નેમિપ્રભસ્વામીજી | સૂર્ય | શ્રી વીરમહારાજા | શ્રી સેના દેવી (શ્રી શૈલાદેવી) | શ્રી મોહના મહારાણી |
| ૧૭ ,, વીરસેનસ્વામીજી (શ્રી ભાનુસેનસ્વામીજી) | વૃષભ | ,, ભૂમિપાલમહારાજા (ભાનુસેનમહારાજા) | શ્રી ભાનુમતીદેવી (શ્રી ગજગતિદેવી) | શ્રી રાજસેના મહારાણી |
| ૧૮ ,, મહાભદ્રસ્વામીજી | ગજ | શ્રી દેવરાજમહારાજા | શ્રી ઉમયાદેવી | શ્રી સૂર્યકાન્તા મહારાણી |
| ૧૯ શ્રી દેવયશઃસ્વામીજી ,, (ચન્દ્રયશઃસ્વામીજી) | ચન્દ્ર | ,, સર્વભૂતિમહારાજા (સંવરભૂતિમહારાજા) | ,, ગંગાદેવી | ,, પ્રભાવતી મહારાણી (પદ્માવતી મહારાણી) |
| ૨૦ ,, અજીતવીર્યસ્વામીજી ,, (અજિતસેનસ્વામીજી) | સ્વસ્તિક | શ્રી રાજપાલમહારાજા | ,, કર્ણિકાદેવી | શ્રી રત્નમાળા મહારાણી |

# વિશ વિહરમાન તીર્થંકર ભગવંતોની દેહવર્ણાદિ નીચેની વિગતો સમાન છે.

| | |
|---|---|
| દેહવર્ણ— | સુવર્ણ |
| દેહમાન— | ૫૦૦ ધનુષ્ય |
| જન્મરાશિ— | ધનરાશિ |
| જન્મનક્ષત્ર— | ઉત્તરાષાઢા |
| રાજ્યપાલનકાળ— | ૮૩ લાખ પૂર્વ |
| છદ્મસ્થપર્યાય— | એક હજાર વર્ષ |
| કેવલીપર્યાય— | એક હજાર વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ |
| દીક્ષાપર્યાય— | એક લાખ વર્ષ |
| આયુષ્ય— | ચોરાશી લાખ પૂર્વ |
| ગણધર પરિવાર— | ચોરાશી ગણધર ભગવાન |
| કેવલજ્ઞાનીમુનિપરિવાર- | દશ લાખ કેવલજ્ઞાનીમુનિ |
| સાધુ પરિવાર— | એકસો ક્રોડ સાધુજી |
| સાધ્વીજી પરિવાર— | એકસો ક્રોડ સાધ્વીજી |
| શ્રાવક પરિવાર— | નવસો ક્રોડ શ્રાવકો |
| શ્રાવિકા પરિવાર— | નવસો ક્રોડ શ્રાવિકા |
| | ( બીજા યુગમન્ધરસ્વામીજી તથા અગિયારમા શ્રી વજ્રધરસ્વામીજીના શ્રાવકો તથા શ્રાવિકાઓની સંખ્યા જાણવા મળી નથી ) |
| ચ્યવનકલ્યાણક— | શ્રાવણ વદિ–૧ |
| જન્મકલ્યાણક— | વૈશાખ વદિ–૧૦ |

દીક્ષાકલ્યાણક— ફાગણ સુદિ–૩
કેવલજ્ઞાનકલ્યાણક— ચૈત્ર સુદિ–૩

**જન્મકલ્યાણક સંબંધી નોંધ:-** આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીમાંના સત્તરમા ભગવંતશ્રી કુન્થુનાથજીના નિર્વાણ પછી, અને અઢારમા ભગવંત શ્રી અરનાથજીના જન્મ પહેલાના આંતરામાં શ્રી સીમન્ધરાદિ વિશ વિહરમાન ભગવન્તો વૈશાખ વદિ ૧૦ ના શુભદિને જન્મ્યા છે.

**દીક્ષાકલ્યાણક સંબંધી નોંધ –** આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીમાંના વીશમા શ્રી મુનિસુવ્રતસ્વામીજી ભગવંતના નિર્વાણ પછી અને એકવીશમા શ્રી નમિનાથજી ભગવંતનાં જન્મ પહેલાંના આંતરામાં શ્રી સીમન્ધરસ્વામીઆદિ વિશ વિહરમાન ભગવંતોએ ફાગણ સુદિ–૩ ના શુભ દિને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

**નિર્વાણકલ્યાણક સંબંધી નોંધ:-** આ ભરતક્ષેત્રની આગામી ચોવીશીમાંના આઠમા તીર્થંકર ભગવાન શ્રી ઉદયપરમાત્મા ના નિર્વાણ પછી અને નવમા તીર્થંકર ભગવાન શ્રી પેઢાળ પરમાત્માના જન્મ પહેલાંના આંતરામાં સી સીમન્ધરસ્વામી આદિ વિશ વિહરમાન ભગવંતો શ્રાવણ સુદિ ૩ ના શુભદિને નિર્વાણપદ પામવાના છે.

<u>પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ-શ્રીની પુણ્યનિશ્રામાં મહેસાણાનગરે શ્રી પુંડરિકેણી નગરમાં દેવાધિદેવ શ્રી સીમંધર સ્વામિની પ્રતિષ્ઠા પ્રસંગે</u>

# ❋ પ્રભુજીનું સ્તુતિપંચક. ❋

સંવત ૨૦૨૮ દ્વિ. વૈશાખ સુદિ ૬ ગુરુવાર તા. ૧૮-૫-૭૨

સદ્‌ભાવે સમરોસદા, શ્રી સીમંધર નાથ
સ્વર્ણ શરીરે શોભતા, શિવપુરનો સંગાથ
સર્વસત્વ સુહંકરૂ, શાસન સ્થાપનહાર
સયોગીના સ્થાનકે, શાસન ના શિરતાજ. (૧)

સદ્‌ગુણ સિન્ધુ સેવીએ, શુચિસર્વાંગ શરીર
સાગરવર સમતાતણા, સ્વર્ણાચલ શુભધીર
શશિકર વત્ સુશીતલા, સૂર્યસમાન સતેજ
શચીપતિ સુરગણ સેવના, સારે સર્વ સહેજ. (૨)

શ્વાસ સુગંધિત સ્વામીનો, સસુપ્રમાણ શરીર
સ્વામીના સુનયનથી, સદા સ્રવે સમક્ષીર
સુખવાણી શુભવદનથી, શમવે સહુ સંતાપ
સમવસરણે સાંભળે, સર્વ સમય સાવધાન. (3)

સમવસરણે શોભતા, સાતિશય શુભસોહ
સર્વઘાતિ સંહારિયાં, સર્વોત્તમ સંજોગ
સપ્રતિહારજ સ્વામીને, સેવે સુરનર નાથ
સકલવિશ્વ શિવંકરૂ, સમચતુરસ્ર સ્થાન. (૪)

સત્યકી સુત સોહામણો, શ્રી શ્રેયાંસ સુજાત
સાંપ્રતસમયે સર્વના, સંશય સંહરનાર
સવિજ્ઞાના સવિહંસણી, સ્થાપક સંઘ સહહાણ
સાગર સૂરિ કૈલાસજી-શિષ્યનું સત્ કલ્યાણ (૫)

# મહેસાણા મંડન શ્રીમત્સીમંધર વિભો સ્તોત્રમ્

( કેસરવૃત્ત સમલંકૃતમ્ )

શ્રી કૈલાસાભિધશિખરિવદુત્તુંગે પુનર્નિર્મલે
વિભ્રાજન્તં દધતમનુપમાનન્દાવલિં મન્દિરે;
કલ્યાણાનાં કિલ નિખિલતયા ક્ષોણ્યાં પરં કારણમ્
તન્ત્વાં સીમન્ધરજિનપ! મહેસાણાવતંસં સ્તુમઃ, (૧)

સ્વીયે નન્તેપિ તરસિ સતિ નિત્યં સીમયા વર્તનં
શ્રી શ્રેયાંસાઅવનિધનજનનાકાશે લસદ્ ભાસ્કરમ્;
દેહે સ્વે સમ્પ્રતિ વિચરતિ યઃ ક્ષેત્રે વિદેહાહ્વયે
તન્ત્વાં સીમન્ધર જિનપ! મહેસાણાવતંસં સ્તુમઃ, (૨)

યદ્વદ્ દોષત્રિતયમપિ વિનષ્ટિં ગચ્છતિ શ્રેષ્ઠભૈ-
ષજ્યા દાનાજ્ઝટિતિ કરણવાસિ પ્રાણભાજાં નનુ;
તદ્વત્તાપત્રયમપિ યદુપાસ્ત્યા સંસ્કૃતેઃ ક્ષીયતે
તન્ત્વાં સીમન્ધરજિનપ! મહેસાણાવતંસં સ્તુમઃ, (૩)

અંગં ચંગં વહતિ બહુતમાં યત્સ્વામિનસ્તુંગતાં
સર્વં શ્રેષ્ઠો યમિતિ સુરસમૂહે વ્યાહરન્તીમિવ;
નાથસ્તીર્થસ્ય જગતિ સકલે નામા સમાનસ્ય ય-
સ્તન્વાં સીમન્ધર જિનપ! મહેસાણા વતંસં સ્તુમઃ, (૪)

રૂપં ત્રૈલોકય પરિભવકરં શુભં બિભર્તિ સ્મ યો
દુઃખાયન્તે ખલુ યમભિહસન્તઃ સન્ત ઈદ્ દ્વેષિણઃ;
યેનાન્ત્યેન સ્વપરમકરુણાઽદ્ધિ સ્મર્યતે વાર્ધિના
ભૂરિક્રૂરા અપિ પશુનિકરા યસ્મૈ નમસ્કુર્વતે, (૫)

ના જય્ય: કશ્ચન પરિ પરિ યસ્માદ્ વિદ્યતે જ્યાતલે
ભીતાન્યગ્રે ન હિ કુમત તમાંસ્યર્કસ્ય યસ્ય ક્ષણમ્
ક્ષામ્યન્તિ સ્થાતુમથ રુધિરતેજાંસ્યુજ્જવલત્વાત્સ્થિતા
ન્યબ્જાનાં ના દ્ વિદધતિ પરમાધસ્મિન્ જુગુપ્સામહો ! (૬)

નિઃ શેષાણાં સ દિગ્ગિભગણમાનપ્રાતિહાર્યશ્રિયા
દત્તેચિત્રિં તમહમનુદિનં ધ્યાયામિ યાતક્રુધમ્
અસ્તોકાઃ સંસરણમણિનિધેસ્તેનો દ્ધૃતા પ્રાણિન
સ્તસ્મૈ કત્વા કરમુપરિ વયં શ્લાઘામહે સ્વં ભૃશમ્ (૭)

રાગસ્તસ્માદ્વિલયમકલયત્સર્વસ્તિલાત્તૈલવન્
મધ્યેકૈવલ્ય મુકુરમવલોકયન્તે ન કે તસ્ય વૈ ?
તસ્મિન્મીના ઈવ પયસિ વયં લીના ભવેમા નિશં
જીયાદિત્યં સ્તુતિમુપહ્નિગમિતઃ સીમન્ધરસ્તીર્થપઃ (૮)

## અથ પ્રશસ્તિઃ

૮ ૨ ૨
વર્ષે પુષ્કરિ–પક્ષ–પુષ્કરં–કરેત્યેતન્મિતે વૈક્રમે–
કાર્ષીત્ સૂરિશિરોમણેશ્ચરમશિષ્યઃ **શ્રી મહેન્દ્રસ્ય** વૈ
શ્રી સીમન્ધરબોધિદસ્ય હિ મહેસાણાવતંતસ્ય સત્
સ્તોત્રં તત્રભવન્ મુનિર્વિજયવાન્ શ્રીમાન્મણિ સત્પ્રભઃ
(૧)

## ❋ ભાવાર્થ ❋

શ્લોક :–૧ કૈલાસપર્વતસમાન ઉત્તુંગ અને નિર્મલ એવા મંદિરમાં બિરાજમાન, અનુપમ આનંદોને આપતા, વળી પૃથ્વી ઉપર સર્વ કલ્પાણોનું પરમકારણ એવા, તથા મહેસાણાનગરના પરમઆભૂષણ સમાન હે સીમંધરપ્રભુ! અમે આપની સ્તવના કરીએ છીએ.

શ્લોક :–૨ પોતાનામાં અમાપ પરાક્રમ હોવા છતાં સદા મર્યાદાથી વર્તનારા, શ્રી શ્રેયાંસરાજાના વંશગગનમાં વિલાસ કરતા સૂર્યસમાન, વળી અત્યારે વિદેહક્ષેત્રમાં સ્વદેહે વિચરી રહેલા એવા મહેસાણા નગરના પરમ આભૂષણ સમાન હે સીમંધર પ્રભુ! અમે આપની સ્તવના કરીએ છીએ.

શ્લોક :–૩ જેમ શ્રેષ્ઠ ઔષધના ભક્ષણથી પ્રાણીઓના શરીરમાં રહેલા ત્રણે દોષો શાંત બની જાય છે. તેમ જેમની ઉપાસનાથી સંસારનાં ત્રણે તાપો ( આધિ–ઉપાધિ–વ્યાધિ ) શાંત થઇ જાય છે. એવા મહેસાણા નગરના પરમ આભૂષણ સમાન હે સીમંધરપ્રભુ! અમે આપની સ્તવના કરીએ છીએ.

શ્લોક :–૪ જેઓનું મનોહર અંગ–આ દેવ સર્વદેવોમાં શ્રેષ્ઠ છે. એમ કહેતી ના હોય તેવી અત્યંત ઉત્તુંગતા ને ધારણ કરે છે. તથા સમસ્ત જગતમાં અદ્વિતીય એવા તીર્થના જેઓ નાથ છે. એવા મહેસાણા નગરના પરમ આભૂષણ સમાન હે સીમંધરપ્રભુ! અમે આપની સ્તવના કરીએ છીએ.

શ્લોકઃ—૫ ત્રણે લોકનો પરાભવ કરનારૂં જેઓનું રૂપ છે, જેમને હસનારા દ્વેષિઓ ખરેખર દુઃખપાત્ર બને છે. પોતાના પરમકરુણા રસ દ્વારા જેઓ ચરમસમુદ્ર (સ્વયંભુરમણ સમુદ્ર) ની સાથે પણ સ્પર્ધા કરે છે. અત્યંત ક્રૂર એવા પશુઓ પણ જેઓને નમસ્કાર કરે છે.

શ્લોકઃ—૬ પૃથ્વીતલ ઉપર તેમના જેવો બીજો કોઇ અજેય નથી. સૂર્ય તુલ્ય એવા જેમની આગળ કાયર કુમતાંધકારો ક્ષણવાર પણ રહી શકતા નથી. વળી આશ્ચર્યની વાત એ છે કે જેમનાં માંસપિંડો પણ પોતાની અત્યંત ઉજ્જવળતાને લીધે કમલોની જુગુપ્સા કરે છે.

શ્લોકઃ-૭ આઠ પ્રાતિહાર્યની શોભા વડે તેઓ સર્વને આશ્ચર્ય પમાડે છે ક્રોધરહિત એવા તેમને પ્રતિદિન હું ધ્યાવું છું તેમનાથી અનેક પ્રાણીઓ સંસાર સાગરથી ઉદ્ધાર કરાયા કરાયા છે. અમારો હાથ ઉપર કરીને તે વિભુની અમે પ્રશંસા કરીએ છીએ.

શ્લોકઃ—૮ તલમાંથી તેલની જેમ તેમનામાંથી સર્વરાગ વિલીન થયા છે. તેઓના કૈવલ્યજ્ઞાન અરિસામાં કયા પદાર્થો દેખાતા નથી? (અર્થાત સર્વે દેખાય છે) જલમાં માછલાઓની જેમ અમે તે પ્રભુમાં સદાલીન થઈએ. આ રીતે સ્તુતિ કરેલા શ્રીમાન સીમંધર તીર્થપતિ જયવંત હો.

## પ્રશસ્તિ.

સૂરિ શિરોમણિ શ્રી મહેન્દ્રસાગરજી સૂરિના છેલ્લા શિષ્ય શ્રી મણિપ્રભ સાગરજીએ સંવત ૨૦૨૯ના વિક્રમવર્ષે શ્રી મહેસાણા નગરના આભૂષણ શ્રી સીમંધર સ્વામીનું આ સ્તોત્ર બનાવ્યું છે.

## 卐 અપભ્રંશ ભાષામાં શ્રી સીમંધરસ્વામી સ્તોત્ર. 卐

નમિ નમિ સુર અસુર નરવંદી પયં
રૂપણિકર કરનિકર કિત્તિભર પૂરિયં
પંચ સઈ ધણુહ પરિમાણુ પરિમંડિયં
થુણહ ભત્તીઈ સીમંધર સામીયં. ૧

મેરુ ગિરિ સિહર થય બંધણું જો કુણઇ
ગયણિ તારા ગણઇ વેલુઆ કણ મુણઇ
ચરમ સાયર જળે લહરિ માળા મુણઇ
સો વિ તુહ શામિ ન હુ સંખ્યહા ગુણ થુણઇ ૨

તહવિ જિણનાહ નિય જન્મ સફલી કએ
વિમલ સુહ ઝાણ સિદ્ધાણ સંસિદ્ધ એ
અસુહ દલ કમ્મ મલ પડલ નિણ્ણાસણં
તાત કરિ વાણિ તુહ સંથવં બહુગુણં. ૩

મોહ ભર બહુલ જલ પુરિ સંપૂરિયે
વિષય ઘણ કમ્મ વણ રાજ સંરાજિયે
ભવ જલહિ મઝ નિવંડતુ જંતૂક એ
સામિ સીમંધરો પાય જિમ સોહએ ૪

તેય ભર ભરિય દિસિ વિદિસ ગયણંગણો
પબલ મિચ્છત્ત તમ તિમર વિદ્ધંસણો
ભવિય જણ કમલ વણ સંડ બોહંકરો
સામી સીમંધરો દિપએ દિણયરો. ૫

સુજણ મણ નયણ આણંદ સંપૂરિકં
દુરિત હરતા રતા રૂકમણી નાયકં
સયલ જગ જંતુ ભવ પ્રાપ તાપાપહં
તમઉ સીમંધરં ચંદ શોભાવહં. ૬

સુર ભુવણિ ગયણિ પાયાલિ ભૂમંડળે
નયરિ પુરિ નીરિ નિહિ મેરુ પુવ્વય કૂલે
દેવ દેવી ગણા નારિ નર કિંનરા
તુમ્હ જસ નહિ ગાયતિ સાદર પુરા ૭

નાણ ગુણ જઝાણ ગુણ ચરણ ગુણ મોહિયા,
સાર ઉવયાર સંભાર...........સોહિયા
રયણિ દિણહરિ સિ વાસ સુત્ત જાગર મણા
તાત તુહ નામ ઝાયંતિ તિહુયણ જણા ૮

રિદ્ધિ કરિ બુદ્ધિ કરિ રિદ્ધિ કર શાકરા
વિષમવિષ અમીય ભરિ શામિ સીસંધરા
પુવ્વ ભવ વિહિય વર પુણ્ણ ચય પામિયા
રખિ હિવ ભૂરિ ભવ ભ્રમણ મૂસામીયા ૯

કમ્મ ભર ભાર સંસાર અઇ ભગ્ગઉ
ધાણઉ ફિરિઉણ જિણ પાય તુહ લગ્ગઉ
મજઝ હીણસ્સ દીણસ્સ સિવ ઉમીયા
કરવિ કરૂણાદ સંસારૂ કરિ સામીયા ૧૦

કઠિન હઠ ધાય તિરિય તણે તાજીઓ
નરય ગઈ કરૂણ વિલવંત નહુ લાજીયઓ
મયણ ગય હીણ પરિ કમ્મવાસિ પડિયઓ
લાગિ તુહ ચરણ આણંદ હિવ ચડિયઓ. ૧૧

કેવિ તુહ દંસણે દેવિ સિવ સાહિગા
કેવિ વાણી સુણી ચરણ ભવ મોહિગા
ભરહખિતંમિ હઉં જઝાણિ છિંણીં લગ્ગઓ
દેહ આલંબણં નાહ જઈ જગ્ગઓ. ૧૨

ધન્ન સે નયર જિહિ સામિ સીમંધરો.
વિહરએ ભવિય નણ સવ્વ સંસયહરો
કામ ઘટ દેવ મણિ દેવતરુ ફલીયએ
તીહ ધરિ જીહન્ઇ સામિ તુહ મિલીયએ ૧૩

કરજુયલ જોડિ કરિ વયણ તું નિસુણિસો
બાલ જિમ હેલ દે પાય તુમ્હ પણમિસો
મહુર સિરિ તુમ્હ ગુણ ગાહણ હુઉં ગાઇસો
નિય નિયણ રૂવ રોમંચિયં જોઇસો. ૧૪

તુમ્હ પાસે ઠિઓ ચરણ પરિપાલિસો
હણીય કમ્મણા કેવલ સિરિ પામિસો
તુમ્હ જિણ નિયઇં કરૂ સિરસિ સંઠવિસઉ
સો વિ કઇયા વિ મૂ હોઇ સઇ દિવસઉ ૧૫

ભરહ ખિતં સિરિ કુંથુ અરૂ અંતરે
જન્મ પુંડરગિણી વિજય પુખલ વરે
મુણિસુવ્વઇ તિત્થિ નમિ અંતરે અહિજુયા
રજ્જસિરિ પરહ રવિ ગહિય સંજમતયા. ૧૬

હણિય કમ્માણિ લહુ લદ્ધ કેવલ સિરી
દેહિમે દંસણં નાહ ! કરૂણા કરી
ભાવિએ ઉદ્ધ જિણ સત્તમે સિવ ગએ
બહુય કાલેણ સિદ્ધિ ગએ સામીએ. ૧૭

મોહભર માનભર લોભભર ભરિયઉ
દંભભર રાગભરં કામભર પૂરિઉ
એહ પરિ ભરહખિત્તં મિમૂં સામીયા
સાર કરિ સાર કરિ તારિ ગો સામીયા ૧૮

ભોગપદ રાજપદ નાણપદ સંપદં
ચક્કપદ ઇંદપદ જાવ પરમં પદં
તુજ્જ ભત્તીય સવ્વંપિ સંપજ્જએ
એહ માહપ્પુ તુહ સયલ જગિ ગજ્જએ ૧૯

મુહિજ ગતિ તુહિજ મતિ તુહિજ મમ જીવનં
તાત તૂં પરમ ગુરુ કમ્મ મલ પાવતૂં
કમ્મ કરિ વિણય વર જોડિ કરિ વિનવું
દેહિ મે દંસણં અલજયા અભિનવું. ૨૦

ઇમ ભુવણ ભૂષણ દલિય દૂષણ સયલલક્ખણ મંડણો
મદ માનગંજણ મોહભંજણ વામકામ વિહંડણો
સુર રાયરંજણ નાણ દંસણ ચરણગુણ જયનાયગો
જિણ નાહ ભાવં ભવિ તાત ભવમે બોધિબીજ સુદાયગો ૨૧

ॐ

## શ્રી સીમન્ધરસ્વામિ-પરમાત્માને નમઃ

શ્રી વિહરમાણ-વિભુ **શ્રી સીમન્ધરસ્વામિજીના** જીવન ચરિત્રની સાથે અંતિમતીર્થપતિ શાસનનાયક **શ્રી મહાવીર-પરમાત્માની** હયાતી દરમ્યાન બનેલી વિષય-વાસનાની વિષમતાને દર્શાવનારી, એક અત્યદ્ભુત ઘટનાને વર્ણવતી, **શ્રી વીરપ્રભુજીએ શ્રી ગૌતમસ્વામિજીને** સ્વમુખે કહેલી **શ્રી કામગજેન્દ્ર**ની કથાનું જેમાં સુરમ્ય વર્ણન કરવામાં આવેલ છે.

## શ્રી સીમન્ધર-શોભા-તરંગ

### (સંક્ષિપ્ત ગુર્જર ભાવાનુવાદ)

શ્રી શાસ્ત્રકાર મહર્ષિ વિહરમાણ પ્રભુ **શ્રી સીમંધરસ્વામિજીના** પવિત્ર જીવન પ્રસંગોના વર્ણન સાથે, પરમોપકારી શાસનપતિ **શ્રી મહાવીરપ્રભુજી**એ મુખ્ય ગણધર **શ્રી ગૌતમસ્વામિજીને** તેમના પ્રશ્નના જવાબમાં કહેલી વિષય વિકારની વિરૂપતાને દર્શાવનારી **શ્રી કામગજેન્દ્ર** રાજપુત્રની કથાનો

**ઉપક્રમ** — ઉપક્રમ કરતાં શિષ્ટજનાચરિત સમયનું પરિપાલન કરવા પરમ પવિત્ર **શ્રી પંચપરમેષ્ઠિને** નમસ્કાર કરે છે. અને શ્રી શ્રુતાધિષ્ઠાત્રી **શ્રી સરસ્વતીદેવીના** સાન્નિધ્યને વર્ણવે છે.

ત્રણેય ભુવનને ચંદ્રની જેમ આલ્હાદ પમાડનારા, સૂર્યસમ તેજસ્વી, અષ્ટ મહાપ્રાતિહાર્યની શોભાવાળા અનુપમ સુખના કંદસ્વરૂપ શુદ્ધ સ્વર્ણ સમ દેદીપ્યમાન, કેતકીના પુષ્પની જેમ કાંતિવાલા અને જગતના ઉદ્ધાર માટે જ જાણે જેમનો મનુષ્યાવતાર એવા અતુલોપકારી શ્રી અરિહંત પરમાત્મા,

**સંબંધ અભિધેય નિરૂપણ** — વિષમતર વિપાકદાયી અષ્ટકર્મના બંધનથી મુક્ત શ્રી સિદ્ધ ભગવંત જ્ઞાની પ્રભુની અનુપસ્થિતિમાં અખિલ શાસનના નાયક સમાન આચાર, શ્રુત, શરીર, વચન, વાચનાં, મતિ, પ્રયોગ, સંગ્રહપરિજ્ઞારૂપ.

卐 આઠ સંપદાઓથી વિભૂષિત શ્રી આચાર્યમહારાજા, શ્રુત સિદ્ધાંતના પઠન-પાઠનાદિ દ્વારા અનેક ભવ્ય જીવોના હિતકારી શ્રી ઉપાધ્યાયમહારાજા, આઠ પ્રવચન-માતાના પાલનમાં તત્પર, આઠ મદથી રહિત મોક્ષમાર્ગના અનુપમ સાધક શ્રી સાધુમહારાજા, આ પાંચ પરમેષ્ઠિઓ અશુભ કર્મોથી થનાર વિઘ્નોને હરનારા છે, તેઓને ભાવપૂર્વક હું નમું છું. તથા ભગવતી **શ્રી સરસ્વતીદેવી** મારા મુખમાં વાસ કરો જેથી કે અપ્રમેય ગુણગણધારી વિહરમાન પ્રભુ **શ્રી સીમંધરસ્વામિના** ગુણોનું દેવેન્દ્રોથી પણ અશક્ય-ગાન તેમના શોભા-તરંગોને વર્ણવવા સાથે સફળતાપૂર્વક કરી શકું.

---

卐 આઠ સંપદાઓનું ટુંક સ્વરૂપ :-

૧ આચાર સંપદા :— ગંભીરપણે સાધુ આચારનું સુયોગ્ય પાલન કરવું કરાવવુ તે

૨ શ્રુત સંપદા : – સ્વપરસમયના શાસ્ત્ર-સિધ્ધાંતોનું રહસ્ય-પદાર્થ લોચન સ્વરૂપે જ્ઞાન હોવું તે.

૩ શરીર સંપદા :— લક્ષણ પ્રમાણોપેત સર્વાંગસુંદર અને પરિષહાદિ સહન કરવામાં સમર્થ શરીર પ્રાપ્ત થવું તે.

૪ વચન સંપદા :— રાગદ્વેષાદિના ઝેરને દૂર કરનાર મધુર અને આદેય વચનની શક્તિ પ્રાપ્ત થવી તે.

૫ વાચના સંપદા :— શિષ્ય કે શ્રોતાની યોગ્યતાની માત્રાના આધારે જ્ઞાન આપી તેનું હિત સાધી શકવાની કળામાં નિપુણતા પ્રાપ્ત થવી તે.

૬ **મતિસંપદા** :— વિવિધ તર્કવિતર્કના બલે કોઇપણ ગહન પદાર્થના સ્વરૂપનું અવગાહન કરવાની શક્તિ પ્રાપ્ત થવી તે.

૭ **પ્રયોગસંપદા** :— પ્રબલવાદીને પણ દ્રવ્યક્ષેત્ર કાલની પરીક્ષાની નિપુણતાના બલે પરાજિત કરવાની કુશલતા પ્રાપ્ત થવી તે.

૮ **સંગ્રહસંપદા** :— સંયમની સાધનાને અનુકૂલ સામગ્રીને નિર્દોષ પણે મેળવવાની નિપુણતા પ્રાપ્ત થવી તે.

આ આઠ સંપદાઓની વધુ માહિતી માટે જૂઓ, **શ્રી સ્થાનાંગ સૂત્ર** અધ્યયન ૮, ઉદ્દેશો-૩, સૂ ૬૦૧, તથા **પ્રવચનસારોદ્ધાર** દ્વાર-૬૪, ગાથા ૫૪૧-૫૪૨.

**કથા પ્રારંભ શ્રી પુષ્કલાવતી વિજયનું વર્ણન** :—

આ જંબૂદ્વીપના મધ્યભાગે બન્ને બાજૂ ત્રણ ત્રણ ક્ષેત્ર તથા વર્ષધર પર્વતથી સુશોભિત **શ્રીમહાવિદેહક્ષેત્રમાં** મધ્ય ભાગે રહેલ **મેરુપર્વતથી** પૂર્વ બાજુ આવેલ પૂર્વ મહાવિદેહમાં પુષ્કલાવતી નામના દેવતાથી અધિષ્ઠિત ૨૨૧૨ ૭/૮ યોજન પ્રમાણ પહોળી તથા ૧૬૫૯૨ યોજન ૨/૧૯ કલા પ્રમાણે લાંબી **શ્રી પુષ્કલાવતી** નામની આઠમી વિજય શોભે છે.

જેમાં મુકુટસ્વરૂપ **શ્રી સીમંધર પ્રભુ** હાલ વિચરી રહ્યા છે, તથા જે **શ્રી વિજયની** પૂર્વ બાજુ **નીલવંત** વર્ષધર પર્વત, દક્ષિણ બાજુ લવણ સમુદ્ર, પશ્ચિમ બાજુ સીતા નદી અને ઉત્તર બાજુ એકશૈલ નામનો ચોથો વક્ષસ્કાર પર્વત જે (૭મી, ૮મી વિજયના મધ્ય ભાગે છે) શોભે છે, જે વખારા પર્વત ઉપર એકસો વિશ શાશ્વત ચતુર્મુખ જિનબિંબોથી સુશોભિત મનોહર શ્રી શાશ્વત જિનચૈત્ય શોભી રહેલ છે, તેને ભાવ પૂર્વક નમીને હું મારા જન્મને સફલ કરું છું તે વિજયમાં ૧૭૨૮ ગાઉ પ્રમાણે વિસ્તારવાળી ધન-ધાન્યાદિ સમૃદ્ધિપૂર્ણ, સુંદર શોભાવાળી શ્રી પુંડરીકિણી નગરી છે.

શ્રી પુંડરીકિણી નગરીના વિસ્તારનું પ્રમાણ સંદિગ્ધ જણાય છે. શાસ્ત્રોમાં ક્યાંય આવો ઉલ્લેખ ઘણી તપાસ કરવા છતાંય મળેલ નથી. આવી વાત નિર્મૂલક સંભવે નહિ. કદાચ કોઈ સંપ્રદાય ની માન્યતા સ્વરૂપ હોય, છતાં સિદ્ધસ્ય ગતિશ્ચિંતનીયા એ ન્યાય મુજબ વિચારતા જણાય છે કે શ્રી બૃહત્સંગ્રહણી ગા. ૨૮૯ પ્રમાણે શાશ્વત પદાર્થોનુ માપ પ્રમાણાંગુલથી માપવાની વ્યવસ્થા છે, તો શ્રી લઘુક્ષેત્ર સમાસ ગા. ૧૪૭ માં જણાવેલ વિજયનું માપ પ્રમાણાંગુલથી ગણી શાસ્ત્રકારે જણાવેલ નગરીનું માપ ઉત્સેધાંગુલ ગણીએ તો આપણી દ્રષ્ટિએ બહુતમ જણાતું નગરીનું ૧૭૨૮ ગાઉનું પ્રમાણ પ્રમાણાંગુણલથી ગણતાં તો એકસો અઠ્ઠાવીસ ગાઉ અધિક એક યોજનનું જ આવે, તે ત્યાંના ક્ષેત્ર મનુષ્ય આદિની વિશાલકાયતા વિચારતાં અસંગત ન જણાય માટેનો ફેર પડવાનું કારણ ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણાંગુલ ચારસો ગણું મોટું હોય છે, એ માટે જુઓ શ્રી બૃહત્સંગ્રહણી ગા. ૨૯૩.

આ સિવાય શાસ્ત્રાનુકૂલ વધુ સ્પષ્ટ ખુલાસો કોઇ વિદ્વાનની જાણમાં હોય તો જણાવવા વિનંતી છે.

**શ્રી પુંડરીકિણી નગરીનું વર્ણન**

જે નગરીના ઉત્તુંગ પ્રાસાદોના અગ્રભાગે ફરકતી ધ્વજાવાળા ધ્વજદંડો જાણે નગરીરૂપ દાશ સ્ત્રીની સાથે પ્રાસાદોને પાણિગ્રહણ કરાવવા તાણી લાવતાં ન હોય તેવા શોભે છે. અને જાણે શ્રી વિધાતાએ સ્વર્ગપુરી શ્રી **અમરાવતી** સાથે ત્રાજવામાં તોલતા શોભા અને સંપત્તિમાં વધુ હોવાથી આ નગરી નીચે જમીનપર આવી હોય, અને શ્રી **અમરાવતી** નું પલ્લું આ નગરીના શોભા સમૃદ્ધિ કરતાં ન્યૂન હોઇ તે પુરી ઉપર સ્વર્ગમાં ગઇ એવી કલ્પના સ્હેજે જે નગરીની સુંદરતા સમૃદ્ધિ જોઇને પ્રેક્ષકોને થાય જે નગરી અનેક મણિરત્નોથી શોભતા પ્રાસાદોની હારમાળાથી દિવસે શોભાયમાન તથા રાત્રે પણ અનેક હીરા માણેક મોતિઓના પ્રકાશથી દીપતી હતી, તથા જ્યાંના ઉત્તુંગ જિનાલયોની ફરકતી ધ્વજાઓ જાણે નગરીના ઉછણા કેમ ન લેતી હોય તેમ શોભે છે જ્યાંના બગીચાઓમાં પાણીના સિંચન વગર પણ સુંદર શોભતી વૃક્ષરાજિઓમાં સ્ત્રી-પુરુષોના યુગલો સાનંદ વિચરી

રહેલા છે, ટૂંકમાં તે નગરીની છટા ઇન્દ્રધનુષ્યના રંગની અજબ છટાની જેમ સર્વ પ્રાણિઓના નેત્રોને તૃપ્ત કરનારી અને ચન્દ્રકળાની જેમ દિનપ્રતિદિન વધતી કળાવાળી હતી.

તે નગરીમાં પ્રજાજનોના હૃદયમાં ન્યાય નીતિ આદિ ગુણોથી આધિપત્ય ભોગવનાર શ્રી શ્રેયાંસ નામના મહારાજા

**શ્રી શ્રેયાંસ મહારાજાનું વર્ણન:—**

શોભે છે. જે મહાન દાનેશ્વરી છે અને આંગણે આવેલ ગમે તેવા અર્થિને પરાઙ્મુખ પણ કર્યું પણું નથી. માતૃકાક્ષરમાળા (વર્ણમાલા-બારાખડી) માં આવતા નકારનો તો તે મહારાજાએ અંગ જ કર્યો નથી. અથવા તો માતૃકાક્ષરોના અભ્યાસકાળે ભણેલા તે નકારને ભૂલી જ ગયા લાગે છે. વળી તે મહારાજા તેજ દિવસને કૃતાર્થ લેખે છે, જે દિને અર્થિઓની પ્રાર્થના પુર્ણ કરી હાથને દાનના સુરમ્ય ભૂષણથી ભૂષિત કર્યો હોય એટલે કે તે રાજાએ કોઈ દિવસ પણ કોઇની પણ પ્રાર્થનાનો ભંગ કર્યો નથી.

"ખરેખર! આ પૃથ્વી તેના લોકોથી જ ભારે થાય છે કે જે લોકોએ સાધન-સામગ્રી સંપન્ન દશામાં શકિત ગોપવીને આસકિત-મોહને આધીન થઇ અર્થિની પ્રાર્થનાનો ભંગ કર્યો છે બાકી સ્થૂલ બુદ્ધિએ ભારરૂપ જણાતા પર્વત, જંગલો કે સમુદ્ર આદિથી પૃથ્વી ભારે નથી. તેઓ તો જગતના હિતાર્થે પોતાની સામગ્રી ગમે તેવા સંયોગોમાં પણ અર્પી જ રહ્યા છે."

વળી તે મહારાજા દાનેશ્વરી છતાં દાનગુણની પ્રાપ્તિ કરતાં પણ દુર્લભ નિરભિમાનતા ગુણથી શોભતા હતા. તેથી જ ચન્દ્ર કરતા પણ તે મહારાજાની કીર્તિ ઉજ્જવલ હતી ચન્દ્રને તો હરણનું નાનું કલંક પણ છે જ્યારે આ મહારાજાતો દાનેશ્વરી છતાં નિરભિમાની હતા તેથી જ સોનામાં સુગંધની જેમ તે મહારાજામાં ગુણોનો સુમેળ શોભતો હતો.

તથા દાનગુણની સાથે તે મહારાજામાં પાત્ર પરીક્ષાનો ગુણ પણ ઘણો વિકસ્વર હતો. "ખરેખર! પાત્રાપાત્રના વિવેક વિના સુન્દર પણ દાન છીપલી, સાપ, સર્પ, ઉખર ભૂમિમાં પરિણતિ પામતાં સ્વાતિ નક્ષત્રના

જળની જેમ ફળની વિવિધતા પેદા કરનારું થાય છે." આટલું છતાંય મહારાજા પાસે સમૃદ્ધિમાં કાંઈપણ ન્યૂનતા થવા પામી ન હતી. કારણ કે બગીચા, કુવા, ગાય આદિને વપરાશની વૃદ્ધિની સાથે પેદાશની પણ વૃદ્ધિ જ થતી હોય છે.

આ પ્રમાણે શ્રી રાસકાર વિહરમાણ વિભુ **શ્રી સીમંધરસ્વામિ**-પરમાત્માના પિતા **શ્રી શ્રેયાંસ**-મહારાજાના ગુણગણનું વર્ણન કરતાં પ્રસંગે દાનના પાંચ દૂષણો અને પાંચ ભૂષણો પણ ભવ્યજીવોના હિતાર્થે જણાવે છે.

"૧. દાનના પ્રસંગે અનાદર ૨. વિલંબ ૩. પરાઙ્‌-મુખપણું ૪. અપ્રિયભાષા, અને ૫. માનસિક અનુતાપ કરવો એ ખરેખર સુંદર પણ દાનને કલંકિત કરનારા પાંચ દૂષણો છે."

"દાન દેતાં મળેલી સામગ્રીના થતા સદુપયોગથી આનંદના અશ્રુ (૨) રોમાંચનું વિકસ્વર પણું (૩) બહુમાન (૪) સુંદર વચનો (૫) કરેલા દાનની અનુમોદના કરવી, આ પાંચ વસ્તુઓ માત્રામાં અલ્પ છતાંય દાનને સુશોભિત કરનાર ભૂષણસ્વરૂપ છે."

**શ્રી સત્યકી મહારાણીનું વર્ણન:—**

તે **શ્રી શ્રેયાંસ મહારાજાને** રૂપ લાવણ્ય ગુણથી ભરપુર, શીયલસલૂણી **શ્રી સત્યકી** નામની મહારાણી હતી જેઓએ પાતિવ્રત્યધર્મના અનુપમ પાલનથી જગતમાં અપૂર્વ કીર્તિ પ્રાપ્ત કરી છે. જેમનું શરીર સર્વ ઉત્તમ લક્ષણોથી અલંકૃત છે, તેમના પગનાં તળીયા તો લાલ કમળની જેમ એવા સુંદર લાલ સાવાળ છે જાણે કે જગતની સર્વશ્રેષ્ઠ સુંદરીઓના મસ્તક પર અનુપમ શીય-રૂપાદિ ગુણોએ કરી હીનતા દર્શાવવા કરેલા પાદીકમણને લીધે જ લાલ કેમ ન થયા હોય! વળી અહીં શ્રી રાસકાર **શ્રી સત્યકી** મહારાણી વિષે સ્ત્રીત્વોચિત ઉત્તમ ચોસઠ કળાના વાસ વિષે ઉત્પ્રેક્ષા કરતાં જણાવે છે કે તેમનાં વિષે ચોસઠ કળાનો વાસ કેમ ન હોય? તેમના હાથ પગના ચાર અંગૂઠાઓમાં જ સુંદર ગોળાકાર નખરૂપે ચાર પુર્ણચન્દ્રોએ વાસ કર્યો હતો. તો એક ચન્દ્રની

સોળ કળાના હિસાબે ચોસઠ કલાનો વાસ સ્વતઃસિદ્ધ સંભવે છે. વળી જેમના લોચન યુગલ મૃગ-નયનની જેમ અતિ ચંચલ છતાં મર્યાદાથી બહાર નથી જતાં તે જાણે પાસે આવેલ કાનરૂપ ઊંડા કૂવામાં કદાચ પડી જાય તો બહાર કોણ કાઢે? એ ભયથી જ તેઓ મર્યાદિત ચંચળતાવાળા હતા. જે કોકીલ કંઠીના સ્નિગ્ધ-મધુર અવાજથી સારંગી-વીણા પણ કુરંગી બનેલ છે. અને જેમનું મુખકમલતો સદા વિકસ્વર રહેતું, બીજા કમળો દિવસે કે રાત્રે કરમાતા હોઇ તેમના મુખ સાથે ઉપમા માટે પણ સંગત થતા નહિ.

**શ્રી સીમંધરસ્વામિજીનું જન્મ-હુલામણું :**

પુણ્યકર્મોના સંચયવાળી તે મહારાણીની રત્નકુક્ષિથી વર્તમાન ચોવિશીના **શ્રીકુંથુનાથપ્રભુજી** તથા **શ્રી અરનાથપ્રભુજી** ના અંતરાલ કાળે ચૌદ સ્વપ્નથી સૂચિત ત્રિલોકનાયક જ્ઞાનત્રયધારક તીર્થંકરપ્રભુનો વૈશાખ વદિ ૧૦ (એટલે ગૂજરાતી ચૈત્ર વદિ ૧૦) ને જન્મ થયો તે પ્રભુના જન્મથી દુઃખરાશિમાં નિમગ્ન નારકીના જીવોને પણ ક્ષણભર આનંદ થયો, તો અન્યની તો વાતજ શી કરવી? અર્થાત્ અનેક દુઃખિઓના દુઃખનો નાશ થયો જન્મ સમયે દિક્કુમારિકાઓ તથા ચોસઠ ઇન્દ્રો આદિ અસંખ્ય દેવોએ સ્વ-સ્વમર્યાદાનુસારે ભક્તિભાવ પુર્વક કર્તવ્યનું પાલન કર્યું, માટે માતપિતાએ આનંદ પુર્વક પ્રભુનું **શ્રી સીમંધર** એવું નામ સ્થાપ્યું. પછી 卐 પાંચ ધાત્રીમાતાઓથી લાલિત પાલિત થતાં તે બાલ-પ્રભુ બીજના ચન્દ્રની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા.

એક દિવસ માતાજી બાલપ્રભુ **શ્રી સીમંધરસ્વામિજીને** હાથમાં લઇ હુલરાવવા લાગ્યા તે હુલામણામાં માતાજી પ્રભુના ચ્યવન સમયે પોતે જોયેલા ચૌદ સ્વપ્નોને રહસ્યસ્ફોટક પુર્વક વર્ણવી, ચોસઠ ઇન્દ્રોએ કરેલ જન્મોત્સવના અધિકારને વર્ણવે છે.

**ચૌદ સ્વપ્નોનો રહસ્યસ્ફોટ**

હે પુત્ર! જ્યારે તું ગર્ભમાં આવ્યો, ત્યારે હું બહુ આનંદ પામેલી.

૧ 卐 ક્ષીર ધાત્રી :— બાળકને સ્તનપાન કરાવે તે.
૨ મજ્જન ધાત્રી :— બાળકને સ્નાનાદિ કરાવે તે.
૩ મંડન ધાત્રી :— બાળકને વસ્ત્રો અને આભૂષણોથી વિભુષિત કરે તે.
૪ ક્રીડાયન ધાત્રી :— બાળકના મન પ્રસાદ માટે વિવિધ ક્રિડા કરાવે તે.
૫ અંક ધાત્રી :— બાળકને આખો દિવસ ખોળામાં રાખે તે.

ઉપર મુજબની ધાવમાતાઓ બે જાતની હોય છે. એક તો ઉપરના કામો સ્વયં કરે, અને બીજી પોતાની દેખરેખ નીચે બીજા પાસે કરાવે.

આની માહિતી માટે જુઓ શ્રી પિંડનિર્યુક્તિ શ્રી મલયગિરીય વૃતિ ગાથા ૪૧૦-૪૧૧.

અને એકસો છણુ (૧૯૬) ની સંખ્યાના 卐 વર્ગમૂળરૂપ ઉત્તમોતમ ચૌદ સ્વપ્નોને મેં જોયેલા, તેમાં પ્રથમ ઐરાવણ હાથી આવીને મને બહુ આદર પુર્વક નમીને બોલ્યો કે "હે સૌભાગ્યશાલિની! ધન્ય છે તારી કુખને! કે જેણે દેવેન્દ્રોને પણ પુજ્ય પ્રભુને ધારણ કરેલા છે, તારા પુત્રની પાસે મારો સ્વામી ઇન્દ્ર આવી રોમાંચવિકાસપુર્વક સેવા માટે લાલાયિત બનશે, તો પછી હે સ્વામિનિ! હું તેમની પહેલાં કેમ ન આવું? તમારો પુત્ર તો મુક્તિગામી છે, માટે ધન્ય છે"

ત્યાર પછી ધોરી-વૃષભ આવીને મને કહે કે "તમારો પુત્ર ખરેખર ઇન્દ્રોનો પણ ધોરી અગ્રેસર થશે.

પછી વનરાજ કેસરીસિંહ જોયો કે, જે મૃગોના યુથને ત્રાસ પમાડનાર પરાક્રમવાળો નિર્ભય હતો.

ચોથા સ્વપ્ને લક્ષ્મી દેવી આવી ને બોલી કે "હવે જ મારું ચાપલ્યનું કલંક આ તારા પુત્ર પ્રભુના પ્રતાપે દુર થશે.

પાંચમે ફુલની માળો એ સુચવ્યું કે "તારો પુત્ર ચન્દ્રની જેમ સર્વને તારા પુત્રના ગુણ-ગણ-સૌરભથી આખું જગત સુવાસિત થશે."

છઠ્ઠે સ્વપ્ને ચન્દ્રે સૂચવ્યું કે–"તારો પુત્ર ચન્દ્રની જેમ સર્વને આહ્લાદદાયી થશે" સૂર્યના સ્વપ્નથી સુર્યવિકાશી કમળની જેમ તારા મુખથી મારા નેત્ર કમળો વિકસ્વર થવાનું જાણ્યું. "હે પુત્ર (સીમન્ધર!) તું ખરેખર અમારા કુળની ઉન્નતિ કરનાર ધ્વજસમાન છે" એમ ધ્વજના સ્વપ્ને મને સૂચવ્યું

અને પૂર્ણ કળશે તો "જ્ઞાનજળથી ભરેલા તારામાં નિકૃષ્ટ પાપિઓના પાપ ધોવાની અનુપમ શક્તિ" નું ભાન કરાવ્યું.

હે વત્સ! દશમા પદ્મ સરોવરના સ્વપ્નથી સૂચિત થયું કે, ભવતૃષ્ણાના તાપને શાંત કરવાના અનુપમ ગુણવાળી તારી બહુ પુણ્ય-લભ્ય-સ્તુતિ કરનારા ખરેખર ધન્ય છે.

અગિયારમે સ્વપ્ને રત્નાકર સમુદ્ર આવીને મને વિનવવા લાગ્યો કે "હે પ્રભુજનનિ! ઇન્દ્રો અને નરેન્દ્રોથી વખણાયેલ, અપ્રમેય ગુણધારક તારા પુત્રના ગાંભીર્યગુણની પ્રતિષ્ઠાથી મારી ગંભીરતા વિષેની વર્ષોજૂની કીર્તિ ભૂંસાવા સંભવ છે, માટે કૃપા કરો અને મારા હિતનો વિચાર કરો.

બારમે સ્વપ્ને સુંદર દેવવિમાને "તારા ભાવી શ્રી સમવસરણના ત્રણ ગઢ આદિની રચના સૂચવી તેમાં પોતાને સ્થાન આપવાની વિનવણી કરી, રત્નકુક્ષિ ધારિકા તરીકે મારા ઓવારણા લીધા.

તેરમે સ્વપ્ને રત્નરાશિએ "તારા અણમોલ ગુણરત્નોની દીપ્તિથી પોતાની પાર્થિવતા વ્યક્ત થઇ જવાથી લાજ બચાવવા"

---

卐 ગણિત શાસ્ત્રના નિયમ પ્રમાણે કોઈપણ સંખ્યાને પોતાના આંકથી ગુણાતા જે આવે તે વર્ગ કહેવાય છે અને તેની મૂળ સંખ્યાને વર્ગમૂળ કહેવાય છે. અહીં ૧૪×૧૪=૧૯૬ થયા માટે ૧૯૬ નું વર્ગમૂલ ૧૪ થયું.

પ્રાર્થના કરી અને હે વત્સ! સર્વજીવોના કલ્યાણકારક ગુણોના પ્રકાશસ્વરૂપ તારા આત્મતત્વરૂપ અમૂલ્ય રત્નની મહત્તા વર્ણવી.

ચૌદમે સ્વપ્ને નિર્ધૂમ વહ્નિએ "કર્મ ઇંધણોને ભસ્મીભૂત કરી નિર્મળ થનારા તારા આત્મસ્વરૂપના પ્રકાશને સકળ તેજસ્વી પદાર્થોમાં શ્રેષ્ઠ જણાવી તેવી શ્રેષ્ઠતા મેળવવા તારૂં શરણ સ્વીકાર્યું."

**શ્રી છપ્પનદિક્ કુમારિકાઓએ કરેલ જન્મ મહોત્સવ**

આ પ્રમાણે ત્રણેય ભુવનમાં શ્રેષ્ઠ ચૌદ સ્વપ્નો આશીર્વાદાદિ સૂચવતા મારા મુખમાં પેસતા મેં જોયા. બાદ જ્યારે યોગ્ય સમયે તારો જન્મ થયો 卐 ત્યારે **અધોલોકથી** આઠ દિક્કુમારિકાઓ આવી મને પ્રણમિને વિનિત ભાવે બોલી કે હે જગદ્વંદ્ય માતાજી! તમે જરાય ભય પામશો નહિ. અમે તમારા પુત્રના લોકોત્તર પુણ્યથી આકર્ષાઈને આવેલ છીએ અને સેવા કરી મુક્તિ રાજ્ય મેળવવા માંગીએ છીએ. અમે યથોચિત મર્યાદા પ્રમાણે સૂતિકાકર્મ કરશું" પછી તેણીઓએ ઈશાનખૂણે સૂતિકાગૃહ બનાવ્યું અને યોજન પ્રમાણે ભૂમિ સંવર્તક પવનથી શુદ્ધ કરી તથા ઉર્ધ્વલોક વાસિની આઠ દિક્કુમારિકાઓ આવી સુગંધી જળના છંટકાવથી રજ શમન કરી પ્રભુ સહિત માતાને પગે પડી. બીજી **પૂર્વરુચકદ્વીપથી** આવેલી આઠ દેવીઓ આવી દર્પણ બતાવતી કહેવા લાગી કે "હે માતાજી! દર્પણમાં આપના પુત્રના દર્શન કરવાથી અમારા પાપો ક્ષય થાઓ. વળી

---

卐 અહીંથી શરૂ થતા જન્મમહોત્સવ વિસ્તૃત માહિતી માટે શ્રુતકેવલ શ્રી ચતુર્દશપુર્વધર **શ્રી ભદ્રબાહુ સ્વામિ-પ્રણિત શ્રી કલ્પસૂત્રની શ્રી કિરણાવલી** તથા **શ્રી સુબોધિકા** આદિ ટીકાઓમાં તથા સંસ્કૃત ન જાણનારાઓએ **ખેમશાહી શ્રી કલ્પસૂત્ર ભાષાંતરના** પુસ્તકમાં પાંચમુ વ્યાખ્યાન વાંચવું.

દક્ષિણરુચકવાસી આઠ દેવીઓ ભૃંગાર ધારિણી બની અને પશ્ચિમરુચકદ્વીપની આઠ કુમારિકાઓ નિંજણા પંખા લઈ ગુણગાન કરવા લાગી ઉત્તરરુચકદ્વીપ ની આઠ દિક્કુમારિકાઓ ચ મર વિંજવા માંડી, તથા વિદિશારુચકદ્વીપની ચારે દિક્કુમારિકાઓ દીપક લઈ વિદિશામાં ઉભી રહી તેમજ શ્રી રુચકદ્વીપથી આવેલ ચાર દિક્કુમારિકાઓએ નાલ-ચ્છેદવિધિ કરી મણિરત્નની પીઠિકા બનાવી, અને બાકી રહેલ અશુચિકર્મનિવારણરૂપની સૂતક સંબંધી સ્નાનાદિની સઘળી ક્રિયા પતાવી તારા ગુણગાન કરવા લાગી.

**ચોસઠ ઇન્દ્રોએ ઉજવેલ જન્મમહોત્સવ :-** દિક્કુમારિકાઓની અશુચિનિવારણ વિધિ પત્યા પછી શ્રી ઇશાનેન્દ્ર આવી પોતે પંચરૂપ કરી તને લઈ શ્રી મેરુપર્વત ઊપર પહોંચ્યા અને ત્યાં ચોસઠ ઇન્દ્ર-અસંખ્ય દેવો ભેગા મળી અનેક વાદ્યતૂર્યોના નાદ પૂર્વક 卐 અઢીસો અભિષેકની વિધિ સાચવી સ્નાત્રમહોત્સવ કર્યો. પછી સુગંધથી ભરપૂર યક્ષકર્દમ, કેશર ચંદનાદિ સુવાસિત વિલેપનાદિ કરી વિશુદ્ધ અધ્યવસાયોદ્વારા શુભ પુણ્ય ઉપાર્જન કર્યું.

---

卐 દરેક તીર્થંકર પ્રભુના જન્મમહોત્સવ વખતે ચોસઠ ઇન્દ્રાદિ દેવો પ્રભુ નોસ્નાત્રવિધી અઢીસો અભિષેક દ્વારા કરે છે, તે અઢીસો અભિષેક આ પ્રમાણે:-

| | |
|---|---|
| ૬૨ ઇન્દ્રના | ૪ શ્રી વ્યંતરેંદ્રની પટ્ટરાણીના |
| ૪ લોકપાલના | ૧ ત્રાયસ્ત્રિંશ દેવોનો |
| ૧૩૨ મનુષ્યક્ષેત્રના ચન્દ્ર-સૂર્યના | ૧ સામાનિક દેવોનો |
| ૮ શ્રી સૌધર્મેન્દ્રના ચન્દ્ર | ૧ પર્ષદા દેવોનો ,, |
| ૮ શ્રી ઇશાનઇન્દ્રના ,, | ૧ સેનાપતિનો ,, |

વળી મારા લાડીલા હે વત્સ! તારા જન્મ સમયે સાતે ગ્રહો પણ ઉચ્ચ ગણાતી સ્વરાશિના પરમોચ્ચદશાધારક અંશોમા રહીને તારા અનન્ય સાધારણ લોકોત્તર સૌભાગ્યને વર્ણવતા હતા, ઉચ્ચ સ્થળે ચઢીને નિરીક્ષણ કરવાના લૌકીક વ્યવહાર ને અનુસરતા જાણે બધાય ગ્રહો તત્કાલ જન્મેલા તારા મુખનું પ્રથમ દર્શન કરવા માટે જ ઉચ્ચ-પરમોચ્ચ અવસ્થામાં આવ્યા કેમ ન હોય! કારણ કે તારા દર્શનથી પ્રાણિમાત્રના સર્વ દુઃખો ફાગણ મહિનાના (વસંત ઋતુ) ના ઝાડના ઝાડના પાનની જેમ ગળી ખરી જાય છે.

પછી પરમાનંદ રસમાં ઝીલતા ઈંદ્રમહારાજા અનેક પ્રકારે **શ્રી પુષ્કલાવતી વિજય શ્રી પુંડરીકિણી નગરીના** યશસ્વિપણાના ધન્યવાદ પૂર્વક વખાણ કરી, વારંવાર નમીને **શ્રી નંદીશ્વરદ્વીપે** અઠ્ઠાઇ મહોત્સવ કરી પોતાના સ્થાને ગયા.

---

| | | | |
|---|---|---|---|
| ૧૦ શ્રી અસુરેન્દ્રના | ,, | ૧ અંગરક્ષકનો | ,, |
| ૧૨ શ્રી નાગકુમારેંદ્રના | ,, | ૧ પ્રકીર્ણક | ,, |
| ૪ શ્રી જ્યોતિષ્કેંદ્રા | ,, | ૨૫૦ | |

આની વિશેષ માહિતી માટે જુઓ **શ્રી સેનપ્રશ્ન ગ્રંથ** સંસ્કૃત ઉલ્લાસ-૨, પ્રશ્ન-૧૫૬, અથવા તેનુ ગૂજરાતી ભાષાન્તર પા-૬૫.

તથા સિદ્ધહસ્ત ગૂર્જર-કવિ-કુલ-શિરોમણી ઉપા. **શ્રી વીરવિજયજી** મહારાજ કૃત **શ્રી સ્નાત્રપૂજાની** છેલ્લી ઢાળની ગાથા-૨-૩-૪.

**માતાએ પ્રભુના શરીરાદિનું કરેલું અદ્‌ભુત વર્ણન :—**

ઉપર મુજબ દેવેન્દ્રોએ પણ હરખભેર ઉજવેલા પ્રભુના જન્મોત્સવ પ્રસંગને વર્ણવી હવે શ્રી સત્યકીમાતાજી પોતાના બાલુડા લોકોત્તર-પુણ્યશાળી પનોતા પુત્રના શરીરાદિના અદ્‌ભુત લક્ષણ-ગુણોનું વર્ણન કરતી કહે છે કે:—

"હે પ્રાણવલ્લભ પુત્ર! ખરેખર મુખકમળ અને નેત્ર કમળને સજાતીય સબંધ હોવાના કારણે જ મારા નેત્રકમળો તારા મુખપરથી જરાપણ, ખસતા જ નથી. લોકોત્તર ગુણોના ધામસમા તારા ગુણોનું ગાન નહિ કરનારી જહ્‌વાનો જન્મ જ ખરેખર અસાર-તુચ્છ છે, માટે જ પૌદ્‌ગલિક નયનોએ પણ તારા મુખરૂપી ચન્દ્રમાં મૃગની સમાનતા સ્વીકારી તારા અનુપમ ગુણોનું ગાન કરવાનું સૌભાગ્ય મેળવ્યું છે. તમારું સર્વાંગસુંદર મનોહર રૂપ જોતાં શ્રી કામદેવ સંબંધી શરીરરહિતપણાની અને શ્રી વિષ્ણુના પુત્ર હોવાની પુરાણોની વાતો ખરેખર મિથ્યા જ ભાસે છે. હે વત્સ! દેવોના નયનોને પણ ચકિત કરનાર અદ્‌ભુત તારા સુંદર-રૂપ સુધાનું પાન કરી મારાં નેત્રો સફલ થયા અને સુભગ-ભાગ્યશાળી બન્યા, તારી દિવ્ય મધુરવાણીનું શ્રવણ કરીને અતિમિષ્ટતમ અમૃતસ્વાદમય સુધા પણ વિરસ લાગે છે. અને તારા વિયોગની વાર્તા પણ અમારા દિલડાને સંતાપે છે. તારા શરીરની અદ્‌ભુત પ્રભા અને કાંતિની છટા આખા ભૂમંડલના સારસર્વસ્વ અને અમૂલ્ય શોભા સ્વરૂપ છે. અને કામદેવને જિતવા પ્રબળ અમોધ સાધન સ્વરૂપ તારા શરીરની સુંદરતા અવર્ણનીય છે. લોકોત્તર રૂપ-નિધાન તારા દેહની મનોહરતા જોઇ અસંખ્યદેવોના સ્વામી ઇન્દ્રરાજ પણ લજ્જાથીજ ખરેખર જાણે તારા ચરણોમાં વારંવાર ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે. હે! ત્રિલોક પૂજ્ય! તારા ચરણરૂપ કમળોને વહન કરવાનું સુભગ સૌભાગ્ય પ્રાપ્ત કરવાથી હું માનુ છું કે પૃથ્વીરૂપ દેવીને આટલા દિવસ સુધી અનેક જાતની દુર્જનાદિને વહન કરવારૂપની વિકટ તપસ્યાનું જ સુભગ ફળ પ્રાપ્ત થયું છે. સૌભાગ્યનિધાન હે વત્સ! તારા અનુપમ રૂપ સંપદા આગલ ક્રોડો દેવેન્દ્રોની દેહપ્રભા નિર્માલ્ય જ લાગે છે, અને તારી લોકાતીત તેજસ્વિતા અને શીતળતાની ઉત્તમતા જણાવવા માટે જ વિધિએ ચન્દ્ર-સૂર્યને જ્યોતિષશાસ્ર

પ્રસિદ્ધ પરિવેષના કુંડાળાથી અંકિત કર્યો લાગે છે. તથા જગતમાં ભોગવિલાસી તરીકે પ્રસિદ્ધ ગણાતા દેવોના સૌભાગ્યની બલિહારી જોઉં છું કે તેઓ સર્વદુ:ખોને નાશ કરનાર પરમદર્શનીય તારા મુખકમળના દર્શનનો લાભ પલકારાના વ્યાઘાત વિના એકીટશે સતત લઇ શકે છે. હે પ્રાણવહાલા! તારી નિરુપમ-સુભગ-રૂપ સુધાનું પાન કર્યા પછી ઉત્કૃષ્ટ રૂપસંપદાવાળા દેવેન્દ્રને જોવા મન થતું નથી, કારણ કે તે તો તારા ચરણતળની પણ ઉપમા પામવાને લાયક નથી. મારા લાડિલા! જ્યારે તને હું નથી જોવા પામતી ત્યારે મારું ચિત્ત-કમળ વિસ્તીર્ણ નથી થતું તે કેવળ પુન:મિલાપના સુમધુર સ્વપ્નસૃષ્ટિનો જ પ્રતાપ છે."

આ પ્રમાણે માતા હરખભેર વહાલા પુત્રના ગુણગાન હુલામણા દ્વારા કરી રહે છે. તેટલામાં ધાત્રીમાતા આવી અને તેણીએ પણ પરમ સુભગ બાલુડા પ્રભુના ગુણોનું વ્હાલભર્યું ગાન કરવા માંડયું.

હવે અહીંથી પરસ્પર માતા અને ધાત્રીનો મધુર સંવાદ ચાલે છે.

ત્યાર પછી બાલપ્રભુ **શ્રી સીમંધરસ્વામિની** ધાઇ-માતા પાસે આવી પ્રભુના સુંદર મુખચન્દ્રને જોઈ કહેવા લાગી કે "અહો! શી મુખચંદ્રની પ્રભા છે! સાક્ષાત્ જળકલ્લોલપૂર્ણ પદ્મસરોવર જ હોય એમ લાગે છે. વળી જ્યારે આ પુત્ર ઝાંઝરના ઝણકાર સાથે રમઝમ કરતો ગળે બાઝી પડે છે. ત્યારે એમ જ થાય છે કે, "હે પુત્ર! તારા જેવાની માતા થવાનું સૌભાગ્ય મેળવનાર સ્ત્રી ખરેખર ધન્ય છે." તથા વધતી ચન્દ્રની કળાને જોઇને સમુદ્ર જેમ ઉછાળો મારે છે તેમ તને આવતો જોઇ ખરેખર હૃદયમાં અવર્ણનીય હર્ષની રેલમછેલ થાય છે. હે કુળદીપક! જગતમાં બધાય જાણે છે કે કોયલનું શરીર તો શ્યામ છે જ, પણ તેનો શબ્દ શ્યામલ-મોહક કેમ હોતો હશે? એટલે કે તારા શબ્દો કોકિલની જેમ વધુ શ્યામલ-મનમોહક છે. તથા દર કૃષ્ણપક્ષમાં પૂર્ણકળાએ ખીલેલા ચન્દ્રની ઉપર અંધકારની શ્યામતા ફેલાય છે. અને અમાવસ્યાએ અંધકારમાં ચન્દ્ર સાવ લુપ્ત થઇ જાય છે. તે નક્કી હું માનું છું કે તારી મુખની સાથે ઉપમાન થવાની ધૃષ્ટતા કરવાથી

તેનાં ફળસ્વરૂપેજ ખરેખર તેને સંતાકૂકડી રમવી પડે છે. વળી પરમાનંદ લબ્ધ તારા વિરહથી સંતપ્ત અમારા નયનોને પરમશાંતિ આપનાર કમલિની-પત્રની સુંદરશોભાવાલા તારા મુખની પ્રભાનું કેટલું વર્ણન કરું? હે લાડીલા પુત્ર! તારા મુખચન્દ્રને જોઇને માતા **શ્રી સત્યકિને** આનંદ સમુદ્રનો ઉછ ળો થવાથી આંખમાંથી હર્ષના આંસુ વહી નિકલે છે, માટે ખરેખર **શ્રી સત્યકી** માતાનું મુખ ચન્દ્રકાન્ત મણિનું જ બનેલું લાગે છે. કારણ કે ચંદ્રના સ્પર્શથી રસ ઝરવાનો સ્વભાવ ચંદ્રકાંત મણિમાં જ છે. હે લોકોત્તર વત્સ! આ પૃથ્વી પણ ખરેખર ધન્ય કૃતાર્થ છે. જ્યાં તારો પૂનિત જન્મ થયો છે, તારું અહીં અવતરણ જો દેવલોકથી થયું હોય, તો તે દેવલોક પણ કૃત પુણ્ય થયો છે, અને જો નાગલોક પાતાળમાંથી તારું આગમન થયું હોય તો જગતની દ્રષ્ટિએ તે સ્થાન ભલે નીચે રહેલું હોય, પણ જે સ્થાન તારાથી પાવન અલંકૃત થયેલું હોય તો તે ઊંચું થયું કેમ ન ગણાય?

**બાલ-પ્રભુ શ્રી સીમંધરસ્વામિના ગુણોનું માતા તથા સખીના સંવાદ રૂપે વર્ણન :—**

હવે લોકોત્તર પ્રભુના અદ્ભુત રૂપાદિ ગુણોને અનુલક્ષી સખી પ્રભુની માતાને ઉદ્દેશીને કહે છે કે:— હે માતાજી! આપનો આ પુત્ર તો સર્વ સુરનર સમુદાયમાં રત્ન સમાન છે. અને રૂપના વિષયમાં તો સર્વોત્કૃષ્ટ ત્રણેય ભુવનની રેખા છે તમારા પુત્રના સુભગ મુખનું દર્શન કરનાર નેત્રો ધન્ય છે! મુખની શોભા અદ્ભુત અને અવર્ણનીય છે. તમારા પુત્રના નામ માત્રથી બધા રોગ, શોક અને સંતાપો દૂર થાય છે. લોકો કહે છે કે જેણે તમારા પુત્રના સર્વશ્રેષ્ઠ મુખની શોભા નથી જોઇ તેને ખરેખર વિધાતાએ આંખો તો આપી છે, પણ તેને ઠગ્યો છે માટે હવે તો પ્રાણપ્રિય પુત્રના મુખને જોઇ-જોઇને હું મારા નેત્રોને સફળ કરું હે પુણ્યશાલિની માતાજી! તમારે નેત્રો બે છે અને તેને આહ્લાદ કરવા માટે આજ સુધીતો એક ચંદ્ર જ હતો. તેથી બે બાળકો વચ્ચે એકજ રમકડાની જેમ તમારા નયનોને હંમેશા અસંતોષ રહેતો, પણ હવે તો બન્ને નયનોને આનંદ કરવાના સાધનરૂપ એક જગપ્રસિદ્ધ ચન્દ્ર અને બીજો આ તમારા પુત્રનો મુખચન્દ્ર થવાથી અને આંજ સુધીના અસંતોષને ટાળનાર હોવાથી જ ખરેખર પેલા

ચન્દ્ર કરતાં પણ આ તમારા પુત્રના મુખચન્દ્ર તમને વધારે ગમે છે, હે માતાજી? આ બાળ પ્રભુને કામદેવની સમાન કેમ કહેવાય? કારણ કે પ્રભુ તો જળ લહરીની જેમ અતિશીતલ આનંદદાયી છે. અને કામદેવ તો જ્યાં ઉત્પન્ન થઇને રહે છે. તે સ્થાનને અગ્નિની જેમ સંતાપે છે. અને નષ્ટ કરે છે. કામદેવનું રતિપતિ એવું નામ તો કેવલ કહેવા પુરતું જ છે. બાકી તો તે આખા જગતને મહાન અરતિ ઉત્પન્ન કરી ધર્મના નામે લોકોને ધુતનાર દુર્જનની જેમ સારૂ નામ રાખી જગતને પોતાની જાળમાં ફસાવવાની જ પોતાની ચિત્તાવૃતિ પ્રકટ કરે છે. અથવા તો શંકરે જયારથી (પાર્વતી પરિણય પ્રસંગે) પોતાના ત્રિજા નેત્રથી તેને બાળી નાંખ્યો છે ત્યારથી જ ખરેખર તેનો સ્વભાવે અગ્નિની જેમ સંતાપ કરવાનો થયો લાગે છે, માટે જ કામદેવ અને તમારા પુત્રની સમાનતા કરવી એજ ખરેખર મૂર્ખતા છે. વળી તમારા પુત્રના તો સ્મરણ માત્રથી રોગો નાશ થાય છે. જ્યારે આ દુષ્ટ કામના સ્મરણ માત્રથી ક્ષય આદિ ભયંકર રોગો અને અશુભ કર્મોનો તીવ્ર બંધ થાય છે. કામદેવની જન્મસિદ્ધ દુષ્ટતાનું વધારે શું વર્ણન કરવું! કારણ કે જગતના પ્રાણિઓના જાગતા પુણ્ય પ્રભાવે જ ખરેખર વિધાતા ને સદ્બુદ્ધિ જાગી લાગે છે કે કામને ફૂલનાં બાણ આપ્યા છે જો લોહમય હથિયાર ભૂલથી પણ આપ્યા હોત, તો, જગતમાં ક્ષણવારમાં જ પ્રલય ઉભો કરી મૂકયો હોત, અને વિધાતાએ તેને અનંગ–શરીર રહિત બનાવ્યો છે તે પણ સારું થયું નહિં તો ભલભલાઓની પ્રતિષ્ઠાને ક્ષણભરમાં મિટાવી દેત. આવા જગસંતાપી દુષ્ટ કામની સાથે આપના પરમાનંદ દાયી સુભગ બાળની ઉપમા કોઇપણ હિસાબે સંગત ન લેખાય.

વળી હે માતાજી! તમારા લાડીલા પુત્રને આવતો દેખી કોને હરખ ન થાય? કયો નિર્ભાગ્યશેખર હોય કે લક્ષ્મીને આવતી દેખી બારણા બંધ કરે! આ બાળપ્રભુના ૧૦૦૮ લક્ષણો યુકત શરીરની શોભા સહસ્રલોચન–ઇન્દ્ર વિના બીજો કોણ જોવા સમર્થ છે, અને તેની મધુર કાકલી ભાષાની સુરમ્યતાનું વર્ણન સહસ્રમુખ–શેષનાગ વિના કોણ કરી શકે તેમ છે? તમારા પુત્રને ચન્દ્રસમ આહ્લાદદાયી પણ ન કહી શકાય, કારણ કે તમારા પુત્રમાં કોઇપણ જાતનું કલંક નથી, અને ચન્દ્રને તો ઉદય વખતની વધુ

પડતી લાલ શથી–વિરહી–વધૂઓના રક્તનું અગર મદિરાનું પાન કર્યું હોય તેવો ભાસ થાય છે માટે તે સકલંકી છે. તમારા બાળ–પ્રભુના મુકુટમણિઓની કાંતિ અતિસુંદર શોભે છે, અને છાતી પર રહેલ સુંદર મોતિનો હાર બે પ્રવાહમાં વિભક્ત થએલ ગંગાના શુદ્ધ પ્રવાહની જેમ શોભે છે! તથા સ્નાન કરાવતી વેળાશ્રી બાળપ્રભુના મુખ પર આવતા ઘનશ્યામ કેશો એવા સુંદર શોભે છે કે જે જોઇ વાદળમાં છૂપાતા ચંદ્રની શોભા યાદ આવી જાય છે.

આ રીતે વિવિધ ગુણોનું વર્ણન કરી સખી ફરીથી વિશિષ્ટરૂપે શરીર સંબંધી સુંદરતાને વર્ણવતી કહે છે કે, હે **રત્નકુક્ષિધારિણી માતાજી!** જે પ્રભુની સુંદરતા બાલ્યાવસ્થામાં પણ અનુપમ–મનોહર છે, તો યૌવનદશામાં પ્રભુની સુંદરતાને કોણ વર્ણવી શકશે! હે સીમંધર પ્રભો! તમે ત્રણે લોકમાં શ્રેષ્ઠ છો અને નયનામૃતદ્વારા દુઃખિઓના દુઃખને શાંત કરનારા છો. જગવત્સલ! તમારા પુત્રના અદ્દ્ભુત મુખની પ્રભાથી જિતાએલા કમળો ખરેખર ક્રોધથી સરોવરમાં પેસી અથાગ પાણીમાં રહી અપ્રતિમ નવીન સૌંદર્ય મેળવવા જ ઉત્કૃષ્ટ તપ કરતા લાગે છે. વળી તમારા પુત્રના ત્રિજગવ્યાપી અખંડ અને દેદીપ્યમાન પ્રતાપથી જિતાએલો સૂર્ય અને નિર્મલ ઉજ્જવલતમ કીર્તિથી જિતાએલો ચંદ્ર સંધ્યાસમયે લજ્જાથી જ જાણે પોતાના તેજને સંહરીને કમળોના સંતાપને હરનારા થયા છે, અથવા તો અમાવાસ્યા દિને ભેગા થતા ચંદ્ર અને સૂર્ય તારા પ્રતાપ અને કીર્તિથી હતપ્રભ થએલા હોવાથી જાણે બન્ને મસલત કરતા લાગે છે.

વળી તમારા જગતારણ પુત્રની સુભગ લક્ષણયુક્ત મંદગતિથી જિતાએલો ગજરાજ સુગંધી દાન–મદ–જળની સુવાસથી ભમરાઓની ચિત્તવૃત્તિને સંતોષવાનું પુણ્યકામ કરી રહેલો છે, કારણ કે **સુંદર વસ્તુની પ્રાપ્તિ માટે દાન–પુણ્ય કરવાનું શાસ્ત્રનું ફરમાન છે.**

વળી **હે લોકોત્તર સૌભાગ્યવંતી માતાજી!** તમારા પુત્રના મુખના પ્રતિસ્પર્ધી કમળની સાથે ભમરાએ ભાઇબંધી રાખી અને રસાસ્વાદની લાલસાએ સેવા કરી તો કમળ બિડાઇ જવાના પ્રસંગે ગૂંગળાઇને મરી જવાનો પ્રસંગ તેને આવ્યો. **ખરેખર જગતમાં બીજાના દ્રોહના કાર્યમાં**

સહકાર આપનારાઓ દુઃખી જ થાય છે. તથા સરોવરના મંદ શીતળ સુગંધી પવનના ઝંકોરાથી ડોલતા કમળો જાણે તારા બાળ–પુત્રના મુખની સાથે જળતપસ્યા કરવાના પ્રતાપે ઉપમાન થવાના મળેલા સૌભાગ્યથી આનંદિત થયા લાગે છે. હે પુણ્યનિધિ માતાજી! મોર ચિત્રવિચિત્ર પીછાંઓ ફેલાવી કલા કરી નાચે છે તે ખરેખર તમારા પુત્રના ઘનશ્યામ સુંદર કેશો સાથે પોતાના પીંછાની ઉપમા મળવાથી આનંદિત થયો લાગે છે. વળી તમારા પુત્રની સુંદર કુટિલ ભ્રૂ-રચનામાં કામદેવે ઉદારતાની સોંઘી કીર્તિ મેળવવાની આશાએ વિધિને પોતાનું ધનુષ્ય આપ્યું, પણ વાસ્તવિક રીતે કામદેવ ઠગાણો જ છે, કારણ કે તેને ખબર રહી નથી લાગતી કે આ પ્રભુ તો મને જીતનાર થવાના છે અને હું તો નિઃશસ્ત્ર થઈ ગયો છું, અથવા તો "તેરા જૂતા તેરે હી શિર પર" ની કહેવત પ્રમાણે મારાંજ સાધનોથી તૈયાર થયેલ આ પ્રભુ મને જ ભાવિમાં હરાવશે એવો ખ્યાલ સુદ્ધાં પોતાનું ધનુષ્ય આપતાં કામદેવને રહ્યો લાગતો નથી, માટે જ તે ખરેખર છેતરાણો છે. હે જગદ્વંદ્ય માતાજી! તમારા પુત્રના અતિશય-સંપન્ન ગુણોનું તો કેટલું વર્ણન કરું? જગત્‌ના સર્વશ્રેષ્ઠ ગણાતા પદાર્થો-માંથી એક પણ પ્રભુની તુલનામાં આવી શકે તેમ નથી, કારણ કે ચંદ્રમાં લાંછન, સૂર્યમાં પ્રચંડતા, સમુદ્રમાં ખારાશ, મેરુપર્વતમાં દુરધિગમતા, ચિંતામણિ–કામધેનુ–કામકુંભ-કલ્પવૃક્ષમાં દુર્લભતા અને યાચન–સંકલ્પસા-પેક્ષતા, હાથીમાંથી ઉન્માદ અને સિંહમાં ક્રૂરતા આદિ કલંક રહેલા છે, અને આપનો પુત્ર તો નિષ્કલંક છે.

આ રીતે માતા અને સખીએ પ્રેમપૂર્વક પ્રભુના ગુણ–ગણો ગાયા, આવા પ્રભુના ગુણગાનથી માનસિક સહુ ઉપાધિઓ દૂર ટળે છે અને દિનપ્રતિદિન તેજ–પ્રતાપ સવાયો વધે છે.

**શ્રી સીમંધર પ્રભુને વિવાહ સંબંધી માતાની પ્રાર્થના**

**શ્રી સીમંધર પ્રભુ** બીજના ચંદ્રની ચઢતી કલાની જેમ ગુણોની સાથે પિતાના આનંદને વધારતા વધવા લાગ્યા અને આ રીતે ક્રમે ક્રમે યુવાવસ્થામાં પનોતા પગલાં મૂકતા પ્રભુને હરખભેર **શ્રી સત્યકીમાતા** વિનવવા લાગી કે—

"હે વત્સ! જગત્‌ની સર્વશ્રેષ્ઠ કળાઓએ ખરેખર તારામાં જ આવીને વાસ કરેલ છે તે જાણે-'જગતમાં યોગ્ય સ્થાનને માટે તપાસ કરતાં કરતાં છેવટે થાકીને તારા જેવું સુયોગ્ય ઉત્તમોત્તમ અન્ય પાત્ર ન મળવાથી સંતોષપૂર્વક તારો જ આશ્રય લીધો લાગે છે.' તારા ઉત્તમ અતિશય-સંપન્ન ગુણો જોઈને બધાય આનંદમાં ગરકાવ થઈ જાય છે, અને ગુણ-ગાન-દ્વારા પ્રેમસમુદ્રમાં નિમગ્ન થઈ જાય છે, પણ હે લાડીલા બેટા! જેની સંપદા જગતના ઉપયોગમાં ન આવે તો તે વિપુલ-પ્રમાણવાળી છતાં સમુદ્રની જલ-સંપદાની જેમ શા કામની? તારા રૂપાદિક ગુણોની વિપુલ સંપદા લગ્ન-પાણિગ્રહણાદિ-દ્વારા જગતની જાણમાં ન આવે તો જગતના લોકો તેને પ્રશસ્ય કેમ કહેશે? બીજી વાત, તારી ઇચ્છા ન પણ હોય, છતાં માતાના વિચારો તે સર્વશ્રેષ્ઠ ગણાય છે, બધાય દર્શનો (ધર્મો) માં અનેક મતભેદો જણાય છે, પણ માતાના વિચારોમાં કોઈ વ્યાક્ષેપ કરે તેમ નથી. વળી તારા પરણવાથી મારા ચિત્તને અપુર્વ શાંતિ-આનંદ મળશે, માટે મારી આ પ્રાર્થનાનો તારે ભંગ કરવો ઉચિત નથી."

**શ્રી સીમંધર પ્રભુનો વિવાહ-દીક્ષા અને કેવલજ્ઞાન**

પ્રભુએ ભોગાવલી-કર્મના અવશ્ય-ભોગ્ય વિપાકને જ્ઞાન-બળે જાણી માતાની વાત્સલ્ય-પુર્ણ ભાવ-ભરી વિનવણી માન્ય રાખી, અને શરીર-શોભાથી ઇંદ્રાણીને પણ વિરૂપ કરનારી રૂપ-સુભગ રુક્મિણી રાણી સાથે મહોત્સવની ઉજવણીપુર્વક પાણિગ્રહણ કર્યું, પણ અનેક ભવની ઉત્કૃષ્ટતમ આરાધનાના ફલરૂપે સંપાદિત કરેલ **જ્ઞાનગર્ભ-વૈરાગ્યના** બળે પ્રભુજીના ભાવનાના ક્ષેત્રમાં તો વૈરાગ્યની ઉત્કૃષ્ટ માત્રા વર્ત્તતી હતી, વિષય-વિકારનો લેશ માત્ર ત્યાં પ્રચાર ન હતો. યોગ્ય સમયે [1]લોકાંતિક-દેવો આવી સુમધુર વાણીથી વિનવવા

---

૧ આ દેવોની માહિતી માટે પૂર્વધર **શ્રી ઉમાસ્વાતિવાચકવિ-રચિત શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર** અધ્યાય ૪, સૂત્ર ૨૬ ની **શ્રી સિદ્ધસેનગણિ** વિરચિત સંસ્કૃત મોટી ટીકા અને **શ્રી અભિધાનરાજેન્દ્રકોશ** ભા. ૬ (પા. ७૧૨-७૧૩) માં લોગંતિય શબ્દ જૂઓ.

લાગ્યા કે-"**હે જગત્પાવન! સ્વયંસંબુદ્ધ! અરિહંત પ્રભુ! સર્વ જગતને હિતકર તીર્થના પ્રવૃત્તિ કરો**" પ્રભુએ પણ દીક્ષા-યોગ્ય કાળને જાણી [1]**સાંવત્સરિકદાનની** વિધિપૂર્વક **શ્રી મુનિસુવ્રતસ્વામિ-અને શ્રી નમિનાથપ્રભુના** અંતરાલ કાળે ત્યાંશિલાખ [2]પૂર્વપ્રમાણ ગૃહવાસ-પર્યાય પૂર્ણ કરી સંયમ ગ્રહણ કર્યું, એટલે તરત પ્રભુને [3]**મનઃપર્યવજ્ઞાન** ઉત્પન્ન થયું, અને ઈંદ્રાદિક દેવોએ પરમાનંદોલ્લાસપૂર્વક મહોત્સવ ઉજવ્યો.

બાદ પ્રભુને વિશુદ્ધ અધ્યવસાયોની નિર્મળતારૂપ શુક્લ[4]-ધ્યાનના બળે ઘનઘાતી ચારે કર્મો ક્ષીણ થવાથી [5]**કેવલજ્ઞાન** ઉત્પન્ન થયું અને આખા જગત્માં પ્રકાશ થયો અને ઇંદ્રાદિક દેવોને જાણે આ સમાચાર કહેવા જ પ્રભુની કીર્તિરૂપી દૂતી સુરલોકમાં ગઈ.

---

૧ આના માટે **શ્રી આચારાંગસૂત્ર** શ્રુતસ્કંધ ૨ ચૂલિકા ૩ **શ્રી ભાવનાધ્યયનનું** સૂ ૧૯૭ જૂઓ.

**૨ પૂર્વ એટલે ૮૪ લાખને ૮૪ લાખથી ગુણતાં જે રકમ આવે તે.** અર્થાત્ ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષોનું એક પુર્વ થાય. આ સંખ્યા **જૈન ગણિત શાસ્ત્રમાં** સુપ્રસિદ્ધ છે. વધુ માહિતી માટે જુઓ **શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર** વક્ષસ્કાર ૨ ના આદિભાગ (સૂ. ૧) માં આવતુ **શ્રી ભરતક્ષેત્ર** સંબંધી કાલનું સ્વરૂપ.

**૩ અઢી દ્વીપના સમસ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત-ભાવોને જાણવાની શકિત.** આનું વિસ્તૃત વર્ણન **શ્રી મલયગિરીય વૃત્તિયુત શ્રી નંદિસૂત્રનું** ૧૭-૧૮ મુ સૂત્ર તથા **શ્રી દેવેન્દ્રસૂરિકૃત નવ્ય પ્રથમ કર્મગ્રંથ** ગા. ૮ ની સંસ્કૃત સ્વોપજ્ઞવૃત્તિમાં જુઓ.

**૪ આત્માદિ દ્રવ્યોનું પૃથક્ત્વ-વિતર્કાદિ ભેદોથી સૂક્ષ્મચિંતન કરવું તે.** આની વધુ માહિતી માટે જુઓ **કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીરચિત યોગશાસ્ત્રનો** પ્રકાશ ૧૧ મો, તથા **શ્રી રત્નશેખરસૂરિજીરચિત શ્રી ગુણસ્થાનકમારોહ** ગા. ૬૦ થી ૬૫, ૭૫ થી ૭૯, ૯૬ થી ૧૦૦ તથા ૧૦૫-૧૦૬.

**૫. જગતના તમામ પદાર્થોનું સંપૂર્ણપણે જ્ઞાન થવું તે.** આની વધુ માહિતી **શ્રી નંદીસૂત્રના** ૧૯ થી ૨૩ સૂત્રો તથા **શ્રી દેવેન્દ્રસૂરિરચિત નવ્ય પ્રથમ કર્મગ્રંથની** ગા. ૮ ની સ્વોપજ્ઞ વૃત્તિમાં જુઓ.

**શ્રી સીમંધર પ્રભુનો કેવલજ્ઞાન મહોત્સવ**

આજ સમયે **ઇશાન** નામના બીજા દેવલોકના અઠ્ઠાવીશ લાખ વિમાનોના અધિપતિ શૂલપાણિ **શ્રી ઇશાનેંદ્ર** પોતાના અચળ સિંહાસનને પણ ચળવિચળ થતું જોઈ વીર-માની અભિમાનપૂર્વક ચિંતવવા લાગ્યો કે-ક્રોડોની સંખ્યામાં ભેગા થયેલા દેવોના સર્વ પ્રયત્નથી પણ ન હાલી શકે તેવું મેરુપર્વતની જેમ સ્થિર-દઢ મારું આસન શા કારણે હાલ્યું હશે ? શું કારણ હશે ? વગેરે વિચાર કરતાં અવધિજ્ઞાનના બળે વિહરમાણ પ્રભુ **શ્રી સીમંધરસ્વામિના** કેવલજ્ઞાનના પ્રસંગને જાણી દેવરાજ **ઇશાનેંદ્ર** ચાતક જેમ શ્યામમેઘની ઘટનાને અને ગજરાજ જેમ પોતાની જન્મભૂમિ વિંધ્યાચળની ભૂમિને નિરંતર ચાહે તેમ **શ્રી સીમંધર પ્રભુના** ધ્યાનમાં તલ્લીન થયો. તે સમયે જ્ઞાનબળે થયેલા પ્રભુ દર્શનથી થયેલા ઇંદ્રના આનંદરસને જ્ઞાની વિના કોણ વર્ણવી શકે ? અત્યંત પ્રમોદરસથી ભરપૂર બનેલ **ઇશાનેંદ્ર શ્રી પુષ્કલાવતી વિજયની** સુભગ પુણ્યશાલિતાનું નિરંતર અનુમોદન કરતો [1]પાંચ અભિગમ સાચવી એગસાટી (અખંડ) ઉત્તરાસંગ કરી, ભક્તિ-ભાવપૂર્વક સાત આઠ પગલાં પ્રભુ તરફ સામે જઈ વિનયપૂર્વક **શક્રસ્તવ ([2]નમુત્થુણં સૂત્ર)** થી સ્તુતિ કરી અને ઘંટાનાદથી બધા દેવદેવીઓને ભેગા કરી અસંખ્યા પરિવારની સાથે પ્રભુનો કેવલજ્ઞાન-

---

૧. પ્રભુને વંદન કરવા માટે ઉપયોગી પાંચ અભિગમની માહિતી **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીરચિત શ્રી ચૈત્યવંદનભાષ્યની** ગા. ૨૦-૨૧માં જૂઓ.

૨. આ સૂત્ર પુર્વધર શ્રુતકેવલી સ્થવિર **શ્રી ભદ્રબાહુસ્વામિરચિત શ્રી પર્યુષણાકલ્પાપરાખ્ય શ્રી કલ્પસૂત્ર** (વ્યાખ્યાન ૧) સૂ. ૧૬ માં છે.

મહોત્સવ ઉજવવા પ્રભુની સેવામાં હાજર થયો*.

---

* અહીં શાસ્ત્રકાર વિહરમાણ વિભુ **શ્રી સીમંધરસ્વામિના કેવલજ્ઞાન** મહોત્સવને ઉજવવા **ઇશાનેંદ્ર**ની આગેવાની સૂચવે છે. આ વાત જરા નવીન જેવી જણાય છે, પણ શાસ્ત્રોમાં આવતા અન્ય ઉલ્લેખોને યોગ્ય રીતિએ વિચારતાં તે તે ક્ષેત્ર સંબંધી શાસ્ત્રકારોએ નિયત કરેલી વ્યવસ્થાનું આપણને ભાન કરાવે છે.

બાર દેવલોકમાં પહેલા બીજા દેવલોક પાસે પાસે છે અને પુર્વધર શ્રુતકેવલી **શ્રી ભદ્રબાહુસ્વામિજીચરિત શ્રી પર્યુષણાકલ્પાપરાખ્ય શ્રી કલ્પસૂત્ર** (પ્રથમ વ્યાખ્યાન) સૂ. ૧૨ માં આવતા **સૌધર્મેંદ્ર**ના ૨૪ વિશેષણોમાંના ૧૦ માં "**દાહિણડ્ઢલોગાહિવઇ**" વિશેષણ ઉપરથી **મેરુપર્વતથી** દક્ષિણ દિશાના સર્વ વિભાગની માલિકી **સૌધર્મેંદ્ર**ની સાબિત થાય છે અને પરિશેષન્યાયથી **મેરુપર્વતથી** ઉત્તર બાજુના વિભાગની માલિકી ઇશાનેંદ્રની સિદ્ધ થાય છે.

આજ વાત **શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિઉપાંગ વક્ષસ્કાર** ૪ માં આવેલ **આભિયોગિકશ્રેણિ** બાબતના નીચેના પાઠ ઉપરથી પણ ધ્વનિત થાય છે.

"**આભિઓગસેઢીઓ ઉત્તરીલ્લાઓ સેઢીઓ સીઆય ઇસાણસ્સ, સેસાઉ સક્કસ્સ.**"

ભાવાર્થ—**સીતા નદીની** ઉત્તર બાજુ આવેલા **વૈતાઢ્ય** પર્વતો ઉપરથી **આભિયોગિકશ્રેણિઓનું** સ્વામિત્વ **ઇશાનેંદ્રનું** છે અને બાકીના (**સીતા નદીની** દક્ષિણ બાજુ આવેલા) **વૈતાઢ્ય** પર્વતો ઉપરની **આભિયોગિક શ્રેણિઓનું** સ્વામિત્વ **સૌધર્મેંદ્રનું** છે.

આ ઉપરથી પણ **સીતા નદીથી** ઉત્તર દિશાના વિભાગની માલિકી ઇશાનેંદ્ર ને ફાળે જાય છે.

**શ્રી સીમંધર પ્રભુ સીતા નદીથી** ઉત્તર બાજુ આવેલ **શ્રી પુષ્કલાવતી વિજય**માં હોવાથી **શ્રી ભરતક્ષેત્ર**ના દરેક તીર્થંકરોના કલ્યાણકાદિ પ્રસંગે **શ્રી સૌધર્મેન્દ્ર**ની જેમ **શ્રી ઇશાનેંદ્ર શ્રી સીમંધરસ્વામિના કેવલજ્ઞાન** મહોત્સવની ઉજવણીમાં આગેવાની ભર્યો ભાગ લેવા ઉપસ્થિત થાય તો તેમાં કંઇ અનૌચિત્ય કે અસંગતિ જણાતી નથી.

હવે શાસ્ત્રકાર શ્રી સીમંધરપ્રભુના કેવલજ્ઞાન મહોત્સવને ઉજવવા ભેગા થયેલા બીજા ત્રેસઠ ઇન્દ્રોના નામો
[1]૬૩ ઇન્દ્રોના નામો ગણાવે છે.

## બાર દેવલોકના વૈમાનિક [2]નવ ઇન્દ્રો

| | |
|---|---|
| ૧ શ્રી સૌધર્મેન્દ્ર | ૬ શ્રી શુક્રેન્દ્ર |
| ૨ ,, સનત્કુમારેન્દ્ર | ૭ ,, સહસ્રારેન્દ્ર |
| ૩ ,, માહેંદ્રેન્દ્ર | ૮ ,, પ્રાણતેન્દ્ર[3] |
| ૪ ,, બ્રહ્મલોકેન્દ્ર | ૯ ,, અચ્યુતેન્દ્ર[4] |
| ૫ ,, લાંતકેન્દ્ર | |

## દશ ભુવનપતિના વીશ શ્રી ઇન્દ્રો

| | |
|---|---|
| ૧ શ્રી ચમરેન્દ્ર | ૭ શ્રી હરિકાંતેન્દ્ર |
| ૨ ,, બલીન્દ્ર | ૮ ,, હરિષેહેન્દ્ર |
| ૩ ,, ધરણેન્દ્ર | ૯ ,, અગ્નિસીંહેન્દ્ર |
| ૪ ,, ભૂતાનંદેન્દ્ર | ૧૦ ,, અગ્નિમાણવેન્દ્ર |
| ૫ ,, વેણુદેવેન્દ્ર | ૧૧ ,, પૂર્ણેન્દ્ર |
| ૬ ,, વેણુદાલીન્દ્ર | ૧૨ ,, વશિષ્ઠેન્દ્ર |

---

૧ ઇન્દ્ર સંબંધી વધુ વિગત માટે જુઓ શ્રી સમવાયાંગસૂત્રમાં આવતો ૩૨ની સંખ્યાનો અધિકાર અને શ્રી દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક નામનો દશ પયન્ના પૈકી નવમો પયન્નો. તથા શ્રી અભિધાનરાજેન્દ્રકોશ ભા. ૪માં તિત્થયર શબ્દના વર્ણનમાં પા. ૨૨૬૦ ની “ ભવણિંદુ વીશ. ” ગાથા જૂઓ.

૨ જો કે વૈમાનિકના ઇન્દ્રો દશ છે, પણ ઇશાનેંદ્ર આગેવાન તરીકે પહેલાં આવી ગયેલ છે, એટલે તેના વિના અહીં નવ ગણ્યા છે.

૩ આ ઇન્દ્ર નવમાં શ્રી આનત દેવલોક અને દશમાં શ્રી પ્રાણત દેવલોક બન્નેનો સ્વામિ છે.

૪ આ ઇન્દ્ર અગિયારમા શ્રી આરણ દેવલોક અને બારમા શ્રીઅચ્યુત દેવલોક બન્નેનો સ્વામી છે. આ શ્રીઅચ્યુતેંદ્ર ૬૩ ઇન્દ્રોનો અગેસર, માનનીય અને વડો નાયક છે, તેમની આજ્ઞા પ્રમાણે જ બધા ઇન્દ્રોને વર્તવાનો કલ્પ છે.

૧૩ શ્રી જલકાંતેન્દ્ર
૧૪ ,, જલપ્રભેન્દ્ર
૧૫ ,, અમિતગતીન્દ્ર
૧૬ ,, મિતવાહનેન્દ્ર
૧૭ શ્રી વેલંબેન્દ્ર
૧૮ ,, પ્રભંજનેન્દ્ર
૧૯ ,, ઘોષેન્દ્ર
૨૦ ,, મહાઘોષેન્દ્ર

આ વીશ ઇન્દ્રો પાતાલમાં રહેતા હોવાથી જગતની દૃષ્ટિએ નીચા ગણાતા છતાં તેઓ પ્રભુને વંદન કરવા આવેલ છે; તો તેઓ સુભગ ભાગ્યશાલી હોઇ ઉચ્ચ કેમ ન ગણાય?

## આઠ વ્યંતરના સોળ ઇન્દ્રો

૧ શ્રી કાલેન્દ્ર
૨ ,, મહાકાલેન્દ્ર
૩ ,, સુરૂપેન્દ્ર
૪ ,, પ્રતિરૂપેન્દ્ર
૫ ,, પુર્ણભદ્રેન્દ્ર
૬ ,, માણિભદ્રેન્દ્ર
૭ ,, ભીમેન્દ્ર
૮ ,, મહાભીમેન્દ્ર
૯ શ્રી કિંનરેન્દ્ર
૧૦ ,, કિંપુરૂષેન્દ્ર
૧૧ ,, સત્પુરૂષેન્દ્ર
૧૨ ,, મહાપુરૂષેન્દ્ર
૧૩ ,, અતિકાયેન્દ્ર
૧૪ ,, મહાકાયેન્દ્ર
૧૫ ,, ગીતરતીન્દ્ર
૧૬ ,, ગીતજસેન્દ્ર

## આઠ વાણુવ્યંતરના સોળ ઇન્દ્રો

૧ શ્રી સંનિહિતેન્દ્ર
૨ ,, સામાણિ ઈન્દ્ર
૩ ,, ધાતા ,,
૪ ,, વિધાતા ,,
૫ ,, ઋષિ ,,
૬ ,, ઋષિપાલેન્દ્ર
૭ ,, ઇશ્વરેન્દ્ર
૮ શ્રી મહેશ્વરેન્દ્ર
૯ ,, સુવત્સેન્દ્ર
૧૦ ,, વિશાલેન્દ્ર
૧૧ ,, હાસ્યેન્દ્ર
૧૨ ,, હાસ્યરતીન્દ્ર
૧૩ ,, શ્વેતેન્દ્ર
૧૪ ,, મહાશ્વેતેન્દ્ર

૧૫ પચ(વ) [1]        ૧૬ પચ(વ)કપતીન્દ્ર[2]

## જ્યોતિષી દેવોના બે ઇન્દ્રો

૧ સૂર્ય        ૨ ચન્દ્ર

જો કે જ્યોતિષ્યિનિકાયના અસંખ્ય ઇન્દ્રો (સૂર્ય અને ચંદ્ર) પ્રભુના કલ્યાણકમહોત્સવમાં આવે છે, પણ અહીં જાતિની અપેક્ષાએ બે જ ગણ્યા છે. આ માટે જૂઓ શ્રી સમવાયાંગ સૂત્ર ( સૂ. નં. ૭૨ ની શ્રી અભયદેવ-વૃત્તિ પા. ૫૮)નો નીચેનો પાઠ:—

" ××× અસંખ્યાતાનામપિ ચંદ્રસૂર્યાણાં જાતિગ્રહણેન દ્વયોરેવ વિવક્ષિતત્વાદ્ " ×××. "

| | | | |
|---|---|---|---|
| વૈમાનિક | નિકાયના | ૯ | ઇન્દ્રો |
| ભવનપતિ | ,, ના | ૨૦ | ,, |
| વ્યંતર-વાણવ્યંતર ,, | ના | ૩૨ | ,, |
| જ્યોતિષ્ય | ,, ના | ૨ | ,, |

ગણતાં કુલ ત્રેસઠ ઇન્દ્રો થયા.

---

૧–૨ આ બન્ને નામ મૂલમાં શાસ્ત્રકારે પ્રયોજ્યા છે, તેવાજ અહીં લીધા છે, પણ શ્રી બૃહત્સંગ્રહણી ગા. ૪૨ તથા શ્રી દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક ગા. ૭૨ અને તેની આગમદિવાકર આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગતા-ચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦કૃત સંસ્કૃત છાયાના આધારે પંદરમા અને સોળમા વાણવ્યંતરેન્દ્રનું પતંગ-પતંગપતિ નામ જણાય છે, પણ કલિકાલસર્વજ્ઞાચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ૦ રચિત શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષચરિત પર્વ ૧, ૨ શ્લો, ૪૭૩માં પવક પવકપતિ નામ સૂચવાયેલાં છે, મૂલમાં યોજાયેલા પચક-પચકપતિ શબ્દો ત્રિશષ્ઠિ શ. પુ. ચ૦ ના ઉલ્લેખની સાથે વધુ સંગત થઇ શકે છે, કારણ કે પ્રાચીન હસ્તલિખિત શાસ્ત્રોની લિપિના અભ્યાસકોના મત મુજબ વ અને ચમાં વધુ સામ્ય હોવાથી લેખકદોષથી મૂલ પ્રતમાં 'વ' ને બદલે 'ચ' લખાઇ ગયાની સંભાવના છે.

**૧સમવરણ અને તેની મહત્તા**

આ રીતે ભેગા થયેલા ચોસઠ ઇન્દ્રોએ ભક્તિભાવ અને આનંદપૂર્વક પ્રભુને નમસ્કાર કરી, શોના ચંદી અને રત્નાદિથી જડેલાં ત્રણ ગઢ દેવચ્છંદક, સુંદર પગથિયાં આદિની શોભાવાળું [2]યોજનપ્રમાણ [3]**સમવસરણ** તથા **અશોકવૃક્ષ** આદિ આઠ **મહાપ્રતિહાર્યો**ની વિભૂતિ રચી પ્રભુના અનુપમ લોકોત્તર તીર્થંકરનાકર્મના પુનિત પ્રભાવને જગમાં વિસ્તાર્યો, બાદ પ્રભુજીએ **શ્રી સમવરણ**માં પૂર્વદ્વારથી પ્રવેશ કરી ચૈત્ય ( અશોક )વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દીધી અને તીર્થની મહત્તા સૂચવવા "**નમો તિત્થસ્સ**" પદ

---

૧ અહીંથી ખંડની સમાપ્તિ સુધીનો અધિકાર વિષયાનુસંધાનની સરલતા માટે **રાસકારે** યોજેલ ગાથાના ક્રમનો ભંગ કરી આલેખવામાં આવેલ છે, કારણ કે **રાસકારે** જણાવેલો ઢા. ૧૪ ની ગા. ૨ થી ઢાલ ૧૫ મી સુધીનો અધિકાર **શ્રી આવશ્યકનિર્યુક્ત** (ગા. ૫૪૩ થી ૫૯૦ સુધીમાં વર્ણિત **સમવસરણ** દ્વાર)માં જણાવેલ વર્ણનની સાથે ક્રમની દ્રષ્ટિએ સંગત થતો નથી.

૨ **યોજન એટલે ચાર ગાઉ જૈન ભૂમિતિશાસ્ત્રનો** આ પારિભાષિક શબ્દ છે,

આની વધુ માહિતી માટે જૂઓ **શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર વક્ષસ્કાર બીજો** સૂ ૧ માં આવતું **જૈન ભૂમિતિશાસ્ત્ર**નું પારિતોષિક કોષ્ટક, તથા **શ્રી બૃહત્સંગ્રહણી** ગા. ૨૭૯ થી ૩૯૩માં આવતી **જૈન ભૂમીતિશાસ્ત્ર**ની કેટલીક પારિભાષિક સંજ્ઞાઓ.

૩ **શ્રી સમવસરણ** એટલે પ્રભુની ધર્મદેશના માટેનું અલૌકિક ભવ્ય રચનાત્મક વ્યાસપીઠ.

આની વિસ્તૃત માહિતી માટે **શ્રી સમવસરણ કુલક, શ્રી સમવસરણસ્તવ** આદિ પ્રકરણ ગ્રંથો તથા **શ્રી આવશ્યનિકર્યુક્તિનું** (ગા. ૫૪૩ થી ૫૯૦ સુધીનું) **સમવસરણદ્વાર**, અને **શ્રી અભિધાનરાજેન્દ્રકોશ ભા.** ૪માં **તિત્થયર** શબ્દ જૂઓ.

દ્વારા તીર્થને નમસ્કાર કરી સ્વર્ણસિંહાસન પર વિરાજમાન થયા તે સમયે દેવોએ પ્રભુના અત્યદ્ભુત તેજસ્વી રૂપને ચક્ષુર્ગ્રાહ્ય મધુર **તીર્થંકર પ્રભુના** કરવાના હેતુથી પ્રભુના મસ્તકની પાછળ બાર સૂર્યના **અદ્ભુત રૂપનું** તેજના સમૂહવાળું વિશિષ્ટ–સૌમ્ય–કાંતિ–યુક્ત ભામંડલ ગોઠવ્યું, કારણ કે જગતમાં સામાન્ય રીતે સામાન્ય લોકો કરતાં **માંડલિક રાજાનું** રૂપ સુંદર હોય છે, તેનાથી અનંતગણું **વાસુદેવનું**, તેનાથી અનંતગણું **ચક્રવર્તિનું** તેનાથી અનંતગણું સુંદરતાવાળું **સામાન્ય દેવ** (વ્યંતર)નું રૂપ હોય, તેનાથી અનંતગણું વધારતાં વધારતાં યાવત્ **અનુત્તર વિમાન**(સર્વાર્થસિદ્ધ)ના દેવનું રૂપ સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ હોય પણ તેનાથી અનંતગણું મનોહર **ચૌદપૂર્વીએ** બનાવેલ [1]**આહારક શરીર** હોય, અને **ગણધર ભગવાનનું** રૂપ તો તેનાથી પણ અનંતગણું શ્રેષ્ઠ હોય, તે બધા કરતાં અનંતાનંતગુણ અત્યદ્ભુત સુંદરતાળું રૂપ **તીર્થંકર પરમાત્મા (શ્રી સીમંધર સ્વામિ)**નું હોય છે, જેને અસલ રૂપમાં જોવા જગતનો

---

૧ **આહારક શરીર**–સકળશાસ્ત્રરહસ્યભૂત–ચૌદપૂર્વના જ્ઞાતા સમર્થ શ્રુતકેળી આચાર્ય તથાવિધ આવારક કર્મના વિષમ વિપાકબલે મુંઝવતા કોઈ પ્રશ્નનો **શ્રી મહાવિદેહક્ષેત્રમાં** વિચરતા પ્રભુ પાસેથી નિવેડો મેળવવા માટે તથા વિધ લબ્ધિ(યોગશક્તિ)બલે નવું સ્વાનુરૂપ હસ્તપ્રમાણ અતિ સુંદર જે શરીર બનાવે તે.

આની વધુ માહિતી પૂર્વધર સમર્થ યુગપ્રધાનાચાર્ય **શ્રી ઉમાસ્વાતિજીરચિત શ્રી અર્હત્પ્રવચનસંગ્રહસ્વરૂપ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર** અધ્યાય ૨ સૂત્ર ૩૭ અને ૪૯નું સ્વોપજ્ઞભાષ્ય તથા **શ્રી સિદ્ધસેન ગણિવરરચિત** સંસ્કૃત મોટી ટીકા (પા. ૧૯૫ અને ૨૦૮)માંથી મેળવવી.

કોઈ પણ પ્રાણી સમર્થ નથી,[૧] માટે જ દેવો તે તેજનું સંહરણ ભામંડલ-દ્વારા કરી પ્રભુના રૂપને સર્વજનગ્રાહ્ય અને સૌમ્ય બનાવે છે. આવી અનુપમ અદ્ભુત શરીરાદિની શોભાવાળા અનેકગુણનિધાન **શ્રી સીમંધર પ્રભુ** સકળ સંઘને જય કરનારા થાઓ.

હવે શાસ્ત્રકાર સમવસરણની મહત્તા સૂચવવા **શ્રી આવશ્યકનિર્યુક્તિ**-( ગા. ૫૬૮)ના આધારે જણાવે છે કે—

"જ્યાં તીર્થંકરનું પ્રથમ જ શ્રી સમવસરણ થયું હોય, અથવા જેણે પહેલાં કોઈ વખત શ્રી સમવરણ જોયું ન હોય અને સમાચાર મળવા છતાં બાર યોજન ( ૪૮ ગાઉ ) સુધીમાંથી ન આવે તો તે સાધુ સાધ્વીને શાસ્ત્રકારોએ [૨]'ચતુર્લઘુ'[૩]નુ પ્રાયશ્ચિત જણાવ્યું છે."

---

૧ આવશ્યકનિર્યુક્તિ( ગા. ૫૬૯ )માં પ્રભુના રૂપની અતિશાયિતાની પરાકાષ્ઠાનું વર્ણન નીચેના શબ્દોમાં કર્યું છે :—

"જગત્ના તમામ દેવો ભેગા થઈ પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરીને અંગૂઠા જેટલું પણ કદાચ સાહસિકવૃત્તિવશ સર્વોત્કૃષ્ટરૂપ બનાવે છતાં ભગવાનના પગના અંગૂઠા સાથે તેની તુલના કરીએ તો પોતાની અનંતાનંત મનાતી ઉત્કૃષ્ટ વૈક્રિય શક્તિના બલે તૈયાર કરેલું તે રૂપ પ્રભુના પગના અંગૂઠા સામે કોલસાની જેમ નિસ્તેજ—ફીક્કું અને અસાર જણાય."

૨ આ શબ્દ **જૈન દંડનીતિશાસ્ત્રનો** સુપ્રસિદ્ધ પારિભાષિક શબ્દ છે. આ શાસ્ત્ર યોગ્ય પરિણત અમુક જ સાધુઓને ભણાવવામાં આવે છે. વિશેષ માહિતી માટે છેદગ્રંથો જૂઓ.

૩ 'ચતુર્લઘુ શબ્દના પરિચય માટે પૂજ્યાચાર્ય **શ્રી હરીભદ્રસૂરીશ્વર** રચિત સંબોધપ્રકરણ આલોચનાધિકારની ૮૫ થી ૯૪, ગાથાઓ, તથા શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા—અમદાવાદ તરફથી વિ. સં. ૧૯૭૨ માં પ્રકાશિત આ ગ્રંથની પાછળ ૬૦ થી ૬૩ પાનામાં આવેલ પ્રાયશ્ચિત-સંજ્ઞા સ્વરૂપદર્શક યંત્રો જૂઓ.

આ રીતે પ્રભુના શ્રી સમવસરણની મહત્તા શાસ્ત્રકાર મહર્ષિના શબ્દોથી વર્ણવી અવસરોપસ્થિત પ્રભુના શ્રી સમવસરણ પ્રસંગે વધામણી બાબતની શાસ્ત્રવ્યવસ્થા વર્ણવતાં શાસ્ત્રકાર જણાવે છે કે—

**વધામણી પ્રસંગે [1]વૃત્તિદાન-પ્રીતિદાનની વ્યવસ્થા.**

"ભૂતકાળમાં જે તીર્થંકરો થયા છે, વર્ત્તમાન-કાળમાં જેઓ હયાત છે અને ભવિષ્યમાં જેઓ થશે, તે સર્વેની સમોસર્યાની વધામણી સાંભળી ષટ્ખંડાધિપતિ ચક્રવર્તિઓ **વૃત્તિદાન** તરીકે સાડા-બાર લાખ અને **પ્રીતિદાન** તરીકે સાડાબાર ક્રોડ સોનું અને ત્રિખંડાધિપતિ વાસુદેવો **વૃત્તિદાન** તરીકે સાડા બારલાખ અને **પ્રીતિદાન** તરીકે સાડાબાર ક્રોડ ચાંદી, અને માંડલિક (સામાન્ય) રાજાઓ **વૃત્તિદાન** તરીકે સાડાબાર હજાર અને **પ્રીતિદાન** તરીકે સાડાબાર લાખ ચાંદી આપે છે. અને અન્ય શ્રીમંત શ્રેષ્ઠીઓ પણ સ્વ-સ્વશક્તિ અનુસાર વધામણી લાવનારને યથાયોગ્ય બક્ષિશ-ઇનામ વગેરેથી ખુશ કરે છે. આ રીતે જેઓ **તીર્થંકર** પ્રભુ ઉપર અવિચલ શ્રદ્ધાપૂર્વક ધર્મનો દૃઢ અનુરાગ હોવાથી ચંચળ મોહોત્પાદક લક્ષ્મીનો સદ્વ્યય કરે છે, તેઓ જગત્‌માં સર્વશ્રેષ્ઠ સ્થાનને પામે છે.

---

૧ **વૃત્તિદાન**-પ્રભુ પધાર્યાની ખબર આપવાના કામ પર નીમેલા માણસોને વધામણી લાવપાંની સાથે જ ઇનામ તરીકે આપવામાં આવે તે.

**પ્રીતિદાન**-પ્રભુ પધાર્યાની ખબર પડતાંની સાથે જ વધામણી આપનાર અને અન્ય લોકોને પણ અનુવર્ત્તનાના શુભ હેતુથી છૂટથી વ્હેંચવામાં આવે તે.

આ બન્ને દાનોમાં **વૃત્તિદાન** નિયત માણસોને નિયત સંખ્યામાં જ અપાતું હોવાથી તેના કરતાં **પ્રીતિદાન** અનેક માણસોને અનિયત સંખ્યામાં સ્વસ્વશક્તિ અનુસાર દેવાતું હોવાથી ધર્મની વધુ પ્રભાવના કરે છે.

આની વધુ માહિતી માટે જૂઓ **શ્રી આવશ્યકનિર્યુક્તિ** ગા. ૫૮૦ અને **શ્રી પ્રદ્યુમ્નસૂરિરચિત શ્રીવિચારસારપ્રકરણ.**

વળી વિહરમાણ વિભુ શ્રી સીમંધરસ્વામી દેવેન્દ્રોએ ભકિતભાવથી રચેલા શ્રી સમવરણમાં ચતુર્મુખ સ્વરૂપે જન્મ, જરા, મરણના ત્રિવિધ તાપથી સંતપ્ત થએલા સંસારના પ્રાણિઓને પરમ શાંતિપ્રદ ધર્મની દેશના આપી તે સમયે જગતના પ્રાણિઓને ધર્મની સુમધુર દેશના આપનાર તીર્થંકર-પ્રભુ સ્વયં-પોતે પણ ચાર ગતિ અને ચાર કષાયના તાપથી અળગા થયા છે તે સૂચવવા જ ખરેખર ભકિતવિનમ્ર દેવેન્દ્રોએ પ્રભુ ચતુર્મુખ દેખાય તેવી અતિશયસંપન્ન વ્યવસ્થા કરેલી.

**ધર્મદેશના**

આ પ્રસંગને આગળ કરી રાસકાર અનુલોપકારી તીર્થંકર પરમાત્માની સુમધુર શાંતિપ્રદ ધર્મદેશનાની રમ્યતાને પ્રાસંગિક વર્ણવે છે કે-[1]તીર્થંકરપ્રભુની વાણી જુદા જુદા દેશ-ક્ષેત્રાદિમાં ઉત્પન્ન થયેલ સર્વ પ્રાણિઓને અનુકૂલરૂપે પરિણમવાળી હોય છે, તથા નિરંતર પ્રહરો સુધી સાંભળવા છતાં અરુચિ કે કંટાળા જેવું ન જણાય તેવા અદ્ભુત સુમધુરતા ગુણવાળી પ્રભુની વાણી તનમનમાં એવી અજબ લીનતા પ્રગટ કરે કે કદાચ તીર્થંકર પ્રભુ દેશના દેવા માંડે અને શ્રોતા આખી જિંદગી એક જ આસને બેસી સાંભળે છતાં ભૂખ તરસ કે પરિશ્રમના દુઃખની ખબર જ ન પડે, આવી અદ્ભુત ગુણવાળી પ્રભુવાણીને વધારે શું વર્ણવું ? ગમે તેવા સંસારના તાપથી પીડાતા પણ પ્રાણિને પ્રભુની વાણીનું શ્રવણમાત્ર સર્વ દુઃખો દૂર કરી પરમ શાંતિ આપે છે. જેમાં દૃષ્ટાંત તરીકે **શ્રી આવશ્યક નિર્યુકિત** (ગા. ૫૭૮)નું **વૃદ્ધદાસીનું**[2] દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

**પ્રભુવાણીની મહત્તા**

---

૧ આનું વધુ વર્ણન શ્રી **આવશ્યકનિર્યુકિત**(ગા. ૫૭૮-૫૭૯)ની **હારિભદ્રીય** અથવા **મલયગિરીય** વૃત્તિમાં તથા શ્રી **અભિધાનરાજેન્દ્ર કોશ ભા. ૪ "તિત્થયર"** શબ્દ પા. ૨૩૦૪ માં ૧૧૪ મા દ્વાર તરીકે **વર્ણવેલ વાણીના પાંત્રીશ ગુણોના** અધિકારમાં જૂઓ.

૨ આ કથા પાછળ **ચોથા પરિશિષ્ટમાં** જૂઓ.

આવા અવર્ણનીય અનેક ગુણમણિના ભંડારરૂપ **શ્રી સીમંધર-પરમાત્માનો** સંઘમાં જયજયકાર થાઓ. ખરેખર શીતલતા શાંતિને આપનાર આ તીર્થંકર-પ્રભુજ છે. બાકી જગતના જલ-પદ્મ-ચંદનાદિ પદાર્થો તો ક્ષેત્ર-કાલ-પરિસ્થિતિ આદિને અવલંબી શાંતિને આપનારા છે માટે તે પદાર્થો વસ્તુતઃ શાંતિ દેનાર નથી.

**શ્રી સીમંધર** વિભુ સુમધુર ધર્મદેશના આપી રહ્યા છે તે વારે ગામનો રાજા દુર્બલ સ્ત્રીએ ખાંડેલા અને સામર્થ્યપૂર્વક છડેલા-વીણેલા-અખંડ કમલજાતિના ઊંચા [2]આઢક પ્રમાણ ચોખાની બનાવેલ સુગંધયુક્ત બલિને લઇ વાજતે ગાજતે ધામધૂમપૂર્વક પૂર્વદ્વારથી પેસે છે, દેવ દેવીઓ પણ વિવિધ વાજિંત્રોના નાદપૂર્વક આવતા બલિના થાલને સન્માનપૂર્વક પ્રભુ જ્યાં બિરાજેલા છે ત્યાં લાવે છે. એટલે પ્રભુ પણ ધર્મકથાનો ઉપસંહાર કરી વિરમે છે. બાદ રાજા ભક્તિપૂર્વક પ્રભુને નમસ્કાર કરી બલિના થાળને લઈ દેવદેવીઓના પરિવાર સાથે **પ્રભુ શ્રી સીમંધર સ્વામીને** ત્રણ પ્રદક્ષિણા દે તે. ૫ પછી તે બલિને પ્રભુ સન્મુખ વિનયભાવપૂર્વક ઉછાળે છે તે સમયે ઉછાળેલ તે બલિનો અડધો ભાગ તો દેવતાઓ ભૂમિ પર પડે નહિં તે પહેલાં જ

**[1]બલિ-ઉત્ક્ષેપ-વિધિવર્ણન**

---

૧ આ પ્રસંગનું વિસ્તૃત વર્ણન શ્રી **આવશ્યકનિર્યુક્તિ** (ગા. ૫૪૮ થી ૫૮૭)ની શ્રી **હારિભદ્રીય** અથવા **મલયગિરિવૃત્તિ**માં જૂઓ.

૨ આ શબ્દ **પ્રાચીન વ્યાપારી ગણિતશાસ્ત્રનો** પારિભાષિક શબ્દ છે. આનો સામાન્ય અર્થ **ચાર પ્રસ્થ** થાય છે, અને **મગધદેશમાં** ચાલતા પ્રસ્થનું પરિણામ ૬૪૦૦૦ દાણા થાય છે. **જૈન પરિમાણ** શાસ્ત્રમાં પણ આ શબ્દ વધુ વપરાયેલ છે. આનું સળંગ વર્ણન શ્રી **તંદુલવેયાલિય પયન્ના**-(સૂ. ૫૫)માં જૂઓ, તેમાં નીચે મુજબનું પદાર્થ-પરિમાણનું કોષ્ટક વર્ણવેલું છે.

| | |
|---|---|
| ૨ અસઇ-પસઇ | ૪ સેતિકા-કુલવ |
| ૨ પસઇ-સેતિકા | ૪ કુલવ-પ્રસ્થ |
| ૪ પ્રસ્થ-આઢક | |

ગ્રહણ કરે છે, બાકીના અડધામાંથી અડધો ભાગ ગામનો રાજા લઇ જાય અને બાકીનું બીજા બધા સામાન્ય લોકો લઇ જાય છે, કારણકે તે બલિનો એવો અનુપમ પ્રભાવ છે કે તેને એક પણ દાણો જેના માથા પર પડે તેના સર્વરોગો શમી જાય છે અને ૭ માસ સુધી નવા રોગ થતા નથી, એમ **શ્રી** આવશ્યકનિર્યુક્તિ (ગા૦ ૫૮૭)માં કહેલું છે.

**હે શ્રી સીમંધર પ્રભો! મહાવિદેહક્ષેત્ર**ના માનવીઓ ખરેખર ધન્ય છે, કે જેઓ રોજ આપને વંદન કરે છે, કારણ કે આપને જેઓ

**શ્રી સીમંધર પ્રભુના ગુણાનુવાદ અને શ્રી કામગજેન્દ્રની કથાનો સંબંધ**

એકનિષ્ઠા–ભાવશુદ્ધિથી ભજે છે તેઓ, નિશ્ચયથી સંસારના ફંદમાં પડતા જ નથી, **હે વિરહમાણ વિભુ! શ્રી ભરતક્ષેત્ર**ના પણ ઘણા ભવ્યાત્માઓ આપશ્રીની વાણીથી સુખશાંતિ પામ્યા છે, પામે છે અને પામશે.

જેમ કે [1]**શ્રી હલધર બલભદ્ર**જીના ભાઇ ત્રિખંડાધિપતિ શ્રી **કૃષ્ણવાસુદેવ** મહારાજા અને તેમની પટ્ટરાણી શ્રી **રૂક્મણી દેવી** વિગેરે પરિવારનું શ્રી **પ્રદ્યુમ્નકુમાર**નું જન્મતાં જ અપહરણ થઇ જવાથી થયેલ અનુપમ વિરહનું દુઃખ શ્રી **નારદમુનિ** દ્વારા આપશ્રીએ કહેલ શ્રી **પ્રદ્યુમ્નકુમાર**ના પૂર્વભવ આદિના વૃત્તાંતને સાંભળવાથી દૂર થયેલ, અને પરમ આનંદને પામેલા.

તથા શ્રી **સરસ્વતી સાધ્વી**ના શીલનો ભંગ કરવા ઇચ્છનાર શ્રી **ઉજ્જયિની**પતિ શ્રી **ગર્દભિલ્લ** રાજાનો ઉચ્છેદ કરી શ્રી જિનશાસનની પ્રભાવના

---

૧ આની વધુ માહિતી માટે જૂઓ **શ્રી વસુદેવહિંડી પેઢિયા** પા. ૮૪ થી પા. ૯૦ સુધીનો **પ્રદ્યુમ્નકુમાર**ના પૂર્વભવાદિનો કથા સંદર્ભ શ્રી **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિપ્રમેયમંજૂષા**વૃત્તિકાર શ્રી **શાંતિચન્દ્રવાચક** શિષ્ય-રત્નોપાધ્યાય **શ્રીરત્નચંદ્રગણિ** રચિત શ્રી **પ્રદ્યુમ્ન ચરિત્ર** સર્ગ ૫, શ્લો. ૮૬ થી ૨૬૨ મા આવતો પ્રદ્યુમ્નકુમારનો અધિકાર.

વધારનાર, તથા શ્રી **પર્યુષણા-સંવત્સરી**-પર્વને ચતુર્થીમાં લાવનાર [૧]શ્રી **કાલિકાચાર્ય મહારાજ** આપશ્રીના મુખથી નિગોદના અપૂર્વ વ્યાખ્યાતા તરીકેની સુભગ પ્રશંસા કીર્ત્તિ મેળવી કૃતપુણ્ય બન્યા, તેમ જ ચાર અનુ-યોગની વ્યવસ્થા કરનાર **દશપૂર્વધર શ્રી** [૨]**આર્યરક્ષિતસૂરિજી**

---

૧-૨ અહીં શાસ્ત્રકાર **નિગોદના** વ્યાખ્યાતા તરીકે **શ્રી સીમંધર પ્રભુદ્વારા** પ્રશંશિત થયેલા **શ્રી કાલકાચાર્ય** અને શ્રી આર્યરક્ષિતસૂરિ મ. બન્નેનો ઉલ્લેખ કરીને નિગોદની વ્યાખ્યાના સંબંધમાં ચાલતા મત-ભેદનો સુંદર સમન્વય કરી દે છે.

કારણ કે **શ્રી કાલકાચાર્યકથાદિ** ગ્રંથો **શ્રી સીમંધર પ્રભુની** પ્રશંસાથી પ્રેરાઈને બ્રાહ્મણરૂપે આવેલા શક્રેન્દ્ર સામે કરાયેલી **નિગોદની** વ્યાખ્યાનો પ્રસંગ **શ્રી પર્યુષણા-સંવત્સરી-પર્વને** ચતુર્થીમાં લાવનાર શ્રી **અવંતિપતિ-ગર્દભિલ્લોચ્છેદક યુગપ્રધાન શ્રી** કાલકસૂરિ સાથે સંબંધિત જણાવે છે, પણ આગમિક સાહિત્યમાં પ્રામાણિકપણે મહત્ત્વભર્યું સ્થાન ભજવનાર **ચૂર્ણિ** અને તદનુસારી અન્ય ગ્રંથો **શક્રેન્દ્ર** સમક્ષ કરા-યેલી નિગોદની વ્યાખ્યાનો પ્રસંગ બીજી રીતે વર્ણવે છે.

જેમકે-**શ્રી આવશ્યકચૂર્ણિમાં** ( **નિર્યુક્તિ** ગા. ૭૭૪ના વિવરણ પ્રસંગે) તથા **શ્રી આવશ્યકનિર્યુક્તિ** ગા. ૭૭૪ની શ્રી **હરિભદ્રીય વૃત્તિ** (પા. ૩૯૯-૪૦૦)માં **"દેવિંદ વંદિએહિં"** પદના વિવરણમાં.

**"શ્રી સીમંધર પ્રભુએ** કરેલ નિગોદની વ્યાખ્યા સાંભળી ઉત્સુક બનેલ **શ્રી શક્રેન્દ્રે શ્રી ભરતક્ષેત્રમાં** તેવા સમર્થ કોઈ **નિગોદ** સ્વરૂપ-વિવેચક આચાર્યની જિજ્ઞાસા કરવાથી **શ્રી સીમંધરસ્વામીએ શ્રી આર્યરક્ષિતસૂરિનું** નામ સૂચવ્યું એટલે શ્રી **શક્રેન્દ્રે શ્રી આર્યરક્ષિતસૂરિ** પાસે બ્રાહ્મણરૂપે આવી **નિગોદના** અપૂર્વ સ્વરૂપને સાંભળી, પ્રસન્ન થઈ સૂરિનો ભક્તિપૂર્વક મહિમા કર્યો અને આ રીતે **શ્રી આર્યરક્ષિતસૂરિ** દેવેન્દ્રવંદિત થયા."-એમ વર્ણવેલ છે.

**આ જ મુજબ વિ૦સં૦ ૯૧૫ માં ભાદરવા સુદ પાંચમ બુધવારે નાગપુરમાં શ્રી જયસિંહસૂરિએ રચેલ અને સિંઘી જૈન ગ્રંથમાળાના**

મ૦ પણ આપશ્રીના મુખથી પ્રશંસિત થવાના સૌભાગ્યને મેળવવા ભાગ્યશાળી બન્યા. પણ આ રાસમાં મુખ્યત્વે વર્ણવવાયેલી **શ્રી કામગજેન્દ્રકુમારની કથા અપ્રસિદ્ધ છે, અને** તે પૂર્વભવમાં માતાની સમક્ષ સગી બ્હેન સાથે વ્યભિચાર કરવાના ભયંકર પાપથી કેવી રીતે બચેલ !

---

૨૮ મા ક્રમાંક તરીકે પ્રકાશિત **પં૦ લાલચંદ** ગાંધી સંપાદિત **શ્રી ધર્મોપદેશમાલા વિવરણ ગ્રંથ**(પા. ૧૦૭)માં **શ્રી ધર્મોપદેશમાળાની** ૨૮મી ગાથાના વિવરણ પ્રસંગે **ગુરુકર્ત્તવ્ય**ના વિષય ઉપર અપાયેલી ૩૪ મી **શ્રી આર્યરક્ષિતસૂરિની** કથા(શ્લો૦ ૨૨)માં પણ **'શ્રી સીમંધરપ્રભુની પ્રશં**.-સાથી પ્રેરિત થઈને બ્રહ્મણરૂપે આવેલ **શક્રેન્દ્ર** સામે **મથુરા** નગરીમાં **શ્રી આર્યરક્ષિતસૂરિએ** નિગોદની વ્યાખ્યા કર્યાનું જણાવેલ છે.

તેમજ શ્રી **જૈનાનંદ પુસ્તકાલય સૂરતના** હસ્તલિખિત શાસ્ત્રસંગ્રહની પ્ર. નં. ૫૩૪ શ્રી **ભદ્રેશ્વર**સૂરિવિરચિત **કથાવલી** ગ્રંથ ખંડ ૨ ગા. ૨૦૨ની વૃત્તિમાં **'દેવિંદવંદિએ'** પદના વિવરણ પ્રસંગે **શ્રી** આર્યરક્ષિતસૂરિને **શક્રેન્દ્ર** અદ્ભૂત નિગોદના વ્યાખ્યાતા જણાવેલા છે. (આ માટેની વધુ માહિતી માટે જૂઓ શ્રી **ભદ્રેશ્વરસૂરિ**રચિત **કથાવલી** ખંડ ૨ ગા. ૨૮૨ ના વિવરણમાં ૮૪ થી ૯૧ સુધાના શ્લોકો) પણ શ્રી **આવશ્યકચૂર્ણિવૃત્તિ** માં વર્ણવાયેલ શ્રી **આર્યરક્ષિતસૂરિની નિગોદ**ની વ્યાખ્યાના પ્રસંગ કરતાં કથાવલીમાં આ પ્રસંગ બીજી રીતે વર્ણવાયેલ છે, કેમકે શ્રી **આવશ્યકચૂર્ણિવૃત્તિ** કે તદનુસારી અન્ય ગ્રંથોમાં શ્રી **સીમંધર પ્રભુએ નિગોદના** અપૂર્વ વ્યાખ્યાતા તરીકે કરેલી પ્રશંસાને સાંભળી શ્રી **આર્યરક્ષિતસૂરિ પાસે શક્રેન્દ્ર**નું આગમન વર્ણવાયેલ છે, અને કથાવલી ગ્રંથમાં શ્રી **આર્યરક્ષિતસૂરિ** પાસે **નિગોદ**ની વ્યાખ્યા સાંભળવા **શક્રેન્દ્રનું** સ્વાભાવિક આગમન વર્ણવાયું છે, અને તે ઉપરાંત વધારામાં **શ્રી સીમંધર પ્રભુએ** શ્રી **આર્યરક્ષિતસૂરિની** નિગોદનાં **અદ્ભૂત વ્યાખ્યાતા તરીકેની નહિં પણ વિશુદ્ધ સંયમપાલક તરીકેની કરેલી પ્રશંસાનો ઉલ્લેખ છે.**

આ રીતે શ્રી **આવશ્યકચૂર્ણિ** અને તદનુસારી શ્રી **આવશ્યકવૃત્તિ** તથા **શ્રી કથાવલી ગ્રંથના આધારે શક્રેન્દ્રસમક્ષ** નિગોદની વ્યાખ્યા કરનાર શ્રી **આર્યરક્ષિતસૂરિ જ સિદ્ધ થાય છે.**

અને **કામગજેન્દ્ર**ના ભવમાં આપ ( **શ્રી સીમંધર પ્રભુ** ) ના ઉપદેશથી કેવી રીતે સમ્યક્ત્વને પામી શ્રી **મહાવીરસ્વામી** પાસે દીક્ષા લઇ તેજ ભવમાં મોક્ષે ગયા ! આ બન્ને અધિકાર અત્યંત વૈરાગ્યપોષક છે, અને આ બધા અધિકારમાં આપના જ ઉપદેશે પ્રધાન ભૂમિકા-ભજવી છે, આવી ઉત્કૃષ્ટતમ વિષયવાસના ત્યાગરૂપ વૈરાગ્યરસથી ભરપૂર **શ્રી કામગજેન્દ્ર**ની કથા સાંભળતાં કોને રોમાંચોદ્ગમપૂર્વક વૈરાગ્ય ન થાય! માટે હે શ્રોતાજનો ! સાવધાન થઇને સાંભળો કે શ્રી **કામગજેન્દ્રે** પુર્વભવસંગતિક ચાર મિત્રો સાથે કયી રીતે નિર્મલ ચારિત્ર પાળ્યું !

---

વળી **શ્રી સેનપ્રશ્ન** ગૂજરાતી ભાષાંતર પા. ૧૭૫)માં ૩-૧-૯૦માં પ્રશ્ન તરીકે વર્ણવાયેલા પાંચ **શ્રી કાલકાચાર્યો**માં ચોથા **કાલકાચાર્યનું વર્ણન** કરતાં તેરમી સદીમાં થએલા **અંચલગચ્છીય** શ્રી **ધર્મઘોષસૂરિ**રચિત શ્રી **ઋષિમંડલ** પ્રકરણ(વિશ્રામ ૫, અંશ ૩, શ્લો. ૧૮૮)નું સમર્થન આપી **શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ૦ને** વીર નિ. સં. ૫૮૪ વર્ષે **નિગોદની** અપુર્વ વ્યાખ્યા કરવાથી **શક્રેન્દ્રદ્વારા કાલકાચાર્ય** નામ મળ્યાનો ઉલ્લેખ કર્યો છે. જો કે શ્રા **ઋષિમંડલ**માં શ્રી **આર્યરક્ષિતસુરિ મ૦ને શક્રેન્દ્ર** દ્વારા **કાલકાચાર્ય** નામ મળ્યાનો ઉલ્લેખ નથી.

એટલે શ્રા **સેનપ્રશ્ન**કારના મતે શ્રી **કાલકસુરિ** અને શ્રી **આર્ય-રક્ષિતસુરી** બન્ને એક જ સિદ્ધ થાય છે.

આ રીતે **શક્રેન્દ્ર સમક્ષ** થયેલી **નિગોદની** વ્યાખ્યાના સંબંધમાં રહેલા મતભેદનું સુંદર સમન્વય કરવા માટે જ જાણે શાસ્ત્રકારે અહીં (ઢા. ૧૬ ગા. ૨ ના ઉત્તરાર્ધમાં) "**કાલકાસુરિ આર્યરક્ષિત** બન્ને મતનો સંગ્રહ કરી લે છે-

કેમકે શ્રી કાલકાસુરિ **અને શ્રી આર્યરક્ષિતસુરિ આપથી ઉપકૃત થયેલા** છે' -આ અર્થની વિવક્ષામાં શ્રી **કાલકાચાર્યકથાદિ** ગ્રંથો અને ચૂર્ણિ-તદનુસારી ગ્રંથોમાં ઉલ્લેખાએલી બીનાનો સંગ્રહ થઇ જાય છે, અને શ્રી કાલકસુરિ ઉપનામ છે જેનું એવા **આર્યરક્ષિતસુરિ આપથી ઉપકૃત થયેલા** છે' આ અર્થની વિવક્ષામાં શ્રી **સેનપ્રશ્ન**માં વર્ણવાયેલી બીનાની સંગતિ થઇ જાય છે.

આ રીતે **રાસકારે** શબ્દરચનાની કુશળતાથી શ્રી **શક્રેન્દ્ર સમક્ષ** થયેલી **નિગોદ**ની વ્યાખ્યા સંબંધી મતભેદનું સુંદર નિરાકરણ કર્યું છે. અને અનશન કરી મોક્ષગતિ મેળવી? તથા તેમના જીવનચરિત્રમાં શ્રી **ધર્મનાથપ્રભુનો** શ્રી **મહાવીર પ્રભુનો** અને **શ્રી સીમંધર પ્રભુનો** કેવો સંબંધ ગુંથાયેલો છે? વિગેરે વૃત્તાંત અદ્ભુત વૈરાગ્યપોષક છે.

આ રીતે પ્રથમઉલ્લાસમાં રાસકારે પ્રસ્તુત રાસમાં વર્ણવવા પ્રારંભેલ **શ્રી કામગજેન્દ્ર** રાજપુત્રની કથાના ઉપક્રમને સુસંગત કરવા **શ્રી સીમંધર પ્રભુના** જીવનચરિત્રને વર્ણવ્યું અને **શ્રી સીમંધર પ્રભુથી શ્રી કામગજેન્દ્રકુમારકુમાર** ઉપકૃત થયા હોવાથી પ્રસ્તુત કથાનો સંબંધ પણ **શ્રી સીમંધર પ્રભુ** સાથે સૂચવ્યો. હવે શ્રી **કામગજેન્દ્રકુમાર શ્રી સીમંધર પ્રભુના** સંસર્ગમાં આવી કયી રીતે ઉપકૃત થયા તેનું વિસ્તૃત વર્ણન (બીજા) **અન્ય ઉલ્લાસમાં** આવશે.

**॥ ઇતિ શ્રી સીમંધરસ્વામિ-શોભા-તરંગે ૧પંચમ (સુંદર) પ્રથમોલ્લાસ: સમાપ્ત: ॥**

---

૧. આ શબ્દનો પ્રયોગ અહીં કયા અર્થમાં છે તે નિશ્ચિત નથી. **આણસૂરગચ્છ-પાટણ**ની પ્રતના અંત્યભાગે આ મુજબ જ ઉલ્લેખ છે એટલે મૂલ શાસ્ત્રકારનો જ આ શબ્દપ્રયોગ જણાય છે, શ્રી **શબ્દરત્નમહોદધિ** ભા. ૨ (પા. ૧૨૬૩)માં **પંચમ** શબ્દના સુંદર, કુશલ, હોંશિયાર, અર્થો કર્યા છે તેમાંથી અહીં 'સુંદર' અર્થ સંગત થતો જણાય છે, આ સંબંધી વિશેષ વિચાર પ્રો. હી. ર. કાપડિયાએ આ ગ્રંથના 'પરિચય'માં કર્યો છે ત્યાંથી જોઈ લેવા ભલામણ છે.

॥ ૐ અર્હં નમ: ॥

# શ્રી સીમંધર-શોભા-તરંગ

## ( મધ્ય ઉલ્લાસ )

**મધ્ય ઉલ્લાનોસનો ઉપક્રમ**

હવે મધ્ય ઉલ્લાસમાં કથાનાયક **શ્રી કામગજેન્દ્રકુમારને શ્રી સીમંધર પ્રભુનો** સમાગમ કઇ રીતે થયો અને કઇ રાતે ઉપકૃત થયા? તેનું વિસ્તૃત વર્ણન શરૂ કરતાં **શાસ્રકાર** પ્રસ્તુત કથાની પ્રમાણિકતા સૂચવવા **શ્રાવસ્તીપુરીમાં શ્રી મહાવીર પ્રભુએ શ્રી ગૌતમ-સ્વામિને** તેમના પ્રશ્નના જવાબમાં આ કથા કઇ રીતે કહી તે પ્રસંગ રજૂ કરે છે.

**શ્રી વીર પ્રભુની શ્રી શ્રાવસ્તીમાં પધરામણી અને કથાપ્રારંભની પૂર્વ ભૂમિકા**

ચરમતીર્થપતિ શાશનનાયક **શ્રી મહાવીરસ્વામી પરમાત્મા** ગ્રામાનુગ્રામ વિચરતા પૃથ્વીમંડલને પાવન કરતા વિહારાનુક્રમે એક વખત આ **શ્રાવસ્તી** નગરીમાં સમવસરે છે. પ્રભુની પધરામણીથી નગરીના લોકો ચંદ્રના શીતલ કિરણોથી કુમુદિનીના પત્રવિકાસની જેમ પ્રફુલ્લ થયા અને સંપુર્ણ શોભાવાલા **શ્રી મહાવીર પ્રભુના** મુખચન્દ્રને નિહાળવા ઉજમાળ બન્યા, કારણ કે પ્રભુનો મુખ-ચંદ્ર કુમતરૂપ રાહુના ફંદમાં નહિં આવનાર અને કલંકરહિત તેમજ સકલ લોકને સુખદાયી હોવાથી લૌકિક ચંદ્ર કરતાં અત્યદ્ભુત હતો. આ પ્રસંગે પ્રભુની સેવા માટે લાલાયિત બનતા ઇંદ્રાદિક અસંખ્ય દેવોએ સુંદર સમવસરણની રચના કરેલી અને તેમાં સ્વર્ણ સિંહાસન પર બિરાજેલા અલૌકિક રૂપનિધાન **પ્રભુ શ્રી મહાવીરદેવના** મુખથી અનુપમ ધર્મપદેશના-સુધાનું પાન કરતા હતા, તે નગરીનો શ્રી **રત્નાંગદ** નામનો રાજા પણ સમસ્ત પરિવાર સાથે ભાવભક્તિપુર્વક આવીને

યથોચિત સ્થાને બેઠેલો છે. આવા પ્રસંગે [1]ઇંદ્રછંદ, [2]વિજયછંદ અને [3]દેવછંદ આદિ ઉત્તમોત્તમ આભુષણોથી અને રત્નમય વૃક્ષના કંદની જેમ વિવિધ ઉત્તમ રત્નોથી શોભતો એક માણસ આવીને પ્રભુને જય જય નાદથી વધાવી વિનયપૂર્વક વંદના નમસ્કાર કરે છે. અને નમ્રભાવે હાથ જોડી પુછે છે કે- "હે પ્રભુ ! મેં રાત્રિએ જે અનુભવ્યું અને એકાંતમાં જોયું અને સાંભળ્યું, તે શું ખરેખર સાચું છે કે કોઇ દેવમાયાકૃત પ્રતિભાસ્વરૂપ છે! "

એટલે પરમકૃપાળુ શ્રી મહાવીર પ્રભુએ 'તે બધું સત્ય છે' એમ કહ્યું, એટલે આવેલ માણસ પોતાની જિજ્ઞાસા તૃપ્ત થવાથી આનંદિત થઇને વંદન કરી ચાલ્યો હતો. એટલે આદ્યગણધર શ્રી ગૌતમસ્વામીજીએ વિનયપુર્વક પ્રણમિને પુછ્યું કે "હે ત્રિજગદ્બંધો !" પેલા માણસે શું પુછ્યું અને આપે શું કહ્યું તેનું રહસ્ય અણઉકેલ્યું હોવાથી હૃદયમાં ભારે કૌતુક ઉત્પન્ન થાય છે, માટે હે જગવત્સલ પ્રભુ! તેનું વિસ્તૃત વર્ણન કરી અમારા મનની ઉત્સુકતાને શાંત કરો,

---

૧ ઇન્દ્રચ્છદ-૧૦૦૦ ગુચ્છાવાળો હાર,

૨ વિજયચ્છંદ-૫૦૦ સેર (સરિકા) પડે તેવો હાર.

૩ દેવચ્છંદ-૧૦૭ સેર(સરિકા પડે તેવો હાર.

આ ત્રણે શબ્દો પ્રાચીન આભરણશાસ્ત્રના પારિભાષિક સંજ્ઞારૂપ છે, આ ત્રણેયની માહિતી કલિકાલ-સર્વજ્ઞાચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીતરચિત સ્વોપજ્ઞવૃત્તિયુક્ત શ્રી અભિધાનચિંતામણિ ( કાંડ ૩, શ્લો. ૩૨૨ અને ૩૨૩)માં જૂઓ.

અતિપ્રાચીન ગણાતા અને લોકમાન્ય અમરકોશ જેવા પ્રસિદ્ધ કોશમાં આમાનો ફક્ત એક જ (દેવચ્છંદ) સબ્દ મળી આવે છે. ( આ માટે જૂઓ તેનો કાં. ૩, વર્ગ ૬, શ્લો. ૧૦૫) બીજા એનો ઉલ્લેખ પણ નથી કદાચ છદ્મસ્થસુલભ શરતચૂકથી અગર તે જમાનામાં આવા આભૂષણો પ્રચલિત ન હોવાના કારણે ઉલ્લેખ ન થયો હોય તો તે સંભવિત છે.

કારણ કે આપ તો સૂર્યથી સૂકાના કીચડની જેમ સંદેહમાત્રના ભંજક છો, આપણી વાણી સંદેહ ઉત્પન્ન કરે તે તો પ્રભુ! ન જ બને, માટે આનું રહસ્ય સમજાવી અમારા–મનની ભ્રમણાને દૂર કરો. ',

આ પ્રમાણે **શ્રી ગૌતમસ્વામિની** વિનયપૂર્વકની પ્રાર્થના સાંભળી અનેક ભવ્ય જીવોના હિતને લક્ષ્યમાં રાખી **પ્રભુ શ્રી મહાવીરદેવ** આવેલ માણસનો સાદ્યંત પરિચય અને તેણે પૂછેલા પ્રશ્નના પોતે આપેલ ખુલાસા વગેરેની માહિતી વિસ્તારપૂર્વક વર્ણવે છે.

**હે ગૌતમ!** અહીંથી થોડેક દૂર **શ્રી અરૂણાભપુર** નામનું નગર છે ત્યાં શ્રી **રત્નગજેન્દ્ર** નામનો રાજા છે કે જેને [1]સૂર્યની જેમ કવિ અને બુધ(પંડિત)નો વિયોગ સુખદાયી થતો નથી,

**શ્રી કામગજેન્દ્ર કુમારની કથાનો પ્રારંભ**

તેને સુંદર રૂપનિધાન ગુણપસંદાથી શોભતો શ્રી કામગજેન્દ્ર નામનો પુત્ર છે, જેણે અપૂર્વ વિનયાદિ ગુણોથી માતાપિતાનો પ્રેમ જીતી લીધેલ છે. **ખરેખર તે જ પુત્રો ધન્ય અને પ્રશંસાપાત્ર:છે, જેઓએ અનુપમ વિનયગુણને કેળવીને જીવનને નમ્ર, સાદું અને સરળ બનાવ્યું છે.**

એક દિવસ તે રાજકુમાર પોતાની સ્ત્રી શ્રી **પ્રિયંગુમતી** સાથે ઝરૂખામાં બેઠેલ, તે સમયે કોઈ દેવકન્યા જેવી સુંદર નવયૌવના સ્ત્રીને સામેના ઝરૂખામાં રહેલી જૂએ છે, અને તેથી, વિકારભાવ ઉત્પન્ન થાય છે, પણ પોતાની પરણેલી સ્ત્રી પાસે, હોવાથી તે ભાવને ગોપવવા પ્રયત્ન કર્યો,

---

[1] સૂર્યપક્ષમાં કવિ એટલે શુક્ર અને બુધ એટલે નવ ગ્રહમાંનો ચોથો ગ્રહ એમ અર્થ જાણવો.

જ્યોતિષ્ શાસ્ત્રમાં વર્ણવાયેલ સૂર્યનો વિચાર તથા બુધ-શુક્રની ગતિનો વિચાર કરતાં એમ જણાય છે કે સૂર્યને અને બુધ–શુક્રને બીજા ગ્રહો જેટલું રાશિગત વધારે અંતર હોતું નથી, તેથી સૂર્યને બુધ-શુક્રના વિયોગે સુખ નહિં થતુ હોવાનું ઉત્પ્રેક્ષીને શાસ્ત્રકાર રાજાની બુદ્ધિ અને કવિઓ સાથેની ગોષ્ઠીના પ્રેમને સુંદર રીતે વર્ણવે છે.

પણ વિચક્ષણ પતિરંજનકુશળ શ્રી પ્રિયંગુમતિએ તે ભાવને ઓળખી-વિચારીને પતિની ઇચ્છા પૂર્ણ કરવા ખાતર પેલી સ્ત્રીની સાથે લગ્ન કરાવી પોતાના સ્વાર્થનો ભોગ આપવારૂપ અનુપમ પાતિવ્રત્ય ધર્મનું પાલન કર્યું.

શ્રી કામગજેન્દ્ર રાજકુમાર પોતાની મનધારણા આ રીતે સરળતાપૂર્વક પાર પડવાથી વિષયરસના આનંદમાં મગ્ન થઇ તે નવપરિણીત સ્ત્રી સાથે અનેક પ્રકારની ક્રીડા કરવા લાગ્યો, તે સ્ત્રી પણ ઉત્તમ કુળના

**શ્રી કામગજેન્દ્રનું નવપરિણીત સ્ત્રીને વચન આપવું**

વિશિષ્ટ સંસ્કારોથી વાસિત હોવાના કારણે પતિવ્રતાને ઉચિત યોગ્ય સુંદર વર્તનથી પતિના મનને વશ કરવા લાગી કારણ કે ઉત્તમ જનોની ઉત્તમતા ક્યાંય છાની રહેતી નથી, તેવાઓની સંગતિથી તો જગતના સામાન્ય ગણાતા પદાર્થો પણ શ્રેષ્ઠ નિવડે છે, જેમકે પારસમણિના સંપર્કથી લોઢું કંચન બની જાય છે, સ્વાતિ નક્ષત્રના જળના સંયોગથી છીપલીમાંથી મોતી પેદા થાય છે, ગાય વિગેરેના મુખમાં પડવાથી પાણી પણ પોષક તત્ત્વોથી ભરપૂર દુધપણે પરિણમે છે, તથા સારી કે નરસી સોબતથી સારાં માઠાં ફલો કેવી રીતે પ્રાપ્ત થાય છે તે ઉપર [1]પ્રભાકરની વાત જગપ્રસિદ્ધ છે.

વળી ઉત્તમ પુરુષો સદાકાળ બીજાઓની સાથે પ્રેમભર્યો જ વર્ત્તાવ કરે છે, અને હીનપ્રકૃતિવાલા ડગલે પગલે સામાના વર્ત્તનને કલહનું કારણ બનાવી મૂકે છે-જેમ કે નાના પણ ચંદ્રને શંકર હંમેશાં માથા પર ધારણ કરે છે, અને સોળે કળાઓથી ખીલેલા સંપૂર્ણ પણ ચંદ્રને રાહુ ગળી જવાની ઉદ્ધતાઈ કરે છે. આ ખરેખર કરે છે. આ ખરેખર સ્વભાવત : સારાં નરસાં બીજકોનો જ પ્રતાપ છે. એટલે કે શ્રી કામગજેન્દ્રકુમારના મનનું આધિપત્ય મેળવવામાં તે નવ-પરિણીત સ્ત્રીનો ઉત્તમ સ્વભાવ જ મુખ્ય કારણ હતું.

---

૧ આ વાત પાછળ ચોથા પરિશિષ્ટમાં જૂઓ;

વળી તે સ્ત્રી આર્યનારીઓમાં ઘટતા ઉત્તમ ૭ લક્ષણોથી પણ શોભતી હતી, કહ્યું છે કે—

**ભાવાર્થ :- વિષમતર કાર્યપ્રસંગે સલાહ દેનારી, નોકરની જેમ મનવાંછિત બધા કાર્યોને કરનારી, માતાની જેમ વાત્સલ્ય-પૂર્વક જમાડનારી, રંભાની જેમ વિષયક્રીડાના સંપૂર્ણ આનંદને આપનારી, ઐહિક પરલૌકિક હિતના કાર્યોમાં સર્વથા અનુકૂલ રહેનારી, અને પૃથ્વીની જેમ સહનશીલતાવાલી, સ્ત્રી ખરેખર દુર્લભ છે.**

વળી તે સ્ત્રી વિવિધ પ્રકારના ગૂઢ પ્રશ્નો-સમસ્યાઓ-બીજગણિતના પ્રશ્નો અને અદ્દભુત પ્રહેલિકાઓ આદિથી પતિના મનને વારંવાર પ્રસન્ન રાખતી હતી

એકદા શ્રી કામગજેન્દ્ર રાજકુમારે તેણીની અતુલ ભક્તિ અને વિનોદી સ્વભાવથી પ્રસન્ન થઈ તેણીને કહ્યું કે-'હે પ્રિય! તારી પતિસેવા અને લાગણીથી હું ખુશ થયો છું. તું કંઈક વરદાન માંગ ' ત્યારે નારીએ એટલુંજ માગ્યું કે, હે સ્વામિનાથ! તમે જે કંઈ જુઓ, સાંભળો કે અનુભવો તે બધી ય વાત મને કહેવી, મારાથી છાનું કંઈ ન રાખવું. આ સાંભળી વિષયરસની આશામાં બંધાએલ શ્રી કામગજેન્દ્રે પણ-વચન આપીને કબૂલાત કરી તેણીની ઈચ્છા પૂર્ણ કરી.

એક દિવસ કામગજેન્દ્ર રાજકુમારની પાસે કોઈ વિદેશી નિપુણ ચિત્રકલાકુશળ ચિતારાએ એક સુંદર ચિત્રપટ જોવા આપ્યું, તેમાં

**શ્રી કામગજેન્દ્રનો શ્રી ઉજ્જયિનીની રાજકુમારી પર અનુરાગ**

અદ્દભુત નયનાનંદદાયી નાગકન્યા જેવી મનોહર રૂપસુંદર કોઈ રાજકન્યાનું ચિત્ર જોઈ રાજકુમારે ચિતારાને પૂછયું કે- 'આ કોણ છે? કયા રાજાની કુંવરીની સુંદર રૂપસૃષ્ટિના નિવાસરૂપ આ છબી છે!' એટલે ચિતારો કુંવરનું મન આકર્ષિત થયેલું જાણી પોતાની ઈષ્ટસિદ્ધિ થવાની આશંસાએ

હર્ષપૂર્વક બોલ્યો કે-'હે સોભાગી કુંવર ! **શ્રીઅવંતિ** દેશની રાજધાની **શ્રી ઉજ્જયિની** નગરીના પ્રતાપી નૃપશ્રેષ્ઠ ભૂપાળની લાડીલી અને માનીતી કુંવરીનું આ ચિત્ર છે.' આ વાત સાંભળી વિષયના વસમા વેગમાં તણાતો કુમાર વચનબદ્ધ હોવાના કારણે પોતાની નવી સ્ત્રીને વાત કરે છે, અને વધુમાં કહે છે કે- 'મારુ મન તૃપ્ત કરવા માટે તું ત્યાં જઇ પરીક્ષા કરી તેણીને લઇ આવ' પણ વિવેકચતુર સ્ત્રી સ્વામીને નમ્રભાવે વિનવે છે કે- "**જગતમાં તાલી બે હાથે પડે છે. પ્રીતિ પણ એકપખી નભી શકતી નથી,** માટે આપની પ્રીતિને સફલ કરવા માટે તેણીમાં આપના તરફ પ્રેમાંકૂર પેદા ન થયા હોય તો બીજા બાહ્ય પ્રયત્નો લગભગ નિષ્ફળ નિવડે છે માટે તેણીના હૃદયને પારખવા માટે ચિતારા સાથે આપનું ચિત્ર મોકલાવીએ, એટલે તે ઉપરથી આપણું કામ લગભગ સિદ્ધ થયાનો કયાસ કાઢી શકશે." કામગજેન્દ્રે પણ "**બૈરાંની બુદ્ધિ પાની સુધી**"ની લૌકિક કહેતીને લગભગ અયથાર્થ ઠરાવનારી પોતાની સ્ત્રીની નીતિશાસ્ત્રાનુસાર સરલપણે કાર્યને સાધી દેનારી સલાહભરી મધુર વાણી સાંભળી તરત જ ચિતારા સાથે પોતાનું સુંદર ચિત્ર **શ્રી ઉજ્જયિનીની** રાજકુમારીને બતાવવા મોકલવાની વ્યવસ્થા કરી.

**શ્રી અવંતિપતિના આમંત્રણથી શ્રી કામગજેન્દ્રનું રાજપુત્રી પરણવા માટે પ્રયાણ**

અનુક્રમે ચિતારાએ શ્રી ઉજ્જયિની પહોંચીને શ્રી અવંતિપતિ નરેશને શ્રી કામગજેન્દ્રનું ચિત્ર આપ્યું, રાજાએ પણ પસંદગી કરવા માટે વ્હાલી પુત્રીને તે ચિત્ર આપ્યું. રાજપુત્રીએ તે ચિત્રને નિરખી નયન અને મનની પ્રફુલ્લતા દર્શાવતી લગભગ પોતાની સંમતિ સૂચવી. તેનો પિતા વ્હાલી દીકરીની આજસુધી કોઇ વખત નહિં જોયેલી ચિત્ર જોયા પછીની પ્રસન્નતા નિહાળી અચરિજ પામ્યો, કારણ કે તે રાજકુમારી પૂર્વકર્મના વિપાકથી પુરૂષદ્વેષિણી બનેલી હતી, તેથી આજસુધી અનેક સમૃદ્ધિશાલી રાજપુત્રોના અત્યદ્ભુત ચિત્રો બતાવ્યા

છતાં પણ કુંવરીનો પ્રેમ કોઇના પર ઢળ્યો ન હતો, અને આજે સહજ રીતિએ આવેલા ચિત્રપટને નિહાળી અનુરાગવાળી થઇ તેથી પિતા આશ્ચર્ય અને હર્ષની એવડી લાગણીઓ અનુભવવા લાગ્યો. છેવટે "કન્યા તો પારકું ધન છે" ની લૌકિક માન્યતાનુસાર યથાસ્થાને તેનો વિનિયોગ કરી દેવાની પોતાની ફરજ હોઇ દૂત દ્વારા શ્રી કામગજેન્દ્ર રાજકુમારને પરણવા માટે શ્રી અવંતિપતિ આમંત્રણ મોકલે છે. શ્રીકામગજેન્દ્રે પણ પિતાની આજ્ઞાથી સ્ત્રીની સાથે ચતુરંગ સેનાના પરિવાર સાથે શ્રી અવંતિ તરફ પ્રયાણ કર્યું.

**સૂર્યાસ્ત વર્ણન અને શ્રી કામગજેન્દ્રનો જંગલમાં પડાવ**

એકદા કુદરતના અવિચલ નિયમ પ્રમાણે સંધ્યાસમય સૂર્ય અસ્ત થાય છે–પશ્ચિમ સમુદ્રમાં ડૂબી જાય છે-તે જાણે સમુદ્રે સૂર્ય છતાં પોતાના પુત્ર (ચંદ્ર) ની ઉદયસમૃદ્ધિ નહિ થાય તે ઇરાદાથી જ સૂર્યને ડૂબાડી દીધો લાગે છે અને સૂર્યના અસ્ત થવાથી પતિના મરણથી જેમ પતિવ્રતા સ્ત્રી શોકાક્રાન્ત થાય તેમ કમલિની કરમાઇ જાય છે તે અવસરની શાસ્ત્રકાર ઉત્પ્રેક્ષા કરતાં જણાવે છે કે-મુખ્યતઃ પૂર્વદિશાના પતિ તરીકે પ્રખ્યાત સૂર્યદેવે પશ્ચિમ દિશારૂપ ગણિકાનો આશ્રય લીધો તેથી જ તેમને અનાચારના પંથે વિહરતા પ્રાણીને આવી પડતા બહોળા વિપત્તિ સમુદાયની જેમ પશ્ચિમ સમુદ્રમાં ડૂબી અસ્ત થવાનો અવસર આવ્યો અને સૂર્યના અસ્ત સમયે થતા રંગબેરંગી સંધ્યાના વાદળો તે જાણે એમ સૂચવે છે કે [1]રક્તલોચનની ગયેલી વસ્તુની આશા જ ન રાખવી.

---

૧. રક્તલોચનનો સામાન્ય અર્થ લાલ આંખવાલો થાય, પણ ચાલુ પ્રસંગને અનુલક્ષી જ્યોતિષશાસ્ત્રમાં આવતા **गतवस्तुज्ञानोपाय-प्रकरण**ને જોતાં **भरणी, आर्द्रा, मघा, चित्रा, ज्येष्ठा, अभिजित्, पूर्वाभाद्रपद** આ સાત નક્ષત્રોની **चिप्पटाक्ष** સંજ્ઞા મળે છે, ચિપ્પટાક્ષ શબ્દનો અર્થ 'બન્ને બાજુના ખૂણા દબાયેલા હોય એવી આંખો' એવો

ફક્ત ગયેલી વસ્તુના સમાચાર મળે એટલું જ, પણ તે વસ્તુની પુનઃ પ્રાપ્તિ તો શક્ય જ નથી, કેમ કે જ્યોતિશાસ્ત્રમાં ગત–વસ્તુ–જ્ઞાનોપાયના અધિકારમાં અઠ્ઠાવીશ નક્ષત્રોને વિશિષ્ટ સંજ્ઞાઓમાં વ્હેંચી ખોવાએલી–ગયેલી વસ્તુ ક્યાં છે? અગર મળશે કેમ? તેનું વર્ણન આ મુજબ આવે છે.

**[૨]નક્ષત્રો ઉપરથી ગયેલી વસ્તુ જાણવાનો ઉપાય**

| કાણાં | ચીબડાં | દેખતાં | આંધળાં |
|---|---|---|---|
| અશ્વિની | ભરણી | કૃતિકા | રોહિણી |
| મૃગશિર | આર્દ્રા | પુનર્વસુ | પુષ્ય |
| અશ્લેષા | મઘા | પૂર્વાફાલ્ગુની | ઉત્તરાફાલ્ગુની |
| હસ્ત | ચિત્રા | સ્વાતિ | વિશાખા |
| અનુરાધા | જ્યેષ્ઠા | મૂલ | પૂર્વાષાઢા |
| ઉત્તરાષાઢા | અભિજિત્ | શ્રવણ | ધનિષ્ઠા |
| શતભિષા | પૂર્વાભાદ્રપદ | ઉત્તરાભાદ્રપદ | રેવતી |
| વસ્તુ દક્ષિણમાં ગઇ છે | વસ્તુ પશ્ચિમમાં ગઇ છે | વસ્તુ ઉત્તરમાં ગઇ છે | વસ્તુ પૂર્વમાં ગઇ છે |
| ખબર પણ ન મળે | ખબર મળે | પ્રયત્નથી મળે | શીઘ્ર મળે |

---

છે, એટલે રોગવિશેષના કારણે લાલાશ પણ હોવાનો સંભવ હોઇ કદાચ તેનું સામ્ય અહીં રાસકારે રંગબેરંગી પણ વધુ પડતા રક્તવર્ણી વાદળાંવાળી પશ્ચિમ દિશા સાથે કર્યું લાગે છે.

૨. આ કોઠો ધર્મધુરંધર પ્રાગ્વાટકુલતિલક મંત્રીશ્વર શ્રી વસ્તુપાલપૂજિત આચાર્યદેવ શ્રી ઉદયપ્રભદેવસૂરિજી વિરચિત શ્રી આરંભસિદ્ધિ ગ્રંથ (વિમર્શ ત્રીજો, કાર્યદ્વારની ગા. ૫૯–૬૦)ના આધારે તેમજ પંદરમી સદીમાં થયેલા (વિ. સં. ૧૪૨૮ માં પ્રાકૃત શ્રીપાલચરિત્રની, તથા ગુણસ્થાનકમારોહાદિ ગ્રંથોની રચના કરનાર) શ્રી રત્નશેખરસૂરીશ્વરજી રચિત શ્રી દિનશુદ્ધિપ્રકરણની ૧૦૯મી ગાથા.

એટલે રક્તલોચન (ચીબડો) નક્ષત્રમાં ગયેલી ચીજની જેમ માત્ર ખબર જ મળે છે, પુન: પ્રાપ્તિ તો અશક્ય જ છે. તેમ રંગબેરંગી લાલ વાદળાંવાળી પશ્ચિમ દિશામાં ખોવાયેલ સૂર્ય તો માત્ર કથાશેષ જ થઈ ગયો એટલે કે અસ્ત થઇ ગયો, તેથી વ્યવહારનીતિકુશલથી શ્રી કામગજેન્દ્ર

---

અનુસારે આપેલ છે. પણ વિ. સં. ૧૧૪૨ માં ભાદરવા શુદિ પુનમે મેડતા નગરના શા. ગણેશદાસ પારેખની પ્રાર્થનાથી શ્રી દેવચન્દ્ર મુનિએ રચેલ *શ્રી નારચન્દ્રોદ્ધાર ગ્રંથમાં ગતવસ્તુલાભ પ્રકરણ ( ગા. ૧૩૧, ૧૩૨, ૧૩૩ )માં નીચે મુજબ અઠ્ઠાવીશ નક્ષત્રોની સંજ્ઞાઓ અને ફલ જણાવ્યા છે.

| અંધદૃક્ (આંધળા) | કેકર (કાણાં) | ચિપ્પટ (ચીબડાં) | દિવ્યદૃક્ (દિવ્ય દષ્ટિવાળા) |
|---|---|---|---|
| રોહિણી | મૃગશિર | આર્દ્રા | પુનર્વસુ |
| પુષ્ય | અશ્લેષા | મઘા | પૂર્વાફાલ્ગુની |
| ઉત્તરાફાલ્ગુની | હસ્ત | ચિત્રા | સ્વાતિ |
| વિશાખા | અનુરાધા | જ્યેષ્ઠા | મૂલ |
| પૂર્વાષાઢા | ઉત્તરાષાઢા | અભિજિત્ | શ્રવણ |
| ધનિષ્ઠા | શતભિષા | પૂર્વાભાદ્રપદ | ઉ-તરાભાદ્રપદ |
| રેવતી | અશ્વિની | ભરણી | કૃતિકા |
| ×વસ્તુ પૂર્વ દિશામાં ગઇ છે | વસ્તુ દક્ષિણમાં ગઇ છે | વસ્તુ પશ્ચિમમાં ગઇ છે | વસ્તુ ઉત્તરમાં ગઇ છે |
| શીઘ્ર મળે | ત્રણ દિનમાં મળે | એક મહિનામાં મળે | નહિ મળે |

આ સિવાય એક બીજી રીત પણ નક્ષત્રોના ગણિતની ગા. ૧૪૪-૩૫ માં ગ્રંથકારે જણાવી છે.

---

* આ ગ્રંથ ૧૫૮ શ્લોકમાં ( ગ્રંથાગ્ર ૨૭૫ શ્લો. ) પ્રાચ્ય ગૂર્જર ભાષા તથા સરલ સંસ્કૃતમાં સામાન્યતઃ લોકોપયોગી જ્યોતિષ્યની સર્વ વિગતો સમાવી લે છે, આજ સુધી આ લઘુ ગ્રંથ મુદ્રિત થયો જણાએલ નથી.

રાજકુમારે સુયોગ્ય સ્થળે પડાવ નાંખી રાત્રિ પસાર કરવાનો વિચાર કરી સારા સ્થળે મુકામ કર્યો.

હવે તેથી શ્રી કામગજેન્દ્રકુમાર સુરમ્ય મખમલના ગલીચા–ગાલમસૂરિયા આદિથી શોભતી દેવ શય્યા જેવી પોતાની શય્યામાં સુખપૂર્વક સુતો છે ત્યારે મધ્યરાત્રિએ દેવકન્યા જેવી સુંદર એ યુવતિઓના કોમલ સુખદ સ્પર્શથી ઝબકીને જાગી જાય છે અને વિષયાસક્તિના વસમા ફંદમાં પડેલો કુમાર કુત્સિત ભાવનાને સફળ કરવાની ધારણાએ 'તમે દેવજાતિના છો કે મનુષ્યજાતિના' નો પ્રશ્ન પૂછી રાત્રીના સમયે અપરિચિત પણ યુવતીઓની સાથે સામાના પૂછ્યા વિના પણ સીધી વાત કરવાની ધીઠાઇ પ્રદર્શિત કરે છે.

**શ્રી કામગજેન્દ્રની પાસે એ વિદ્યાધરીઓનું આવવું**

શ્રી કામગજેન્દ્રકુમારના આવા પ્રશ્નને સાંભળી યુવતીઓ કહે છે કે– 'અમે વિદ્યાધરની પુત્રીઓ છીએ, અને ખાસ જરૂરી કામ માટે તમારી પાસે આવ્યા છીએ, તે કાર્યની વાત તમે ધ્યાન દઇને સાંભળો—

**પ્રાર્થનાની સફલતાના હેતુથી વિદ્યાધરીએ શ્રી કામગજેન્દ્રના કરેલા વખાણ**

હવે પોતાની પ્રાર્થનાને સફલ કરવાના આશયથી સમયોચિત નીતિનિપુણ વિદ્યાધરીઓએ પ્રથમ મહાપુરૂષોની ઉત્તમતા, પરોપકારરસિકતા આદિ ગુણો વર્ણવવાપૂર્વક શ્રી કામગજેન્દ્રકુમારનાં યશોગાન વિનીતભાવે અને ઉદાત્ત ભાષામાં કરવા માંડયા, કેમ કે વ્યવહારનીતિમા કહ્યું છે કે—

**ભાવાર્થ**—લોભી માણસને પૈસાથી, સજ્જનને વિનય–નમ્રભાવથી, મૂર્ખને અનુકૂલ વૃત્તિથી અને વિદ્વાનને તત્વપદાર્થની વિચારણાથી વશ કરવો.

હે કુમારશ્રેષ્ઠ! જગત્‌ના સર્વ સજ્જનપુરુષોમાં તમે શ્રેષ્ઠ અને પરોપકારી તરીકેની વિખ્યાત કીર્તિવાળા છો. યાચકોના મનવાંછિત પૂરવાનુ જ અનુપમ વ્રત ધારણ કરી રહેલા પરોપકારી માણસોને

ખરેખર ધન્ય છે, જેઓ કે પુષ્કરાવર્ત્ત મેઘની જેમ નિરંતર અર્થીજનોની કામના સફલ રીતે પૂર્ણ કરે છે. અને તે ખરેખર સજ્જનોનો પ્રકૃતિ સ્વભાવ જ છે, માટે જ કહ્યું છે કે-ભલે ! યાચનાનો ભંગ થાય પણ ઉત્તમ પુરુષો પાસે માંગવું શ્રેષ્ઠ છે, પણ આશા પૂર્ણ થાય તેમ હોય તો પણ નીચની પાસે પ્રાર્થના કરવી તે ઉચિત નથી. વળી મોટા પુરુષો લગભગ કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી કારણ કે જે લોકો શક્તિ છતાં બીજાની યાચનાને સફલ નથી કરી શકતા અગર જેઓ પોતાના જ ઉદરનિર્વાહને માટે બીજાની અપેક્ષા રાખે છે તેઓ જન્મ્યા જ શા માટે હશે ! અર્થાત તેઓની તો જિંદગી જ નિષ્ફલ છે. અને જે લોકો અર્થીની પ્રાર્થનાનો ભંગ કરી જગતમાં અસાર દેહાદિકથી સાર મેળવવા રૂપની કલા શીખ્યા નથી, તેવાઓના જીવતરને પણ ધિક્કાર છે. શા માટે તેઓ નાહક અનુપકારસુભગ જગતના પદાર્થોનો સ્વેચ્છાપૂર્વક ઉપભોગ કરી પૃથ્વીને ભારે કરતા હશે ! તેના કરતાં તો કપૂર, ચંદ્ર, સૂર્ય, નદી, અને વૃક્ષો તેમજ તેવા વિશિષ્ટ સત્પુરુષો ધન્ય છે-જેઓ પોતાના અવયવ શકિત-સાધન-આદિ સામગ્રી પ્રત્યુપકારની લેશમાત્ર આશંસા રાખ્યા વિના જગતને ચરણે ધરી રહ્યા છે.

**ઉપકારની મહત્તા**

વળી જગતના મૂઢ જીવો સાંસારિક ક્ષણિક પૌદ્ગલિક પદાર્થોના અનુરાગને આધીન થઈ માનવના કર્તવ્ય તરીકે થઈ પડેલ આત્મભોગ આપીને પણ પરોપકાર કરવાના સુભગ કર્તવ્યને પાળી શકતા નથી અને જુગજૂની શાસ્ત્રોકત પોતાની ફરજનું પણ તેઓને ભાન રહેતું નથી, પણ જગતના મોહક આ તમામ પદાર્થો તો વિનશ્વર માત્ર પુણ્યના ઉદયને જ આધીન અવસ્થિતિવાળા હોઈ ક્ષણમાત્રમાં જ જલપરપોટાની જેમ કયાંય વિલીન થઈ જાય છે, માટે આ અશાશ્વત-પદાર્થોનો સદુપયોગ

**કરી શાશ્વત રહેનારી કીર્તિ શા માટે ન કમાવી જોઇએ! એટલે સત્પુરૂષો જગતના અશાશ્વત પદાર્થોના મોહનો ત્યાગ કરી શાશ્વત કીર્તિ થાય તેવા પરોપકારના કામામાં પીછેહઠ કરતા નથી.**

વળી હે શ્રી કામગજેન્દ્રકુમાર! તમારી પાસે આવ્યા પછી પણ જો અમારા-દુઃખ દર્દ દૂર નહિં થાય તો તેમાં આપને જ હીણપત લાગશે. અને પછી આપ જેવા પરોપકારસુભગ મહાપુરૂષોની સેવા કોણ કરશે! અથવા તો નિઃસ્વાર્થ મૂંગી પરોપકાર સેવામાં તન્મય આપનો પણ શો દોષ છે! તેજ અને પ્રકાશના સમૂહથી દેદીપ્યમાન સૂર્ય ઊગ્યા પછી પણ કદાચ ક્યાંક (ગુફા આદિમાં) ઘોર અંધારું રહે અગર જલ-સ્થળ બધે ય એકસરખી રીતે વરસનાર વરસાદથી પણ તરસ ન છીપાવી શકાય તો ત્યાં સૂર્ય કે વરસાદનો દોષ નથી પણ તે તે પદાર્થની જ ન્યૂનતા ગણાય છે. તેમ આપ જેવા શ્રેષ્ઠ પુરુષ પાસે પણ આવ્યા પછી કદાચ અમારી પ્રાર્થના સફળ ન થાય તો તે અમારા કર્મનો દોષ છે.

**શ્રેષ્ઠ ઉપકારની વ્યાખ્યા**

તથા જેણે એકવાર આપણા ઉપર ઉપકાર કર્યો હોય તો તેના ઉપકારનો બદલો વાળવા માટે તેને મદદ કરવી, દુઃખ દૂર કરવા પ્રયત્ન કરવો આદિરૂપ ઉપકાર કરનારા જગત્માં ઘણા છે પણ ઓળખાણ કે પરિચય વિના પણ દુઃખમાં કે વિષમ અવસ્થામાં અટવાઇ ગયેલાઓને નિશશંસપણે સ્વાર્પણભાવે સ્વાર્થત્યાગ કરીને પણ સંપૂર્ણ સહાયતા કરનારા મહાપુરુષો બહુ વિરલ હોય છે અને; બીજી વાત કોઇએ આપણને આપત્તિ વેળાએ મદદ કરી અને તેને આપણે પણ દુઃખાદિ પ્રસંગે મદદ કરીએ- આને જગત્ના સામાન્ય જીવો ભલે ઉપકાર કે સેવાના નામથી સંબોધીને પોતે ધર્મ (પુણ્ય)નું કામ કરી રહ્યાનો સંતોષ અનુભવતા હોય પણ વસ્તુતઃ સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં સ્પષ્ટ જણાઈ

આવે છે કે—આ તો કેવલ વ્યાપારમાં ચાલતા લેવડદેવડના શાહુકારી ધારાનું અનુકરણ માત્ર છે, તેમાં વાસ્તવિક ઉત્કૃષ્ટ ધર્મ કે શ્રેષ્ઠ ઉપકારની માત્રા પણ હોતી નથી, આ પૂર્વધરાસન્નકાલવર્તિ-સમર્થ-શાસનપ્રભાવક-૧૪૪૪ ગ્રંથોના રચયિતા સૂરિપુરંદર-આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ૦ શ્રી અષ્ટપ્રકરણના શ્રી સૂક્ષ્મબુદ્ધ્યાશ્રયણ નામના એકવીશમા અષ્ટકમાં વિસ્તારથી વર્ણવી છે.

**યાચનાની નિકૃષ્ટતાનું વર્ણન**

હે કુમારશિરોમણિ ! સામાન્યરીતે દરેક માણસે સ્વાવલંબી બનવું જોઇએ. પોતાની જરૂરિયાતો પોતે જ પૂરી કરી લેવાની તમન્ના દરેક માનવીમાં હોવી જરૂરી છે, પોતાની જરૂરિયાતો માટે પરમુખ પ્રેક્ષિપણું કરનાર માનવનું જીવતર જ ધુળ છે. અને એટલે જ તો "માંગને સે મરના ભલા" "સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની" આદિ લોકોક્તિઓ યાચનાને નિકૃષ્ટતમ જણાવે છે. વળી સુભાષિતરત્નભાંડાગારમાં યાચકનિંદા પ્રકરણના નવમા શ્લોકમાં યાચકની દશાને મૃત્યું દશા સાથે વર્ણવી યાચનાને હીન જણાવી છે. મરણકાલે અનુભવતા ગતિભંગ, સ્વરમાં દીનપણું, શરીરે પરસેવો, અને હૃદયમાં ફફડાટ બધાય લક્ષણો યાચના કરનારો પ્રાણી અનુભવે છે. એટલે યાચના કરવી એ સારૂં તો નથી જ, છતાં હે કુમારેન્દ્ર ! નિરૂપાયે આપની પાસે યાચના કરવા અમે આવ્યા છીએ તો અમારી યાચનાનો ભંગ ન કરી કૃપાદ્રષ્ટિ કરવા અમો નમ્ર વિનંતી કરીએ છીએ, આટલી આશા અને વિશ્વાસની લાગણીઓના બળ ઉપર અમારા કાર્યની સિદ્ધિ થશે જ એમ ધારી હવે અમે અમારી વાત કહીએ તો આપ ધ્યાન દઈને સાંભળો.

આ સાંભળી શ્રી કામગજેન્દ્રે 'તમારું કામ મારાથી બનતા બધા પ્રયત્ને કરીશ' એવી કબૂલાત આપી. એટલે વિદ્યાધરીઓ રાજી થઇ જે કામને માટે આવેલ છે તેની વાત શરૂ કરે છે.

**વિદ્યાધરીઓએ રાજપુત્રી શ્રી બિંદુમતીનો આપેલ પરિચય.**

"હે નરેન્દ્રકુમાર ! ¹વૈતાઢયપર્વત ઉપર ઉત્તર બાજુની વિદ્યાધરોની શ્રેણિમાં ગુણગણરત્નથી શોભતા ધર્મની ખાણસમા વિશિષ્ટ ઉત્તમજનોથી સમૃદ્ધ શ્રી આનંદમંદિર નામનું સુંદર નગર છે, જ્યાં અખંડ પ્રતાપી યશસ્વી પૃથિવીસુંદર રાજા ન્યાય નીતિપુર્વક "प्रजा: प्रजा: स्वा इव मंत्रयित्वा"ના ગૂઢ રહસ્યને જીવનમંત્રસમ લેખી યોગ્ય રીતે પ્રજાનું શાસન કરી રહેલ છે. તે રાજાને સાક્ષાત્ પુણ્યમૂર્તિસમી ધર્મને જીવનપ્રાણ ગણનારી અને શરીરશોભાથી જગત્‌ના શ્રેષ્ઠતમ પદાર્થોની અસારતા વ્યક્ત કરનારી શ્રી મેખલા નામની પટરાણી છે. કે જેણીએ ચારના રધન (પ્રમાણ) ચોસઠ કલાઓને ધારણ કરવા સાથે રૂપ, ચાતુરી અને શિયલની વિરલ ઉપલબ્ધ થતી સમવ્યાપ્તિના આદર્શ ઉદાહરણરૂપ નિર્મળ અખંડિત શુદ્ધ સદાચાર–શિયલ ધારણ કરવાદ્વારા જાણે જગત્‌ની

---

૧. આ પર્વત શ્રી જંબૂદ્વીપ સાત મહાક્ષેત્રમાંના શ્રી ભરતક્ષેત્રના બરાબર મધ્યભાગે રહેલ છે, આ પર્વતની ઉત્તર બાજુનું ભરતક્ષેત્ર ઉત્તરાર્દ્ધ ભરત અને સમુદ્ર તરફનું દક્ષિણ બાજુનું શ્રી ભરતક્ષેત્ર દક્ષિણાર્દ્ધ ભરત કહેવાય છે. આ પર્વતમાંથી નિકળતી ચૌદ ચૌદ હજાર નદીના પરિવારવાળી ગંગા અને સિંધુ મહાનદીથી બન્ને તરફ ત્રણ ત્રણ ભાગ થઇ જવાથી છ ખંડનું ભરતક્ષેત્ર કહેવાય છે. જેમાંના ગંગા સિંધુ વચ્ચેના દક્ષિણાર્દ્ધ ભરત સંબધી, મધ્ય ખંડમાં આપણે રહીએ છીએ.

આ વૈતાઢય પર્વતની વધુ માહિતી જૈન ભૂગોળના ગ્રંથો (પૂર્વધરોમારવાસિતિરચિ શ્રી જંબૂદ્વીપમાસ પ્રકરણ, શ્રી લઘુક્ષેત્રમાસ ગા. ૭૯ થી ૮૭, શ્રી બૃહત્ક્ષેત્રમાસ, શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, શ્રી જંબૂદ્વીપકરણચૂર્ણિ, જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસુરીશ્વરકૃત શ્રી જંદ્વીપપ્રજ્ઞપ્તિલઘુટીકા, શ્રી શાંતિચંદ્રવાચકરચિત પ્રમેયમંજૂષાવૃત્તિ વિ. વિ. થી) જોઇ લેવા ભલામણ છે.

સર્વ નારીઓને પગ હેઠ કરી હતી. તે રાણીને પ્રાણ કરતાં પણ ઘણી વ્હાલી શ્રી **બિંદુમતી** નામની પુત્રી છે, જેણીની રૂપસંપદા અને શરીરસૌષ્ઠવને જોઇને દેવકન્યાઓ અને નાગકુમારીઓ લજ્જાવિમુખ બની મર્ત્યલોકથી અદ્રશ્ય થઇ ગઈ છે, પણ "**रत्नदोषी खलु विधि:**" સૂક્તિ મુજબ સર્વગુણસંપત્તિ છતાં પૂર્વના અશુભ કર્મના વિપાકબળે તે પુત્રી પુરુષદ્વેષિણી થઇ. તેનો પિતા સુંદરમાં સુંદર ગુણસમૃદ્ધ રાજપુત્રોના ચિત્રો મંગાવી પુત્રીના પુરુષદ્વેષને દૂર કરવા ઘણા પ્રયત્નો કરે છે, પણ પત્થર ઉપરના વરસાદની જેમ કોઇ ઉપાય સફળ નિવડતો નથી, અને પુત્રી મોટી ઉંમરની કુંવારી રહે તેથી લોકો પણ ન કહેવાલાયક અનેક પ્રકારના તર્કવિતર્ક કરી રાજાને "**कन्यापितृत्वं खलु नाम कष्टम्**" તથા "**કન્યા તે તો સાપનો ભારો**" વગેરે લોકકહેવતોએ વર્ણવેલા '**બેટીના બાપ**' તરીકેના દુ:ખમાં નાખે છે, અને "**દીકરી અને ગાય, મા બાપ દોરે ત્યાં જાય**" ની લોકોક્તિને કાળના પલટા સાથે પલટાઇ ગયાની માન્યતાને દઢ કરે છે.

એકદા તે શ્રી **બિંદુમતીએ** અમ સહિયારીઓની સાથે વનક્રીડા કરતાં ફરતાં ફરતાં એક ઠેકાણે **શ્રી કામગજેન્દ્રકુમારના** અદ્ભુત રૂપાદિ ગુણોની વાત કરતા એક કિંનરયુગલને જોયું

**શ્રી બિંદુમતીનો શ્રી કામગજેન્દ્ર પર થયેલો અનુરાગ અને વિહ્વળતા**

એક બાજુ ઉભા રહી અમે તેઓની બધી વાત સાંભળી કુતૂહલથી શ્રી કામગજેન્દ્ર તે કોણ?' એમ પૂછતાં કિંનરીએ અમારી મુગ્ધતાનો ઉપહાસ કર્યો ' અને આવા જગપ્રસિદ્ધ રાજકુમારનું નામ પણ તમે સાંભળ્યું નથી' એમ કહી અમારી

---

૨. ગણિતશાસ્ત્રમાં વર્ગને મૂલ સંખ્યાથી ગુણતાં જે આવે તે **ઘન** કહેવાય છે. જેમ ચારનો (**तद्गुणितो वर्ग:** મુજબ) ચારથી ગુણાકાર થતાં ૧૬ તે વર્ગ અને તે વર્ગ(સોળ)ને મૂળ સંખ્યા (ચાર)થી ગુણતાં ૬૪ આવે તે **ઘન**. આ રીતે શાસ્ત્રકારે અહીં સ્ત્રીની ચોસઠ કલાને સૂચવવા "**ચઉઘનકલા**" શબ્દપ્રયોગ કર્યો છે.

અજાણુ દશાએ તેમને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. પછી અમોએ શ્રી કામગજેન્દ્રકુમારની સંપૂર્ણ હકીકત પૂછતાં તેઓએ સંપૂર્ણ વાત કરી. એટલે જગતના તમામ પદાર્થોને બાળી નાખનારો પણ અગ્નિ ચંદ્રકાન્ત-મણિના સંયોગથી જેમ શીતળ થઇ જાય છે, તેમ પિતા આદિના અનેક ઉપાયોથી પણ દૂર નહિ થનારો અમારી સખીનો પુરૂષદ્વેષ ક્યાંય ચાલ્યો ગયો અને હૃદયમાં શ્રી કામગજેન્દ્ર તરફ કામગરાના અંકૂર પ્રગટ થયા, અને કાળક્રમે ચિત્તની વિહ્વળતા વધવા માંડી એટલે અમોએ તેણીને આશ્વાસન આપ્યું કે 'તારા ચિત્તમાં જે વસે છે તેને અમે તુરત અહીં લઈને આવીએ છીએ અને તું શાંત-સ્વસ્થ થા! પછી અમો તેણીને એક સુયોગ્ય સ્થળે રાખી અમો આપને શ્રી **પ્રજ્ઞપ્તિ** વિદ્યા થકી અહીં રહેલા જાણી અમારા કાર્યની તાત્કાલિક સિદ્ધિ કરવાના આશયથી અમોએ આપને મીઠી મધુરી ગુલાબી નિદ્રામાંથી જાગૃત કર્યા છે, કારણ કે "**अर्थी दोषान् न पश्यति**", પણ તે બદલ તો આપ જેવા **પ્રણાતિવત્સલ મહા-**પુરુષો પાસે ક્ષમા માંગીને તે ભૂલનું પરિમાર્જન કરી લઇશું. પણ હવે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આપ અમ વિનંતિને ધ્યાનમાં લઇ વિર-હના તાપથી પીડાતી અમ સખીના ચિત્તને શાંત કરવા માટે આપ તુરત ત્યાં પધારો,

વચનરચનાચતુર વિદ્યાધરીઓની વાત સાંભળી શ્રી **કામગજેન્દ્રકુમારે** કહ્યું કે- તમારી વાત ઠીક છે, પણ મારી સ્ત્રીને પૂછી સલાહ લીધા પછી વાત.' આ સાંભળી મોઢું મચકોડતી વિદ્યા-ધરીઓએ શ્રી કામગજેન્દ્રને કહ્યું કે— 'અરરર! આ શું બોલ્યા! તમે ઉત્તમ કુળના વિદ્યાધરીઓએ આપેલ શ્રેષ્ઠ મહાપુરુષ તરીકેના અદ્ભુત ગુણોને ધારનારા છતાં આવી સામાન્ય નીતિશાસ્ત્રની મર્યાદાને પણ નથી જાણતા કે અનુસરતા! એ ભારે આશ્ચર્યની વાત છે, કારણ કે **નીતિ-શાસ્ત્ર**માં કહ્યું છે કે-'ગૃહસંસારના સર્વ વ્યવહારોને સુવ્યવસ્થિત રાખવા ઇચ્છનાર ગૃહસ્થે કોઈપણ મહત્વની વાત સ્ત્રીને કરવી ન

**શ્રી કામગજેન્દ્રની સ્ત્રીની સલાહની વાત ઉપર વિદ્યાધરીઓએ આપેલ ઉપાલંભ**

જોઇએ કારણ કે સ્ત્રીઓનો જાતિસ્વભાવ જ ક્ષુદ્રતાથી ભરેલો છે. સ્ત્રીઓના સામાન્યત: સાહજિક ગુણોને વર્ણવતાં સુભાષિતકારે પણ "अनृतं साहसं माया; क्षुद्रत्वमतिलोभता" શ્લોકથી ૭ અવગુણોમાં ક્ષુદ્રતાને વર્ણવી છે, એટલેજ સહેજે "કુતરીના પેટમાં ખીર ટકે તો નારી અને હજામના પેટમાં વાત ટકે" ના લોકોક્તિ પ્રચલિત થઇ છે. આ રીતે ક્ષુદ્રતાનો દોષ મહત્વની વાત જાળવી રાખવામાં ભયંકર નિવડે છે. આ જ વાત ભારતના મહાન સમ્રાટ શ્રી ચંદ્રગુપ્ત મહારાજાના મહામાત્ય રાજનીતિશાસ્ત્રના પ્રકાંડ વિવેચક શ્રાવકકુલદીપક શ્રી ચાણકય મહામંત્રીએ બનાવેલ નીતિશાસ્ત્રનાં નીચેનાં સૂત્રમાં જણાવે છે.

"क्षुद्रे गुह्यप्रकाशनमात्मवान्न कुर्यात् ॥ १४१ ॥"

ભાવાર્થ:—વિવેકી પ્રાણિએ ગુહ્ય વાત ક્ષુદ્ર માણસને ન કરવી જોઇએ. શાસ્ત્રકારોએ પણ આ જ કારણથી ધર્મરત્નની પ્રાપ્તિ કરનાર પ્રાણીએ મેળવવા લાયક એકવીશ ગુણોમાં [1]અક્ષુદ્રતાનો ગુણ પ્રથમ ગણ્યો છે, તથા નીતિશાસ્ત્રની મર્યાદા ભૂલીને ગુહ્ય (ખાનગી) વાત સ્ત્રીને કરવાથી નાગરાજે કેવી રીતે પ્રાણાંત કષ્ટ ભોગવ્યું તે [2]દૃષ્ટાંત પણ તમે સાંભળ્યું લાગતું નથી. આટલું બધું સ્ત્રીનું પ્રભુત્વ પુરૂષ ઉપર જે ઘરમાં વર્તતું હોય તે ઘર ખરેખર વિનાશનના જ પંથે પડેલું સુભાષિતકારોએ

"निर्नायकं हतं सैन्यं, स्त्रीनायकं गृहं नष्टं बालराजाहतं सैन्यं" ના સુભાષિતથી જણાવ્યું છે, માટે આપ તો વિવેકી અને બુદ્ધિચતુર છો આવું આપને છાજે નહિં.

---

૧. આ માટે વાદિવેતાલ શ્રી શાંતિસૂરિરચિત શ્રી ધર્મરત્નપ્રકરણની ૫ અને ૮ મી ગાથાનું સ્વોપજ્ઞ વિવરણ તથા યુગપ્રધાનાચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ૦ રચિત શ્રી ધર્મરત્ન પ્રકરણની બૃહદ્‌વૃત્તિ જૂઓ.

૨. સ્ત્રીને ગુહ્ય વાત કહેવાથી દુ:ખ પામવા ઉપર શ્રી નાગરાજનું દૃષ્ટાંત અનેક પ્રયત્ન કરવા છતાં ક્યાંય ઉપલબ્ધ થયું નથી. આ કથાના ગૂઢ ભાવાર્થને સમજાવનારો નીચેનો શ્લોક મૂલમાં રાસકારે મૂકયો છે.

શ્રી કામગજેન્દ્ર વિદ્યાધરીઓની દલીલોથી ભરપુર ચાતુરીભરેલી વાત સાંભળી, લજ્જાથી અધોમુખ બનીને વ્યવહાર અને નીતિથી વિ'સંવાદી ઓની સલાહ લેવાની વાતનો પરમાર્થ જણાવતાં કહે છે કે–સુભગ માનુનીઓ ! તમે કહ્યું તે અક્ષરસઃ સત્ય છે, પણ મેં તેણીને વરદાન આપ્યું છે, એટલે તેણીએ અપુર્વ રીતે કરેલી પતિસેવાથી આકર્ષાઇને વચનમાં બંધાએલા મારે પ્રતિજ્ઞાનો પ્રાણાંતે પણ નિર્વાહ કરવાની ક્ષત્રીવટની ખાતર પણ પુછવું જરૂરી છે. આ રીતે વિદ્યાધરીઓના મન ઉપર પોતાની બેરીમુખા તરીકેની છાપ ભૂંસી શ્રી કામગજેન્દ્ર શ્રી પ્રિયંગુમતીને બધી વાત કરી યોગ્ય સલાહ પુછે છે, એટલે પતિસેવાપરાયણ સ્ત્રીએ સંમતિ દર્શાવવાપુર્વક વિદ્યાધરીઓને પોતાના પતિ બાબત ભલામણ કરે છે. અને સ્વામિનાથને જલ્દી પાછા સોંપવાનું વચન લે છે, કારણ કે જગત્‌માં ઉત્તમ સ્ત્રીઓને

**શ્રી કામગજેન્દ્રનું શ્રી પ્રિયંગુમતીને પૂછવું, અને શ્રી પ્રિયંગુમતીએ વિદ્યાધરીઓને કરેલી ભલામણ**

---

"नीयमानः सुपर्णेन, नाराचश्चाब्रवीदिदम् ।
यः स्त्रीणां गुह्यमाख्याति, तदंतं तस्य जीवितम् ॥"

પણ આ શ્લોક મૂલ કયા ગ્રંથનો છે તેનો નિર્ણય ન થવાથી આખી કથાની તો પ્રાપ્તિ અશક્ય થઇ છે. વળી વિ સં. ૯૯૫ ના ભાદ્રપદ શુકલ પંચમી બુધવાર સ્વાતિ નક્ષત્રના યોગે શ્રી ભોજદેવરાજાના વિજયમાન રાજ્યે શ્રી નાગપુરમાં શ્રી જયસિંહસૂરિવિરચિત શ્રી ધર્મોપદેશમાલા ગ્રંથના સ્વોપજ્ઞ વિવરણ– જે (સિંધી જૈન ગ્રંથમાલા તરફથી ગ્રંથાંક ૨૮ તરીકે પ્રસિદ્ધ થએલ છે.) માં પા૦ ૧૯૧ ઉપર આનો આજ શ્લોક સાક્ષી તરીકે ઉધ્ધૃત છે. ફક્ત ત્યાં બીજો પાદ નીચે મુજબનો છે. "नागपीडाकरो ब्रवीत्" બાકી તો ત્રણે પાદ આના આજ છે, ત્યાં પણ કથાસંદર્ભ સંપૂર્ણ નથી. એટલે સાહિત્યશોધક વિદ્વાનોને આનું મૂલસ્થ તપાસી સૂચવવા વિનંતી છે.

પતિ સિવાય કંઈ સારભૂત નથી. તે સ્ત્રીઓ તો લગભગ અજ્ઞાનદશામાં મૂઢ જાણવી, કે જેણીઓ અનેક પ્રકારના અર્થવિહીન કલેશો કરીને પતિને ભારરૂપ થઈ પડે છે, પણ આદર્શ જીવન જીવનારી સ્ત્રીઓ તો સ્વામિનાથના મુખમાંથી ઝરતા વચનફૂલોને વિનયના નમ્ર શબ્દોરૂપ પટ પાથરી ઝીલી લેનારી હોવાથી પતિના સ્નેહને વધારી યથેચ્છ સ્વર્ગસુખનો આનંદ લઈ શકે છે. આમ છતાં નિરર્થક કલેશ-પરંપરાને વધારી ગૃહજીવનમાં કલહનું વાતાવરણ ફેલાવનાર સ્ત્રી તો પતિને કંટાળીને ભાગી જઇ બાવા બની જવાનું નિમિત્ત આપે છે. આટલા જ માટે સુભાષિતકારોએ જણાવ્યું છે કે-જેના ઘરે દંતકલહ થતો હોય ત્યાં લક્ષ્મી આવે જ નહિ. આવે તો ટકે જ નહિ, પણ જે સ્ત્રી સદાચાર સદ્વર્તન રાખી મહાસતીજી શ્રી સીતાની જેમ નિર્મલ જીવન જીવે છે તો તેનું નામ જગતના પ્રકાશક સૂર્યના પણ ઉદય પહેલાં લઈ આખું જગત્ કૃતાર્થતા અનુભવે છે. એટલે કે સતી સ્ત્રી પતિ પ્રત્યે વિનીત પુત્ર, નમ્રશિષ્ય. અને યશસ્વી સેવક તરીકેની આદર્શ ફરજોને અદા કરી વગર પૈસા ખર્ચ્યે પણ યશકીર્ત્તિને પામી શકે છે.

આ સાંભળી સ્ત્રીની પતિભક્તિથી પ્રસન્ન થતી વિદ્યાધરીઓ વિમાનની રચના કરી કામગજેન્દ્રને તુરત તેમાં બેસી જવા વિનંતી કરે છે.

**વિદ્યાધરી સાથે શ્રી કામગજેન્દ્રનું જઈને પાછું આવવું**

શ્રી પ્રિયંગુમતી પણ પતિદેવના ગળે વળગી શુભ શકુનપુર્વક કુશલક્ષેમની ચાહના કરીને અક્ષત વગેરેથી વધાવે છે અને કહે છે કે મને ભુલી જતા નહિં, અને આમ વિરહદુઃખનું ધ્યાન રાખી જલ્દી પાછા પધારવાનું ધ્યાન રાખશો. આ સાંભળી શ્રી કામગજેન્દ્ર પ્રિયાના વિરહ-દુઃખને હળવું કરવા માટે શબ્દશ્લેષથી ઉપહાસપુર્વક કહે છે કે-તને હું સંભારીશ કેવી રીતે? સંભારવું તે તો ચિત્તનો ધર્મ છે, તે ચિત્ત તો તે પ્રેમની માત્રાથી હરી લીધું છે, હવે હું સંભારું કેવી રીતે? આમ કહી શ્રી કામગજેન્દ્ર વિદ્યાધરીઓ સાથે વિમાનમાં બેસી પ્રયાણની તેયારી કરે છે, એટલે શ્રી નૈષધમહાકાવ્યના બીજા સર્ગના બાસઠમા શ્લોકમાં કવિશેખર શ્રી હર્ષરાજ પંડિતે ઉચ્ચારેલા ભાવાર્થનો આશીર્વાદ આપતી

**શ્રી પ્રિયંગુમતી કહે છે કે 'વ્હાલા પ્રાણેશ્વર? તારા સર્વ વિઘ્નો દૂર થાઓ અને તારો સમાગમ જલ્દી થાઓ, તારા ઈષ્ટકાર્યની સિદ્ધિ જલ્દી થાઓ અને સમયે અમને યાદ કરજો'"** આમ કહે છે એટલામાં વિમાન અદશ્ય થઇ જાય છે. શ્રી **પ્રિયંગુમતી** વિચારે છે કે-શું આ સાચું હશે કે કોઇ દેવ વિદ્યાધરની છલ-કપટની જાળ તો નહિ હોય. અરે ! હું કેવી મૂર્ખી કે આવી ભયંકર રાત્રિએ અજાણી સ્ત્રીઓ સાથે બીજા કોઇને જાણ થવા દીધા સિવાય મારા પતિને મેં મોકલ્યા તે ઠીક કર્યું નહિ. હું સાથે ગઇ હોત તો સારું-આદિ તર્ક વિતર્કો કરી ચિંતાતુર થઈ બેઠી છે એટલામાં તો પ્રકાશથી ઝળહળતું વિમાન આકાશમાર્ગે આવતું દેખાણું, એટલે શ્રી **પ્રિયંગુમતીને** આનંદ થયો અને તુરત વિમાનમાંથી સ્વામીનાથને ઉતરતા જોઇ હર્ષપુલકિતપણે વધામણાંપુર્વક સ્વાગત કરે છે. વિદ્યાધરીઓ પણ શ્રી **પ્રિંયગુમતી-કામગજેન્દ્રની** આજ્ઞા લઇ સ્વસ્થાને જાય છે.

**શ્રી કામગજેન્દ્રને વિતક વાત કહેવા સ્ત્રીએ કરેલી પ્રાર્થના.**

હવે શ્રી **પ્રિયંગુમતી** કુશળક્ષેમના સમાચાર સાંભળ્યા બાદ વિદ્યાધરીઓ કોણ હતી? કયાં લઇ ગઇ હતી ? તમે તરત પાછા કેમ આવ્યા? વગેરે અહીંથી ગયા પછીની તમામ બીના જણાવવા શ્રી કામગજેન્દ્રને પ્રેમપુર્વક આગ્રહભરી વિનવણી કરે છે. સાથે જ 'જે કંઇ જોયું, સાંભળ્યું અનુભવ્યું હોય તેમાંનું કંઇ પણ ન છૂપાવવાનું પોતાને આપેલ વચન'ની યાદ દેવડાવી જાણવાની વધુ ઉત્સુકતા દર્શાવે છે.

વચનચાતુરીનિપુણ સ્ત્રીની વાત સાંભળી વિચારોના વમળમાં ગોથાં ખાતા શ્રી કામગજેન્દ્રકુમારે વિસ્મય, હર્ષ અને શોકની વિધવિધ લાગણીઓના સંઘર્ષમાંથી પેદા થતા વિચારોની મુખમુદ્રા પર થતી છાયા અતિ પ્રયત્ને પણ ન રોકાવાથી સ્ત્રીને થએલા સંભ્રમને દૂર કરવા એકદમ સ્વસ્થ થઇ, મુખ પર કૃત્રિમ હાસ્ય લાવી કહ્યું કે-**વ્હાલી પ્રેમદા !** તારાથી તે શું છાનું હોય? **સજજનોનાં વચન પત્થરની રેખાતુલ્ય હોય** છે, તેમાં તું

જરા પણ શંકા ન કર અને અહીંથી ગયા પછીની તમામ વાત જે હું કહું છું તે તું નિઃશંકપણે શાંતિથી સાંભળ.

"વળી વિદ્યાધરીઓ મને અહીંથી જે કામ માટે લઇ ગયેલ તેના નિમિત્તે મને કેવો અપૂર્વ લાભ મળેલ છે, એ ઉપરની દૃષ્ટિએ પણ મારે તેનું કીર્તન કરવું જરૂરનું છે. કારણ કે જે કરેલા ઉપકારને કૃતજ્ઞતાપૂર્વક સમજે કે જાણે નહિં તે તો ચંદનના ભારને ઉપાડનાર રાસભ(ગધેડા)ની જેમ મૂઢ દશામાં હોવાથી ખરેખર ધિક્કારને જ પાત્ર છે તથા જેણે નિષ્કારણ બંધુ ભદ્રાશય મહાપુરૂષે કરેલા ઉપકારને સમજવા કે જાણવા પ્રયત્ન નથી કર્યો તેણે તો વસ્તુતઃ કૃતજ્ઞતા ગુણના અભાવે પાણીદાર સુંદર મોતીનો ત્યાગ કરી પત્થરા જ લીધા લાગે છે, માટે ઉપકારીના ગુણોનું કીર્તન કરવાનું જરૂરી હોઇ ને પણ બધી વાત હું યથાર્થપણે તને તારા વગર પૂછયે કરવાનો જ હતો, તેમાં વળી તારી પ્રબલ જિજ્ઞાસાએ ઉપકારીના ગુણ-કીર્તન કરવા માટે મને વધુ પ્રેરણા આપી છે, માટે તું સ્વસ્થ થઇને સાંભળ

**ઉપકારીની મહત્તા**

"સુભગે! અહીંથી વિદ્યાધરીઓ સાથે વિદ્યાબલથી નિપજાવેલા વિમાનમાં બેસી શ્રી વૈતાઢયપર્વત ઉપર હું પહોંચ્યો, ત્યાં પ્રાકૃતિક સુરમ્ય સૌંદર્યવાળી એક ગુફાની અંદર જગતના સૌંદર્યના સારસ્વરૂપ અપ્રતિમ રૂપનિધાન રાજ-પુત્રીને સૂતેલી જોઇ, મારી સાથેની વિદ્યાધરીઓ તરત વિમાનમાંથી ઉતરી ગુફામાં જઇ, રાજ-પુત્રીને જગાડવા પ્રેમપૂર્વક સંબોધવા લાગી, પણ જાણે મૌન લીધું ન હોય! તેમ તે રાજપુત્રી ઘણું સંબોધવા છતાં બોલતી નથી. કામરાગના વમળમાં ભાન ભૂલેલો હું પણ વિષયવાસનાની આશા મ્લાન થવાના હેતુથી મૂર્છિત થઇને જમીન પર પડયો અને

**વિદ્યાધરી સાથે ગયા પછીની બીનાનો પ્રારંભ**

શીતળોપચાર કરવાથી પુનઃ સ્વસ્થ થયો. આ બાજુ વિદ્યાધરીઓ પોતાની સખી રાજપુત્રીને-ઉદ્દેશીને ફરી કહેવા લાગી કે-

"હે બિંદુમતી! તું જાગ! ઉઠ અને તારા પ્રાણવલ્લભ વ્હાલેસર અહીં આવી ઉભા છે તેનું તું મધુર સ્વાગત કર! તારા મધુર પ્રિય-સંગમના અભિલાષુક પ્રેમી પતિને આવકારી તેના ચિત્તની તું શાંતિ કર! તું કેમ બોલતી નથી? શું તારા મનવલ્લભને લાવતાં વાર થઈ તેથી રીસાણી છે કે? પણ તને ખબર નથી કે પાણીના કરાયેલા બે વિભાગની જેમ સજ્જનોનો ક્રોધ તો કૃત્રિમ અને ક્ષણભંગુર હોવો ઘટે, તેઓ તો અમુક નિમિત્તને પામીને થએલા ક્રોધને નિમિત્ત દૂર થતાં ઉપશમાવી દે છે. વળી હે બિંદુ! આ પ્રીતિના ટાણે દ્વેષની માત્રા ધારણ કરવી ઉચિત નથી. તું જો તો ખરી! તારા અનુપમ સૌંદર્યવાળા મુખ-ચંદ્ર અને વેણી (કેશપાશ-અંબોડો) રૂપ રાહુ પરસ્પર પ્રતિસ્પર્ધી થઈ અનન્ય સાધારણતા મેળવવા જાણે કમર કસીને તૈયાર થઈ રહેલા છે. આવું નિરતિશાયી સૌંદર્ય ધારણ કરીને આમ સામાન્ય વાત ઉપર મ્હોં ચઢાવી તું અબોલા લે, તે કંઈ ઠીક ન કહેવાય? વળી સાંભળ, જગત્માં પણ કહેવાય છે કે- "**ચીભડાના ચોરને ભૂસટ દેવાય!**" એટલે અપરાધને અનુરૂપ શિક્ષા હોય, એટલે જરા વાર થઈ એટલી ભૂલ બદલ તું સાવ અબોલા લઈ લે, તે કંઈ વ્યવહાર દષ્ટિએ પણ ઠીક લાગતું નથી અને પ્રણયઘેલા દંપતીઓને પ્રેમકલા કરવાના ટાણારૂપ પ્રથમ સંગમના અવસરે તું આમ રૂસણાં લઈ બેસે તે ઠીક ન કહેવાય! રૂસણાંના હજી ઘણા દહાડા છે, માટે હવે અરુચિને મનમાંથી કાઢી પ્રેમઘેલા પતિનું મન રાજી કર!"

**વિદ્યાધરીઓએ શ્રી બિંદુમતીને કરેલું પ્રબોધન**

આ પ્રમાણે રાજપુત્રીને અનેક પ્રબોધનોથી સંબોધવા છતાં પ્રત્યુતર ન મળવાથી **વિદ્યાધરીઓ વનદેવતાને** પ્રાર્થના કરે છે કે- "હે વન-

**શ્રી કામગજેન્દ્રનું સાંત્વન અને વિદ્યાધરીઓનું શ્રી બિંદુમતીના શબ સાથે ચિતામાં બળી મરવું.**

હે માતા ! સજ્જનો તો પરજનના ભલા માટે પોતાના પ્રાણ પણ આપી દે છે, તો પછી અમને અમારી પ્રાણવલ્લભ ચીજ આપતાં તમે કેમ વિમાસો છો ? કંઈક તો અમારા પર દયા કરો," આ રીતે અનેક ઉપાયો યોજ્યાં છતાં પણ રાજકુંવરીના ન બોલવાથી અનિષ્ટની આશંકાથી વિદ્યાધરીઓ પથ્થર પિગળી જાય તેવા કરુણ-દીન આક્રંદપૂર્વક છાતીફાટ વિલાપ કરવા લાગી વિદ્યાધરીઓના કરુણ-વિલાપને સાંભળી થરથરી ઉઠેલા મેં વિષયવાસનાના વસમા અંધારામાં આથડેલો છતાં **બીજાને શિખામણ દેવામાં શૂરા થવાની અનાદિકાલીન મિથ્યાવાસનાને** આધીન થઈ **વિદ્યાધરીઓને** સાંત્વન દેતાં કહ્યું કે– "તમે વિવેકચતુર અને પ્રજ્ઞાશીલ થઈ અજ્ઞાન-બાલજનને ઉચિત આવી બાલક્રીડા કરો તે શું સંગત કહેવાય ? વિલાપ અને દીન આક્રંદ કરવાથી શું કાલના સપાટામાં સપડાઇ ગયેલી તમારી પ્રાણપ્યારી સખી પાછી આવવાની છે ? જુઓ જગજ્જનહિતૈષી સુભાષિતકારો શું કહે છે—

**"यदिवाऽऽगमनं कुरुतेऽत्र मृतः, सगुणं भुवि शोचनमस्य तदा।
विगुणं विमना बहु शोचति यो, विगुणां स दशां लभते मनुजः॥"**

**ભાવાર્થ** :– "જો મરેલો માણસ શોક-વિલાપ કરવાથી પાછો આવતો હોય તો તેના નિમિત્તે કરેલા શોકાદિની સફલતા છે, પણ તેમ થતું નથી, અને ઉપરથી અનિષ્ટ-સંક્લિષ્ટ વિચારણા-વર્તનથી અશુભ કર્મો બંધાય છે. આ રીતે પરિણામે અનિષ્ટ જગત્ના પદાર્થો માટે જે વધુ મોહઘેલો થાય છે, તે છેવટે અશુભતર વિપાકવાળી દશાને પામે છે" એટલે "**गतं न शोचनीयं**" ન્યાયને અનુસરી રાજપુત્રી તો મરણ પામી ગઈ છે. માટે તેના વિરહદુ:ખને ભૂલી તેના યથા યોગ્ય અગ્નિ-સંસ્કાર આદિ કાર્યો પતાવી દેવાની જરૂર છે."

આ સાંભળી બન્ને વિદ્યાધરીઓએ રાજપુત્રી બિંદુમતીને યોગ્ય સરસ સુગંધ ચંદનાદિની ચિતા બનાવી, શ્રી બિંદુમતીના શબ સાથે પોતે પણ અગ્નિપ્રવેશ કરી મોહોન્માદજન્ય છતાં પણ લૌકિક દૃષ્ટિએ અદ્ભુત સહચારિણી ઉપરનો પોતાનો અતુલ પ્રેમ દર્શાવ્યો, અર્થાત્ રાજપુત્રીના વિરહદુઃખને નહિં સહનારી વિદ્યાધરીઓ અગ્નિથી ભસ્મીભૂત થઇ.

**શ્રી કામગજેન્દ્રના વૈરાગ્ય-ગર્ભિત દુ ખોદ્ગાર વચનો**

આવી અપૂર્વ ઘટના નજરોનજર જોવાથી વજ્રહત થએલાની જેમ સ્વપ્નસૃષ્ટિની માફક ક્ષણભરમાં કેટલા બનાવો બની ગયા એની વિચારણાએ મને લગભગ ભ્રમિત જેવો બનાવ્યો, પણ મારા પુણ્યોદયે સાથોસાથ મને શુભ વિચાર-ધારા પ્રગટી કે– "અરે! આ કેવું સ્વપ્ન હું જોઈ રહ્યો છું. અપાર દુઃખના સમુદ્ર-રૂપ આ સંસાર ખરેખર મોટા ચિત્ર–વિચિત્ર નાટક જેવો છે. જેમ વાદિત્રમાંથી વિવિધ તાલબદ્ધ ગાયનના સૂરો નીકળે તેમ છે. છતાં તાર જ જો તૂટી જાય તો એક સુર સાંભળવા ન મળે અથવા તો ગમે તેટલું સુંદર વાદિત્ર હોય પણ તે બિચારૂં શું કરે? કેવી રીતે રાગોના આલાપ આલાપે? જ્યાં એનો વગાડનારો જ ચાલ્યો ગયો હોય, તેમ જગતની સર્વમોહક સાધનસામગ્રી અને સુંદર દેહાદિક પદાર્થો આત્મા વિના અજાગલસ્તનની જેમ નિરર્થક જ નિવડે છે, જગતમાં એવો કોણ છે કે જેના આશ્રય-તલે જઈ પ્રયત્નોની હાડમારી કરવા છતાં નહિં ટકતી સંસારની સામગ્રી બદલ ફરિયાદ કરું કે યોગ્ય માર્ગસૂચન મેળવું? પોત-પોતાની નાનીમોટી જગતના દગાખોર માયાવી મોહક પદાર્થોની વાસનારૂપ અગ્નિથી લગભગ બધા બળી રહ્યા છે, તેમાં વળી આ શરીર તો કાચના કૂંપાની જેમ એવું તકલાદી છે કે ઘણા પ્રયત્નપૂર્વક સાચવણી કર્યા છતાં જરાક ઠબકો લાગતા જ વિણસી જાય છે, અને જીવરૂપ લુહારના અચાનક ચાલ્યા જવાથી

શ્વાસનલિકારૂપ ધમણ ધમતી જ પડી રહે છે, ચૈતન્યરૂપ અંગારો બુઝી જવા પામે છે અને કાયાદ્વારા થતી ગડમથલો અને ધાંધલિયા પ્રવૃત્તિરૂપ એરણના ઠમકારા બંધ પડી જાય છે, કેવી આ સંસારની વિરૂપ છતાં મોહની ઘેલછામાં છાકટા બનેલ અજ્ઞાની પ્રાણિઓને ભૂલાવામાં નાંખનારી વિચિત્ર માયા છે! આમ છતાં હું કેવો આળસુ છું, કે ભીષણ જાજ્વલ્યમાન અગ્નિથી બળતાં ઘરમાં નિશ્ચિન્તપણે સુતેલાની જેમ પ્રત્યક્ષસિદ્ધ વિનશ્વર સ્વભાવવાલા પદાર્થોથી ભરપૂર સંસારના રંગરાગમાં રાચી-માચી હિતસાધનાના માર્ગે વળવા ઉત્સુક નથી થતો અને જાણે અમરપટ્ટો લખાવેલ કેમ ન હોય તેમ સંસારના પદાર્થો પાછળ ગાંડો-ઘેલો બની "गृहीत इव केशेषु, मृत्युना धर्ममाचरेत्" ની સૂક્તિને ભૂલી રહ્યો છું."

**મોહઘેલા શ્રી કામગજેન્દ્રના મોહોદ્દગારો**

ઉપર મુજબ સંસારની અનિત્યતા-વિરૂપતા ભાવવા છતાં હું અગમ્ય અવર્ણનીય મોહનીયકર્મના વિપાકોદયને આધિન થઇ શ્રી બિંદુમતી જેવી સુંદર રાજપુત્રીનો-હાથમાં આવીને સરકી ગયેલા કોળિયાની જેમ-થયેલા વિયોગથી સંતપ્ત બની મૂઢ બનીને ફરીથી વિલાપ કરવા લાગ્યો કે- "હે નિષ્ઠુર હૃદય! વિધાતાએ બત્રીશ પક્વાન્નના થાળને પિરસીને ઝુંટવી લેવાના જેમ તારી વલ્લભ દયિતા હરી લીધી છે તો તું ધીકાઇ કેમ કરે છે? તડ-તડ અવાજપૂર્વક જલ્દી તું પણ તૂટી જા કે જેથી વિધાતા, નિવાસસ્થાનરૂપ તારા અભાવમાં મને વારંવાર દુઃખ નહિં આપી શકે વળી જગતમાં ઇષ્ટવસ્તુની મેળવણી માટે કમનસીબ બનેલા પ્રાણીઓનું જીવતર ખરેખર ધૂળ સમાન છે, કેમકે તેઓ "ધોબીનો કૂતરો ન ઘરનો કે ઘાટનો" ની કહેતી મુજબ ન તો જગતમાં ઉજ્જવલ મુખે જીવી જાણતા, અને ધર્મની સાધનામાં તો તેઓ નિરાશાભર્યું જ પગલું માંડી રહ્યા હોય છે, કેમકે જેઓ ઐહિક

સાધનાના સત્યપથ ઉપર નથી ટકી શકયા તેઓ અગમ્ય-પરોક્ષ-પારલૌકિક હિતના માર્ગમાં કયાંથી સફલતા મેળવી શકે! અર્થાત "दुविधामें दोनों गई, न मिला राम कि दाम" ની કહેવત મુજબ તેવા માણસો નિષ્ફળ જીવન જીવી રહ્યા છે."

ઉપર મુજબ કંઇક મોહના આવેશમાં ઉન્માદભર્યા વચનો ઉચ્ચાર્યા પછી જન્માંતરમાં આરાધેલા ધર્મના પ્રતાપે પુનઃ મને શુભભાવના જાગૃત

થઈ "અહો! ચિંતા ખરેખર જગતમાં

ભગ્નનિર્વેદ પામેલા શ્રી અનિષ્ટતમ ગણાતી ચિતા કરતાં પણ ભયંકર

કામગજેન્દ્રના પુનઃ છે. ફક્ત તે ચિંતા અને આ ચિતામાં બિંદુ-

માર્મિક વૈરાગ્યોદ્ગારો મીંડાનો જ માત્ર ફેર છે. એટલે કે પેલી

ચિતા કરતાં આ ચિંતા વધી જાય તેમ છે; કારણ કે પેલી ચિતા તો ફકત મર્યા પછી જીવ વિનાના મડદાનેજ બાળે છે, પણ આ ચિંતા તો જીવતાં જ જીવસહિત શરીરને સંતાપે છે વળી જગતના ક્ષણભંગુર પૌદ્ગલિક પદાર્થો પર વધુ રાગ-પ્રેમ કરનારા પ્રાણીને વધુ રાગ-લાલાશવાલી મજીઠની જેમ અવનવી રીતે વિવિધ કષ્ટો-દુઃખો સહવા પડે છે, તથા જગતમાં સ્થૂલ દૃષ્ટિએ પદાર્થોનો સારા-ખોટાનો વિભાગ ભલે હોય પણ ખરી રીતે એમાં કંઇ અંતર નથી, ખોટા-ખરાબ પદાર્થો નજીકમાં રહીને દુઃખ આપે છે. અને સારા પદાર્થો છેટેથી એટલે કે તેના વિયોગમાં દુઃખ થતું હોવાથી [1]દુઃખ આપે છે. આમ વક્રોક્તિપૂર્વક પદાર્થોની સારા

---

૧ અહીં રાસકાર મૂળમાં "સજજન દુઃખ હિ દૂરથી, દુજજણ પાસિ બઇટ્ઠ" શબ્દોથી સજ્જનોના મહત્વને વિશિષ્ટ આલંકારિક ભાષામાં વર્ણવે છે આ વર્ણન વૈષ્ણવગોસ્વામી શ્રી તુલસીદાસજી સંત-કવિ-રચિત શ્રી રામાયણની બાલપીઠિકામાં આવતી નીચેની ચોપાઇની યાદ દેવડાવે છે.

"વંદો સંત અસંતન ચરણા દુખપ્રદ ઉભય બિચ કછુ વરણા ।
મિલત એક દારુણ દુખદેહી, વિછુરત એક પ્રાણ હરી લેહી ।।

ખોટાની વ્હેંચણીને અમાન્ય રાખી માર્મિક રીતે સજ્જનોની મહત્તા વર્ણવી. પણ આ જગતમાં તેવા પડયાનો હાથ ઝાલનારા મહાભાગ સજ્જન પુરૂષો દેખાતા નથી, ઉલટું દુખીયાની કરમકહાણી કુતૂહલવશ સાંભળી ટીખળ કરવાની દૃષ્ટિએ મર્મવચનોથી ઉપહાસ કરી દુખીઆના દુઃખનો વધારો કરી મૂકનારા ઘણા જણાય છે, એવો ઉત્તમ વત્સલપ્રકૃતિવાળો પુરૂષ શોધ્યો જડે તેમ નથી કે જે દુખીયાના દુઃખને સાંભળી તેને સાન્ત્વનાના મધુર બે શબ્દો કહી દુઃખ ટાળવાની વાત કરતો હોય, બધાય લાગ જોઇને થયેલી ક્ષતિઓના પ્રદર્શન અને વિવેચનમાં પાંડિત્ય સમજી નાહકનો અનુચિત ઉદ્વેગ વધારનારા જણાય છે, કદાચ જગતની અતિસ્થૂલ ભૌતિક દૃષ્ટિથી ધનના બળ ઉપર મસ્તીએ ચઢેલા સ્વેચ્છ વિહાર કરનારા શ્રીમંતો સુખી દેખાતા હોય અને તેમની પાસે દુખીઆના દુઃખ દૂર થવાની આશા રાખીએ પણ તે તો કાચબાની પીઠ ઉપર વાળની જેમ સાવ અસંભવિત છે, કારણ કે તે શ્રીમંતો જગતના મહાન દુખી ગણાતા નારકાદિ પ્રાણી કરતાં અતિવિપુલ માનસિક યાતના અનુભવતા હોય છે. એ યાતનાપીડારૂપ અગ્નિ તો ધૂમાડા વિનાનો તે, બાહર કોઇને દેખાય કે કહેવાય નહિં, અને જે અનુભવાય તે તો જ્ઞાની જ જાણતા હોય માટે જગતની દૃષ્ટિએ સુખી ગણાતા શ્રીમંતો તો મહાદુઃખ અનુભવતા હોય છે. બીજાની વાત તો દુર રહી, પણ ક્રોડો બલ્કે અસંખ્ય દેવોનો સ્વામી, વજ્ર જેવું અમોઘ શસ્ત્ર રાખનાર પૃથ્વીને છત્રરૂપ કરી નાંખવાની અનુપમ શક્તિ ધરાવનાર ઇન્દ્ર પણ પોતાની સમૃદ્ધિ-વિભૂતિ ટકાવી નથી શકતો અને ખાલી હાથે તે પણ મૃત્યુના પંજાનો ભોગ બને છે તથા, જેમના પ્રકૃષ્ટ-લોકોત્તર પુણ્યબળ આગળ જગતના સર્વશ્રેષ્ઠ ગણાતા માંધાતા જેવા ચોસઠ ઇન્દ્રો ત્રણે જગત્‌ના સ્વામી તરીકે જેમને સ્વીકારી જેમના ચરણોમાં ઢળી પડતા હેવા તીર્થંકર ભગવંતો અનંત વીર્ય-સામર્થ્યશાળી છતાં કાલના આવતા ઝપાટાને રોકવા સમર્થ ન બન્યા, તો પછી અતિ તુચ્છ

મગતરાં તુલ્ય માનવી (મારું) નું શું ગજું કે અતિ વ્હાલી બિંદુમતી મરી ગઈ- હું ન પરણી શક્યો તે બદલ નાહકનો પશ્ચાતાપ કરૂં છું જગતમાં સઘળા પ્રાણીઓને જીવન અને ધન અતીવ ઇષ્ટ છે. પણ સમય આવ્યે તે જ વસ્તુઓ તૃણ સમ ગણી માનવ તેને પરિહરવા તૈયાર થાય છે. એટલે આ સંસારમાં ઇષ્ટ-અનિષ્ટ બધું પ્રકૃતિ-વિચાર ઉપર જ **નિર્ભર છે, માટે તેની જાળથી વેગળા રહી આ શરીરથી જેટલું આત્મકલ્યાણ સધાય અગર પરનું ભલું થાય તે કરી લેવું શ્રેષ્ઠ છે, નહિં તો જીવના ગયા પછી આ શરીરની કંઈ કિંમત નથી, જો જીવવિનાના આ શરીરને કોઇ મૂર્ખાઈ કરીને ઢાંકીને રાખી મૂકે તો કોહવાટ થઈ આખું શરીર કીડાંઓથી ખદબદી ઉઠે, એટલે અગ્નિશરણ કર્યે જ છૂટકો છે. તો તેની ભસ્મ થવાની છે, એટલે જીવ વિનાના શરીરની કિંમત ફુટી કોડીની છે [1] માટે શરીરથી વિશિષ્ટ હિત સાધી લેવાની તત્પરતા રાખવી અત્યુત્તમ છે, તથા**

[1] દુનિયા ભલે માનવીની જિંદગીને લાખોથી મૂલવતી હોય! અગર માનવ પોતાના શરીને કિંમતી ગણતો હોય! પણ આ શરીર જેનાથી બનેલું છે, તેનું પૃથક્કરણ કરતાં આજના પ્રખર વૈજ્ઞાનિકોએ એમ જાહેર કર્યું છે કે, **આ શરીરના સારભૂત તત્ત્વોની** કિંમત ૩||| ) ત્રણ રૂપિયા બાર આના થાય છે

### શરીરના સાર-તત્ત્વોનું પૃથક્કરણ

| | | | |
|---|---|---|---|
| ૬૫ ટકા | ઑક્સીજન | ૨ ટકા | કેલ્સીયમ |
| ૧૮ ,, | કાર્બન | ૧ ,, | ફોસ્ફરસ |
| ૧૦ ,, | હાઇડ્રોજન | ૧ ,, | તાંબું, જસત વગેરે |
| ૩ ,, | નાઇટ્રોજન | ૧૦૦ ટકા | કિં. ૩-૧૨-૦ |

એટલે કે અંદરથી ચેતનના ગયા પછી આ જડ શરીરની કિંમત બજાર ભાવે ગણતાં લગભગ પોણાચાર રૂપિયાની થાય છે. **પશુ કરતાં પણ ઓછી.** ("કલ્યાણ" ગૂજરાતીમાંથી ઉદ્ધૃત)

પ્રાણિને વિષમ અશુભ કર્મનો વિપાક જ્યારે ઉદયમાં આવે છે ત્યારે બીજાની વાતો દૂર રહી પણ નિકટના ગણાતો વિશ્વાસપાત્ર પોતીકાં ગણાતા સ્વજનો પણ છેટે ખસી જાય છે, માટે સર્વ પ્રપંચનો ત્યાગ કરી ઓછે વધતે અંશે જગતૂના તમામ પ્રાણીઓ દુખી હોઇ નિતાંત દુખથી રહિત પરમ સુખી શ્રી વીતરાગદેવના શરણે જવું શ્રેષ્ટ છે, અને તેને ચીંધેલા માર્ગે યથોચિત ચાલવાથી તમામ બાધાઓ ચોક્કસ દૂર થાય છે.

વળી મોહની વાસનાએ મને મુંઝવ્યો અને વિચાર્યું કે પગમાં વાગેલો પા રતીનો નાનો કાંટો પણ સાડાત્રણ મણની કાયાને અદ્ધર કરી દે છે, અને દુઃખ દે છે તો પછી ઇષ્ટપદાર્થના વિયોગથી થએલો હૈયાનો દુઃખ સુખ કેમ આપે? તે તો દુખ જ આપે તે સ્વાભાવિક છે.

**મોહના આવેશમાં શ્રી કામગજેન્દ્રનો અગ્નિપ્રવેનો સંકલ્પ**

આમ વૈરાગ્ય રંગમાં ચઢવા છતાં હું પુનઃ અશુભ વિચારોમાં ઝોળાં ખાવા માંડયો-અને મારા નિમિત્તે શ્રી બિંદુમતી પ્રેમવિરહથી મરી ગઇ અને તેના નિમિ-તે તેની બે સખીઓ પણ જીવતી બળી મરી, આમ આ ત્રણે નિર્દોષ બાળાઓના વધનો ખરેખર હું નિમિ-ત છું, માટે આવા પાપમાંથી બચવા હું પણ અગ્નિમાં પેસી શુદ્ધિ કરૂં.

આવો વિચાર કરી જ્યાં મેં તૈયારી કરી તેટલામાં વિદ્યાધર-મિથુનનો વાર્ત્તાલાપ સંભળાયો—

**વિદ્યાધરી મિથુનના વાર્ત્તાલાપથી શ્રી કામ-ગજેન્દ્રની સ્વસ્થતા**

વિદ્યાધરી- જુઓ તો ખરા આ કુમાર કેવો નિર્દય અને સ્નેહની લાગણીઓથી શૂન્ય છે! બિચારી શ્રી બિંદુમતી આના પ્રેમ પાછળ તરફડીને મરી અને આ હજી જીવે છે, રાજકુંવરીની પાછળ આણે પણ મરીને પોતાનો યથાર્થ પ્રેમ દાખવવો જોઇએ."

વિદ્યાધર-"દેવિ! તમે કહો છો તે પ્રેમની દૃષ્ટિએ સંગત છે. પણ પુરુષની પાછળ સ્ત્રી સતી થયાનું સાંભળ્યું છે, અને તે ઉચિત પણ છે, છતાં સ્ત્રીની પાછળ પુરુષને મરી જવાનું વ્યવહાર-દૃષ્ટિએ ઉચિત લેખાતું નથી."

આ સાંભળી મેં સ્વસ્થ થઇ અગ્નિપ્રવેશ કરવાના અશુભ સંકલ્પને ત્યાગી દીધો.

હવે તે શ્રી કામગજેન્દ્રકુમાર પોતાની અકળ મનોદશાનું ચિત્ર-વિચિત્ર ભાવોથી ભરપૂર વર્ણન કરી પ્રિયાને ઉદ્દેશીને આગળ વાત ચલાવતાં કહે-છે કે "હે સુભગે! અચાનક

**શ્રી કામગજેન્દ્રનું જલાંજલિ આપવા વાડીમાં જવું અને દેવમાયાથી શ્રી મહાવિદેહ-ક્ષેત્રમાં પહોંચવું.**

મારા પુણ્યસંયોગે આવી પહોંચેલ વિદ્યાધર મિથુનના વાર્તાલાપના શ્રવણને પામી મોહની ઘેલછામાં થઇ જનારી અમૂલ્ય માનવદેહ ગુમાવી બેસવાની ભયંકર ભૂલના ભોગમાંથી બચવા પામ્યો, એટલે મારી ફરજ પ્રમાણે મૃત્યું પામેલાઓને જલાંજલિ આપી મારા રસ્તે પડવાનો નિરધાર કર્યો અને જલાંજલિ આપવા મારા પરમ-સ્નેહ ભાજનરૂપ રાજપુત્રી શ્રી બિંદુમતીના [1]શરીરલાવણ્યને અનુસરતી પ્રમાણયુક્ત સુંદર વાવડીમાં મેં પ્રવેશ કર્યો અને જલાંજલિ આપી હું બહાર નીકળું છું ત્યાં તો મેં બધું ય અપૂર્વ જોયું. પાંચસો ધનુષ્યની કાયાવાળા મહાકાય મનુષ્યો અને અતીવ ઊંચા ઝાડો, વિશાલ શરીરવાળા પક્ષીઓ વગેરે કોઇ દિ' નહિ જોએલું સાક્ષાત્ જોઇ આશ્ચર્યચકિત થયો અને મેં મારા મન સાથે નિર્ણય કર્યો કે-'આ ક્ષેત્ર કોઇ બીજું લાગે

---

૧ શાસ્ત્રકાર અહીં વાવડીને રાજપુત્રી શ્રી બિંદુમતીના શરીરલાવણ્ય રૂપાદિગુણોની સાથે સરખાવે છે. આની માહિતી માટે શ્રી રત્નપ્રભસૂરિ રચિત શ્રી કુવલયમાલા કથાસંક્ષેપ સંસ્કૃત પ્રસ્તાવ ૫ (પા. ૨૨૫) માં જૂઓ.

છે, હું જે ક્ષેત્રમાં હતો ત્યાં તો સાત હાથની કાયાવાલા મનુષ્યો વગેરે હતું, નક્કી આ કોઈ બીજું ક્ષેત્ર છે.' આમ જ્યાં હું વિચારક્ષેત્રમાં સંદેહના ઝુલા ઉપર ઝુલી રહ્યો છું ત્યાં તે વાવડીજ વિમાનસ્વરૂપે થઇ. એટલે હું અદ્‌ભુત રસ અને કુતૂહળવૃત્તિથી આનંદિત થયો. એવામાં બે દેવોએ આવી મારા સદ્‌ભાગ્યની મુબારકબાદી આપી, ખભે બેસાડી **શ્રી સીમંધરપ્રભુના** સમવસરણમાં મને મૂકયો."

**શ્રી કામગજેન્દ્રને શ્રી સીમંધર પ્રભુના દર્શનથી થયેલો હર્ષ અને તેણે કરેલાં ગુણગાન.**

"હે પ્રિયે! સ્વપ્નમાં પણ અસંભવિત પ્રકૃષ્ટ પુણ્યશાલીઓને પણ દુર્લભ શ્રી **મહાવિદેહક્ષેત્રના વિરહમાણ પ્રભુના** સાક્ષાત્ દર્શનનો સુઅવસર આંખના પલકારામાં અણધારી રીતે સાંપડેલો હોઇ હું આનંદરસનાં જે મીઠાં ઘુંટડાં ઉતારી રહ્યો હતો તેનું અને તીર્થંકર પ્રભુની લોકોત્તર અતિશયસંપન્ન વિભૂતિ જોઇ હરખભેર પ્રભુની શાંત સુંદર અનોખી મુદ્રાને નિહાળી અપૂર્વ અનુભવેલા પ્રમોદરસનું વર્ણન કરવા મારી પૌદ્‌ગલિક આ ચર્મમય જિહ્‌વામાં સામર્થ્ય નથી. ધન્ય છે તે શ્રી **પુષ્કલાવતી વિજયને!** જ્યાં આવા લોકોત્તર પુરુષરત્નો જન્મે છે. ત્યાંના રહેનારા લોકોના કાન પણ કૃતપુણ્ય છે. કે જેઓ જગતમાં શ્રોતવ્ય તરીકે વિખ્યાત પ્રભુવાણીને સાંભળવા ઉજમાલ બન્યા છે. વળી આવું પ્રભુનું અદ્‌ભુત સ્વરૂપ જેણે બનાવ્યું છે, તેણે ખરેરખર જગતને પાવનકર્યું છે. લોકાતીત પ્રકૃષ્ટ ગુણગણધારી આ પ્રભુના શા વખાણ કરું? આ પ્રભુના વાણીરૂપ સુધારસને કાનરૂપી કચોલાથી ભાવપૂર્વક પીનાર ઉપર કુગતિનારી નારાજ થાય છે અને મુક્તિ સ્ત્રી અનુરાગવાળી થાય છે જગતમાત્રનું ભલુ ચાહનાર હે પ્રભુ! આપ બધાયનું હિત કરવામાં તત્પર છો, છતાં જગતની **"બધાને ગમતું કયાંથી થાય"** ની કહેતી મુજબ આપની દેશના સમયે સંભળાતા સ્નિગ્ધ ગંભીર મધુર ઘોષવડે મેઘના મનમાં ઇર્ષ્યાનો પ્રાદુર્ભાવ થયો શું થાય? **"स्वभावो हि दुरतिक्रमः"** મુજબ કોઇનું મનથી પણ બૂરૂ નહિ ચાહનાર આપના ઉદાત્ત વર્તનથી પોતાના સ્વભાવદોષથી કોઇના

અંતર કલુષિત થવા પામે ત્યાંશો ઉપાય? વળી તે મેઘ અંતરમાં થએલ ઈર્ષાને ગર્જનારૂપ શબ્દથી ગડગડાટપુર્વક સૂર્યની સામે ધુળ ઉડાડ- જેમ અગર બળિયાની સાથે બાથ ભીડવાની જેમ આપ જેવા શુદ્ધ પ્રકૃતિવાળા મહાપુરૂષ સાથે વાક્કલહ-દંતકલહ કરવાની પણ ધૃષ્ટતા દાખવે છે. અહો! શું જગતના અજ્ઞાન પ્રાણીઓની કર્માધીન વિચિત્ર દશા છે. તથા બ્રહ્માના હાથને પણ ધિક્કાર છે! કે જેણે આપ જેવા પ્રાણી- માત્રના આહ્લાદક પ્રભુના મુખનું અનુપમ સૌંદર્ય સ્ચ્યા પછી પાન ચાવેલા મોંઢે કોલસા ચાવવાની જેમ અનુચિત ગણાતી કલાયુક્ત ચંદ્ર બનાવવાની ધૃષ્ટતા કરી, અથવા તો છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર હોઈ સ્વાભાવિક વાસનાના આવેગમાં આવી કલાની ખીલવણીવાલા સુંદર ચંદ્રને બનાવવાનું કામ બ્રહ્માએ શરૂ તો કર્યું પણ જાતે બનાવેલ આપના મુખસૌંદર્યની સ્મૃતિ થવાથી તુચ્છતાબુદ્ધિએ જ જાણે ચંદ્રને તરછોડી નાખ્યો, તો તે બિચારાએ પણ શ્રી શંકરજીનું શરણું સ્વીકારી અલ્પ માત્રાવાળી પણ પોતાની હયાતી "જીવતો નર ભદ્રા પામે" ની લોકોક્તિના આધારે આશા-તાંતણાને અવલંબી હજી પણ તેજ અવસ્થામાં ટકાવી રાખી છે. હે જગવત્સલ પ્રભુ! અનેક ગુણમણિના ભંડારસમા આપને ભાવપૂર્વક વંદન-નમસ્કાર કરનારા પશુઓ પણ ભાગ્યશાળી છે પણ સકલ સામગ્રીસંપન્ન મનુષ્યભવ પામ્યા છતાં પણ એકાંત હિતકારી આપની વાણી જેણે સાંભળી નથી તે નર પશુની તો કમનસીબી શી વર્ણવવી? હે જગતારક વિભુ! ક્રોડો સૂર્યથી પણ અધિક તારૂં તેજ છે છતાં તારામાં સૌમ્યતા એવી મનોહર છે કે તને નિરંતર જોવા છતાં પણ મને તૃપ્તિ થતી નથી, અને તારા ગુણો તો એટલા અપરંપાર છે કે ક્રોડો જીભોથી પણ તેનું ગાન કરવું લગભગ અશક્ય છે."

ઉપર મુજબ શ્રી સીમંધર પ્રભુના અત્યદ્‌ભુત ગુણો સંબંધી હું વિચારણા કરી રહ્યો હતો તેટલામાં શ્રી સમવસરણમાં બેઠેલા એક

**શ્રી સીમંધર સ્વામીજીએ જિજ્ઞાસુ રાજાને શ્રી કામગજેન્દ્રને આપેલો પરિચય અને સમ્યક્ત્વનું સ્વરૂપ-**

રાજાએ પ્રભુને મારા સંબંધી પુછ્યું કે આ કોણ છે? અહીં કેમ અને કેવી રીતે આવેલ છે? પ્રભુએ મધુર સ્વરે કહ્યું કે રાજન્! શ્રી ભરતક્ષેત્રના શ્રી અરૂણાભપુરના રાજાનો શ્રી કામગજેન્દ્ર નામનો આ પુત્ર છે, આ પાસે બેઠેલા બે દેવો પુર્વભવના કરેલ સંકેત મુજબ ધર્મ પમાડવા માટે, તે ઓપલંટ હોવાથી છોકરી પરણાવવાના બહાને આ રાજપુત્રને અહીં મારી પાસે લાવેલા છે. જે ભદ્રભાગ્ય પ્રાણિઓ અન્ય આત્માને ધર્મ પમાડી સાચી ભાવકરુણા પાળે છે તેઓ શીઘ્ર સંસારસમુદ્રનો પાર પામી શકે છે.

**શ્રી સીમંધર વિભુએ પ્રાસંગિક કરેલું સમ્ય-**

આટલું કહ્યા પછી જગચ્છરણ પ્રણતિવત્સલ ઉપકારી ભગવંતે વિસ્તારથી સમ્યક્ત્વના [1]શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય-રૂપ પાંચ લક્ષણો વર્ણવ્યા. તેમજ પામેલા સમ્યક્ત્વમાં પ્રમાદાદિથી સ્ખલનાઓ ન થાય તે બદલ [1]શંકા-આકાંક્ષા-સંદેહ-મિથ્યા-

---

૧ શમ-અપરાધીનું પણ અનિષ્ટ નહિં ચિંતવવા જેટલો સમભાવ.

સંવેગ-દુન્યવી ઉત્તમોત્તમ-યાવત્ અનુત્તર દેવલોકના પણ-સુખની અનીહા.

નિર્વેદ-સંસારના સર્વ અનુકૂલ સામગ્રી છતાં કેદખાનાના કેદીના જેવો વૈરાગ્યજનિત માનસિક ઉદ્વેગ.

અનુકંપા-સર્વ પ્રાણી માત્ર સંબંધી 'દુઃખ અને તેના પ્રધાન કારણરૂપ કર્મોના અશુભ પાશમાંથી છૂટી પરમ સુખી થાવ'-તે જાતની ઉત્કૃષ્ટ ભાવના.

આસ્તિક્ય-કર્મના ક્ષયોપશમના આધારે અતિ સંકીર્ણ પોતાના બુદ્ધિક્ષેત્રમાં ન બેસતા પણ ગહન જ્ઞાનીગમ્ય પદાર્થો સર્વજ્ઞપણાના દૃઢ વિશ્વાસથી યથાર્થરૂપે માનવા તે.

**ક્ત્વનું વર્ણન અને કામગજેન્દ્ર સંબંધી રાજાની વિશેષ જિજ્ઞાસા**

વી-પ્રશંસા-મિથ્યાવી પરિચયરૂપ સમ્યક્ત્વના પાંચ દૂષણો સમજાવ્યા અને આવા અદ્ભૂત નિર્મલ સમ્યક્ત્વરત્નની શોભા વધારનાર મહામૂલ્યવંત ૨સ્થૈર્ય-પ્રભાવના-ભક્તિ જિનશાસનકુશલતા-તીર્થસેવારૂપ પાંચ ભૂષણો જણાવ્યા. આ રીતે સુમધુર વાણીદ્વારા આશ્ચર્યભૂત આવેલ શ્રી કામગજેન્દ્રના ટૂંક

---

૧ શંકા—જિનોકત પદાર્થોમાં દેશથી કે સર્વથા અન્યથાભાવની કલ્પના કરવી.

આકાંક્ષા—અન્ય મતોના ચમત્કારાદિ કારણે સર્વજ્ઞ પ્રભુના સિદ્ધાંતો સિવાય બીજા સિદ્ધાંતોની આશંસા કરવી.

સંદેહ—ધર્મક્રિયાના ફલની પ્રાપ્તિ વિષે અચોક્કસપણું કરવું.

મિથ્યાત્વીપ્રશંસા—સર્વજ્ઞપ્રભુના સિદ્ધાંતો માન્ય નહિં રાખનારના અદ્ભુત પણ ગુણોની પ્રશંસારૂપે અન્ય અનેક ભયંકર દોષોનું સમર્થન કરવું.

મિથ્યાત્વીપરિચય—સર્વજ્ઞપ્રભુના સિધ્ધાંતોની શ્રદ્ધા વિનાના લોકોનો સહવાસ કરી સ્થૂલબુદ્ધિ જગતના માનસ ઉપર તેના સર્વ વિપરીત વર્તનોની સત્યતાની છાપ મારવી.

૨ સ્થૈર્ય—નિશ્ચિત થએલા સર્વજ્ઞપ્રભુના સિદ્ધાંતોની માન્યતામાંથી જગત્‌ની કોઇપણ સત્તાના બલે વિચલિત ન થવું.

પ્રભાવના—વ્યક્તિગત ધર્મની આરાધના સદા અલ્પમાત્રામાં રહેતી હોવાથી કરાવણ-અનુમોદનના પ્રકારોથી વધુ પ્રકારે ધર્મારાધનાનો લાભ મળે તે હેતુથી ત્રિકરણયોગે ધર્મોદ્યોતનાં કાર્યો કરવાં.

ભક્તિ—ધર્મમાર્ગના ઉપદેશક-સહાયક આપ્તજનોનો બહુમાનપુર્વક આદર કરવો.

જિનશાસનકુશલતા—આત્મકલ્યાણના શુભ હેતુથી પ્રરૂપાયેલી દરેક ક્રિયાઓને વ્યવસ્થિત કરવાની તત્પરતા.

પરિચય સાથે સમ્યકત્વનું સ્વરૂપ સાંભળી પ્રમુદિત બનેલા રાજાએ પુન: શ્રી કામગજેન્દ્ર સંબંધી પૂર્વભવમાં કોની સાથે કેવી રીતે સંકેત કરેલો? આ દેવોનો શ્રી કામગજેન્દ્ર સાથે શો સંબંધ છે? વિગેરે વિસ્તૃત માહિતી જાણવા નમ્ર વિજ્ઞપ્તિ કરી. એટલે નિષ્કારણબંધુ તારક પ્રભુ શ્રી સીમંધરસ્વામિએ દૃઢ ધર્મના અનુરાગરૂપ પીંછાઓના સમૂહથી શોભતા શ્રાવકરૂપ મયૂરને આનંદિત કરનાર નવ-જલધર મેઘના ગંભીર ઘોષ જેવી સ્નિગ્ધ-મધુર વાણીથી રાજાની જિજ્ઞાસાને તૃપ્ત કરવા જણાવ્યું કે—

**શ્રી કામગજેન્દ્રના પૂર્વ ભવવર્ણનના ઉપક્રમમાં શ્રી સીમંધર પ્રભુએ વર્ણવેલી કર્મની ગહનતા.**

"હે રાજન્ શ્રી કામગજેન્દ્રને ધર્મપ્રાપ્તિ કરાવવાના શુભ આશયથી અહીં લઇ આવનાર આ બન્ને દેવોને શ્રી કામગજેન્દ્ર સાથે શો સંબંધ છે? તેનો સ્પષ્ટ ખુલાસો જાણવા તેના પૂર્વભવો તું સ્વસ્થચિત્તે સાંભળ, જે સાંભળવાથી તારી જિજ્ઞાસાની સફલ તૃપ્તિ સાથે શાસ્ત્રકારોએ વર્ણવેલી કર્મની ગહનતા અને સંસારનાટકની વિચિત્રતાનો સ્પષ્ટ ખ્યાલ આવશે, ખરેખર કર્મના મર્મને કોઈ સમજી શકે તેમ નથી. તે તીર્થંકરોને ધન્ય છે. કે જેઓએ અનેક પ્રકારની આત્મસાધનાના બળે કર્મના ગૂઢ મર્મને પામી સ્વ-પરહિતકારક સુખાવહ માર્ગ ઉપદેશી અનેક ભવ્યાત્માને કર્મની ગહન કુટિલતામાંથી બચાવવાનું પરમોત્કૃષ્ટ કામ કરવા સાથે પોતે પણ કર્મના તમામ બંધનોમાંથી મુક્ત થયા છે.

શ્રી પાટલિપુત્ર નગરમાં જયવર્મ નામનો ન્યાયી-પ્રતાપી રાજા

---

તીર્થસેવા—સંસારસમુદ્રમાં પરમાધારરૂપ શાસનના અનેક અંગો અને તેમાં પણ મુખ્ય ગીતાર્થ પુરુષોની ભાવ વિશુદ્ધિપુર્વક સેવા કરવી.

ઉપરોક્ત સમ્યકત્વના લક્ષણ-દૂષણ-ભૂષણો સંબંધી વધુ માહિતી પૂ. ઉપા. શ્રી યશો. વિ. મ. રચિત સમ્યકત્વ ૬૭ બોલની સજ્ઝાય (ઢા. ૮-૫-૭) તથા શ્રી અભિધાનરાજેન્દ્રકોશ ભા. ૭ પા. ૪૭૭)માં સમ્મત્ત શબ્દ જૂઓ.

હતો તેને શબરશીલ નામનો જનતાના મનને આનંદ દેનારો વીર પરાક્રમી પુત્ર હતો, અને તે રાજપુત્રને પણ શ્રી મોહદત્ત નામનો પુત્ર હતો, (જે કે શ્રી કામગજેન્દ્રનો જીવ છે.)

**શ્રી કામગજેન્દ્રના પૂર્વભવનું વર્ણન.**

તેજ નગરમાં રાજ્ય સંબંધી મહત્વના સંદેશાઓને વ્યવસ્થિતપણે પહોંચાડનાર એક રાજદૂત રહેતો હતો, જે કે સ્વામિભકત તેમ જ પ્રામાણિકપણે એકનિષ્ઠાપુર્વક કાર્ય કરનાર હતો.

**સાચા સેવકની મહત્તા**

ખરેખર જગતમાં તે જ સેવકની મહત્તા છે કે જે સ્વામીએ પોતા પર મૂકેલ વિશ્વાસને વફાદાર રહી ઇચ્છાનુરૂપ તેમનું કાર્ય કરી સ્વામીની પ્રતિષ્ઠામાં વધારો કરે, બાકી તો અંગત સ્વાર્થને સાધી લેવાની તત્પરતાવાલા, સેવાધર્મના ચોળાને પહેરી વાસનાઓને પોષનારા તકસાધુ સેવકોની ફૂટી કોડીની પણ કિંમત હોતી નથી. તેથી જ ગરજ સારી લેવાની બદદાનતથી મોંઢે મીઠું ચોપડી સ્વામીના દિલને રાજી કરી સ્વાર્થ સાધી લેનારા સેવકોનો સંસાર કોઇ દિ' વ્યવસ્થિત ચાલતો નથી, એટલઃ જ માટે માટે જગતના સર્વ પ્રામાણિક પુરુષોએ સત્યને ત્રિકાલાબાધિત જણાવી તેના ઉપાસકને પ્રકૃષ્ટ પુણ્યશાલી દેવોનું પણ સાન્નિધ્ય સુલભ જણાવ્યું છે, અને એવા સત્યનિષ્ઠાવાળા સેવક ઉપર તેનો સ્વામી ચારે હાથ રાખે તેમાં આશ્ચર્ય પણ શું છે?

**કથાગત પાત્રોનો પરિચય.**

આવા એકનિષ્ઠાવાળા તે રાજદૂતને પ્રાણ કરતાં અધિક વ્હાલી શ્રી નવદત્તા નામની પુત્રી છે, જેની કે રૂપસમૃદ્ધિ યુવાવસ્થાના વિકાસથી માદક લાવણ્યથી ભરપુર હોઇ ભલભલાઓના ચિત્તને આકર્ષનારી હતી. તથા તેની પરિચર્યા કરવા માટે શ્રી સુવર્ણદેવા નામની નામની દાસી હતી. તે જ નગરીમાં શ્રી ત્રોસલકુમાર નામનો કોઇ વિદેશી રાજપુત્ર ત્યાંના રાજાની સેવા કરી માનભેર જીવન ગુજારતો હતો.

[1]એક દિવસ શ્રી વનદત્તા શ્રી સુવર્ણદેવા ધાવમાતાની સાથે વસંતક્રીડા માટે ઉદ્યાનમાં જાય છે અને તેણીને યુવાવસ્થામાં થતા સાહજિક વિકારોના બળે તદનુકૂલ વાતાવરણના નિમિ-તે અભિનવ કામરસાસ્વાદની અભિલાષા થાય છે, અને કર્મયોગે ભાવિની પ્રબળતાને સમર્થનાર "होनहार मिटे नहिं, करो क्रोड उपाय" ની હિંદી ઉક્તિ મુજબ યુવરાજ શ્રી શબરશીલનો પુત્ર સ્વૈરવિહારી મોહદત્ત સ્વચ્છંદપણે છેલછબીલો થઇને વિલાસ અને વાસનાની પ્રતિમૂર્તિસમો ફરતો ફરતો ત્યાં આવી ચઢે છે. શ્રી વનદત્ત અને શ્રી મોહદત્ત અનુરાગભરી દૃષ્ટિથી પરસ્પર-તારક મૈત્રી સાધે છે, અને કામરાગની કુત્સિત વાસનાને સંતોષવા કલ્પનાસૃષ્ટિમાં વિચરી અવનવા વિચાર-મહેલો બાંધવામાં શિરસ્ત-મર્યાદાની ઉચિત સીમા વટાવી જાય છે. સાથે રહેલ શ્રી સુવર્ણદેવા ધાઇ પણ કર્મ-નાટકને ભજવતી પુત્રીની કુવાસનાને થાબડતી માર્મિક શબ્દોમાં વસંતોત્સવ પછી આવવાનું સૂચવી બન્ને પ્રેમીના હૃદયને સંતોષવી શ્રી વનદત્તાને લઇને ઘરે પાછી આવે છે.

**વનદત્તા ઉપર મોહદત્તનો અનુરાગ.**

---

૧ અહીંથી શરૂ થતો કથાસંદર્ભ શાસ્ત્રકારે મૂલમાં સંક્ષિપ્ત વર્ણવેલો છે તેથી વાચકોને કથા વસ્તુ સમજવામાં સુગમ પડે તે માટે વિ. સં. ૮૩૫માં શ્રી-હ્રી-દેવીના વરદાનથી દાક્ષિણ્યચિહ્ન શ્રી ઉદ્યોતનસૂરિ મહારાજે ૧૩૦૦૦ શ્લોકપ્રમાણ બનાવેલ પ્રાકૃત શ્રી કુવલયમાલા ચંપુકથા (જો કે અમુદ્રિત છે-આની તાડપત્રીય પ્રતિ જેસલમેર જ્ઞાનભંડારમાં છે )ના આધારે વિક્રમથી તેરમી સદીના ઉત્તરાર્ધ અથવા ચૌદમી સદીના પ્રારંભમાં થયેલા શ્રી પરમાનંદસૂરિ શિષ્ય આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ રચિત શ્રી કુવલયમાલા કથાચંપૂ (સંસ્કૃત)ના બીજા અને ચોથા પ્રસ્તાવમાં આવતી કથાના આધારે વિશદ વર્ણન કરવાની છૂટ લીધી છે.

વસંતોત્સવ પત્યા પછી શ્રી સુવર્ણદેવા પુત્રીની અભિલાષા પૂર્ણ કરવા એકાંતની તપાસ કરી ઉદ્યાનમાં શ્રી વનદત્તાને લઈને આવે છે. તે સમયે

**શ્રી વનદત્તા પર આશક બનેલ મોહદત્તે પોતાના પ્રણયમાર્ગમા કંટકસમ શ્રી તોસલકુમારની કરેલી હત્યા.**

રસ્તામાં રાજપુત્ર શ્રી **તોસલકુમારની** દષ્ટિ સુંદર રૂપવતી **શ્રી વનદત્તા** પર પડે છે, અને કામરાગમાં ભાન ભૂલેલો બની યેન કેન પ્રકારે પણ તાત્કાલિક વાસનાની તૃપ્તિની સાથે કાયમી લગ્નસંબંધદ્વારા મનોવાસના સંતોષવા **શ્રી વનદત્તાની** પાછળ જ ઉદ્યાનમાં આવે છે. સ્વેચ્છાપણે પ્રિયતમની પ્રતીક્ષાપૂર્વક વાટિકામાં વિચરતી તેણીની પાછલ કામરાગમાં અંધ બનેલ શ્રી **તોસલકુમારે** ગુપ્તપણે ફરતાં ફરતાં એક ઠેકાણે એકાંત જેવું જોઈને પોતાની વાસનાને સંતોષવા કરાતી પ્રાર્થનાનો ભંગ ન થાય તે હેતુથી 'લઘુવયની બાલિકા ભયથી જલ્દી મારે વશ થશે' એમ ધારી તીક્ષ્ણ ધારવાળી દેદીપ્યમાન તલવારના ચમકારા સાથે શ્રી **વનદત્તાને** વિનવણી કરી કે હે પ્રિયે! હું તારી અદ્ભૂત રૂપસૃષ્ટિ ઉપર ન્હાવરો બન્યો છું,-તું શીઘ્ર મારી મનોકામના પૂર્ણ કર! નહિં તો આજ તારું આવી બન્યું છે, છે, મારી પ્રાર્થનાને અવગણ્યાનું ફલ તુરતજ આ મારી તલવાર તને ચખાડશે. આવી પરિસ્થિતિમાં સાથે રહેલ ધાઇ શ્રી **સુવર્ણદેવા** અને સખી-પરિવારે હાહાકાર કરી બૂમરાણ મચાવી કે "ધાજો રે. ધાજો! આ કોઇ નાદાન મારી દીકરીની લાજ લેવા બલાત્કાર પ્રયોગ કરે છે."

આ સાંભળી સંકેત મુજબ આવી રહેલ **શ્રી મોહદત્ત** તુરત તલવાર ખેંચી પોતાની પ્રિયતમાને બચાવવા તેમ જ **અબલા સ્ત્રી ઉપર હથિયાર ઉગામનારને યોગ્ય શિક્ષા કરવાની ક્ષત્રિય તરીકેની પોતાની ફરજ** બજાવવા "એ પુરુષાધમ! શરમ નથી આવતી! અબલા મુગ્ધ કુમારી કન્યાની છડેચોક છેડતી કરે છે, અને તે પણ તલવારના જોરે! જાણે કોઇ મહાપરાક્રમી ન હોય! તારામાં સાત્ત્વિક પરાક્રમ હોય તો તું અબલા સ્ત્રી ઉપર કદી હથિયાર ઉગામે ખરો! ખેર! છતાં તારામાં પરાક્રમ હોય તો આવી જા મેદાનમાં, મારી સાથે ખાંડાના ખેલ

ખેલી જો! નાહક અબલા મુગ્ધ કન્યા ઉપર ખાંડાને ઉગામી ક્ષાત્રત્રટને લજવે છે કેમ?" આદિ પ્રોત્તેજક વચનો કહી પેલાને પોતાની સામે કરી કન્યાનું રક્ષણ કર્યું. આ બાજુ શ્રી **તોસલકુમારે** પોતાની ધારેલી મુરાદમાં અંતરાય પાડનાર શ્રી **મોહદત્ત** સામે કરપીણ તલવારનો ઝાટકો માર્યો. પણ ખાંડાના ખેલમાં ચતુર શ્રી **મોહદત્તે** ઘા ચૂકવીને સામા એક જ ઝાટકે શ્રી **તોસલકુમારને** તેની બદદાતના તાત્કાલિક ફલરૂપ દુર્ગતિના રસ્તે પહોંચતો કર્યો અર્થાત્ શ્રી **તોસલકુમાર** યમશરણ થઇ દુર્ગતિમાં ગયો.

આ પ્રમાણે અબલા પર હથિયાર ઉગામનાર અને જાહેરમાં કુંવારી કન્યાની છેડતી કરનારને યોગ્ય શિક્ષા કર્યાનો આત્મસંતોષ માનતો અને એ રીતે પોત્તાની પ્રેમિકાના નવા પ્રેમીરૂપ કંટકને દૂર કરીને શ્રી **મોહદત્ત** વાસનાને તૃપ્ત કરવાના ઇરાદે **શ્રી વનદત્તા** પાસે જાય છે. શ્રી **વનદત્તા** પણ દુષ્ટના ફંદામાંથી બચાવી જીવિતદાન આપ્યું છે એટલે એવડા પ્રેમથી ભાવભીનો સત્કાર

**પ્રતિસ્પર્ધીનું ખૂન કરી શ્રી વનદત્તા પ્રતિ શ્રી મોહદત્તની પ્રવૃત્તિ અને અચાનક વિરામ.**

કરે છે. ધાઇ શ્રી **સુવર્ણદેવા** પણ પુત્રીના ચિત્તને પ્રસન્ન કરવા શ્રી **મોહદત્તને** પ્રશંસાના ફૂલથી વધાવે છે, બાદ આકસ્મિક આવી પડેલા ભયને લીધે થરથરાટને અનુભવતી શ્રી **વનદત્તાને** લઇ શ્રી **મોહદત્ત** એકાંતમાં જઇ કામક્રીડાની તૈયારી કરે છે, તેવામાં નીચે પ્રમાણે મધુર સ્વરમાં પોતાને સંબોધીને કહેતું હોય તેમ સાંભળી શ્રી **મોહદત્ત** ચકિત બની જાય છે. ભય-આશ્ચર્યની મિશ્ર લાગણીઓ અનુભવતો શ્રી **મોહદત્ત** કાન દઇને સાંભળે છે—

**વિરામમાં કારણરૂપ દિવ્ય-વાણી અને તેની તપાસ અને મુનિવરના દર્શનથી થયેલો અપૂર્વ આનંદ**

"અરેરે! જગતમાં સહુને પોતાનો સ્વાર્થ જ વહાલો છે. શ્રી વીતરાગપ્રભુએ પ્રરૂપેલ ધર્મ અને તેની મર્યાદા કોઇને ઈષ્ટ નથી! જૂઓ તો ખરા! પોતાના સગા બાપને સગે હાથે મારી પોતાની જ જન્મદાત્રી માતાની સમક્ષ સગી બ્હેન સાથે વ્યભિચાર-વિષય-ક્રીડા કરવા આ જાય છે! આના કરતાં વળી બીજી શી મૂઢતા હોય!"

આ પ્રમાણેનું સ્પષ્ટ છતાં વિસંવાદી વચન સાંભળી ચારે બાજુ તપાસ કરે છે, પણ કોઇ ન દેખાવાથી પુનઃ માનસિક વાસના તૃપ્ત કરવા પ્રવર્તે છે, ત્યાં પુનઃ ઉપર મુજબનું સંભળાય છે એટલે શ્રી મોહદત્ત ક્ષુબ્ધ થયો, 'નક્કી કોઇ યક્ષ–વ્યંતરાદિક મને ઉદ્દેશીને કહેતો લાગે છે, માટે લાવ તપાસ તો કરું' એમ વિચારી કૌતુક અને નાહક ધાર્યા કામમાં વિઘ્ન આવવાથી ક્રોધની લાગણીઓના ઉશ્કેરાટમાં આવી ખુલ્લી તલવાર હાથમાં રાખી તે બોલનારનો પત્તો મેળવવા ઉત્સુક બનીને તે જંગલમાં તપાસવા નિકળી પડે છે. ત્યાં ફરતાં ફરતાં એક સ્થાને મુનિવરને જૂએ છે, તેથી તે શ્રી મોહદત્તને ભરસમુદ્રમાં ડૂબતાને વહાણ, ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, થાકયાને વાહન, સુખિયાને ગાવન, ગરમીથી ગભરાયેલાને ઝાડની શીતલ છાયા, ભયભીત બનેલાને આશ્રય, ચકોરને ચંદ્ર, કમલને સૂર્ય સમુદ્રને પૂર્ણકલાએ ખિલેલી ચાંદની અને મોરને મેઘ મળ્યા જેટલો આનંદ થયો કારણ કે અકસ્માત સંભળાયેલી વાણી મુજબ પોતે માનસિક તૃપ્તિ કરવા જતાં ભગિની–વ્યભિચાર જેવા ભયંકર પાપ સાથે પિતૃહત્યા આદિના ભયંકર પાપોનો ભાગીદાર બની જતો હોવ તો જીવતર પશુ કરતાં પણ હીન થઇ જવાની ઉપજેલી શંકાનું નિવારણ નિઃસ્વાર્થ જીવન જીવનારા નિષ્કારણબંધુ સાધુ ભગવંત સિવાય કોઇ કરી શકે જ નહિ. તેવી પરિસ્થિતિમાં અચાનક મુનિનો સમાગમ થઇ ગયો.

મુનિવરને જોઈ સંશયના પ્રબલ ઝંઝાવાતના ઝકડોલે ચઢેલું માનસ તુરત શાંત થવાની આશાએ શ્રી મોહદત્ત આર્ય-સંસ્કારોના હાડ-રપર્શી

**શ્રી મોહદત્તે કરેલી મુનિવરની સ્તવના**

રંગના કારણે પ્રબલ કામવાસનાના વાતાવરણને પણ ઘડીભર વિસરી જઈ નિઃસ્પૃહ ત્યાગપૂર્ણ મુનિદશાની પ્રમોદપૂર્ણ પ્રશંસાના ફૂલોથી મુનિવરને વધાવે છે અને સ્તવે છે કે "હે મુનિશ્રેષ્ઠ! આપ જેવા નિષ્કારણ-જગવત્સલ સ્વહિતની અવિરત સાધના સાથે નિરંતર પ્રાણીમાત્રનું ભલું ચાહનારા-કરનારા મુનિપુંગવોનો સમાગમ ખરેખર અનેક ભવોના બહુલ-સંચિત પુણ્યરાશિ વિના દુર્લભ છે, ખરેખર સાક્ષાત્ અજ્ઞાન-મોહના પાશમાં ફસાયેલા સંસારના પ્રાણીઓનો ઉદ્ધાર કરવા જ જાણે ધર્મરાજા મૂર્તિમંત થઇ આપના બ્હાને જગત્માં અવતરેલા છે. તે પ્રાણીઓ ધન્ય અને કૃતપુણ્ય છે કે જેઓ પરમવંદનીય સુભગભાગધેય આપ જેવાને ભાવ-પૂર્વક વંદે-નમે છે. આપની સમીપે આવવા માત્રથી મને અવર્ણનીય આનંદનો અનુભવ થાય છે, વળી આપ જ્યારે મારી ઉપર વાણીપ્રયોગ કરવાની કૃપા કરશો ત્યારે તો મારા હર્ષની સીમા જ નહિ રહે! કારણ કે-માતા. પિતા અને ગુરુના વચનો અમૃત અને ઉત્તમ રસાયન કરતાં પણ વધુ મધુર-હિતકર હોય છે, પણ તેની યથાર્થતાનો અનુભવ તો ઉત્તમ પ્રકૃત્તિવાળા ભાગ્યશાલી કુલીન આત્માઓ જ કરી શકે છે, તેઓ જ વડિલોના હુકમને એકાંત હિતકર માની તેને વફાદાર રહી આત્મહિત સાધી શકે છે. તથા પૃથ્વીની શોભા મનુષ્યોથી છે. મનુષ્યો લક્ષ્મીથી શોભે છે, લક્ષ્મી પણ દાન વિના પ્રશંસનીય થતી નથી. અને દાન પણ ઉત્તમ આપ જેવા પાત્ર વિના વખણાતું નથી એટલે કે સાક્ષાત્ પરંપરાએ જગતને

રળિયામણું બનાવનાર મનુષ્યોને દીપ્તિમાન બનાવનારી લક્ષ્મીને પ્રશસ્ય બનાવનાર દાનના સુયોગ્ય પાત્ર તરીકે હોવાના કારણે આપ જેવા મહાપુરુષો જ જગતની અનેરી શોભા વધારે છે, આપ પૂજ્યશ્રીની વિચારણાઓ અતિ ઉદાત્ત અને પરમોચ્ચ કક્ષાની હોય છે કે 'જગતના તમામ જીવો પરમશાંતિ અને કલ્યાણમાર્ગના પથિક બનો,' વળી શૂરવીર યોદ્ધાઓની યુદ્ધની ઝંખનાની જેમ વૈદ્યોની રોગવૃદ્ધિની ચાહનાની જેમ, તેમ જ બ્રાહ્મણોની મૃત્યુ પ્રસંગે થતા લાડવાના ભોજનની પ્રતીક્ષાની જેમ " क्षेमं भवतु सुभिक्षम् " ની કલ્યાણકર ભાવનાઓ આપશ્રીના જીવનમાં ઓતપ્રોત બનેલી હોય છે.

આ રીતે પરમકલ્યાણકર આદર્શ ભાવનાવાળા છતાં પણ આપના ઉપદેશની સર્વતોમુખી અસર દરેક પ્રાણી પર નથી થતી, તેમાં કેવળ તે તે આત્માઓની કમનસીબી અને કર્મના વિપાકવશ અયોગ્ય હોવાના કારણે સ્વગત ન્યૂનતા જ દોષાવહ છે' વ્યવહારમાં તુચ્છ પદાર્થનો સુપરિણામ પાત્રગત ક્ષતિઓના લીધે પ્રત્યક્ષ અનુભવાય છે; કારણ કે ખોળ જેવી ચીજ નિસ્સાર રસ-કસ વિનાની માત્ર ફોતરાસ્વરુપ છતાં પણ પણ ગાયના પેટમાં જઇ દૂધરૂપે પરિણમે છે, અને દૂધ જેવો ઉત્તમ જીવનતત્ત્વોથી ભરપૂર પદાર્થ સર્પને પાવાથી ભયંકર ઝેરરૂપે પરિણમે છે. વળી મેઘનું અમૃતતુલ્ય પણ પાણી આંબા અને લીંબડાના ઝાડ વિષે ભિન્ન રસપણે પરિણમે છે, એટલે હે મુનિશ્રેષ્ઠ! પાત્રના આધારે પદાર્થની હીનતા કિંવા સુંદરતા નિર્ભર હોઈ આપના એકાંત-હિત-બુદ્ધિથી પણ દેવાતા ઉત્તમ ધર્મોપદેશની અસર પ્રાણીઓના ભાગ્ય પર આધાર રાખે છે. હે નિષ્કારણબંધો! આપ જેવા પ્રત્યુપકારની જરા પણ આશંસા કર્યા વિના ત્રિવિધે ત્રિવિધે અમ જેવા પામર પ્રાણી પર દયા કરનારા વાંકા-ચૂંકા પણ જો ધર્મના બે અક્ષર અમને આપો. સંભ-

ળાવો તો તે બે શબ્દો ગુરૂની નિશ્રા કે કૃપા વિના સેંકડો ગ્રંથોના અવગાહન કરતાં વારંવાર આત્મ-કલ્યાણના માર્ગે વધુ પ્રેરક પ્રકાશ પાથરે છે. ગહન અંધકારમાં નાનો પણ દીવો પ્રકાશથી ઝળહળતા અનેક રત્નોની અપેક્ષાએ વધુ માર્ગદર્શક બની ઉપયોગી નિવડે છે. તેમ આપની અમૃતમય ધર્મવાણીના બે શબ્દ પણ અમારા માટે બસ છે.”

**શ્રી મોહદત્ત-તે મુનિવરને શંકાના નિરસન માટે કરેલી પ્રાર્થના**

ઉપર મુજબ ભાવપૂર્વક સ્તવના કરી, યથોચિત વિનયની મર્યાદા સાચવી નમ્રભાવે અંજલિપૂર્વક પુછે છે કે- ‘હે પ્રભો! સગા બાપનો ઘાત કરી, સગી માતાની સમક્ષ સગી બહેન સાથે વ્યભિચાર કરવાના પાપનો ઉલ્લેખ કરતી દિવ્યવાણીનો શો આશય છે? સ્પષ્ટ છતાં તે વાણી વિસંવાદજનક હોઇ મારા મનને ભારે મૂંઝવે છે માટે કૃપા કરી તેનો સ્પષ્ટ ખુલાસો જણાવવા કૃપા કરો. આપ સિવાય અમ મનના સંશયોને દૂર કરનાર બીજો કોણ છે? માટે કૃપાપુર્વક આ વાતનો ઉકેલ જણાવી અજાણ્યે પણ થઇ ગયેલ અને થઇ જનારી ભૂલનું પરિમાર્જન કરવાની તક મને આપી કૃતકૃત્ય કરો.”

મુનિવર પાપના માર્ગે પ્રવર્ત્યા છતાં માનસિક ભૂમિકાની અલ્પ-પ્રયત્ન-સાધ્ય નિર્મલતાની ઝાંખી કરાવતા મોહદત્તના વચનો સાંભળી, તેના જીવનને ઉચ્ચ માર્ગે લઈ જવામાં પોતાનું નિમિત્તકારણ જાણી, ધર્મબુદ્ધિએ દિવ્યવાણીના ઉકેલ માટે વિસ્તારથી તેના પુર્વવૃત્તાંતને જણાવવાની શરૂઆત કરે છે.

આ રીતે રાસકાર શ્રી સીમંધરપ્રભુ અને કામગજેન્દ્ર ના ઉપકાર્ય-ઉપકારક સંબંધને સ્પષ્ટ કરવા માટે ચાલુ ભવનું વર્ણન

શ્રી મહાવીર પ્રભુ અને શ્રી સીમંધર વિભુ સાથે સુસંગત કરતા શ્રી કામગજેન્દ્રના પૂર્વભવ-વ્યાવર્ણનની પીઠિકા વર્ણવી મધ્ય ઉલ્લાસની સમાપ્તિ કરે છે.

હવે શ્રી કામગજેન્દ્રના પૂર્વભવનું વર્ણન તથા શ્રી કામગજેન્દ્રે કરેલી અપૂર્વ આરાધના અને કેવલજ્ઞાનપ્રાપ્તિ આદિનું વર્ણન ચરમ ઉલ્લાસમાં આવશે.

॥ ઇતિ શ્રી સીમંધરસ્વામિ શોભાતરંગે [૧]પંચમ(સુંદર) મધ્યોહલાસઃ સમાપ્તઃ ॥

---

૧ આ શબ્દ માટે પા. ૮૬ નું ટિપ્પણ જૂઓ.

॥ ॐ अर्हं नमः ॥

# શ્રી સીમંધર-શોભા-તરંગ

## ( ચરમ ઉલ્લાસ )

હવે મુનિવર પાસેથી દિવ્ય વાણીનો ખુલાસો સાંભળી શ્રી મોહદત્ત સંયમ લઈને શ્રી કામગજેન્દ્ર કેવી રીતે થાય છે, અને તે શ્રી કામગજેન્દ્ર આગુ ભવમાં શ્રી સીમંધર-પ્રભુના મુખથી પોતાના પૂર્વભવો સાંભળી વૈરાગ્યપુર્વક પ્રભુ શ્રી મહાવીરદેવ પાસે દીક્ષા લઈ, અપૂર્વ આરાધના કરી કેવળજ્ઞાન પામી, મોક્ષે કેવી રીતે જાય છે તેનું વર્ણન આ ચરમ ઉલ્લાસમાં આવશે.

**ચરમ ઉલ્લાસનો ઉપક્રમ**

“હે મહાનુભાવ! તને અચંબામાં નાખનાર દિવ્ય વાણીને સ્પષ્ટ રીતે સમજવા માટે તારો જે હું પુર્વ-વૃત્તાંત કહું છું, તે ધ્યાનપુર્વક સાંભળ.

**શ્રી મોહદત્તે સાંભળેલી દિવ્ય વાણીનો મુનિવરે કરેલ ઉકેલનો પ્રારંભ**

[1]આ જ શ્રી ભરતક્ષેત્રમાં કોશલ નામના દેશમાં શ્રી કોશલા નગરીમાં શ્રી કોશલ નામનો મહાપ્રતાપી રાજા છે. તેને શ્રી તોસલકુમાર નામનો પુત્ર છે. તે જ નગરમાં શ્રી નંદન નામનો શ્રીમંત શેઠ છે, તેને શ્રી રત્નરેખા નામની સ્ત્રી છે. તે બન્નેને પ્રાણ કરતાં અધિક વહાલી શ્રી સુવર્ણદેવા નામની રૂપે શ્રી રંભાના પણ સૌંદર્યને મ્લાન કરનારી પુત્રી છે.

એકદા ઉત્તમ ધર્મના સંસ્કારોથી વિહીન રાજપુત્ર શ્રી તોસલકુમાર સ્વચ્છંદપણે વિચરતા તે શ્રેષ્ઠિ-કન્યાને જોઈ

---

૧ અહીંથી શરૂ થતા દિવ્ય વાણીના ઉકેલની વિસ્તૃત માહિતી શ્રી રત્નપ્રભુસૂરિ રચિત શ્રી કુવલયમાલા કથા (ચંપૂ)ના ત્રીજા પ્રસ્તાવ (પૃ. ૬૯ થી ૮૨)માં છે.

**વ્યભિચારી શ્રી તોસલકુમારનું ગુપ્ત રીતે દેશાંતરગમન.**

મોહિત થાય છે, અને પેલી શ્રેષ્ઠિ કન્યા તે જોઇ મોહિત થાય છે, અને પેલી શ્રેષ્ઠિપુત્રી પણ ઉંમર લાયક હોઇ અને જેની સાથે સગપણ થયેલ છે તે શ્રેષ્ઠિપુત્ર વ્યાપારાર્થે દૂર દેશાવરમાં ગએલ હોઈ રાજપુત્રના રૂપ પર મોહી પડે છે, અને કામદેવના ઉન્માદ-તાપ-શોષણ-સ્તંભ-સંમોહને પેદા કરનારા પાંચે બાણોથી પીડાતી સંકેત-વ્યવહાર ચલાવી, કુલમર્યાદા તેમ જ આર્ય કુલીન રમણી તરીકેના સર્વ સંસ્કારો લુપ્ત કરનારી કામવાસના તૃપ્ત માર્ગે બોલાવે છે, અને રાજપુત્ર પણ મોહાંધ બની લોકાપવાદાદિને અવગણી ક્ષણિક સુખને મેળવવા સાહસ ખેડી આવે છે. આ રીતે અનુક્રમે આઠ માસ સુધી રાજપુત્રનો સમાગમ ચાલુ રહ્યો અને શ્રેષ્ઠિપુત્રી ગર્ભવતી થાય છે. સખીઓના કહેવાથી દુરાચારની જાણ થતાં તેની માતાએ શેઠને વાત કરી, એટલે શેઠે રાજા પાસે જઈ ફરિયાદ કરી. રાજાએ મંત્રીદ્વારા તપાસ કરાવતાં પોતાનો પુત્ર જ અપરાધી જણાયાથી ન્યાય-રાજનીતિને વફાદાર રહી પ્રાણાંતદંડની સજા કરવા મંત્રીને હુકમ કર્યો. વિચાર-ચતુર મંત્રીએ ઉપાયાંતરવડે રાજપુત્રને સ્મશાનભૂમિમાં લઇ જઇ ખાનગીમાં કહ્યું કે—"તમારા પિતાએ તમારા દુરાચારથી ક્રોધિત બની તમને મારી જ નાંખવાનું મને કહ્યું છે, છતાં મારે તો તમે પણ શિરછત્રરૂપ છો, એટલે તમે અહીંથી ગૂપચૂપ દેશાંતર ચાલ્યા જાઓ, કયાંય અહીંના રાજપુત્ર તરીકે જાહેર થતા નહિં, રાજપુત્રપણ મંત્રિની ભલમનસાઈ અને કાર્યદક્ષતાની હાર્દિક પ્રશંસા કરતો તુરત ગુપ્તપણે ત્યાંથી નિકળી અનેક ગામ-નગરો વટાવી શ્રી પાટલિપુત્રમાં શ્રી જયવર્મરાજાની સેવામાં રહ્યો.

**શ્રી તોસલકુમાર સાથે કરેલ અનાચારથી શ્રેષ્ઠી-પુત્રીની થયેલી દુર્દશા.**

હવે શ્રેષ્ઠીપુત્રી શ્રી સુવર્ણદેવા પણ કુલ-મર્યાદાને ન છાજે તેવું ભયંકર-અનાચારનું પાપ પ્રગટ થવાથી, લોકોના કુટુંબીઓના અસહ્ય ફિટકાર-તિરસ્કાર સહન ન થવાથી ઘર-માંથી છાની રીતે નીકળી ગઇ અને રાજ-પુત્રને તેના પિતાએ મારી નાંખ્યાના સમાચાર સાંભળી મોહથી ઘેલછાવશ પોતે

પણ રી જવા તૈયાર થઇ; પણ ગર્ભવતી હોઇ કાલક્ષેપ કરવાના ઇરાદે ભવિતવ્યતાનાબલે પાટલિપુત્ર જતાં એક સાર્થની સાથે પોતે ચાલી, પણ ગર્ભનો સમય પરિપુર્ણ થયો હોવાથી અને લોકોનો તિરસ્કાર, ગૃહ-પરિત્યાગ, માર્ગપરિશ્રમ, શરીર–સુકુમાલતા આદિ અનેક કારણોથી અનેક-ગુણ વધેલી પ્રસવકાળની આસન્નતાએ થતી અનેક વેદના–પીડાએ તેણીને વિહ્વલ કરી મૂકી અને સાર્થની સોબત પરાણે છોડવી પડી. ભયંકર વિકટ જંગલની ગહનતા અને ગાઢ અંધકારની ભયાનકતા તેમ જ પરમ સુખી-અવસ્થામાં ઉછરેલી છતાં પ્રસવ જેવા કપરા સમયે ભયંકર વેદના-ઓમાં આશ્વાસન દેનારના પણ અભાવથી અતિ વિહ્વલ થઇ છાતીફાટ રુદન કરે છે, વિલાપ કરે છે. છેવટે લાગણીઓના પ્રબલ આવેગથી શ્રી સુવર્ણદેવા–મૂર્છિત–બેભાન થઈ જમીન પર પડી જાય છે. સુંદર મખમલની કોમલ તળાઇમાં સૂનારી શ્રેષ્ઠીપુત્રીના કાયા પત્થર કાંટાથી વ્યાપ્ત અટવીના ખરબચડા ભૂ-પ્રદેશ ઉપર નિરાધાર થઇને પડી! અહો શી કર્મની અકળ ગતિ! ! અજ્ઞાન-મૂઢ પ્રાણી પાપ કરતાં પાછું વાળીને જોતો નથી, ક્ષણિક આનંદ તૃપ્તિમાં ગાંડા-ઘેલો બની અપાર દુ:ખરાશિને હાથે નોતરે છે અને તે દુ:ખોના વિપાકને ભોગવવા ટાણે પત્થર–હૈયાંને પણ પીગળાવી દે તેવી દયા-જનક સ્થિતિ અનુભવે છે. બાદ ચંદ્રના શીતલ કિરણો અને જંગલની શુદ્ધ–ઠંડી હવાથી ધીમે ધીમે ચૈતન્ય આવે છે, અને અલ્પ સમયમાં પુત્રપુત્રીના યુગલનો જન્મ થાય છે. શ્રી સુવર્ણ-દેવાએ આવી પડેલા અપાર દુ:ખોના પંજામાંથી છૂટવા મરણનો નિર્ણય કર્યો છતાં કોમલ બાલકોની ભાવી દશાનો વિચાર કરી થએલી ભૂલને ધ્યાનમાં રાખી, નવી બાલ–હત્યાની ભૂલને ધ્યાનમાં રાખી, નવી બાલ–હત્યાની ભૂલ ન થાય માટે મરણના વિચારને જતો કરી, કોઇ ગામની નજીક જઇ શરીરશુદ્ધિ કરવા માટે જલાશય પર જવાની તૈયારી કરે છે. શ્રી તોસલકુમારના નામની મુદ્રિકા બાલકના ગલામાં અને પોતાના નામની મુદ્રિકા બાલિકાના ગળામાં નાંખી નવપ્રસૂત બાલક બાલિકાને પોટલીની જેમ કપડાના બે છેડે બાંધી યોગ્ય સ્થાને મૂકી વિંધ્યાચલની તળેટીના ઝરણામાં સ્નાનાદિ માટે જાય છે.

આ બાજુ નવજાત હોવાથી લોહીથી ખરડાયેલ બાલક-બાલિકાની તે કપડાની ગાંઠને લોહીની ગંધથી આકર્ષાયેલી નવી વિયાએલી એક વાઘણ માંસના પિંડની બુદ્ધિથી વચમાંથી પકડીને લઇ ગઇ. રસ્તામાં ગાંઠ ઢીલી પડવાના કારણે છોકરી પડી જાય છે, વાઘણને ખબર પડતી નથી અને પોતાના સ્થાને જવા થોડીક આગળ વધી હશે, તેટલામાં શિકાર કરવા આવેલ શ્રી પાટલિપુત્રના રાજા **શ્રી જયવર્મ**ના પુત્ર **શ્રી શબરશીલે** વાઘ સમજીને સચોટ તાકીને મારેલ બાણથી તડફડીને તે વાઘણ તરત મરી ગઇ. નજીક આવેલા **શ્રી રાજપુત્ર શ્રી શબરશીલે** વાઘણના મોંઢામાં પકડેલ કપડાંની ગાંઠમાં લોહીથી ખરડાયેલ છતાં ચંદ્રસમાન આહ્લાદદાયી નવજાત શિશુને જોઇ આશ્ચર્યચકિત થઇ જાળવીને તે બાળક સાથે રહેલી પોતાની સ્ત્રીને આપ્યો, અને શિકાર પ્રસંગે વાઘ પાસેથી પ્રાપ્ત થયો હોવાના કારણે તેનું શ્રી **વ્યાઘ્રદત્ત** નામ પાડયું પણ કાલક્રમે મોહની ઘેલછાભરેલી તેની વર્તણુંકથી લોકોએ તેનું શ્રી **મોહદત્ત** નામ પાડયું. આ બાજુ રસ્તામાં પડી ગયેલી પેલી બાલિકાને કાર્યપ્રસંગે તે બાજુ નિકળેલા શ્રી **પાટલિપુત્ર**ના રાજા **શ્રી જયવર્મા**ના રાજદૂતે દીઠી, અને ઘોર અટવીમાં નિરાધારરૂપે પડેલ કરુણાજનક નવજાત-દશાવાળી તે બાલિકાને લઇ સાથે આવેલ નિઃસંતાન પોતાની સ્ત્રીને આપી તેણીની સવા શેર માટીની ઉણપના લીધે થતી ચિંતા દૂર કરી અને **શ્રી વનદેવાએ** એકનિષ્ઠાપૂર્વક સ્વામીની વફાદારી પ્રામાણિકતાથી પ્રસન્ન થઇ જાણે કૃપા કરી અમારી માનસિક ચિંતા દૂર કરી એટલે તે બાલિકાનું શ્રી **વનદત્તા** નામ પાડયું.

**સુવર્ણદેવાના નવજાત શિશુયુગલની કર્મ-સંજોગ થએલી પરિસ્થિતિ**

**આ પ્રમાણે કર્મસંયોગે અને ભવિતવ્યાની પ્રબલતાએ માતાથી વિખૂટા પડેલ અને મોતના પંજામાં સપડાયા છતાં નવજાત શિશુ-યુગલ પૂર્વસંચિત પુણ્ય રાશિના બલે યોગ્ય સ્થાને સુરક્ષિત પહોંચી ગયું, અને તુચ્છ માનવીએ-શુભાશુભ**

**કર્મના બલ ઉપર જ મેળવાતી અને ટકતી પૌદ્‌ગલિક સુખ-દુ:ખની સામગ્રીમાં કલ્પી કાઢેલા અહંભાવના ભૂતને નિરર્થક સૂચવ્યું, તેમજ "राम राखे तेने कोण चाखे" ના લોકોક્તિને ચરિતાર્થ કરી.**

આ બાજુ **શ્રી સુવર્ણદેવા** શરીરશુદ્ધિ કરીને પાછી આવી, પણ યોગ્યસ્થાને કપડાં બાંધીને મૂકેલ પોતાના નવજાત શિશુયુગલને ન જોવાથી વજ્રાહતની જેમ એકદમ મૂર્છિત થાય છે.

**શ્રી સુવર્ણદેવાનું પોતાની જ પુત્રીની ધાઈ તરીકે શ્રી પાટલિપુત્રમાં રાજદૂતને ત્યાં રહેવું, કર્મની અજબ ઘટના.**

શીતલ પવનથી ભાનમાં આવ્યા પછી પોતાના માથે વીતી રહેલ દુ:ખોની પરંપરાના વિચારથી ભ્રમિત જેવી બનેલી તે શ્રી **સુવર્ણદેવા** અનેક પ્રકારે વિલાપ આદિ કરે છે, છેવટે કથંચિત્ મનને સ્વસ્થ કરી જરા આગળ ચાલે છે ત્યાં વાઘણના પગલાં જોઇ બન્ને બાલક વાઘણે માર્યાનો પ્રત્યક્ષસિદ્ધ નિર્ણય કરી હૃદયને વજ્રસમ કઠણ કરી પાસે કોઇ ગોકુલમાં ભરવાડણને ત્યાં આવી. ભરવાડણે પણ તેની મુખાકૃતિ પરથી જંગલમાં ભૂલી પડેલ કોઈ સારા ઘરની કન્યા સમજી, પોતાની દિકરી જેવું વ્હાલ બતાવી આશરો આપી તેણીના મનનું સાંત્વન કર્યું. થોડા દિવસ ત્યાં રહી ગામ-નગરોમાં ભટકતી તે **શ્રી સુવર્ણદેવા** કર્મસંયોગે શ્રી **પાટલીપુત્રમાં** તે જ રાજદૂત (કે જેને રસ્તામાંથી વાઘણે પકડેલ કપડાંની ગાંઠમાંથી સરી પડેલી છોકરી મળી આવેલ)ના ઘરે આવી પહોંચી. આજીવિકાને માટે તે દૂતને ત્યાં દૂતની સ્ત્રીના કહેવાથી શ્રી **વનદત્તાના** પાલન-પોષણ માટે ધાઇ તરીકે રહી. અનેક પ્રકારે શ્રી **વનદત્તાનું** પાલન-પોષણ દૂતની છોકરી સમજીને કરે છે, પોતાના તો બન્ને બાલક વાઘણ ખાઇ ગઇ છે એમ જંગલમાં વાઘણના પગલા નજરે નિહાળી તેણીએ નિર્ણય કરેલો છે. એટલે પોતાની પુત્રી તરીકેની શંકા જ ક્યાંથી આવે? **કર્મના ઉદયથી મૂઢ બનેલી અને તે જ ભવના ભયંકર સેવેલા અનાચારના પાપની સજા ભોગવનારી તે બિચારીએ અઘટિત ઘટના**

કરનાર કર્મની વિચિત્ર ગતિનો ખ્યાલ ક્યાંથી આવે? શ્રી સુવર્ણદેવાની દેખરેખતળે શ્રી **વનદત્તા** ક્રમે કરીને મોટી થાય છે, અનેક કલાઓમાં કુશલતા મેળવી સુંદર યુવાવસ્થાના વિકાસથી યુવાનોના ચિત્તને આકર્ષનારી નિવડે છે.

**શ્રી વનદત્તાનો મોહદત્ત પર અનુરાગ અને શ્રી મોહદત્તના હાથે શ્રી તોસલકુમારનો ઘાત.**

તે જ નગરના રાજાનો પુત્ર શ્રી **શબરશીલ**નો શ્રી **મોહદત્ત** નામનો કુંવર ( જે કે શ્રી **સુવર્ણદેવા**ની કુક્ષિથી શ્રી વનદત્તાની સાથે જ જન્મેલ છે) જેની શ્રી **મોહદત્ત**ને જાણ નથી ) તે શ્રી **વનદત્તા** (જે કે શ્રી. **મોહદત્ત**ની સગીબ્હેન થાય છે કર્મસંયોગે વાઘણના મુખથી સરી પડી રાજદૂતને ત્યાં મોટી થયાનું શ્રી **મોહદત્ત** ની જાણમાં નથી)ના રૂપ પર વસંતક્રીડાના પ્રસંગે ઉદ્યાનમાં દૃષ્ટિમેલાપક થયે આસક્ત થાય છે. શ્રી **વનદત્તા** પણ કર્મવશ અજ્ઞાન દશામાં મૂઢ થયેલી પોતાના સગાભાઇ તરીકે નહિં જાણતી શ્રી **મોહદત્ત** પર આશક્ત થાય છે. સાથે રહેલ શ્રી સુવર્ણ**દેવા** બન્નેના મનોગત ભાવોને ઓળખી વસંતોત્સવ વીત્યા પછી એકાંતમાં શ્રી **મોહદત્ત**ને આવવાનો સંકેત કરે છે. વસંતોત્સવ પછી શ્રી **સુવર્ણદેવા** સાથે શ્રી **વનદત્તા** પોતાની વાસના તૃપ્ત કરવા શહેરમાથી નિકળે છે તે સમયે શ્રી **તોસલકુમાર** શ્રી **કોશલદેશના** રાજાનો **કુંવર**-જેને કે શ્રી **સુવર્ણદેવા** સાથેના વ્યભિચારથી તેના પિતાએ પ્રાણાંતદંડની સજા કરેલ પણ કાર્યદક્ષ મંત્રીની સલાહથી બચી જવા દૂર દેશાવરમાં આવી શ્રા **પાટલિપુત્ર**ના રાજાની સેવામાં રહેલ છે તે) તે શ્રી **વનદત્તા**ને જોઇ વ્યાવહરિક સંબંધે પોતાની સગી પુત્રી છતાં કર્મના વિપાકમાં મૂઢ બનીને તેણી ઉપર મોહાંધ બને છે, અને કાર્યાકાર્યનો તથા બાલિકાનો પોતાના પર પ્રેમ છે કે નહિં તેનો પણ વિચાર કર્યા વગર તરત જ તેણીની પાછળ જાય છે. અને શ્રી **સુવર્ણદેવાએ** શ્રી **મોહદત્ત**ની સાથે નક્કી કરેલ એકાંત સ્થલે પહોંચ્યા પછી લોક-લાજની અવગણના કરી તે શ્રી **તોસલકુમાર** કર્મના ફંદમાં નાટકિયાની જેમ નાચતો

કામાધીન બની સગી પુત્રીને વિષયવાસના તૃપ્ત કરવાની પ્રાર્થના કરે છે પ્રાર્થનાનો ભંગ કરવામાં તલવારની ધમકી આપે છે. શ્રી વનદત્તાં તો શ્રી મોહદત્ત પર આસક્ત હતી, વળી " પરાણે પ્રીતિ થાય નહિ " ની કહેતી મુજબ તલવારના જોરે પ્રેમ કરવા માગતા તે નફટ નરાધમના પાશમાંથી છૂટવા "દોડો-ધાજો"ની બૂમરાણ મચાવે છે, એટલે સંકેત કર્યો મુજબ આવી રહેલો શ્રી મોહદત્ત ભયભ્રાંત બની કોઇ અબલાની ચીસ સાંભળી દોડતો ત્યાં આવી પહોંચ્યો, અને પોતાની પ્રેમિકાને તલવારની ધમકી બતાવનાર શ્રી તોસલકુમાર (જે કે પોતાનો સગો બાપ છે, પણ પોતાને ખબર નથી) ને તલવારની ઝપાઝપીમાં રામશરણ કરી દે છે. શ્રી સુવર્ણદેવા પણ જેની પાછળ કુલની લાજ મર્યાદા વેગળી મુકી માબાપ કુટુંબિયોના વ્હાલને વિસારે મુક્યું, ઋદ્ધિથી છલકાતા ઐશ્વર્યપૂર્ણ ઘરને છોડી જંગલમાં ભટકતી બની બીજાને ત્યાં દાસીપણું સ્વીકાર્યું, તે શ્રી તોસલકુમારને ઘણા વર્ષથી નહિ જોયેલ તેમ જ તેને તો તેના બાપે મારી નંખાવેલ છે એવો નિર્ણય હોવાથી ઓળખી શકી નહિં, ઉલટું આ મોહદત્તે મારી નાંખ્યો તે સારું કર્યું એમ માનવા લાગી અહો શી કર્મની વિટંબના છે! એક જ ભવમાં કર્માધીન મૂઢ આત્માઓ જાણ્યે અજાણ્યે પણ કેવા ભયંકર અકૃત્યો કરી બેસે છે. બાદ શ્રી સુવર્ણદેવા નેત્રના ઇશારાથી સગા ભાઇ બ્હેનને વાસના તૃપ્ત કરવાની સંમતિ આપે છે, અને શ્રી મોહદત્ત કામક્રીડાની તૈયારી કરે છે. તેટલામાં દિવ્ય વાણી સંભળાય છે, અને ચકિત થઇને શ્રી મોહદત્ત બોલનારની તપાસ કરે છે. પછી જે બન્યું છે તે તું જાણે જ છે.

**દિવ્ય વાણીના ઉકેલનો ઉપસંહાર.**

આટલા વૃત્તાંત ઉપરથી તું સમજી શક્યો હોઇશ કે શ્રી મોહદત્ત તે તું પોતે જ છે, તલવારના એક ઝટકે જેમને યમસદને પહોંચાડી પ્રતિસ્પર્ધીને મહાત કર્યાનો સંતોષ અનુભવ્યો તે શ્રી તોસલકુમાર તારો સગો પિતા હતો, અને જેના પર તું આસક્ત થઇને ઘેલો બન્યો છે તે શ્રી વનદત્તા તારી

સગી બ્હેન, અને આ બધા કામમાં સંપૂર્ણ પ્રેરણા કરનાર, આગળ પડતો ભાગ ભજવનાર શ્રી સુવર્ણદેવા તે તારી અને શ્રી વનદત્તાની સગી માતા છે. એટલે ચચેલી દિવ્ય વાણીમાં સૂચવાયેલ–સગા બાપનું સગે હાથે ખૂન કરી માતાની સમક્ષ બ્હેન સાથે વ્યભિચારની–વાતમાં તને હવે શો વિસંવાદ જણાય છે?" શ્રી મોહદત્ત, શ્રી સુવર્ણદેવા અને શ્રી વનદત્તા ઉપર મુજબનો વૃત્તાંત મુનિવર પાસેથી સાંભળી

**ભવનિર્વિણ્ણ બનેલ શ્રી મોહદત્તની પ્રાર્થના અને મુનિવરે કરેલ ખુલાસો.**

લજ્જા અને પાપના પ્રશ્ચાત્તાપથી અધોમુખ બની મુનિવરના જ્ઞાનગુણની અનુમોદના કરી ભયંકર પાપમાંથી બચી ગયા હોવાના કારણે પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. અને અજ્ઞાન કેટલું ભયંકર છે, અજ્ઞાન અંધકારમાં વિવેકચક્ષુહીન આથડતા પ્રાણીઓ કેવા અણછાજતા કામો કરી બેસે છે તેનો ખ્યાલ કરી "अज्ञानं खलु भो: कष्टम्" "अनंतदु:खवृक्षाणां मूलमज्ञानमेव च" આદિ સુભાષિતોની મહાર્થતા સમજ્યા. પછી શ્રી મોહદત્તે પશુજાતિ કરતાં પણ અધમ કક્ષામાં લઇ જનાર ભયંકર પાપોનું પ્રાયશ્ચિત કરવા અને અજ્ઞાનરૂપ મહાન્ દોષને દૂર કરવા સર્વજ્ઞ વીતરાગ પ્રભુનું અનન્યચિત્તે શરણ સ્વીકારવા દીક્ષા–ચારિત્ર–સંયમની પ્રાર્થના મુનિવરને કરી, એટલે જેમના નિર્મલ દાંતોની જ્યોત્સના બોલતી વખતે હારની પ્રભા સમાન ફેલાઈ જાય છે, તથા જેમની સુંદર શ્યામલ મોહક રૂપસૃષ્ટિ જાણે જગતના ત્રિવિધ તાપને શમાવવા મેઘમાલા કેમ ન હોય? અગર મુક્તિ–બાલાને આકર્ષણ–વશ્ય કરવા શ્રેષ્ઠ કામણ કેમ ન હોય? એવા અનુપમ સુંદર રૂપનિધાન છતાં મોહસમુદ્રમાં નહિં ડૂબનાર પણ નાવની જેમ સ્વ–પરતારક, અને વાણીરૂપ વજ્રથી જગતના પાપોનો ધ્વંસ કરનાર તે મહામુનિવર પશ્ચાત્તાપ અને ભવનિર્વેદની ભાવનાથી તરબોળ બનેલ શ્રી મોહદત્તને જણાવે છે કે-"મહાનુભાવ! તમારી માગણી યથાર્થ છે પણ હું તો ચારણ-લબ્ધિધારી સાધુ છું. હું ગચ્છની મર્યાદાથી પ્રતિબદ્ધ નથી, એટલે

[1]દીક્ષા આપવાનો અધિકાર મને નથી હું તો લબ્ધિબળે આકાશ-

૧ અહીં શ્રી મોહદત્તે કરેલ દીક્ષા માટેની પ્રાર્થનાના જવાબમાં **"ચારણલબ્ધિધારી સાધુ હોવાથી હું દીક્ષા ન આપી શકું."** તેમ મુનિવરે જણાવ્યું છે. આ ઉપરથી ચારણલબ્ધિધારીઓ દીક્ષા ન આપી શકે તેવો સિધ્ધાંત રચી શકાય પણ તેને માટે યોગ્ય શાસ્ત્રોના પાઠનું સમર્થન ન મળે ત્યાંસુધી શાસ્ત્રકારની કથાવસ્તુના પ્રસંગ પરથી તેવો સિધ્ધાંત સ્થિર કરવો ઉચિત ન ગણાય. એ માટે અતિ પ્રયત્નપુર્વક ગવેષણા કરવા છતાં તથા કેટલાક બહુશ્રુત-વિદ્વાનને પુછતાં ચોકખા શાસ્ત્રાક્ષરો આ માટે મળ્યા નથી. તપાસના પરિણામે **વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધ કે ચૌદમી સદીના પ્રારંભમાં થયેલ શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજશ્રીએ વિ. સં. ૮૩૫ દાક્ષિણ્યચિહ્નાંકિત શ્રી ઉદ્યોતનસૂરીશ્વરજી મહારાજે રચેલ ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ શ્રી કુવલયમાલા કહા (પ્રાકૃત) પરથી બનાવેલ સંસ્કૃત શ્રી કુવલયમાલાકથા (ચંપૂ** (જે કે ચાલુ શ્રી કામગજેન્દ્રની કથાના મૂલ આધારરૂપ છે)ના **બીજા** પ્રસ્તાવ(પા. ૮૨, પં. ૫)માં **ચારણમુનિ** દીક્ષા ન આપી શકે તે વાતને કંઇક સમર્થન કરનાર નીચે મુજબના અક્ષરો મળ્યા છે.

**"यदहं चारणश्रमणो न गच्छप्रतिबद्धस्तेन तत्र व्रतं दातुमनीशः" ॥**

**ભાવાર્થ**-જે કારણથી હું ચારણશ્રમણ ગચ્છપ્રતિબદ્ધ નથી માટે તને દીક્ષા આપવા હું સમર્થ નથી.

જોકે આમાં ફક્ત દીક્ષા ન આપી શકવાના હેતુ તરીકે ગચ્છની મર્યાદાથી બહાર હોવાનું સૂચવ્યું છે. પણ તે સિવાય તેમનો તેવો કલ્પ છે કે સમાચારીનું નિયંત્રણ છે વગેરે બુદ્ધિને સંતોષજનક કોઇ હેતુ સમાયેલ નથી.

આ સિવાય **જિનકલ્પીઓ** માટે દીક્ષા ન આપવાનું સ્પષ્ટ વિધાન મળી આવે છે, તેમ ચારણ-શ્રમણો માટેનું સ્પષ્ટ વિધાન જાણમાં નથી.

માર્ગે પરમ પાવન આ જગત્માં અનન્યશ્રેષ્ઠ લોકોત્તર પાપિઓને પણ ઉદ્ધારનાર, જેના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિએ ગયા છે એવા તીર્થાધિરાજ **શ્રી સિદ્ધાચલ-શ્રી પુંડરિકગિરિ-તીર્થે** યાત્રા માટે જતો હતો ત્યાં મેં **અવધિજ્ઞાનના** બલે તારા હાથે **અજાણપણે** પણ પિતૃ-હત્યાનું પાપ થવાનું જોયું અને ભગિનીવ્યભિચારના ભયંકર બીજા પાપમાં તું પ્રવર્ત્તવાની તૈયારીમાં હતો, ખરેખર **અજ્ઞાનવશ મૂઢ પ્રાણીઓ આમ દુષ્કૃત્યો કરી જીવનમાં દુ:ખનો દાવાનલ સળગાવી મૂકે છે અને પછીથી હાય-વોય** કરે છે, એટલે તને પ્રતિબોધવા હું આવ્યો છું. હવે તો હું **શ્રીસિદ્ધાચલ**નીજાત્રાએ જઇશ કારણ કે-જ્ઞાની ભગવંત **શાસ્ત્રકાર-મહારાજા** નીચે મુજબની "પકાર" **થી શરૂ** થતી તેર વસ્તુઓ મહાન પુણ્યના સંયોગે જ મળતી જણાવે છે—(૧) **શ્રી પુંડરીકગિરિ**, (૨) **પાત્ર**, (૩) **પ્રભુ પરમેશ્વર**, (૪) **પરમેષ્ઠી**, (૫) **પર્યુષણા-સંવત્સરી પર્વ**, (૬) **પચ્ચક્ખાણ-વિરતિ** (૭) **પૌષધ**, (૮) **પૂજા**, (૯) **પ્રતિક્રમણ**, (૧૦) **પ્રતિલેખના** (૧૧) **પ્રમાર્જના**, (૧૨) **પોથી-જ્ઞાન**, (૧૩) **પાખી**-આ તેર દુર્લભ વસ્તુઓ પૃથ્વીને પાવન કરનાર મહાપુરુષો જ પામે છે એટલે પરમ પવિત્ર **તીર્થાધિરાજ**ની યાત્રાએ જઉં છું. અને તમે **શ્રી કૌશાંબી** નગરીમાં **શ્રી ધર્મનંદન** મુનિવરની પાસે જશો, એટલે તેઓ તમને દીક્ષા આપશે." આમ કહી **ચારણમુનિ** આકાશમાર્ગે તુરત **શ્રી સિદ્ધાચલ**ની યાત્રાએ ઉપડી ગયા.

હવે **શ્રી મોહદત્તે** સંસારથી વિરક્ત બનીને **ચારણમુનિ**ની સૂચના મુજબ શ્રી **કૌશાંબીનગરી**માં જઇ શ્રી **ધર્મનંદન મુનિ** પાસે

---

પ્રયત્ન કરવા છતાં મળેલ નથી, કોઇના ખ્યાલમાં હોય તો સૂચવવા વિનંતિ છે.

**શાસ્ત્રકાર** તો આ સ્થલે માત્ર "**હું યતિ છું ચારણશ્રમણો, તેણિ નાપૂં દીખ્ય સહી**"આટલા શબ્દો જ જણાવે છે, માટે વિશેષજ્ઞો આ પર વધુ પ્રકાશ પાથરવા ખ્યાનમાં રાખે.

જઇ વિનયપુર્વક સંયમની પ્રાર્થના કરી. મુનિવરે પણ યોગ્ય જાણી દીક્ષા આપી સંવેગ ભાવનાથી ભાવિત શ્રી મોહદત્ત મુનિ નિતાંત દુ:ખને આપનાર કર્મને ક્ષય કરવા માટે ઉત્કૃષ્ટ વિકટ તપસ્યા આદિ કરી નિર્મલ સંયમ

**શ્રી મોહદત્તની દીક્ષા અને દેવલોકમાં ઉત્પત્તિ**

પાળવા લાગ્યા, સાથે બીજા [1]ચાર મુનિઓની ધર્મવૃદ્ધિકર કલ્યાણકારી સોબત મળી જવાથી વિશેષ નિર્મલ આરાધના કરી અનુક્રમે આયુક્ષયે કાળ કરી શ્રી **સૌધર્મ** નામના પહેલા દેવલોકમાં **પદ્મ** નામના વિમાનમાં **શ્રીમોહદત્તમુનિ શ્રીપદ્મકેસર** નામના દેવપણે ઉત્પન્ન થયા. સહચારી ધર્મમિત્ર અન્ય ચાર મુનિઓ પણ તે જ દેવલોક અને તે જ વિમાનમાં **શ્રી પદ્મપ્રભ-પદ્મસાર-પદ્મવર-પદ્મચન્દ્ર** નામના દેવ થયા. પાચે દેવો સરખી ઋદ્ધિ-વૈભવવાળા પુર્વજન્મના ધર્મસ્નેહથી સંકળાયેલા આનંદપુર્વક સાથે ક્રીડા કરતા કાળ-નિર્ગમન કરે છે.

એકદા તે પાચે મિત્ર-દેવોએ અચાનક ઘંટાનાદ સાંભળી તપાસ કરી તો શ્રી **ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના પંદરમા તીર્થંકર શ્રીધર્મનાથપ્રભુના કેવલજ્ઞાન મહોત્સવ** પ્રસંગે પ્રભુના **સમવસરણમાં** જવા માટે દેવોને સાવધાન થવાનું જાણ્યું ત્યાં રહ્યા થકા તે દેવોએ **શ્રી ધર્મનાથ**-પ્રભુને ભાવથી નમસ્કાર કર્યો, અને અસંખ્ય દેવોના સમૂહથી વીંટલાએલા

**શ્રી ધર્મનાથ પ્રભુના સમવસરણમાં મૂષક રાજનો પ્રસંગ-ઈંદ્રાદિકોએ કરેલ બહુમાન.**

---

૧ અહીં શ્રી **મોહદત્ત મુનિના** સહચારી તરીકે સૂચવાયેલા અન્ય ચાર મુનિઓના વધુ પરિચય અને સળંગ માહિતી માટે **શ્રી કુવલયમાલા કથા (સંસ્કૃત ચંપૂ)** જૂઓ. આ પાંચની વાર્તામાંજ આખી કથા સમાપ્ત થાય છે, ત્યાં આ ચાર મુનિઓ **શ્રી ચંડસોમ-માનભટ માયાદિત્ય-લોભદેવ** નામથી સંબોધાયા છે. આ ચારેના જીવનની પુર્વભૂમિકાનો પરિચય **શ્રી કુવલયમાલા કથા** (પ્રસ્તાવ ૨, પા. ૩૫ થી ૬૮)માં આપેલ છે.

શ્રી સૌધર્મેન્દ્રની સાથે પ્રભુ પાસે આવી (તે પાંચ દેવમાંનાં) શ્રી પદ્મસાર નામના દેવે ઇન્દ્રમહારાજની આજ્ઞા લઇ ભક્તિપુર્વક સુંદર **સમવસરણની** રચના કરી. પ્રભુએ મેઘગર્જનાની જેમ ગંભીર સ્વરવડે સુંદર ધર્મદેશના આપી, જે સાંભળી શ્રી પદ્મકેસરાદિ પાંચે દેવો **ધર્મબીજનુ વપન પોષણ કરનાર પરમસંવેગની ભાવનાથી** પ્રમુદિત બન્યા. એટલામાં **શ્રીધર્મનાથપ્રભુના આદ્યગણધરે** વિનયપુર્વક નમસ્કાર કરી પુછ્યું કે-"આ **સમવસરણમાં** સહુથી પહેલાં મોક્ષે જનારો આસન્નસિદ્ધિક ભવ્ય પ્રાણી કોઇ છે ખરો!" પ્રભુએ જણાવ્યું કે 'જો, તારી પાસે નિર્ભય રીતે ચાલ્યો આવતો, પુર્વભવનું સ્મરણ થવાથી પરમસંવેગની ભાવનામાં ચઢેલો, મારા દર્શનથી પરમ-સંતોષને પામેલો, હર્ષનાં આંસુ વહાવતો જે મૂષકરાજ-ઉંદર આવી રહેલ છે, તે સુરાસુર નરોથી ભરેલી આ આખી પર્ષદાના સર્વ પ્રાણીઓ અને તારા મારા કરતાં પણ વહેલો મોક્ષે જવાનો છે." આ સાંભળી બધાયની વિસ્મય-કૌતુકની લાગણી ભરેલી દૃષ્ટિ તે મૂષકરાજ પર પડી, એટલામાં પેલો મૂષકરાજ પણ આંતરિક ભક્તિ-બહુમાનને વ્યક્ત કરતો પ્રભુના પાદપીઠમાં વિનમ્રભાવે આળોટવા માંડયો અને સ્વભાષામાં પ્રભુની[1] સ્તુતિ કરવા લાગ્યો કે "હે પ્રભો! જગતના ઉદ્ધારક વિભો! તારી આજ્ઞાને વિરાધનારા અજ્ઞાની પ્રાણીઓ ચારે ગતિમાં નિરંતર પરિભ્રમણ કરતા વિવિધ કષ્ટોને સહે છે." આ પ્રસંગ જોઇને સૌધર્મેન્દ્ર વિસ્મય કૌતુકની લાગણીઓ શમાવવા તથા સહુ કરતાં પ્રથમ આ તિર્યંચજાતિનો જીવ મોક્ષે કેવી રીતે જશે? ઇત્યાદિ સંશ-

---

૧ મૂષકરાજે કરેલી સ્તુતિનો મૂળ શ્લોક શ્રી કુવલયમાલા ( પ્રસ્તાવ ૩ પા. ૧૨૬ ) માં નીચે પ્રમાણે છે.

"तवाज्ञालोपिनो येऽत्र, लोकत्रयशिरोमणे ! ।
जायन्ते जन्तवो दूरं, दुर्गतौ ते भ्रमन्ति ते ॥१॥

યને દૂર કરવા વિનીત-ભાવે પુછે છે કે-"હે સ્વામિન્! આ મૂષકરાજ કોણ છે? કેવી રીતે આપના કરતાં પણ પ્રથમ મોક્ષે જશે? કૃપા કરીને આનો ખુલાસો જણાવી તિર્યંચની યોનિમાં છતાં મહાન્ પુણ્યાત્મા આ ભાવુક પ્રાણીની સુભગભાગધેયતાનો પરિચય આપો" પ્રભુએ પણ [2]મૂષકરાજનો પુર્વભવ, કરેલી સંયમવિરાધના અને આસન્નભવ્યતાને લીધે લઘુકર્મીતાને સૂચવનારું ભાવિનું ભવ્ય જીવન વગેરે જણાવ્યું, એટલે શ્રોતાજનો પ્રભુશાસનની મહત્તા અને આરાધકોની જોખમદારી સમજી "आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च" ના ગૂઢ-પરમ-રહસ્યને પામી શકયા. બાદ શ્રી સૌધર્મેન્દ્ર ત્રિલોકનાથ લોકોત્તર પુણ્યશાલી તીર્થંકરપ્રભુના સ્વમુખે પ્રશંસિત થવાના સૌભાગ્યને મેળવનાર મૂષકરાજને હાથમાં લઇ સમવસરણમાં રહેલ અસંખ્ય દેવો ક્રોડો મનુષ્યો સમક્ષ-"તું ધન્ય છે! કૃતાર્થ છે! તારો બેડો પાર થઇ ગયો! તિર્યંચ જેવી અધમ જાતિમાં છતાં પ્રભુના મુખથી તારું ઉજ્જવલ ભાવિ સાંભળી ગણધરાદિ મુનિઓ અને અન્ય ધર્મારાધકોને પણ તું સ્પૃહણીય-પ્રશંસનીય બન્યો છે! વાહ! વાહ! ધન્ય છે તારા આત્માને"-આદિ ધર્મપ્રેમને સૂચવતા શબ્દોથી તેનો સત્કાર કર્યો. બાદ ઈન્દ્રમહારાજની જેમ બધાએ તે મૂષકરાજને હાથમાં લઇ વિવિધ પ્રશંસાના શબ્દોના ફૂલોથી નવાજ્યો.

ઉપર મુજબ મૂષકરાજના જીવન-પ્રસંગો સાંભળી શ્રી પદ્મપ્રભ દેવે પ્રભુને વિનયપુર્વક પુછ્યું કે "અમે પાંચે જણા ભવ્ય છીએ કે અભવ્ય? પ્રભુએ કહ્યું કે તમો પાંચે ભવ્ય તેમજ સુલભબોધિ છો." સુલભબોધિ શબ્દ સાંભળીને બોધિનું ફલ મોક્ષ કયારે મળશે તેનો નિર્ણય કરવા શ્રી પદ્મપ્રભ દેવે પુનઃ પુછ્યું કે "હે વિભો! અમે સુલભબોધિ તો ખરા, પણ

**મૂષકરાજનો પ્રસંગ સાંભળી ભાષાંતરમાં ધર્મ પ્રાપ્તિ કરવાનો પાંચે દેવોએ કરેલ સંકેત.**

---

૨ મૂષકરાજના પુર્વભવ વિ.ની માહિતી માટે જુઓ પરિશિષ્ટ ચોથું, વધુ પરિચય શ્રી કુવલયમાલા (પ્રસ્તાવ ૩, પા.૧૨૨ થી ૧૨૯)માંથી મેળવો

બોધિના ફલરૂપ મોક્ષની પ્રાપ્તિ અમને ક્યારે થશે?" પ્રભુએ કહ્યું કે-"આજથી ચોથા ભવે તમે પાંચે સાથે મોક્ષે જશો !" આ સાંભળી પાંચે દેવો પ્રસન્ન થયા પણ દેવભવમાંથી ચવ્યા પછી વચલા ત્રણ ભવોમાં સમ્યક્ત્વ-બોધિ પ્રાપ્તિ સુલભ-સરલ બને એટલે શ્રી પદ્મકેસરાદિ દેવો પરસ્પર પ્રથમ ચ્યવેલાને પાછળવાળો જરૂર આવી ધર્મ પમાડે એવા દૃઢ સંકેતપૂર્વક તદનુકૂલ સામગ્રીનું વિધાન કર્યું.

**શ્રી કામગજેન્દ્રના પૂર્વભવનો ઉપસંહાર.**

'હે રાજન્! તે શ્રી **પદ્મકેસરદેવ** ચ્યવીરાજપુત્ર થાય છે અને પુર્વભવના સંકેતિત મિત્ર-દેવના પ્રયાસથી પ્રતિબોધ પામી, દીક્ષા લઇ પુનઃ દેવલોકે જાય છે. ત્યાંથી ચ્યવી આ **શ્રી કામગજેન્દ્રકુમાર** થયેલ છે. પુર્વભવના સંકેત-પ્રતિજ્ઞા પ્રમાણે પ્રતિબોધ કરવાની ફરજને અદા કરવા આ પાસે બેઠેલ બન્ને દેવો વિષયવાસનામાં આસક્ત બનેલ શ્રી કામગજેન્દ્રકુમારને ધર્મપ્રાપ્તિ કરાવવાના શુભ આશયથી **વિદ્યાધરી-શ્રી બિંદુમતી** પરણાવવાની વાત આદિની માયા બતાવી આ બ્હાને અહીં મારી પાસે લાવેલ છે"

**શ્રી કામગજેન્દ્રનું સંશય દૂર કરવા પ્રભુ શ્રી મહાવીર સ્વામી પાસે જવું.**

આ પ્રમાણે હે પ્રિયંગુસુંદરી! મારા પુર્વના ચાર ભવોનો વૃત્તાંત **શ્રી સીમંધરપ્રભુએ** કહ્યો, તે સાંભળી વિનયાવનત-મસ્તકે પ્રભુના જ્ઞાનાતિશયને અનુલક્ષી પ્રભુને મેં નમસ્કાર કર્યો અને જ્યાં માથું ઊંચું કર્યું ત્યાં તો હું મને પોતાને તારી પાસે રહેલ જોઉં છું. હે સુંદરી! પ્રભુના અમૃતતુલ્ય વચનો હજી યાદ છે, હજી ત્યાંનો રમણીય દેખાવ નજર આગળ તરવરે છે; અજ્ઞાત-મોહની મિથ્યાવાસનામાં ભટકતું ક્ષુદ્ર મન હજી શંકાકુલ થઇ નવ-નવા તર્કો ઉઠાવે છે કે "શું આ સાચું હશે? કે કેવલ સ્વપ્નસૃષ્ટિ કે ઈંદ્રિજાલ કે દેવમાયાનો પ્રતિભાસ છે! શરીરના રોમાંચ ઉભા કરે તેવું અદ્દભૂત દૃશ્ય મેં મારી નજરો નજર રાત્રે જોયું, અનુભવ્યું છે, અને ઘડીકમાં નજર તલેથી પસાર થઇ ગયેલા કેટલાય બનાવો મનને વ્યાક્ષિપ્ત કરે છે. કે-

વાસ્તવિક શું?" પણ મેં સાંભળ્યું છે કે-અહીં નજીકમાં જ ચરમ-તીર્થપતિ **શ્રી મહાવીરપ્રભુ** પધારેલા છે, કે જેઓ સૌમ્યતામાં ચન્દ્ર-સમાન, ગાંભીર્યથી સમુદ્રને મ્હાત કરનારા, તેજસ્વી-પ્રતાપ ગુણથી સૂર્યસમ, મન ઇચ્છિત આપવામાં કુબેર ભંડારી જેમ ઉદાર, ઐશ્વર્યમાં ઇંદ્ર કરતાં ચઢિયાતા કામદેવની જેમ સુંદર, સુધાને પણ ફીક્કી કરનાર મધુર વાણીવાળા, લોકોત્તર બલવાળા, જ્ઞાનના વિશાલ સમુદ્ર, મેરુપર્વતની જેમ અતિશય ધીર અને પર-પાખંડીરૂપ શિયાળોના યૂથને ત્રાસ પમાડી નસાડવામાં કેશરી-વનરાજ તુલ્ય છે, આવા જ્ઞાનદિવાકર સર્વજ્ઞ-પ્રભુની હયાતિ છતાં મારે આવા સંશયના ઝોળામાં ચિત્તને વ્યાકુલ કરવાની જરૂર શી? માટે **હે પ્રિયે!** હું હમણાં જ પ્રભુ પાસે જઈ આ બાબતનો નિર્ણય કરી લઉં, પ્રભુ કહેશે તે વાત યથાર્થ જ હોય, એમાં કોઇ મીન-મેખ હોઇ શકે જ નહિ, કારણ કે **નિષ્કારણ જગત્વત્સલ પરોપકારી પ્રભુ ભગવંત ભવ્યાત્માઓને અજ્ઞાન-મિથ્યાત્વના અંધકારમાંથી ઉદ્ધરવા જ ખરેખર અવતર્યા હોય છે!!! જગત્માં મહાપુરુષો પરઉપકારમાં રકત રહી જાતે કષ્ટ વેઠીને પણ બીજાનું ભલું કરી દેવાના અસિધારાસમ વ્રતને પાલનારા હોય છે. તેવાઓની જનનીઓ પણ જગતને વંદ્ય બને છે. બાકી પોતાના સ્વાર્થમાં વાંધો જરા પણ ન આવવા દે અને બીજાનું કામ કરી દેવા તૈયાર હોય છે તેવાઓ સામાન્ય કક્ષાના જાણવા, પણ જેઓ લેવા-દેવા વગર સાહજિક વૃત્તિઓને આધીન બની પોતાની સ્વાર્થસિદ્ધિ માટે "Buy, Borrow or Steal" (ખરીદી લાવો, ઉછીનું લાવો કે ચોરી કરો)ના સિદ્ધાંતને આદર્શમાં રાખી બીજાને હાનિ પહોંચાડે છે, ઈન્સાનિયતના અદલ ઇન્સાફને પણ ધ્યાનમાં રાખતા નથી, અને અપકીર્ત્તિનો પણ ભય નથી રાખતા-આવા અધમાચરણ-વાળા માટે કયા શબ્દો પ્રયોજવા! તે ધ્યાનમાં આવતું નથી. અને જેઓ વિના સ્વાર્થપણે બીજાનું બગાડવા તૈયાર હોય છે તેવાઓને તો સંબોધવા આ ચર્મમય જીભ પણ થંભી-થર-**

**થરીઉઠે છે; પ્રભુ! પ્રભુ!! આવા મોહમૂઢ આત્માઓનો ઉદ્ધાર કેમ કરીને થશે?** એટલે ત્રણે જગતના પ્રાણીઓ સાથે અપુર્વ મૈત્રી-ભાવ ધારનાર પરમોપકારી **પ્રભુ શ્રી મહાવીરદેવ** પાસે જઇ મારા હૃદયની મૂંઝવણ દૂર કરી આવું આ સાંભળી **પ્રભુશ્રીમહાવીર-સ્વામી** પાસે જવા તૈયાર થયેલા સ્વામીનાથને શ્રી **પ્રિયંગુમતી** કહે છે કે **"પ્રાણેશ્વર! જો પ્રભુ આ બીનાને સત્ય જણાવશે તો આપ શું કરશો?** શ્રી **કામગજેન્દ્રે** સ્ત્રીના વિલક્ષણ-સૂચક-પ્રશ્ન અને માર્મિક દૃષ્ટિ તરફ ધ્યાન રાખી કહ્યું કે "પછી તો પ્રભુ વીરનું શરણું સ્વીકારી જીવ-નની નિર્મળતા સાધીશ." એટલે શ્રી **પ્રિયંગુમતીએ** પણ પોતાના સ્વામીને ચેતવી દીધા કે-"જો તમે જીવન શુદ્ધિના પંથે વિહરવા માંગશો તો હું તમારા માર્ગમાં પ્રતિરોધરૂપ નહિ બનું, પણ તમારી સહચારિણી જીવનશુદ્ધિના ઉજ્જવલ પંથે વિહરવા કટિબદ્ધ થઇશ." આ સાંભળી પ્રમુદિત બનેલ શ્રી **કામગજેન્દ્રકુમારે** અહીં મારા સમવસરણમાં હે **ગૌતમ!** "આ સાચું કે તે?" નો મોઘમ પ્રશ્ન પુછી પોતાને જરૂરી સત્યાસત્યનો નિર્ણય કરી લીધો."

**શ્રી કામગજેન્દ્રની દીક્ષા**

**શ્રી વીરપ્રભુની શ્રી ગૌતમ સ્વામીએ કરેલી સ્તવના,**

ઉપર મુજબ "**આ સાચું કે તે સાચું**" ના મોઘમ પ્રશ્નથી ઉદ્ભવેલી ( જુઓ પૃ. ૮૮ ) જિજ્ઞાસાને તૃપ્ત કરનાર વિસ્તૃત અધિકાર સાંભળી પ્રસન્ન-ચિત્ત થયેલ શ્રી **ગૌતમ-સ્વામી** પ્રભુની સ્તુતિ કરે છે. અહીં પ્રસંગે રાસકાર શ્રી **ગૌતમ-સ્વામિ ગણધરની** તેમના નામાક્ષરો ઉપરથી શ્રેષ્ઠતા સૂચવતાં જણાવે છે કે-**ગૌ-ત-મ** આ ત્રણ શબ્દો જ **શ્રી ગૌતમ ગણધરના** અનેરા વ્યક્તિત્વને ઝલ-કાવી દે છે, કેમકે સેવકોના મન રાજી કરવા માટે **ગૌ** એટલે **શ્રેષ્ટગૌ**=કામધેનુ જેવા, **ત** એટલે **શ્રેષ્ઠતરુ**=કલ્પવૃક્ષ સમ, અને **મ** એટલે **શ્રેષ્ઠ મણિ**-ચિંતામણિ તુલ્ય આ પ્રભુ છે આવા અનન્ય-ગુણધારી **શ્રી ગૌતમસ્વામી પ્રભુ શ્રી મહાવીરદેવની** સ્તવના કરતાં જણાવે છે કે:—

'**હે નાથ!** જગતના ત્રિવિધ-તાપાગ્નિથી સંતપ્ત પ્રાણીઓના ચિત્તને પ્રસન્ન કરવા માટે તમે મેઘ સમાન છો, અનેક ગુણોના આપ ભંડાર છો, કારણ કે વિધાતાએ સંરક્ષણ સારું થાય અને મહત્ત્વ વધશે એવી ધારણાએ સાહુકારની સદ્ધર પેઢીએ સંરક્ષણના અચૂક ધ્યેયથી મુકાતા ધનની જેમ આપનામાંજ બધા ગુણો સ્થાપિત કર્યાં છે, આપ જેવા મહાન્ પુરુષના દર્શન માત્રથી મારા દુઃખમાત્ર દૂર થવા છે, અને સર્વ વાતે ક્ષેમ-કુશલ થયેલ છે, આપનો મહિમા અપરંપાર છે, કદાચ કલ્પના ખાતર માનીએ કે ત્રણે લોકના ઇંદ્રાદિક સમર્થ શક્તિશાલી માંધાતાઓ હજાર મુખવડે તારી મહિમા સ્તવવા માંડે, કે હજાર હાથ-વડે તારા ગુણોને ગણવા માંડે અગર હજાર આંખોવડે તારી અદ્ભુતતાને નિહાળે, છતાં પાર પામવો બહુ દુર્ઘટ છે. આપના વધારે શાં વખાણ કરું? આપે સૂચવેલા **શ્રી કામગજેન્દ્ર રાજપુત્ર** હવે શું કરશે? તેનો પણ ખુલાસો જણાવી અમારા મનની જિજ્ઞાસા તૃપ્ત કરો.' ત્યારે પ્રભુએ કહ્યું કે "તે **શ્રી કામગજેન્દ્ર** અહીંથી ગયા પછી સ્ત્રી સાથે વાત-વિચાર કરી પોતાના પુત્ર **શ્રી દિગ્ગજેન્દ્ર**ને સર્વ કારભાર સોંપી માતા-પિતાની સંમતિ મેળવી હમણાં જ અહીં મારી પાસે આવશે અને દીક્ષા સ્વીકારશે." એટલામાં **શ્રી કામગજેન્દ્ર** પરિવાર સાથે આવી પ્રભુના ચરણોમાં નમ્રભાવે વંદના કરી ભવતાપહારિણી પરમ-કલ્યાણ-કારિણી પ્રવ્રજ્યા-દીક્ષા-પ્રદાનની પ્રાર્થના કરે છે. પ્રભુએ પણ સર્વસાવદ્યના ત્રિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણરૂપ દીક્ષા આપી. **શ્રી કામગજેન્દ્ર** પણ **પ્રભુ શ્રી મહાવીર** પાસે ઉજ્જવલ સંયમની પ્રાપ્તિ થવાથી પોતાને કૃતાર્થ માનવા લાગ્યો.

હવે તે **શ્રી કામગજેન્દ્ર** મુનિ (**શ્રી મોહદત્તના ભવમાં કલ્યાણ-મિત્ર** તરીકે જોડાયેલા) પુર્વભવસાંગતિક ચારે મુનિઓનો મેળાપ થવાથી

**શ્રી કામગજેન્દ્રાદિ મુનિઓનું સંયમ - પાલન અને અનશનની તૈયારી માટે શ્રી વીરપ્રભુનું કથન**

તેઓની સાથે અપુર્વ વીર્યોલ્લાસપુર્વક આત્માની વિશુદ્ધ મેળવવા-જાળવવા દત્તલક્ષ્ય બની વિવિધ પ્રકારે સંયમ-જ્ઞાન ધ્યાન તપ આદિ અનુષ્ઠાનો વિધિપુર્વક આસેવે છે, અને હૃદયમાં **શ્રી મહાવીર-**

પ્રભુના તથા આ ભવના આદ્ય ઉપકારી શ્રી સીમંધર પ્રભુના ત્રિવિધ ગુણોનું બહુમાન કરતાં આત્મિક કલ્યાણના પંથે આગળ વધે છે અનુક્રમે તે શ્રી કામગજેન્દ્રાદિ પાંચે મુનિઓએ કર્મક્ષયના ઉદ્દેશ્યથી વિવિધ તપ આદિનું સેવન કરી ક્લિષ્ટ કર્મોની વિપુલ નિર્જરા કરેલ હોવાથી, યોગ્ય સમય જાણી પરમાત્મા શ્રી વીરપ્રભુએ આયુની અલ્પતા જણાવી અંતિમ આરાધનાદિ કરી લેવા સૂચવ્યું. પાંચે મુનિઓ પ્રભુ પાસેથી અંતસમયની આરાધના કરી લેવાની સૂચના મળવાથી અતીવ પ્રમુદિત બન્યા અને શ્રી કામગજેન્દ્ર મુનિ સહચારી મુનિઓને સંબોધી કહે છે કે :—

**શ્રી કામગજેન્દ્રમુનિએ અનશન માટે અન્ય મુનિઓને આપેલું પ્રોત્સાહન.**

"નિષ્કારણ બંધુ જગતારક વિભુએ કર્મના વિષમ બંધનોમાંથી છૂટી પરમ સુખ-નિલયસ્વરૂપ મુક્તિમાં જવા માટે આજીવન સેવેલા સંયમની આખરી પરીક્ષારૂપ મૃત્યુના ટાણે આપણે માનસિક ધીરતા ખોઇ ન બેસીએ માટે આગળથી યોગ્ય આરાધનાદિ કરી લેવા સચેત કર્યા છે, માટે હવે ક્ષણભર વિલંબ કર્યા વિના પ્રભુના શરણે અનન્ય નિષ્ઠાપૂર્વક અનશન સ્વીકારી જીવનની આખરી સોનેરી પલ સમા મૃત્યુ પર વિજય મેળવવાની મહાન્ સિદ્ધિ કરી લઈએ આવા નિષ્કારણ ઉપકારી મહાવીરસ્વામી જેવા પ્રભુ ક્યાં મળવાના છે? કે જેણે આપણી વગર માંગણીએ કેવલ હિતબુદ્ધિથી આરાધેલું સંયમ અનાદિકાલની જિજીવિષાની વાસનાબલે હારી ન જવાય તેની તકેદારી રખાવવા આપણને જાગૃત કર્યા. ત્રણે ભુવનને તારનાર આવા પરમ-પુરુષોનો જન્મજ ખરેખર જગતના ઉદ્ધાર માટે થતો લાગે છે! માટે ચાલો, પ્રભુ પાસે જઈ જીવનમાં સાધવા લાયક સ્વરૂપ-શુદ્ધિ કરનાર મોક્ષમાર્ગને સાધવા માનસિક, વાચિક, કાયિક

**ક્ષતિઓ નિવેદી, સરલતાપૂર્વક નિઃશલ્ય બની અપુનર્ભાવરૂપે મૃત્યુને ભેટવાની સંપૂર્ણ તૈયારી કરી લઇએ"**

ઉપર મુજબના પ્રોત્સાહનથી અપુર્વ વીર્યોલ્લાસની વૃદ્ધિવાળા ચારે મુનિઓ **શ્રી કામગજેન્દ્રમુનિ સાથે પ્રભુ મહાવીરદેવ** પાસે આવી સ્તુતિ કરી **અનશન**ની પ્રાર્થના કરે છે.

**શ્રી કામગજેન્દ્રાદિ મુનિઓનો અનશન-સ્વીકાર**

પ્રભુએ પણ યોગ્ય જાણી સંમતિ આપી, એટલે પાંચે મુનિઓ પ્રભુ સમક્ષ ચારે આહારના પચ્ચક્ખાણ કરે છે. વળી આત્માને શરીરના બંધનમાંથી મુક્ત થવાની સાથે કર્મના વિષમ વિપાકોના અભાવરૂપ મુક્તિની પ્રાપ્તિની દઢ સંભાવનાના બલે થતી પરમ આનંદ રસની મસ્તીને વધારવાની કાળજી રાખી વિષયવાસનાના કારણે ઉગ્ર બનતા કષાયરૂપ સર્પોને પ્રભુશાસનની યથાર્થ આરાધનાના બળે મેળવેલ ઉત્તમ ક્ષમાદિ ગુણોથી સ્થંભિત કરવાની સાવધાની કેળવે છે.

હવે અહીં રાસકાર **"કમ્મે સૂરા સો ધમ્મે સૂરા"** ની લોકોક્તિને ચરિતાર્થ કરનાર શ્રી કામગજેન્દ્ર પ્રમુખ પાંચે મુનિઓના ગુણગાન કરે છે કે- "તે પાંચે મુનિઓ

**રાસકારે પાંચે મુનિઓનાં કરેલ ગુણગાન.**

પ્રાણીમાત્ર ઉપર વાત્સલ્યભાવનાને કેળવી અપુર્વ જીવદયા પાળનારા, ક્રોધ, માન, માયા અને લોભરૂપ મહાન્ અંતરંગ શત્રુઓને જીતનારા પૌદ્ગલિક, પદાર્થોની મમતા-આસક્તિ વિનાના, વાયુની સમાન અપ્રતિબદ્ધ, મહાન્ તપસ્વી, ચંદનચંદ્રાદિની જેમ પરમ શીતલ સ્વભાવવાળા, કમલની જેમ નિર્મલ, પ્રબલ ઇન્દ્રિયોના આવેગને સંયમિત રાખનારા અનન્યને માટે મુક્તિમાર્ગના પ્રકાશિત દીપક જેવા, ભવસમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને પરમાવલંબનરૂપ દ્વીપસમાન, સુખની પ્રાપ્તિ માટે અપુર્વ મંત્ર-તંત્ર-યંત્ર સમાન અને પરમ સૌભાગ્યશાલી હતા."

હવે અનશન સ્વીકારી પરમોચ્ચ ભાવનાથી **સમાધિકરણ**ની આકાંક્ષા કરનારા **શ્રી કામગજેન્દ્રાદિ** પાંચે મુનિવરો ઉચ્ચતમ વિશુદ્ધ

અધ્યવસાયોની શ્રેણીએ ચઢી ઉત્તમ ભાવના ભાવે છે કે- "ધન્ય છે અમારા જન્મને! અમને જન્મની કૃતાર્થતા કરાવનાર, અપુર્વ સમ્યક્ત્વને પમાડનાર **શ્રી સીમંધર પ્રભુનો** તથા સર્વવિરતિચારિત્ર આપી કલ્યાણના માર્ગે આગળ વધારી યાવત્ અનશનનો માર્ગ સમાધિમરણરૂપ ઉત્તમ ફલને પમાડનાર **શ્રી મહાવીર પ્રભુનો** અમારા ઉપર કેટલો ઉપકાર છે! **શ્રી મહાવીર પ્રભુના** અપ્રમેય ગુણ-ગણોનો પરિમિત શક્તિવાળા આત્માઓ શી રીતે પાર પામી શકીએ? છતાં મતિ અને જિહ્વાની પવિત્રતા સારુ આપના ગુણોનું વર્ણન કરી અમારા જીવનને સફલ બનાવીએ **ધન્ય છે પ્રભુ! તારી હિતકર બુદ્ધિને!** અમ જેવા પામરોને પણ સર્વધર્મોમાં શ્રેષ્ઠ અનશન ધર્મનોસ્વીકાર કરાવી સંયમ **જીવનમાં આરાધેલી ક્રિયા-ભાવનાઓની ચૂલિકારૂપ સમાધિમરણની** પ્રાપ્તિ કરાવી"

**શ્રી કામગજેન્દ્રાદિ મુનિઓની શુભ ભાવના.**

**શાસ્ત્રકારોએ** સંયમી આત્માઓને હિતકર **અનશન-ધર્મના** ખૂબ ખૂબ ગુણગાન કરેલા છે, કારણ કે જેવી રીતે પર્વતોમાં મેરુપર્વત, નદીઓમાં ગંગા, દેવલોકમાં [1]અચ્યુત, ચૌપગાંઓમાં કેશરી-સિંહ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, વનોમાં નંદનવન, દ્વીપોમાં જંબૂદ્વીપ, તેજસ્વી પદાર્થોમાં સૂર્ય, શાંતિ આહ્લાદદાયક

**શ્રી કામગજેન્દ્રાદિ મુનિઓએ ભાવેલી અનશનની સર્વોત્તમતા**

---

૧ અહીં રાસકારે **અનશનની** સર્વોત્કૃષ્ટતા જણાવવા દેવલોકમાં અચ્યુત(૧૨મા દેવલોક)ને શ્રેષ્ઠ કેમ ગણ્યો હશે? તે કરતાં અતિશય સુખવાળા યથાર્થ નામવાળા પાંચ **અનુત્તર વિમાનોને** વિવક્ષિત કેમ નથી કર્યા? આ એક વિચારણીય પ્રશ્ન છે. જો કે વિવક્ષાધીન ગમે તેવી કલ્પના ગ્રંથકારો કરી શકે છે, છતાં કયી વિવક્ષા અહીં ગ્રંથકારને અભિમત છે તે જાણવું જરૂરનું હોઇ વિશેષજ્ઞો આનો ખુલાસો સૂચવે તેવી આશા છે.

પ્રકાશવાળા પદાર્થોમાં **ચંદ્ર**, ફૂલોમાં **અરવિંદ-કમલ**, યોદ્ધાઓમાં **વાસુદેવ**, દાનવીરોમાં **કુબેર**, રાજાઓમાં **ચક્રવર્ત્તી**, તપસ્વીઓમાં **નિર્ગ્રંથ-સાધુ**, ક્ષમાશીલોમાં **શ્રી અરિહંતપ્રભુ**, તથા જગત્‌ના તમામ મહામંત્રોમાં **શ્રી નમસ્કારમહામંત્ર** સર્વશ્રેષ્ઠ ગણાય-મનાય છે, તેમ બધાય ધર્મના પ્રકારોમાં **અનશન ધર્મ** સર્વોત્તમ છે. અને આને ભાવપુર્વક આરાધનાર ભવસમુદ્રનો શીઘ્ર પાર પામે છે તેવા મહાત્મા પુણ્યપુરુષોના ઓવારણાં લેવા જેવા છે. **ધન્ય છે અનશન ધર્મને શુદ્ધ રીતે પાલનારા તે દિવ્ય પુરુષોને!**

**શ્રી કામગજેન્દ્ર મુનિએ કરેલ દુષ્કૃત્યગર્હા**

ઉપર મુજબ પ્રાપ્ત થયેલ ઉત્તમ આરાધનાની સામગ્રીની અનુમોદના તથા પ્રભુના ગુણગાન કરી દુષ્કૃતગર્હા અને મોહની ઘેલછા ઉતારનાર અપુર્વ સંવેગ ભાવનાને ભાવતા શ્રી કામગજેન્દ્ર મુનિ વિચારધારાએ ચઢે છે કે- "**અહો કર્મની ગતિ કેવી ગહન છે!** કર્મવશ ભાનભૂલેલા અજ્ઞાનાંધ મેં કામવાસનાને આધીન બની પુર્વજન્મમાં કેવા કેવા ન કરવા લાયક કામો કરેલા! સગા પિતાનું ખૂન કરેલ, માતાની સમક્ષ બહેનની સાથે વ્યભિચાર સેવવા માટે પ્રવર્તેલો! ધિક્કાર છે કામવાસનાને! **છતી આંખે વિવેકશક્તિના વિપર્યાસે ઊંડા ખાડામાં પડવાની ધૃષ્ટતા કરાવનાર વિષયવાસનાએ ખરેખર મને વિડંબેલો!** આ ભવમાં પણ વાસનાની તૃપ્તિ માટે અનેક પ્રયત્નો સેવેલા છે, તે સર્વની ત્રિવિધે ત્રિવિધે હું ગર્હા કરું છું! **મોહમદિરાથી છકી ગયેલા પ્રાણિઓ ખરેખર જગત્‌ના પદાર્થો સાથે સંબંધની કલ્પના કરી સુખતૃપ્તિ મેળવવા માંગે છે, પણ પોતપોતાના સ્વાર્થે કર્મવશ ભેગા થયેલા તે જગત્‌ના પદાર્થો શી રીતે અજ્ઞાનજન્ય વાસનાની તૃપ્તિ કરે?**

ઉપર કહેલી વાતને સમર્થન કરતાં શાસ્ત્રકારો વર્ણવે છે કે — **"ભવ્યાત્માઓ! આ જગત્‌માં કોઇ કોઇનું નથી, સહુ સ્વાર્થવશ અનેક કાલ્પનિક સંબંધો જોડી ઇષ્ટસિદ્ધિ કરવાની તેત્રડમાં રહે છે.**

×શ્રી કાપગજે-દમુનિએ

**સાંસારિક સગપણોની ભાવેલી અસારતા**

બીજાની તો વાત શી કરવી? પણ જગત્માં જેના વાત્સલ્યની ઉપમા શોધી ન જડે તેવી સગી માતાનું સગપણ પણ સમય આવ્યે અંતિમ ચક્રવર્તી (બારમા) શ્રી બ્રહ્મદત્તને મારી નાંખવાના કાવતરા કરનારી ચુલણી (બ્રહ્મદત્તની માતા)ની જેમ દુશ્મનની ગરજ સારનારું થાય છે, તેવી જ રીતે પિતાનું સગપણ પણ પોતાના સગા પુત્રને મારનાર શ્રી કનકરથ રાજાની જેમ અસાર છે, તથા સગા બાપ (શ્રેણિકમહારાજા)ને મારનાર-કદર્થનાર કોણિકની જેમ પુત્રનો સંબંધ પણ ખોટો છે, ભાઇના સગપણને પણ તે જ ભવમાં મોક્ષે જનારા ભરત-બાહુબલિ જેવાઓએ અસાર ઠરાવ્યું છે, જે વિષયવાસનાની પાછલ અજ્ઞાનીઆત્માઓ પાછું વાળીને જોયા સિવાય ભયંકર કૃત્યો કરતાં પણ હીચકાતા નથી, તેની તૃપ્તિના માનેલ સાધનરૂપ સ્ત્રીનું માનેલું સગપણ શ્રી કેશી ગણધરથી બૂઝેલા પ્રદેશી રાજાને ઝેર આપીને મારનાર સૂરીકાંતા (પ્રદેશી રાજાની સ્ત્રી) રાણીના દૃષ્ટાંતથી પોકલ જણાય છે વળી પતિ-મારી (દૂધ દહીં વેચનારી) આહીરણ-ભરવાડણનું પણ દૃષ્ટાંત આ વિષયને સ્પષ્ટ કરનારું છે, વળી જીગરજાની દોસ્તી-ભાઇબંધી પણ મંત્રી ચાણક્ય અને પર્વતરાજાના પ્રસંગ પરથી કેવલ આત્મવંચનારૂપ છે. આ રીતે જગત્ના

અહીં રાસકારે સગપણોની અસારતા આતુરતા સૂચવવા આપેલ ચૂલણી,કનકરથ, કોણિક, ભરત-બાહુબલિ, સુરીકાંતા, પતિમારી, ચાણક્ય, પર્વત, સુભૂમ, પરશુરામ આદિના પરિચય માટે ચોથું પરિશિષ્ટ જુઓ.

અનેક દૃષ્ટાંતો સર્વ સગપણોને કેવલ સ્વાર્થવશજ્ઞાનીઓએ કલ્પી કાઢેલા સૂચવે છે, અને સ્વાર્થ એ એક એવી બૂરી-ભયંકર ચીજ છે કે તેમાં અંધ બનેલા પ્રાણિઓ શ્રી સુભૂમ ચક્રવર્ત્તી અને શ્રી પરશુરામની જેમ બ્રાહ્મણો અને ક્ષત્રિયોનો સમૂળ નાશ કરવાની બુદ્ધિએ નાહક લોહીની નદીઓ વહેવડાવી થોડી જિંદગીના ક્ષણિક આભિમાનિક લાભોની ખાતર અસંખ્ય દુઃખરાશિને નોતરનાર વિપુલ કર્મોનો બંધ કરે છે! અહો! આત્માની કેવી ભયંકર મોહમૂઢ દશા!!!"

ઉપર મુજબ અજ્ઞાન–મોહ અને સ્વાર્થને આધીન બનેલા આત્માઓની કરુણ શોચનીય–દશાના વિચારપુર્વક પોતાના આત્માએ કરેલ દુષ્કૃતોની ગર્હા કરીને પરમ સંવેગની નિર્મલ ભાવનાની ધારાએ ચઢેલા શ્રી કામગજેન્દ્ર મહામુનિ પુનઃ પરમતારક શ્રી મહાવીર પરમાત્માના ગુણોનું કીર્ત્તન કરે છે કે- હે જગતત્રબંધો! સ્વાર્થમાં મૂઢ થયેલા પ્રાણીઓ જગતમાં જન્મ લઈ નિષ્કારણ બીજાના હિતમાં હાનિ પહોંચાડી પૃથ્વી ભારે કરે છે, પણ આપ તો નિઃસ્વાર્થ-બુદ્ધિએ જગતના તમામ જીવાત્માઓને તારવા નિઃસીમ ઉપકાર કરનારી મધુર દેશનાદિ પ્રયત્નો કરો છો! આપ વિષમ કર્મોના બંધનથી મુક્ત હોઇ કૃતકૃત્ય છતાં [1]શ્રી મેઘકુમાર મુનિવર [2]શ્રી મૃગાવતી સાધ્વી,

**શ્રી કામગજેન્દ્રમુનિએ પ્રભુમહાવીર સ્વામીના કરેલ ગુણગાન.**

---

૧. આ મુનિની માહિતી માટે જુઓ શ્રી જ્ઞાતાધર્મ કથા (છઠું અંગ)સૂત્રનું પ્રથમ ઉત્ક્ષિપ્તાધ્યયન, ઉપકૃત થયાની માહિતી માટે આ જ અધ્યનના સૂત્ર ૩૧ થી ૩૬ જુઓ.

૨. આની માહિતી માટે શ્રી આવશ્યકનિર્યુક્તિ ગા ૮૭ની હારિભદ્રીયવૃત્તિ (પા. ૬૨ થી ૬૬) તથા શ્રી આવશ્યકચૂર્ણિ પૂર્વભાગ ઉપોદ્ઘાતનિર્યુક્તિ (ગા. ૨૪ની ચૂર્ણિ પા ૮૭ થી ૮૯) જુઓ.

[3]શ્રી ઋષભદત્ત-દેવાનંદા, [4]શ્રી અઇમુત્તા મુનિ, (અંતિમ રાજર્ષિ) [5]શ્રી ઉદાયી(યન) રાજા, [6]શિવરાજર્ષિ, [7]પુદ્ગલ પરિવ્રાજક, [8]શ્રી ગૌતમસ્વામીના પૂર્વભવ સાંગમિક, સ્કંદ પરિવ્રાજક, [9]પ્રભુ મહાવીરસ્વામિની માશી ચેડા મહારાજાની પુત્રી જયંતી શ્રાવિકા, [10]શ્રી પાર્શ્વનાથસંતાનીય વિવિધ ગહનભંગજાલમય પ્રશ્નકારક ગાંગેય મુનિ,

---

૩. આ બન્નેની માહિતી માટે શ્રી **ભગવતીસૂત્ર** શતક-૯, ઉદ્દેશ-૩૩, સૂ. ૩૮૦ થી ૩૮૨ પા. ૪૫૬થી ૪૬૦ જુઓ.

૪. આ મુનિવરનું વર્ણન શ્રી **ભગવતી સૂત્ર** શ. ૧૩, ઉ. ૪, સૂ. ૧૯૮, પા. ૨૧૯ માં છે.

૫. આ રાજર્ષિનો ઉલ્લેખ શ્રી **ભગવતી સૂત્ર** શ. ૧૩, ઉ. ૬, સૂ. ૪૯૧-૪૯૨, પા. ૬૧૮ થી ૬૨૦ માં છે.

૬. આ શિવરાજર્ષિ સબંધી વર્ણન શ્રી **ભગવતી સૂત્ર** શ. ૧૧, ઉ. ૯, સૂ. ૪૧૭-૪૧૮, પા. ૫૧૪ થી ૫૨૧ માં છે.

૭. આ પરિવ્રાજક મુનિનો અધિકાર શ્રી **ભગવતી સૂત્ર** શ ૧૧, ઉ. ૧૨, સૂ, ૪૩૬, પા. ૫૫૧ માં છે

૮. શ્રી ગૌતમસ્વામિના પુર્વજન્મપરિચિત આ પરિવ્રાજક મુનિનો અધિકાર શ્રી **ભગ. સૂત્ર** શ. ૨, ઉ. ૧, સુ. ૯૦ થી ૯૬, પા. ૧૧૨ થી ૧૨૮માં વિસ્તારથી છે.

૯. અંતિમ રાજર્ષિ શ્રી ઉદાયન મહારાજાની બ્હેન, શ્રી ચેડા મહારાજાની પુત્રી, પ્રભુ મહાવીર સ્વામીની માશી અને વિવિધ પ્રશ્નો કરનારી આ શ્રાવિકાનું વર્ણન શ્રી **ભગ સૂત્ર** શ. ૧૨, ઉ. ૨, સુ. ૪૪૧ થી ૪૪૩ પા. ૫૫૬ થી ૫૫૮ માં જુઓ.

૧૦. પાર્શ્વનાથ પ્રભુના-શાસનવર્ત્તી-સંતાનીય, ભંગજાલગહન સૂક્ષ્મ વિવિધિ પ્રશ્નકાર તરીકે વિખ્યાત શ્રી ગાંગેય મુનિનો વિસ્તૃત અધિકાર શ્રી **ભગ સૂત્ર** શ. ૯, ૧૨, સૂ. ૪૩૬ પા. ૪૩૯ થી ૪૫૫ માં છે.

અન્યતીર્થિક [11]કાલોદાઇ, [12]અંબડ પરિવ્રાજકના સાતસો શિષ્યો તથા કોણિક અને ચેડા મહારાજાના મહાશિલાકંટક સંગ્રામમાં આરાધનાપૂર્વક સમાધિમરણ કરનાર નાગ સારથિનો દૌહિત્ર [13]વરૂણ, [14]શ્રી સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિ વગેરે અનેક ભવ્યાત્માઓ ઉપર અનુગ્રહ કરી તેઓના જીવનને પાવન બનાવ્યા છે, અને દુઃખોના અપાર સમુદ્રમાંથી બચાવ્યા છે તો હવે હે વિભો! અમને પણ કૃપા કરી ભવસમુદ્રથી પાર ઉતરવાની અતુલ-શક્તિ સમર્પો, એવી અમારી નમ્ર પ્રાર્થના છે. અતુલ ઉપકારી હે વિભો! સામસામી દિશામાં તેજથી ઝળહળતા જંબૂદ્વીપના બન્ને સૂર્યરૂપી બાજુબંધને ધારનારી આ પૃથ્વીરૂપ વધૂ ( સૌભાગ્યશાલિની નવપરિણીત સ્ત્રી ) અનેક રત્નોથી ઓપતા મેરુપર્વતરૂપ મરકતમણિના થાલમાં વિવિધ રંગ-પ્રકાશથી દીપતા નક્ષત્રોરૂપ અખંડ અક્ષત અને પુર્ણ કલાએ ખીલેલ ચંદરૂપ શ્રીફલ અને પ્રાતઃકાલીન બાલસૂર્યની અરુણ પ્રભારૂપ ચંદન

---

૧૧. પ્રભુ મહાવીરદેવની વાણીથી પ્રતિબોધાયેલા આ અન્યતીર્થિક મુનિનો પરિચય શ્રી ભગ સૂત્ર શ. ૭, ઉ. ૧૦, સૂ. ૩૦૫થી ૩૦૮, પા. ૩૨૩ થી ૩૩૮ માંથી મેળવો.

૧૨. આગામી ચોવીશીમાં તીર્થંકર થનાર પરમશ્રાવિકા શ્રી સુલસાના દૃઢ સમ્યક્ત્વની પ્રભુ મહાવીર સ્વામિજીના ધર્મકુશલના પ્રશ્નના નિમિત્તે આકરી કસોટી કરનાર દ્વાદશવ્રતધારક શ્રી અંબડપરિવ્રાજકના સાતસો શિષ્યોની વિસ્તૃત માહિતી માટે શ્રી ઔપપાતિકોપાંગમાં સૂત્ર નં. ૩૯ માં આવતો પરિવ્રાજકાધિકાર જુઓ.

૧૩. આનું વિગતવાર વર્ણન શ્રી ભગ. સૂત્ર શ. ૭, ઉ. ૯, સૂ. ૩૦૩-૩૦૪, પા. ૩૨૦-૩૨૧ માં છે.

૧૪. આ બન્ને મહામુનિઓના વર્ણનો શ્રી ભગ. સૂત્ર શ ૧૫, સૂ. ૫૫૩ થી ૬૭૭ માં છે.

લઇને આપના સ્વાગત કરવાપુર્વક ઓવારણાં લેવા જ્યાં સુધી તૈયાર ઉભી છે ત્યાં સુધી અમારા પ્રાણ–જીવન આધારરૂપ આપ જયવંતા વર્તો, અર્થાત્ શાશ્વત કાલ-યાવચ્ચંદ્રદિવાકરૌ સુધી આપ જયવંત રહો ! ! !

**શ્રી કામગજેન્દ્રાદિ પાંચે મહામુનિઓને વિશુદ્ધ અધ્યવસાયથી પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાન અને મોક્ષ**

ઉપર મુજબ વીતરાગ-પ્રભુના અપુર્વ ગુણગાનના આનંદ-રસમાં તલ્લીન બનેલા પાંચે મહામુનિઓ અનશન કર્યા પછી સાહજિક થતી શારીરિક બાહ્ય વેદનાઓને પણ વિસરી જાય છે, અને પરમ સંવેગની ઉત્કૃષ્ટ ભાવનાબળે અધ્યવસાયોની વિશુદ્ધિ કરી મરણના અંત્ય સમયને નિકટ જાણી, ચૌરાશી લાખ જીવાયોનિ સાથે ક્ષમાપના કરી, પરમ-મૈત્રી–ભાવના કલ્યાણકર રસમાં તરબોલ થઇ પરમાનંદને પામેલા તેઓ શુક્લધ્યાનની ઉચ્ચતર શ્રેણિએ સંચરવા લાગ્યા અનુક્રમે આત્મદ્રવ્યના વિશુદ્ધગુણ પર્યાયોના શ્રુતાનુસારી ચિંતન અને અધ્યવસાયોની સાહજિક નિર્મલતાના બળે ઘનઘાતી ચારે કર્મોનો ક્ષય થવાથી પાંચે મહામુનિઓને વિશુદ્ધ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ અને તુરત આયુકર્મ ક્ષીણ થવાથી શરીરાદિકના બંધનથી મુક્ત બની સાહજિક સચ્ચિદાનંદ-સ્વરૂપ જ્ઞાનાદિ અનંત ગુણોના વિલાસની ભૂમિ શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ સિદ્ધદશા મેળવી મુક્તિએ પહોંચ્યા–મોક્ષે ગયા.

**કથાનો ઉપસંહાર.**

આ રીતે શ્રી કામગજેન્દ્રમુનિ પુર્વભવમાં વિષયવાસનાની પ્રબલતાએ પિતૃહત્યા–ભગિનીવ્યભિચાર જેવા પાપોમાં થયેલી પ્રવૃત્તિ શ્રી સીમંધરસ્વામીના મુખથી સાંભળી ચાલુ ભવમાં પણ ઉચ્છૃંખલ બનતી વિષયવાસનાને સંયમિત કરી શક્યા. અને પુર્વભવ સંકેતિત કલ્યાણમિત્ર દેવોના શુભાવહ પ્રયાસથી શ્રી સીમંધર પ્રભુનો સમાગમ પામી, નિર્મલ સમ્યક્ત્વ રત્નને પામી,

ચરમ તીર્થંકર **શ્રી મહાવીર પ્રભુ** પાસે સંયમ સ્વીકારી નિરતિચાર આરાધના કરી અનશનાદિ-ધર્મના પરિપાલનપુર્વક **કેવલજ્ઞાન પામી** મુક્તિપદને પામ્યા.

આ રીતે **રાસકારે** પ્રથમ ઉલ્લાસની સોળમી ઢાલ(પા. ૧૭) માં **શ્રી સીમંધર પ્રભુના** ગુણ-ગાન કરતાં પ્રભુથી ઉપકૃત થયેલા ભવ્યાત્માઓનાં નામો વર્ણવેલા, તેમાં—

**"અપ્રસિદ્ધ માટે વલી બોલું કામગજેન્દ્રો તારજી ॥**
**નિજ-ભગિની વ્યભિચાર મુકાણું, પૂરવ ભાવ મુનિ પામીજી।**
**તુમ્હ દર્શનથી વીર કહની, દીક્ષા તદ્ભવ મુગતિનું ગામીજી॥"**

– શબ્દોથી પુર્વભવમાં ભગિની-વ્યભિચારની પાપમય પ્રવૃત્તિને **શ્રી સીમંધરપ્રભુના મુખથી જાણી શ્રી વીરપ્રભુ** પાસે દીક્ષા લઇ તે જ ભવમાં મોક્ષે જનાર **શ્રી કામગજેન્દ્ર** રાજકુમારની કથા **અપ્રસિદ્ધ** હોવાથી વર્ણવવાની પ્રતિજ્ઞા કરેલ, તેનો નિર્વાહ નિર્વિઘ્ન રીતે થયેલ હોવાથી **ઉપસંહારમાં શ્રી સીમંધર પરમાત્મા અને શ્રી મહાવીર પ્રભુનાં** કરેલ ગુણગાન દિનપ્રતિદિન ચઢતી કલાએ શ્રી સંઘને આનંદદાયી નિવડવાની શુભાશંસા કરે છે.

**રાસકારે** મૂળગ્રંથમાં ગ્રંથના અંત્યમંગલ તરીકે વિહરમાણવિભુ **શ્રી સીમંધરસ્વામિની** સંસ્કૃતમાં સ્તુતિ કરેલ છે. જેમાં જણાવેલ છે કે-

**શ્રી સીમંધરપ્રભુની**
**અંત્ય-મંગલ-સ્તુતિ**

જગતમાં શ્રેષ્ઠ સારરૂપ **શ્રી સીમંધરપ્રભુ!** આપ જન્મ-જરા-મરણના દુઃખો દુર કરી, મુક્તિપદના પરમ સુખને દેનારા છો, અને [1]સેડુક વિપ્ર જેવા સેવકોના

---

૧ અહીં મૂલમાં **રાસકારે "सेडुकतुल्यो षेशममार"** શબ્દોથી સેડુક દ્વિજને ઉલ્લેખેલ છે, પણ **શ્રી મહાવીરપ્રભુના** જીવન સાથે સંબંધ ધરાવનાર **સેડુકનો શ્રી સીમંધરપ્રભુ** સાથે શો સંબંધ છે? તે કોઇના ખ્યાલમાં હોય તો જણાવવા વિનંતિ છે. **સેડુકની** માહિતી માટે ચોથું પરિશિષ્ટ જુઓ.

કલ્યાણકરસ્વામિ! કામાદિ શત્રુઓના વિજેતા–માયારૂપ પર્વતના વિનાશ માટે વજ્રસમાન છો, આપનો ચિરકાલ વિજય થાઓ ॥ ૧ ॥

વળી કમલ સમાન નેત્રો અને રાજહંસ સમાન સુંદર ગતિવાળા, અપરંપાર ગુણ-ગુણોના સ્વામી પારાવાર સંસાર સમુદ્રના દુઃખોથી છોડાવનાર, માયારૂપ પૃથ્વીને હળની જેમ ભેદી નાંખનાર મનમોહન હે વિહરમાણ વિભુ! આપ સદાકાળ જયવંત રહો ॥ ૨ ॥

તમામ ભય-વાસનાઓથી મુક્ત હે પ્રભો! અપ્સરાગણોદ્વારા નિરંતર ગવાતા તારા મનોહર ગુણ-ગણોને વર્ણવવા કોણ સમર્થ થાય? જગતના પદાર્થોના સ્વરૂપાવગાહી પ્રકાશ કરનારા આપને સદાકાલ ત્રિકરણ શુદ્ધ વંદના હો!!! ॥ ૩ ॥

શ્રી સત્યકી માતાની કુક્ષિને ઉજાળનાર, શ્રી શ્રેયાંસરાજાના કુલને સૂર્યસમ પ્રકાશક, દુઃખના મોટા સૂર્યના પ્રકાશને આવરવા ગાઢ મેઘ જેવા, સંગરહિત, પરાક્રમના ગુણથી સિંહ તથા ધૈર્ય ગુણથી મેરુ-પર્વત સમાન શ્રી સીમંધર પરમાત્મા સદાકાળ જયવંત રહો ॥૪॥

ચંપકવર્ણી સુંદર કાયાની કાંતિથી ભવ્યાત્માઓને આનંદ દેનાર, પરમસુખના ધામસ્વરૂપ, સેવા માટે લાલાયિત બનતા સુર-અસુરોના સમૂહથી ગવાયેલા અને ઇંદ્રિય-વિષય-કષાયાદિ અંતરંગ શત્રુઓથી અજેય હે વિહરમાણ વિભુ! સદાકાળે આપનો જય થાઓ ॥ ૫ ॥

રાસકાર ઉપર મુજબ સ્તુતિ કરીને પ્રાચીન પ્રણાલિકાનુસાર સ્મૃતિ-પથમાં રાખવાની સરલતાને અનુલક્ષી શ્રી સીમંધર પ્રભુ ના જીવન સંબંધી ઉપયોગી માહિતીને ટૂંકમાં ગૂંથી લેવાના આશયથી ૪૩ દ્વારા (બીજકો) વર્ણવે છે. (૧) નામ શ્રી સીમંધર પરમાત્મા, (૨) દ્વીપ–જંબૂદ્વીપ, (૩) દિશા–શ્રી જંબૂદ્વીપના મધ્ય ભાગે

**શ્રી સીમંધર પ્રભુના જીવનના માહિતી માટે ૪૩ દ્વારો(બીજકો)**

રહેલ મેરુપર્વતથી પુર્વ દિશામાં આવેલ પૂર્વવિદેહ ક્ષેત્રનો ઉત્તર બાજુનો પૂર્વનો વિભાગ, (૪) विजय–મહાવિદેહ ક્ષેત્રના વિભાગરૂપ બત્રીસ વિજયોમાં આઠમી પુષ્કલાવતી વિજય, (૫) नगरी–શ્રી પુષ્કલાવતી વિજયની રાજધાની પુંડરીકિણી નગરી, (૬) माता શ્રી સત્યકી રાણી, (૭) पिता–શ્રેયાંસરાજા, (૮) शरीरलक्षणो–પ્રભુના લોકોત્તર મહિમાશાલી શરીરના ૧૦૦૮ લોકોત્તર લક્ષણો, (૯) दिक्कुमारी–પ્રભુના જન્મસમયે સૂતિકાકર્મ બજાવી અશુચિ નિવારણ છપ્પન દિક્કુમારીઓનું આવવું, (૧૦) इन्द्र પ્રભુના જન્મમહોત્સવ કરવા ચોસઠ ઇન્દ્રોએ મેરુપર્વત પર જઇ આડંબરપુર્વક કરેલ અભિષેકાદિ, (૧૧) जिनांतरजन्म–શ્રી કુંથુનાથ પ્રભુ (આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના ૧૭મા તીર્થંકર) તથા શ્રી અરનાથપ્રભુ ૧૮મા તીર્થંકર) ના વચમાળામાં શ્રી સીમંધરપ્રભુ જન્મ્યા, (૧૨) जन्मनक्षत्र–ઉત્તરા-(ષાઢા?) (૧૩) जन्मराशि–ધનરાશિ, (૧૪) शरीरनी ઉંચાઈ–૫૦૦ ધનુષ્ય, (૧૫) दारकर्म्म–રુક્મિણી રાણી સાથે પાણિગ્રહણ, (૧૬) लंछन–વૃષભ-બળદનું, (૧૭) दीक्षाकाल–શ્રી મુનિ સુવ્રતપ્રભુ (૨૦મા તીર્થંકર) અને શ્રી નમિનાથપ્રભુ (૨૧મા તીર્થંકર) ના આંતરે, (શ્રી દશરથ મહારાજાના અયોધ્યા નગરીમાં રાજત્વકાલમાં આઠમા બલદેવ શ્રી રામચંદ્રજીના જન્મ પહેલાં દીક્ષા થઇ.) (૧૮) लोकान्तिक देवो–પ્રભુના દીક્ષાકાલ અગાઉ પંચમ દેવલોકના વાસી નવ લોકાંતિકદેવોએ સ્વયંસંબુદ્ધ તીર્થંકર પ્રભુને તીર્થ પ્રવર્તાવવા કરેલી પ્રાર્થના (૧૯) संवच्छरीदान–લોકાંતિકદેવોની વિનતિ પછી સંસારનો પરિત્યાગ કરવા ઉત્સુક પ્રભુએ વર્ષ સુધી છૂટે હાથે સોનૈયાઓનું કરેલ દાન, (૨૦) महाव्रत–શ્રી સીમંધરપ્રભુના શાસનમાં અપરિગૃહીત–મમત્વભાવથી ભાવપરિગ્રહ થયા વિનાની–સ્ત્રી સાથે મૈથુનાદિ થાય નહિ તે અપેક્ષાએ ચોથા અને પાંચમા વ્રતની એકતા હોઇ ચાર મહાવ્રતો (હતા) (૨૧) वस्त्रवैचित्र्य વસ્તુની સારાસારતાનું અચૂક માપકયંત્ર તેના ઉપયોગ કરનારા હોવાથી

**શ્રી સીમંધરપ્રભુના** શાસનવર્તી [1]ઋજુ-પ્રાજ્ઞ સંયમી આરાધકો માટે પંચવર્ણી વસ્ત્રના પરિભોગની મર્યાદા, (૨૨) **वधामणी** પ્રભુ પધાર્યાની વધામણી સંબંધી [2]શાસ્ત્રીય મર્યાદા. (૨૩) [1]**प्रभुनुं बल**-પ્રભુની ટચલી આંગલીમાં રહેલું અનંતા ઇન્દ્રોનું બલ (૨૪) **प्रभुनुं रुप** જગતના સર્વશ્રેષ્ઠ રૂપસંપદાવાળા ગણધરોના રૂપ કરતાં અનંતગુણ શ્રેષ્ઠ સુંદર પ્રભુનું રૂપ, (૨૫) **तपमर्यादा-श्री सीमंधर प्रभुना** શાસનમાં આઠ-માસની તપની નિયત ઉત્કૃષ્ટ મર્યાદા, (૨૬) **साधुसंख्या**-એકસો ક્રોડ (એક અબજ) મુનિવરો, (૨૭) **केवलिसंख्या**-દશ લાખ કેવલ-જ્ઞાની મુનિવરો, (૨૮) **अतिशयो**-પ્રભુના લોકોત્તર મહિમાને ફેલાવનારા ચોત્રીશ અતિશયો, (૨૯) **महाप्रातिहारो**-પ્રભુની અદ્ભુત તીર્થંકરણ-

---

૧ આ શબ્દની માહિતી માટે પુર્ંધર **શ્રી ભદ્રબાહુસ્વામીજી** રચિત શ્રી પર્યુષણાકલ્પાપરાખ્ય **શ્રી કલ્પસૂત્રની** ઉપા **શ્રી વિનય-વિજયજી મ૦** કૃત **સુબોધિકા ટીકાનું** વ્યાખ્યાન પ્રથમ (પા ૮ થી ૧૧) જુઓ.

૨ આના માટે પૃ. ૭૯ જુઓ.

૧ શ્રી તીર્થંકર પ્રભુના લોકોત્તર બલને વર્ણવતું એક પ્રાચીન કવિત નીચે મુજબ મળે છે.

"બારા નર બલ વૃષભ, વૃષભ દશ જયું એક હયવર,
બારા હય એક મહિષ, મહિષ પાંચશે એક ગયવર ॥
પાંચસો ગજ હરિ એક, સહસ દોય એક અષ્ટાપદ,
દશ લાખ બલદેવ-વાસુદેવ, દોય એક ચક્રી હદ ॥
ક્રોડ ચક્રી એક સુર ગણો, ક્રોડ સુરાં એક ઇંદ,
ઇંદ અનંતસું નહિં નમે, ચટી આંગલી અગ્ર જિણંદ ॥૧॥"

શીઘ્રતાને સૂચવનારા દિવ્ય વિભૂતિસ્વરૂપ **આઠ પ્રતિહાર્યો** (૩૦) **શિષ્યો પ્રભુ શ્રી સીમંધર સ્વામિના** શાસનના **ઋજુપ્રાજ્ઞ** પ્રાણીઓ (૩૧) [1]**राजपिंड** (૩૨) [2]**मासकल्प** (૩૩) [3]**श्री पर्युषणाकल्प** (૩૩) **बलि**-પ્રભુના પ્રથમ સમવસરણમાં દેશના પછી સ્વકલ્પ પ્રમાણે ઇન્દ્રદ્વારા કરાતી [4]બલિઉત્ક્ષેપની વિધિ, (૩૫) **कमल**-પ્રભુ વિહાર કરે ત્યારે વાગફરતી પ્રભુના ચરણન્યાસથી પવિત્ર બનતા નવ સ્વર્ણકમલો (૩૬) **आयु श्री સીમંધર પરમાત્માનું કુલ આયુ ૮૪ લાખ** [5]**પૂર્વનું છે.**

**આ રીતે પ્રભુના [6]જીવન-બીજકોનું વર્ણન કરી રાસકાર પ્રભુના**

---

**ભાવાર્થ**-બાર યોદ્ધાનું બલ એક બળદમાં, દશ બળદનું બલ એક ઘોડામાં, બાર ઘોડાનું બલ એક પાડામાં, પાંચસો પાડાનું બલ એક હાથીમાં, પાચસો હાથીનુ બલ એક સિંહમાં, બે હજાર સિંહનું બલ એક અષ્ટાપદ (सिम्बोष હિંદી નામ)માં, દશ લાખ અષ્ટપદનું બલ બલદેવ કે વાસુદેવમાં, બે બલદેવ કે વાસુદેવનું બલ એક ચક્રવર્તીમાં, ક્રોડ ચક્રવર્તીનું બલ એક દેવમાં, ક્રોડ દેવોનું બલ એક ઇંદ્રમાં, **આવા અનંતા ઇન્દ્રોના બલથી પણ પ્રભુની ટચલી આંગલીનું બલ વધારે હોય.**

૧-૨-૩ **રાસકારે શ્રી સીમંધર** પ્રભુના શાસનની મર્યાદા વર્ણવતાં રાજપિંડ માસકલ્પ પર્યુષણાકલ્પને શા માટે વર્ણવેલ છે? કારણ **કે શ્રી કલ્પસૂત્રની ઉપા. શ્રી વિનયવિજયજી મ. કૃત શ્રી સુબો-**

ષિકા ટીકા (પા. ૪, પુ. ૧, પં. ૭ થી૯) ના આધારે પ્રથમ - અંતિમ સિવાયના બાવીશ તીર્થંકરો માફક શ્રી મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોના શાસનમાં શય્યાતર-વ્રત-જયેષ્ઠ-કૃતિકર્મરૂપ ચારજ કલ્પ નિયત છે, તો પછી આ ત્રણ શા માટે વર્ણવ્યા છે! સંપ્રદાયગત માન્યતા વિશેષે અંતર હોવાની સંભાવના છે. તદ્દવિદોને યોગ્ય ખુલાસો સૂચવવા વિનંતિ છે.

૪ આના માટે જુઓ પા. ૮૧

૫ આ શબ્દની માહિતી માટે પા. ૭૦ નું ટિ. નં. ૨ જુઓ.

૬ રાસકારે શરૂઆતમાં ૪૩ જીવન-બીજકો વર્ણવવાની પ્રતિજ્ઞા કરેલી પણ છત્રીશ બીજકો-દ્વારા સ્પષ્ટ જણાવ્યા છે, બાકીના સાત અધ્યાહાર્ય રાખ્યા છે; અગર નીચેની ગાથામાં સૂચવેલ સાતના આંકડાથી અન્ય સાત દ્વારા સૂચવ્યા છે તેનો નિર્ણય ગાથાનો સ્પષ્ટાર્થ ન જણાયાથી અણઉકેલ્યો જ રહે છે, વિશેષજ્ઞો યોગ્ય ઉકેલ લાવશે તેવી આશા છે.

"સાત અન્ય નગરી સહી રે, વિચરી શ્રી જિન-રાજો ।
મોક્ષ ત્રીજિ ભાગિ રહિ રે, મોક્ષાંતરિ જિન-તાજો ॥ (પા.૪૮)"

આ ગાથાનો સ્પષ્ટાર્થ શો? અને સાત પદથી શું વિવક્ષિત છે?

ગુણગાન કર્યા બદલનો આત્મસંતોષ વ્યક્ત કરતાં દેવેન્દ્રોથી પણ અશક્ય પ્રભુના ગુણોનું યત્કિંચિત્ વર્ણન સાનંદ સંપન્ન થયા બદલ પરમહર્ષ પ્રદર્શિત કરે છે અને પોતાના જીવનને કૃતપુણ્ય માને છે.

**શ્રી સીમંધર પ્રભુના ગુણાનુવાદ અને શુભાશંસા**

"શ્રીસીમંધર વિભુ! આપ તો પરમ સૌભાગ્યશાલી છો, શ્રીકામગજેન્દ્ર જેવા પામર આત્માઓને પણ ઉપદેશામૃતધારાથી તાર્યા. ખરેખર આપ જેવા ઉપકારી કોઈ નથી. હું આપના ગુણોનો અનુરાગી બન્યો છું. હે પ્રભુ! આપના અપ્રમેય અદ્ભુત અનેક ગુણો છતાંય અતિ મહત્ત્વ ધરાવતા આઠ ગુણોને વર્ણવવા ચતુર્દશ પૂર્વધર **શ્રી ભદ્રબાહુસ્વામિને** પણ શુભાવહ પ્રેરણા થઈ. તેઓશ્રી શ્રી દશવૈકાલિક સૂત્રનિર્યુક્તિ (ગા ૩૫૧)માં જણાવે છે કે—

**"विसघाइ - रसायण - मंगलत्थ-विणीए-पयाहिणावत्ते ।**
**गुरू - अडज्झ - अकुच्छे अट्ठ सुवण्णे गुणा भणिया ॥"**

**ભાવાર્થ**-જેમ સોનું વિષાપહારક, રસાયણરૂપે પુષ્ટિકારક, શુભ શકુન માંગલિક સ્વરૂપ, ઇચ્છાનુરૂપ ઘાટ થઈ શકે તેવું. અગ્નિસંયોગથી પીગળ્યે છતે પ્રદક્ષિણાવર્ત્તવાળું, ગુરૂ, પ્રબલ અગ્નિસંયોગે પણ અદાહ્ય અને કોહવાટ ન થાય તેવું હોય છે, તેમ આપ પણ **મોહરૂપ ઝેરના ઘાતક, ધર્મને પુષ્ટિકારક, ભવના પરિભ્રમણમાંથી છોડાવી પરમ મંગલભૂત થનારા, વિનયધર્મના પ્રચારક, માયાની કુટિલતા વિનાના, પૂજ્ય, ક્રોધાદિ અગ્નિના અવિષયભૂત અને ઈર્ષ્યાદિના કોહવાટ વિનાના છો** વળી અત્યંત ઉત્કૃષ્ટ શોભાવાળા અને પરમૈશ્વર્યની સંપદાઓ છતાં ઉચ્ચતર વૈરાગ્યની ભૂમિકાએ પહોંચેલા આપના નામ-માત્રથી જગતના પ્રાણીઓના વિઘ્ન માત્ર દૂર થાય છે અને સુખ-સંપદાઓ આવી મળે છે સંસારના મૂલહેતુભૂત કષાયના પ્રબલ

આવેશથી વાઘણસમા રૌદ્રસ્વભાવી આત્માઓ પણ આપશ્રીના સહવાસ નિકટતા–ને પામીને સીધા–સાદા–ગરીબડા સ્વભાવની મનાતી બકરી જેવા નરમ સ્વભાવના થઇ જાય છે. આવા પરમોદાત્ત ગુણગણધારક **શ્રી સીમંધર પરમાત્મા પાસે** મારી એક જ અંતિમ પ્રાર્થના છે કે— **આપશ્રીના પુણ્ય-પ્રતાપે સકલ સંઘ ચિરકાલ જયવંત રહે અને પરમ–શુદ્ધ જ્યોતિસ્વરૂપ આત્મસ્વભાવની શીઘ્ર મને પ્રાપ્તિ થાઓ.** જગત્માં લોકોત્તર મહાપુરુષ તરીકે વિખ્યાત આપના સ્મરણ-ધ્યાનથી અમાપ શાતા અનુભવાય છે, આ રીતે તારા ગુણ–ગણોના પુનિત વર્ણનદ્વારા અપૂર્વ સમ્યક્ત્વલક્ષ્મીની ચિરસ્થાયી શોભાવાળી પ્રાપ્તિ–નિર્મલતા સહજ થાય છે.”

“ **શ્રી સીમંધર વિભુ !** દેવોની શ્રેણિઓથી આપ સેવાએલા છો. વિશુદ્ધ આત્મલક્ષ્મીના નિવાસસ્થાન છો, દેવગણની અપ્સરાઓ પોતાના ભવનમાં પણ આપના ગુણોના રાસડ લે છે.

**છેલ્લી ઢાલમાં રાસકારે કરેલી શ્રી સીમંધર પ્રભુ પાસે અંતિમ પ્રાર્થના**

ઉત્કૃષ્ટ સુખના આપનાર આપ ત્રણે જગત્ના સાચા આદર્શ પાલક છો. મારા હૈયાના હાર સમાન આપના સ્વપ્નમાં પણ થયેલાં દર્શનથી થતા હર્ષ–આનંદનાં પૂર હૈયાને થનગનાવી મૂકે છે, પણ **મિંચેલી આંખે માનસિક કલ્પનાસૃષ્ટિમાં થયેલાં આપના મધુર દર્શને શ્રી કામગજેન્દ્રની માફક ઉઘાડી આંખે સાક્ષાત્ દર્શન–સંભાષણ કરવાની મારી તમન્નાને વધારી મૂકેલ છે. આપના મુખચંદ્રને નિરખવા મારા નયનોએ હવે બળવો કરવાની તૈયારી કરી છે; માટે જલ્દી આશા પરિપૂર્ણ કરો ! તમારા મુખની શોભારૂપ મંડપે મારી માનસિક ભાવના વેલડી ચઢી છે તો હવે ઘનમેઘની ઘટામાં ચમકતી વિજળીની માફક તુરત ઇચ્છા પૂર્ણ કરવા કૃપા કરશો ! ! !** ક્રોડો સૂર્ય કરતાં પણ અધિક તારા મુખની તેજસ્વી કાંતિ અમ જેવા સેવકોને રંગરેલ કરી શ્રેષ્ઠ આનંદને દેનારી છે !”

આ રીતે **રાસકારે શ્રી સીમંધરસ્વામિના** જીવનચરિત્ર **અને** ગુણોનું વર્ણન કરતાં પ્રાસંગિક અદ્ભુત **શ્રી** કામગજેન્દ્રની કથા વિસ્તારથી વર્ણવીને અને **વિહરમાણ પ્રભુશ્રી સીમંધરસ્વામિના** પરમાનંદદાયી ગુણોનું વર્ણન શુભાશંસાદિપૂર્વક કરીને આ રાસના ચરમોલ્લાસની અહિં *સમાપ્તિ કરી છે.*

આ રીતે વિવિધ-ભવ્ય ઉદાત્ત-વર્ણનોથી ભરપૂર **શ્રી સીમંધરસ્વામિ-શોભા-તરંગ-રાસ** પૂરો થયો.

**॥ ઇતિ શ્રીસીમંધરસ્વામિ-શોભા-તરંગે ૧પંચમ (સુંદર) ચરમોલ્લાસ: સમાપ્ત: ॥**

## ॥ શ્રી સીમંધર શોભા-તરંગનો ગુર્જર ભાષાનુવાદ સમાપ્ત ॥

૧ આ શબ્દ માટે પાન ૮૬ નું ટિપ્પણ જુઓ.

# ખાસ અગત્યનો સુધારો

[ આ પુસ્તકમાં પા. ૭ ઉપર આઠમી ઢાલની સાતમી ગાથા પછી નીચે મુજબની ( આઠથી બાર નંબરની ) ગાથાઓ છાપવી રહી ગઇ છે, તે નીચે ઉધ્ધૃત કરી છે સુજ્ઞ વાંચકો અહીંથી ત્યાં અનુસંધાન કરી લે. ]

તુમ્હ જનમો સુણી સુર-પતિ, આઈ હમકે પાસિ ।
પંચ-ઇન્દ્ર ભએ મારગિ, પોહતા મેરૂ આવાસિ ॥ ૮ ॥

ચઉસઠિ ઈન્દ્ર તિહાં મિલી, ઉછવ બહુપાર કીદ્ધ ।
સબ સુર-નાયક વિનવી, કાજ હમારા સીદ્ધ ॥ ૯ ॥

યક્ષ-કર્દમ કરી લીંપએ, કુકમ અગર કપૂર ।
કસ્તુરી ચંદનિ કરી, મહાસુગંધનુ પૂર ॥ ૧૦ ॥

ઉચિ થાનકિ આવીઆ, અહ માનૂં જોવા રત્ત ।
તુઝ દર્શનિ મુઝ દુખ ટલિ, ફાલુગને (ફાલ્ગુને) જિમ પત્ત ॥૧૧॥

૧ ધિન પુષ્કલાવતી વિજયો, ધિન પુંડરિગિણી રાજિ ।
માનૂં સીતાઈ રહિયો, સીતા જાવા કાજિ ॥ ૧૨ ॥

---

૧ આ ગાથા શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર પાટણની "શ્રી સીમંધર શોભા-તરંગ" ની પ્રતમાં નથી.

# પરિશિષ્ટ – ૪

## રાસકારે ઉલ્લેખેલી કથાઓનો ટૂંક પરિચય

**હલધર-બાંધવ દેવકી-નંદન, પૂજ્ય થકી સુખ પાયુજી ।**
**રૂક્મણી-રાણી સપરિવારિ, સુખ પામિય તું ગાયુજી ।।**
( ૧-૧૬-૨૩ )

આ ભરતક્ષેત્રના **નવમા શ્રી** વાસુદેવ ત્રિખંડાધિપતિ **શ્રી** દ્વારકાધીશ **શ્રી** કૃષ્ણ મહારાજાની પટ્ટરાણી **શ્રી રૂકૂમણીના** શુભ મુહૂર્તે જન્મેલ **શ્રી પ્રદ્યુમ્નકુમારને** જન્મતાની સાથે જ કોઈ પૂર્વભવવૈરી દેવ અપહરણ કરી ગયો. શ્રી કૃષ્ણવાસુદેવાદિ આશ્ચર્ય-ચકિત અને ભય-ભ્રાન્ત થઈ પુત્ર-વિરહના આત્યંતિક દુઃખથી પીડાવા લાગ્યા. તે જ અરસામાં નવમા **શ્રી નારદ** મુનિ ફરતા ફરતાં ત્યાં આવી ચઢ્યા. શોકનું કારણ જાણતાં જ તુરત **પૂર્વ-મહાવિદેહ** ક્ષેત્રમાં **શ્રી સીમંધરસ્વામિને પ્રદ્યુમ્નકુમાર** હાલ ક્યાં છે? કોણ અપહરી ગયું છે? આમ થવામાં શું કારણ છે? વગેરે પ્રશ્નો પૂછ્યા પ્રભુએ **વૈતાઢ્યપર્વત** ઉપરના **શ્રી કાલસંવરવિદ્યાધરને** ત્યાં **શ્રી પ્રદ્યુમ્નકુમાર હોવાનું** જણાવ્યું, અને **શ્રી રૂકૂમણી રાણીને** પૂર્વભવમાં બાંધેલ અશુભ-પાપકર્મના ઉદયે સોળ વર્ષ પછી પુત્ર-વિરહનું દુઃખ ભોગવી સ્વતઃ આવી મળશે. વળી તેને અપહરણ કરી જનાર પૂર્વભવના વૈરી **શ્રી ધૂમકેતુ-દેવનું** વિસ્તારથી વર્ણન કર્યું. **શ્રી નારદે** આ બધું જાણી શ્રી કૃષ્ણ મ. આદિને વાત કરી તેમના શોકને દૂર કર્યો વિ૦

> **શ્રી કૃષ્ણ વાસુદેવ-**
> **શ્રી રૂક્મિણી રાણી**

---

( શ્રી વાસુદેવ-હિંડી-પેઢિયા પા. ૮૪, તથા શ્રી પ્રદ્યુમ્નચરિત્ર સર્ગ ૫, શ્લો. ૯૭, શ્રી શ્રાદ્ધદિનકૃત્ય સૂત્ર ભા. ૧, પા. ૧૧૩ થી ૧૧૭, શ્લો. ૫૬૫ થી ૬૩૩ ના આધારે )

**કાલિક સૂરિ-આર્ય રક્ષિત, ધિન જસ તુમ્હ પ્રસાદોજી।**
**નિગોદતણી વિસ્તાર અપૂરવ, કુણ ન કરિ જેહસ્યું વાદોજી॥**
( ૧-૧૬-૨૬ )

અન્યદા **શ્રી મહાવિદેહ** ક્ષેત્રમાં **શ્રી પુષ્કલાવતી** (આઠમી) વિજયમાં વિહરમાણ **શ્રી સીમંધર** પ્રભુએ કહેલ નિગોદનું સુંદર સ્વરૂપ સાંભળી **શ્રી સૌધર્મેન્દ્રે** વિનીત-ભાવે પૂછયું કે- "હે પ્રભુ! **શ્રી ભરતક્ષેત્રમાં** હાલ આવી સરસ રીતે નિગોદની વ્યાખ્યા કરનાર કોઇ આચાર્ય છે ખરા?" પ્રભુએ તેના

**શ્રી કાલિકાચાર્ય મહારાજ**

જવાબમાં **શ્રી કાલિકસૂરિ મ.** (મતાંતરે **શ્રી આર્યરક્ષિતસૂરિ મ.**) નું નામ જણાવી નિગોદના વર્ણનની સમર્થ શકિત જણાવવા સાથે તેઓના સિદ્ધાન્ત જ્ઞાનની પ્રસંસા કરી એટલે બ્રાહ્મણ - રૂપે ઇંદ્ર મહારાજ **શ્રી ભરતક્ષેત્રમાં** સૂરિવરની પાસે આવી, કરી, આરાધના જલ્દી કરી, મરણ સુધારી લેવાના બ્હાને પોતાનું આયુષ્ય પૂછયું. સૂરિજીના જ્ઞાનમાં તેનું આયુષ્ય સંખ્યાતા નહિ, અસંખ્યાતા વર્ષોનું અવશિષ્ટ જણાયું. છેવટે ચોક્કસ શ્રુતના ઉપયોગબલે બે સાગરોપમ-(કંઇક ન્યૂન)નું જાણી ઇંદ્ર હોવાનું જાણ્યું, બાદ પોતે ગુપ્ત હોવા છતાં જ્ઞાન-બલે પોતાને ઓળખી લેનાર, સૂરિવરને હાર્દિક બહુમાન-પૂર્વક નિગોદની વ્યાખ્યા સંભળાવવાની વિનંતી કરે છે સૂરિજીએ શાસ્ત્રાધારે વિસ્તૃત વ્યાખ્યા કરી. તે સાંભળી પ્રસન્ન થઇ **શ્રી સીમંધર-પ્રભુની** પ્રશંસાદિની વાત જણાવી ઉપાશ્રયનું દ્વાર ફેરવી સ્વસ્થાને ગયા

---

(શ્રી **આવશ્યકચૂર્ણિ** (નિ. ગા. ૭૭૪), શ્રી **આવશ્યક હારિ, વૃત્તિ** (પા ૩૦૯-૩૧૦), શ્રી **આવ. મલય-વૃત્તિ** (પા. ૩૯૯-૪૦૦), શ્રી **ઋષિમંડલ પ્રકરણ** (વિશ્રામ ૫, અંશ ૩ શ્લો. ૧૮૮) આદિના આધારે).

+ + +, અત્ર પ્રભાકર સાથ રે ।
ઉત્તમ સંગતિ સુખ-યશં, + + + ॥
( ૨-૧૭-૧૨૩ )

શ્રી વીરપુર નગરમાં શ્રી દિવાકર બ્રાહ્મણને શ્રી પ્રભાકર પુત્ર હતો. ઘણા પ્રયત્નો છતાં તે વિદ્યા ગ્રહણ કરતો નથી પિતાએ અંત્યસમયે તેના જીવનને સુખાવહ કરવા માટે ઉત્તમ બ્રાહ્મણપુત્ર પ્રભાકર સ્વામિની સેવા કરવાની, ઉત્તમ સ્ત્રી સાથે લગ્ન કરવાની અને નિર્લોભી મિત્ર કરવાની શિખામણ આપી. પિતાના મરણ પછી જાણી જોઇને પરીક્ષા માટે પિતાના વચનથી વિપરીત અધમ સ્વામિની સેવા, દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રી સાથે લગ્ન અને લાલચુ-વિશ્વાસઘાતી મિત્ર સાથે દોસ્તી કરી. પરિણામે પ્રાણાંત-કષ્ટમાંથી મહાપ્રયત્ને બચ્યો પુનઃ પિતાની આજ્ઞાનુસાર સારા સ્વભાવવાળો સ્વામિ, સુસ્વભાવવાળી સ્ત્રી અને પ્રામાણિક મિત્રની સોબતમાં રહી પરમ-સુખી બન્યો.

આ સંબંધી વિસ્તૃત માહિતી શ્રીમત્કાલિકાચાર્ય સંતાનીય (યતિ-દિનચર્યા ગ્રંથપ્રણેતા) સૂરિપુંગવ શ્રીયુત ભાવદેવસૂરીશ્વરજી મહારાજે વિ. સં ૧૩૧૨ વર્ષે પાટણ નગરમાં રચેલ શ્લોકબદ્ધ શ્રી પાર્શ્વનાથ-ચરિત મહાકાવ્યમાં આવતી વિનય-વિવેક-સુસંગત-સત્વવિષયક ચાર કથાઓને સંગ્રહનારી શ્રી કથાચતુષ્ટયી ગ્રંથ (પા ૧૦ થી ૧૩ શ્લો. ૩૩૪ થી ૪૬૦) માં આવતી મંત્રી શ્રી પ્રભાકરની કથામાંથી મેળવવી. સ્થલસંકોચના કારણે સંપૂર્ણ કથા અહીં ઉલ્લેખી નથી.

( શ્રી કથાચતુષ્ટયી ગ્રંથના આધારે )

કૌતક-વાણી અપૂર્વ પ્રભુકી,
સંભલી વૃષ-લોચન અધિકાર । ( ૩-૩૨-૨૩ )

**વિંધ્યાચલ** પર્વતની તલેટીમાં **વિંધ્યાવાસ** નામનું નગર હતું. ત્યાં શ્રી **મહેન્દ્ર** નામનો રાજા હતો, તેને **તારા** નામની રાણી હતી, અને શ્રી **તારાચંદ્ર** નામનો પુત્ર હતો. તે પુત્રની આઠ વર્ષની ઉંમર થતાં **શ્રી કોશલ દેશના** રાજાએ દુશ્મનાવટથી લાગ જોઇ અચાનક ચઢાઇ કરી, લડાઇમાં શ્રી **મહેન્દ્ર** રાજા મરી ગયો. નિર્નાયક સૈન્ય જ્યાં ત્યાં ભાગી ગયું. એટલે શ્રી **તારા** રાણી નાના પુત્રને લઇ ગુપ્તમાર્ગે જેમ તેમ પ્રાણ બચાવી ભાગી શ્રી **ભરૂચમાં** આવી. ત્યાં ભયભ્રાંત હરિણીની જેમ કિંકર્તવ્યમૂઢ બની રાજમાર્ગ પર ઊભી રહી ગોચરીએ નિકળેલ સાધ્વીના સંઘાટકે કરુણાથી પરિચય મેળવી પોતાના સ્થાને લાવી. શય્યાતર પાસે તેની યોગ્ય વ્યવસ્થા કરાવી પછી ઉપદેશ આદિ દ્વારા વૈરાગ્યરસથી આર્દ્ર બનેલ તે રાજ-રાણીને સંયમી-જીવન જીવવા માટે ભાવ ઉત્પન્ન થયા **પ્રવર્તિની** સાધ્વીએ સંસારની અસારતા, વૈરાગ્યની મહત્તા અને સંયમની દુષ્કરતાની ખાત્રીપૂર્વક માહિતી આપી-તપાસી તેના નાના પુત્ર શ્રી **તારાચંદ્રને** શ્રી **અનંતનાથ** (આ ચોવિશીના **ચૌદમા તીર્થંકર**) પ્રભુના **શાસનવર્ત્તી** શ્રી **ધર્મનંદનાચાર્ય** મહારાજ પાસે દીક્ષા અપાવી રાણીને પણ દીક્ષા આપી બાળમુનિ સ્થવિરો પાસે શ્રુત મેળવે છે, પણ યુવાવસ્થા પ્રાપ્ત થયે છતે વિષમ કર્મના વિપાકને આધીન થઇ વિષય-વાસનાના રંગ-રાગ-ધનુર્વિદ્યા આદિના રસમાં ઉત્સુક-પ્રવૃત્તિવાળો થાય છે ગણનાયક આચાર્યમ૦ શ્રુતધર ઉપાધ્યાયમ૦ તથા અનુભવી સ્થવિરોના અનેક પ્રયત્નો છતાં ય તેનું મન સ્વસ્થ થતું નથી એકદા આચાર્ય મ૦ સાથે બહિર્ભૂમિએ ગયેલ તે બાલમુનિએ સ્વૈરવિહાર કરતા જંગલી ઉંદરોને જોઇ માનસિક નિર્બલતાએ વિચારે છે કે- "અહો! કેવા ખુશ-હાલ છે આ જંગલી ઉંદરોના! હું તો આખો દહાડો અનેક મુનિઓની વારંવાર 'આ-કર! આ-કર'ની રોકણી-પ્રેરણાઓથી પરાધીન બનેલો લગાર પણ સ્વૈર વિહાર કરી શકતો નથી! ધિક્કાર છે મારા જીવનને" આદિ. બાદ કેટલોક

**વૃષલોચન ( ઉંદર ) નો અધિકાર-**

ટાઇમ સાધુપણું પાળી પેલી અશુભ વિચારણાનું પ્રાયશ્ચિત લીધા વિના કાલ કરી જ્યોતિષી દેવ થઇ આ ઉંદર બનેલ છે. સમવસરણના સુગંધી જલ-ફૂલ આદિથી ખેંચાયેલો અહીં આવી પહોંચ્યો છે વગેરે. પ્રભુની દેશના સાંભળી પરમ સંવેગી બનેલો તે ઉંદર મરી **શ્રી મિથિલાપતિ શ્રી મિથિલ** રાજાની શ્રી **મિત્રા** રાણીની કુક્ષિએ જન્મશે **શ્રી મિત્ર-કુમાર** નામ થશે. મુનિ સમાગમથી, જાતિસ્મરણ પામી દીક્ષા લઇ વિવિધ તપ કરી અંતગડ કેવળી થઇ મુક્તિએ જશે. વિ. વિ.

**( શ્રી કુવલયમાલા કથા પ્રસ્તાવ ૩, પા. ૧૨૨ થી ૧૨૯ )**

## ચૂલણીકૂ સુત-મારણ-બુદ્ધિ, માત-સનેહા કૂડા ॥

( ૩-૪૮-૧ )

**શ્રી કાંપિલ્યપુર** નગરમાં **શ્રી બ્રહ્મ** નામે રાજા હતો. તેને શ્રી ચૂલણી રાણી હતી. તેઓને ચૌદ સ્વપ્નો સૂચિત **શ્રી બ્રહ્મદત્ત** પુત્ર હતો.

**શ્રી ચુલણી રાણી** — તેને ( કુરુદેશનો રાજા) **શ્રી કણેરદત્ત**, (શ્રી કાશી દેશનો રાજા) **શ્રી કટકદત્ત**, (કોશલ દેશનો રાજા) **દીર્ઘ**, ( અંગ દેશનો રાજા )

**શ્રી પુષ્પચૂલ** નામના ચાર મિત્રો હતા. શ્રી **બ્રહ્મ** રાજા મસ્તકની પીડાથી મૃત્યુશરણ થયા પછી શ્રી **બ્રહ્મદત્ત** નાની વયના હોવાથી **દીર્ઘરાજાએ** રાજતંત્ર સંભાળ્યું. વિષયવાસનાની વિષમતાથી રાજમાતા શ્રી **ચૂલણી** અને **દીર્ઘ** રાજાને અનાચારનો સંબંધ જોડાણો. ધીમે ધીમે ઉંમર લાયક થયેલ શ્રી **બ્રહ્મદત્તને** આ વાતની જાણ થતાં અન્ય અનેક ઉપાયો યોજી તે બન્નેને સમજીને પાપાચારમાંથી પાછા ફરવાની તક આપી. **દીર્ઘ** રાજા વિષય-વાસનામાં અંધ બનેલી શ્રી **ચૂલણીને** પોતાની વિષય વાસના અને સ્વતઃ આવી મળેલ રાજરાણીના પ્રેમમાં વિઘ્નરૂપ શ્રી **બ્રહ્મદત્તને** યેન કેન ઉપાયથી મારી નંખાવવાની સલાહ આપે છે. વિષયાંધ સગી માતા સગા પુત્રને આગ લગાડીને મારી નાંખવાના ઉપાય યોજે છે. પુણ્યની પ્રબલ-તાએ રાજમંત્રીની કુનેહથી શ્રી **બ્રહ્મદત્ત** બચી જાય છે. પ્રાણ

બચાવવા વિદેશ જાય છે. અનુક્રમે તે મહાપરાક્રમી ષટ્ખંડભોક્તા બારમો ચક્રવર્તી થાય છે. વિ. વિ.

(શ્રી **ઉપદેશમાલા** ગા. ૧૪૫ની શ્રી **રામવિજયજી** ગણિકૃત વૃત્તિમાંથી)

## તાત–સનેહો તે પણ કૂડો, કનકરથિ નિજ–પુતા ॥

( ૩–૩૮–૨½ )

શ્રી **તેતલીપુર** નગરમાં શ્રી કનકકેતુ રાજા છે. તેને શ્રી **પદ્માવતી** રાણી છે. અને શ્રી **તેતલીપુત્ર** મંત્રી છે. પૂર્વજન્મના પાપાનુબંધી

**શ્રી કનકકેતુ રાજા**

પુણ્યના વિષમ વિપાકથી રાજ્યલોભમાં અંધ બનેલ શ્રી કનકકેતુ રાજા પોતાને ત્યાં જન્મતા છોકરાઓના ભવિષ્યમાં મોટા થઈ આ પુત્રો મારું રાજ્ય ન લઇ લે એ હેતુથી–અંગોપાંગોનો વિચ્છેદ કરાવી રાજ્ય માટે અયોગ્ય ઠરાવે છે. **રાણી** આ વાતથી બહુ દુખી થાય-રહે–છે. એક વખત મંત્રીની સલાહ મુજબ શુભ–સ્વપ્ન–સૂચિત સુંદર મનોહર પુત્રનો જન્મ થતાં જ મંત્રીની સ્ત્રીની તરતની જન્મેલી પુત્રી તેને સ્થાને લઇ પુત્રને ગુપ્ત રીતે પાળવા–પોષવા મંત્રીને આપી દીધો. અનુક્રમે મંત્રી તે પુત્રનું શ્રી કનકધ્વજ નામ રાખી લાલન–પાલન કરી યોગ્ય શિક્ષણ આપી તૈયાર કરે છે. રાજાનું મરણ થતાં રાજ્યગાદીના વારસદારના મુંઝવણભર્યા પ્રશ્નનો ઉકેલ શ્રી **તેતલિપુત્ર મંત્રીએ** પેલા રાજ–પુત્રને હાજર કરી બધી વાત જાહેર કરી–લાવી દીધો અને શ્રી કનકધ્વજે રાજ્ય પામી મંત્રીનો અનહદ ઉપકાર માન્યો વિ. વિ.

(**શ્રી ઉપદેશમાલા** ગા. ૧૪૬ની શ્રી **રામવિજયજી** ગણિકૃત વૃત્તિમાંથી)

## પુત્રિ કોણી, બાંધવિ જાણુ, ભરત–બાહુબલિ ખૂતા ॥

( ૩–૩૮–૨¾ )

**રાજગૃહીના** અધિપતિ **પ્રભુ મહાવીર** દેવના પરમ ભક્ત આગામી ચોવિશીના ભાવી આદ્ય તીર્થંકર **શ્રી શ્રેણિક મહારાજાની** પટ્ટરાણી

**શ્રી કોણિક**

**ચેલ્લણા** રાણીની કુક્ષિએ **શ્રી શ્રેણિક મહારાજા** સાથે પૂર્વભવના ગાઢ નિકાચિત વૈર સંબંધવાળો કો'ક જીવ અવતરે છે, તેના ગર્ભમાં આવતાં જ મનથી પણ બૂરું નહિં ચાહનાર **શ્રી ચેલ્લણા** રાણીને **શ્રી શ્રેણિક મહારાજાના** હૃદયનું માંસ ખાવાનો દોહદ થાય છે. **શ્રી અભયકુમારની** ચાતુરીથી તે પૂર્ણ થાય છે, તેનો જન્મ થતાં જ રાણીએ તેવા ક્રૂર-જીવને રાખવામાં સાર નહિં સમજી ઉકરડે ફેંકી દેવડાવે છે, ત્યાં કૂકડાએ તેણી આંગલી કરડેલી. **શ્રી શ્રેણિકને** આ વાતની જાણ થતાં પુત્રસ્નેહથી ઉકરડેથી તેને મંગાવી કૂકડાએ કરડેલી લોહી-પરુવાળી આંગળીને પુત્રને રડતો છાનો રાખવા મોંઢામાં રાખે છે અને તેનું નામ **શ્રી કોણિક** રાખી લાલનપાલન કરી મોટો કરે છે, આવા પુત્ર-સ્નેહ-પરિપૂર્ણ પણ **શ્રી શ્રેણિક મહારાજાને** તે જ **શ્રી કોણિક** મોટો થઇ સગા પિતાને કેદખાનામાં પૂરી લાકડાના પાંજરામાં બેડીઓ નાંખી ઉભા રાખી ખાર લપેટેલા કોરડાના સખત માર મારી ભયંકર યાતના-ત્રાસ આપે છે વિ. વિ. (**શ્રી ઉપદેશમાલા** ગા. ૧૪૪ની **શ્રી રામવિજયજી ગણિ** કૃત વૃત્તિમાંથી)

**શ્રી ભરત-બાહુબલિ**

**શ્રી ઋષભદેવ પ્રભુના** પુત્ર આદ્ય ચક્રવર્તી **શ્રી ભરત મહારાજા** સાઠ હજાર વર્ષ સુધી ભરતક્ષેત્રના છ ખંડ સાધી **બાહુબલિજીને** આણ મનાવવા દૂત-દ્વારા સંદેશ મોકલાવે છે. **શ્રી બાહુબલિજીએ** ક્ષાત્રવટથી કોઇને નમતું ન આપવાના સ્વાભિમાનથી ચક્રવર્તી તરીકે **શ્રી ભરત મહારાજાને** માન આપવા તૈયાર થતા નથી, પરિણામે બન્ને ભાઇઓ વચ્ચે ભયંકર લડાઈ થાય છે, બાર વર્ષ સુધી લડવા છતાં કોઇનો જય-પરાજય થતો નથી. છેવટે ઇંદ્રમહારાજની દરમ્યાનગીરીથી પાંચ યુદ્ધો બન્ને ભાઇઓ પરસ્પર ખેલે છે, તેમાં **શ્રી ભરત મહારાજ** પરાજિત થવાથી ક્રોધમાં આવી નીતિ-મર્યાદાનો ભંગ કરી **શ્રી બાહુબલિજી** ઉપર ચક્રરત્ન મૂકે છે, પણ સ્વગોત્રીય ઉપર ચક્ર હાનિ ન કરી શકે તેથી ચક્રરત્ન પાછું ફરે છે. એટલે હુ **શ્રી બાબલિજી** ક્રોધાવિષ્ટ થઈ

**શ્રી ભરતમહારાજને** મારી નાંખવા મુષ્ટિ ઉગામે છે, ત્યાં વિવેક-બુદ્ધિ થવાથી સમરાંગણને જ ધર્મ-ભૂમિ બનાવી તે જ મુષ્ટિથી લોચ કરી દીક્ષિત થાય છે વિ. વિ.

( **શ્રી ઉપદેશમાલા** ગા. ૨૫ ની **શ્રી રામવિજયજી ગણિ**કૃત વૃત્તિમાંથી )

## નારી-સગપણ સુરીકંતા, વળી પતિ-મારી પ્રમાણું ॥

( ૩-૩૮-૩½ )

**શ્રી ભરતક્ષેત્રના શ્રી કેકયાર્દ્ધદેશમાં શ્રી શ્વેતાંબી** નગરીમાં મહા નાસ્તિક અધર્મી **પ્રદેશી** રાજા રાજ્ય કરે છે, તેના મંત્રી **શ્રી ચિત્રસારથિ**ની લાગવગ-પ્રેરણાથી ત્યાં પધારેલા **શ્રી કેશીગણધર**ના સમાગમ-ઉપદેશાદિથી પરમ શ્રાવક ચુસ્ત બાર વ્રતધારી શ્રાવક થાય છે, તેની રાણીને રાજાના જૈન થવાથી વિષય-વાસના પર પ્રતિબંધ પડવાથી રાજા પર દ્વેષ થાય છે. અને ખાવામાં ઝેર આપી મારી નાંખે છે વિ વિ.

**શ્રી સૂરીકંતા રાણી**

(**શ્રી ઉપદેશમાલા** ગા. ૧૦૨ ની **શ્રી રામવિજયજી ગણિ**કૃત વૃત્તિમાંથી)

**શ્રી વિશાલપુર** નગરના **શ્રી સૂરતેજા** રાજાને **શ્રી વેદવિચક્ષણ** નામનો **પુરોહિત** હતો. એકવાર તે રાજમાર્ગે જતી સુંદર-રૂપવાળી એક ભરવાડણને જોઈ કુદરતની વિચિત્રતાને વિચારે છે, તેવામાં મદોન્મત્ત દોડયા આવતા હાથીના ભયથી હડફેટમાં આવી તે ભરવાડણના માથા પર રહેલ દૂધછાશની માટલીઓ ફૂટી જાય છે, છતાં તેના મુખ પર વિષાદ-ગ્લાનિની છાયાને બદલે તર્ક-વિતર્કપૂર્ણ હાસ્યમિશ્રિત ગહન વિચારોની છાયા પથરાય છે. તેથી અચરિજ પામેલા **પુરોહિતે** ભરવાડણને 'પૂછ્યું' કે કેમ! દૂધ-છાશના થએલા નુકશાનને પહોંચી વળવાના વિચારોના બદલે શા ગંભીર વિચારમાં છો? મુખ પર શોકની લાગણીઓના બદલે હાસ્યની લાગણી કેમ જણાય છે? ભરવાડણે કહ્યું કે- "મેં મારા જીવનમાં અનુભવેલા અવનવા અટપટા પ્રસંગોના હારમાળા આગળ દૂધ-છાશનું નુકશાન શી વિસાતમાં છે?

**પતિમારી સ્ત્રી-(વેદસાગર બ્રાહ્મણની સ્ત્રી કામલક્ષ્મી)**

અપાર કર્મની વિટંબનાઓના ભોગથી ટેવાએલી મને આ બધા જગત્‌ના બનાવો નાટકના ખેલનો આનંદ આપી પરાણે પણ હાસ્ય પેદા કરાવે છે.”

આ સાંભળી વધુ ઉત્સુક બનેલા પુરોહિતે વધુ જિજ્ઞાસા જણાવતાં પાસેની વાડીમાં લઇ જઇ ભરવાડણ પોતાની આત્મકથા જણાવે છે કે:–

**શ્રી લક્ષ્મીતિલકપુરમાં** અતિ નિર્ધન **શ્રી વેદસાગર** નામનો સર્વ વિદ્યાનો પારગામી બ્રાહ્મણ હતો, તેને **શ્રી કામલક્ષ્મી** સ્ત્રી હતી. **શ્રી વેદવિચક્ષણ** નામનો પુત્ર હતો. તે પુત્રની એક વર્ષની વયે તેની માતા પાણી ભરવા ગયેલી તે વખતે અચાનક ક્ષિતિતિષ્ઠિત નગરના **શ્રી મકરધ્વજ** નામના રાજાની ચઢાઇ થાય છે, તેમાં દુશ્મન સૈન્યના ભયથી નાસતી **શ્રી કામલક્ષ્મીને** સુરૂપ જોઇ સૈનિકોએ **શ્રી મકરધ્વજ** રાજાને આપી રાજા રૂપમાં મોહિત થઈ પટ્ટરાણી બનાવે છે, અન્ય સર્વ રાણીઓ કરતાં વધુ માન આપે છે, પણ **શ્રી કામલક્ષ્મી** પાતિવ્રત્ય ધર્માનુસારે કેદખાનામાં આવી પડી હોય તેમ હૃદયથી તે રાજાને બિલકુલ નહિં ઇચ્છતી સમય પસાર કરે છે પોતાના પતિની ભાળ મેળવવા બ્રાહ્મણોને સોનું આપવાની શરૂઆત કરે છે, તેમાં પોતાનો પતિ પણ આવે છે. પતિએ સ્ત્રીને ઓળખી નહિં, પણ સ્ત્રીએ ઓળખીને એકાંતમાં બોલાવી પોતાની વીતક જણાવી કિંમતી રત્નાદિ આપી પુત્રને અમુક ગામે મોકલી દઇ અમુક દિવસે ગામ બહારના ચંડીમાતાના મંદિરે આવવાનો સંકેત કર્યો **શ્રી કામલક્ષ્મીએ** બાધા ઉતારવાના બહાને **શ્રી મકરધ્વજ** રાજા સાથે ઘોડાપર બેસી સંકેતિત દિવસે **શ્રી ચંડીના** મંદિરે જાય છે, ત્યાં **શ્રી ચંડીને** પ્રણામ કરતા રાજાને કપટથી તલવારથી મારી રત્નજડિત ઘરેણા વિ લઇ સંકેત કર્યા મુજબ આવેલ પોતાના પતિને ઉંઘમાંથી ઉઠાડી જવાની તૈયારી કરે છે. તેટલામાં ભયંકર સર્પ કરડવાથી તેનો પતિ ત્યાં જ મરી જાય છે બાદ ઉભયભ્રષ્ટ થયેલી તે **શ્રી કામલક્ષ્મી** ઘોડા પર બેસી ભાગી જાય છે. રાતો-રાત ઘણે દૂર ગયા પછી એક ગામ બહાર માળીના ઘરે ઘોડો બાંધી કોઇ દેવળમાં સંગીતનો અવાજ સાંભળી ત્યાં જાય છે. ત્યાં થતા વેશ્યાના નાચને જોવા ઉભી રહે છે, વેશ્યાએ

તેણીનો આદર–સત્કાર કરી તેના સુંદર રૂપથી પોતાનો ધંધો ધીકતો ચાલવાની કલ્પના કરી પોતાના ઘરે લઇ ગઇ. તેણી પણ કર્મવિવશ થઈ અનાચરણીય પણ વેશ્યાનો ધંધો અનિચ્છાએ પણ કરવા માંડી એક દિવસ કોઇ નવયુવાન સુંદર રૂપવાળો પરદેશી વેશ્યાને ત્યાં આવી **શ્રી કામલક્ષ્મી** સાથે ઘણા દિવસ વિષય-સેવન કરે છે. કર્મ સંયોગે શ્રી **કામલક્ષ્મી** અને તે નવયુવકને ગાઢ પ્રેમ થાય છે. પેલા નવયુવકની જવાની તૈયારી વખતે **શ્રી કામલક્ષ્મી** આનાકાની કરી જવા દેતી નથી, ઘણા આગ્રહ પછી નવયુવકનું ઠામ ઠેકાણું પૂછતાં ( **શ્રી ક્ષિતિપ્રતિષ્ઠિતપુરમાં** પોતાના ધણી સાથે પુત્રને બીજે ઠેકાણે મોકલી દો પછી આપણે ભેગા થઇશું વગેરે થયેલી મસલતના આધારે એકાકી પડેલો તે શ્રી **કામલક્ષ્મીનો** સગો પુત્ર શ્રી **વેદવિચક્ષણ** જ તે નવયુવક હતો. ) તેને પોતાનો પુત્ર જાણી હૃદયમાં શ્રી **કામલક્ષ્મીને** ભારે આઘાત થયો, કર્મના પંજામાં ફસાઇને પતિને માર્યાનું અને પુત્ર ભોગવ્યાનું લોકવિરૂદ્ધ ભયંકર પાપ સેવાયેલ હોવાથી જીવતાં બળી જવાનો દૃઢ નિર્ણય શ્રી **કામલક્ષ્મી** કરે છે, વેશ્યા ઘણું સમજાવે છે, માનતી નથી, સાત દિવસ લાંઘે છે. છેવટે થાકી રાજા વિ ની સંમતિથી જીવતાં ચિતામાં બળી મરે છે. પણ કર્મસંજોગે ચિતામાં અગ્નિ મૂકયો ને તરત વરસાદ થવાથી દાઝેલા શરીરવાળી તે શ્રી **કામલક્ષ્મી** વરસાદને લીધે નદીના પુરમાં તણાઇ, કોઇ ભરવાડે દયાથી પાણીબહાર કાઢી યોગ્ય ઉપચાર કરતાં શરીર સ્વસ્થ થયા પછી તેઓના આગ્રહથી તેમને ત્યાં જ દૂધ–છાશ વેચવા આદિના કામ કરવા માટે રહી, અને હંમેશાં દૂધ–છાશ વેચવા અહીં આવે છે. તે શ્રી **કામલક્ષ્મી** હું પોતે! ..........કહો! પુરોહિતજી! આવા ભયંકર કર્મના વિપાકોને ભોગવીને કાયર બનેલી મને આ દૂધ–છાસની ફુટી ગયેલી માટલીઓ શું દુખ ઉપજાવે ?”

આ સાંભળી શ્રી **વેદવિચક્ષણ** પુરોહિત પોતાની સગી માતાને ઓળખી પગમાં પડી જાય છે. બાદ બન્ને શ્રી **ગુણાકરસૂરીશ્વરજી મહારાજ** પાસે જઇ દીક્ષા લઇ, ઉત્કટ તપસ્યા કરી ઘનઘાતી કર્મોનો ક્ષય કરી **કેવળજ્ઞાન** પામી મોક્ષે જાય છે.

(શ્રી સોમમંડનસૂરિરચિત શ્રી યુગાદિદેશના ઉ. ૧ શ્લો. ૨૧૫ થી ૪૦૦ શ્લોકના આધારે)

## મિત્રપણિ ચાણક્ય-પર્વતો એહવૂં ન કરી જાણું ॥

( ૩-૩૮-૩½ )

શ્રી ચણક ગામમાં શ્રી ચણી બ્રાહ્મણ જૈન ધર્મ પાળનારો હતો, તેને શ્રી ચણેશ્વરી સ્ત્રી હતી, તેઓને બત્રીશ દાંત સહિત જન્મેલો શ્રી ચાણક્ય પુત્ર હતો, તે અનુક્રમે મોટો થઇ

**શ્રી ચાણક્ય મંત્રી અને પર્વતરાજા**

શ્રી નંદરાજાના વંશને સમૂલ ઉખેડી પોતાના સહચારી શ્રી ચંદ્રગુપ્તને રાજા તરીકે સ્થાપવા શ્રી હિમાલય તરફના શ્રી પર્વત નામના રાજા સાથે અર્ધું રાજ્ય આપવાની લાલચ આપી મિત્રતા સાધી તેની સૈન્યાદિની મદદથી શ્રી નંદવંશનો ઉચ્છેદ કરી શ્રી ચંદ્રગુપ્તને રાજા બનાવ્યો બાદ શ્રી પર્વત રાજાને રાજ્ય આપવાની શરત નાકબુલ રાખવા ચાલાકીથી વિષ-પ્રયોગથી તૈયાર કરેલી, સ્પર્શ કરતાંજ પ્રાણ હણનારી શ્રી નંદરાજાની પુત્રી સાથે પરણાવી શ્રી પર્વતકને મારી નાંખ્યો વિ વિ. (શ્રી ઉપદેશમાલા ગા. ૧૫૦ની શ્રી રામવિજયજી ગણિકૃત વૃત્તિ ઉપરથી)

## સુભૂમો નિ પર્શુરામો, દ્વિજ-ક્ષત્રી-ક્ષય-કારી ॥

( ૩-૩૮-૪½ )

વિકટ જંગલમાં તપ કરતા શ્રી જમદગ્નિ નામના તાપસના ચારિત્ર્યની કસોટી કરવા શ્રી સૌધર્મ દેવલોકવાસી શ્રી વિશ્વાનર-ધન્વંતરી દેવોએ ચકલા-ચકલીના રૂપથી ઘર સંસાર

**શ્રી સુભૂમ ચક્રવર્ત્તી-શ્રી પરશુરામ**

માંડયા વિના તાપસ થઇ ગયેલા શ્રી જમદગ્નિની "अपुत्रस्य गतिर्नास्ति" વચનથી કુગતિ થવાનું જણાવી તાપસને કામવાસના પૈદા કરી, તાપસે શ્રી કોષ્ટકનગરના શ્રી જિતશત્રુ રાજા પાસે જઇ તપના બળથી શ્રી રેણુકા કન્યા માંગી તેની સાથે ઘરસંસાર માંડયો.

ઋતુકાળે સારા પુત્ર થાય તે માટે તાપસે એક ચરુ બનાવવાની વાત કરી, એટલે શ્રી રેણુકાએ શ્રી હસ્તિનાપુરના રાજા શ્રી અનંતવીર્યને પરણાવેલ પોતાની બ્હેન શ્રી અનંગસેના માટે પણ એક ચરુ બનાવવા કહ્યું. તાપસે એક ક્ષત્રિય પુત્ર માટેનો, એક બ્રાહ્મણપુત્ર માટેનો એમ બે ચરુ બનાવી આપ્યા. શ્રી રેણુકાએ પોતાનો પુત્ર શૂરવીર થાય એટલે ક્ષત્રિયપુત્રનો ચરુ પોતે ખાઇ ગઈ, બીજો પોતાની બ્હેનને મોકલાવ્યો. અનુક્રમે જન્મેલા શ્રી રેણુકાના પુત્રનું નામ શ્રી **રામ** રાખ્યું. અને શ્રી **અનંતવીર્ય**ના પુત્રનું નામ શ્રી **કાર્તવીર્ય** રાખ્યું એકદા શ્રી રેણુકા બ્હેનને મળવા શ્રી **હસ્તિનાપુર** ગઇ ત્યાં બનેવી સાથે અનાચારમાં પડી ગર્ભવંતી થઇ. એક પુત્ર જન્મ્યો. તેને લઇ આશ્રમે આવી ત્યાં પોતાની માના અનાચારના સંબંધને જાણી રોગાક્રાંત વિદ્યાધરની શુશ્રૂષા કરીને મેળવેલ વિદ્યાધિષ્ઠિત **પરશુ** ( કુહાડા ) થી શ્રી રેણુકાના પુત્ર શ્રી **રામે** પુત્ર સહિત માતાને મારી નાંખી આ સાંભળી શ્રી **હસ્તિનાપુર**ના રાજાએ આશ્રમને ભાંગી નાંખ્યો. એટલે તેને પણ શ્રી **રામે પરશુ**થી મારી નાંખ્યો, આ સમાચાર સાંભળી શ્રી **અનંતવીર્ય**ના પુત્ર **કાર્ત્તવીર્યે** આવી શ્રી **જમદગ્નિ** ( શ્રી **રામ**ના પિતા ) ને મારી નાંખ્યો, શ્રી **રામે પરશુ**થી તે શ્રી **કાર્ત્તવીર્ય**ને પણ મારી નાંખ્યો. તે શ્રી **કાર્ત્તવીર્ય**ની શ્રી **તારા** નામે ગર્ભવંતી સ્રી પોતાના પ્રાણ તથા ચૌદ સ્વપ્ન સૂચિત પુણ્યશાલી ગર્ભને બચાવવા ભાગી તાપસોના આશ્રમમાં રહી પુત્રને જન્મ આપ્યો-તેનું નામ શ્રી **સુભૂમ** રાખ્યું, ક્રોધાંધ બનેલા શ્રી **રામે** ક્ષત્રિયોને દીઠા છોડયા નહિં, જ્યાં જોયા ત્યાં મારી જ નાંખ્યા, આમ તેણે સાતવાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી શ્રી **સુભૂમ** મોટો થઈ ચક્રવર્તી બની પોતાના પિતા-દાદા-માતા વિ ને મારનાર અને અનેક નિરપરાધી ક્ષત્રિયોને મારનાર શ્રી **રામ**ને મારી એકવીશ વાર બ્રાહ્મણ વિનાની પૃથ્વી કરી, દીઠયા બ્રાહ્મણને જીવતો છોડયો નહિં. વિ. વિ.

( શ્રી **ઉપદેશમાલા** ગા ૧૫૧ ની શ્રી રામવિજયજી ગણિકૃત વૃત્તિમાંથી )

—o—